યોગવિદ્યાનો અદ્ભુત ગ્રંથ-

જ્ઞાનદીપબોધ

(ગુરુ દત્તાત્રેય-ગોરખનાથ યોગસંવાદ)

Ashram

—: પરિચય :—

આ 'જ્ઞાનદીપબોધ' નામના યોગવિદ્યાનાં ગ્રંથના વ્યાખ્યાકાર પૂ. સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજ પોતાના પૂર્વાશ્રમમાં ઈન્જીનીયર હતા તે સમય દરમીયાન ભગવાનના દર્શન કરવા માટેની તાલાવેલી થતાં એક દિવસે પ્રારબ્ધવશ તેમણે એકાએક ગૃહત્યાગ કર્યો અને હિમાલયને માર્ગે પ્રયાણ કર્યું. તેમણે હિમાલયનાં તીર્થક્ષેત્રોની પગપાળા યાત્રા કરી. કાશ્મીરના ભગવાન અમરનાથની હિમગુફામાં કેટલાક દિવસ રહીને મંત્રાનુષ્ઠાન અને તપસ્યા કરી. નેપાળની પણ પગે ચાલીને યાત્રા કરી, મુક્તિનાથની કઠિનયાત્રા પણ કરી અને ત્યાંથી દૂરની (નેપાળ-તિબેટ સીમાપર આવેલા હિમાચ્છાદિત પર્વત ઉપરની) ઘણી જ કઠિન મનાતી એવી દામોદરકુંડની યાત્રા કરી. ત્યાં તેમને અદ્દભૂત અનુભવ થયો અને ચમત્કારીક શાલીગ્રામ મળ્યાં.

તિબેટમાં આવેલ અત્યંત કઠિન એવી કૈલાસ અને માનસરોવરની પગપાળા યાત્રા કરી. કૈલાસની ૩૨ માઈલની અને માનસરોવરની ૫૫ માઈલની ઘણી-ઘણી કઠિન એવી પ્રદક્ષિણાઓ પણ પૂરી કરી. માનસરોવરમાંથી તેમને ચમત્કારિક શિવલિંગ મળ્યું

પૂ. સ્વામીજીએ આ બધીય યાત્રાઓ કેવળ ફળાહાર ખાઇને જ કરી હતી. આ યાત્રાઓમાં તેમને યોગીઓનાં, લામા-યોગીઓનાં દર્શન થયા હતા. ઘણાં વર્ષોથી પૂ. સ્વામીજી ગાયનું દૂધ અને ફળનો જ આહાર લે છે

કાશીમાં ગંગાકિનારે તેમને પૂર્વામ્નાયના શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય પાસેથી દંડીસન્યાસ પ્રાપ્ત થયો.

પૂ. સ્વામીજીએ યોગવિદ્યાનાં કેટલાક પુસ્તકો કેટલીક ભાષાઓમાં લખીને પ્રકાશિત કર્યા છે. શ્રી દત્તઉપાસના અને યોગવિદ્યામાં રસ ધરાવનારા લોકોને આવશ્યક માર્ગદર્શન પણ આપે છે. ભારતના વિભિન્ન પ્રદેશોમાં ધર્મપ્રવચનો દ્વારા લોકકલ્યાણ માટે તેઓશ્રી વિચરણ કરતા રહે છે.

—: સંપાદક :—

卐

ગુજરાતમાં દત્તપ્રચાર કરનાર સંતો :—

શ્રી ચક્રધર, ભાણુસાહેબ, રવિસાહેબ, હરવંશ, મૈકરણુ, દીનદર્વેશ, મહેશદાસ તેમજ સ્વામી શ્રી વાસુદેવાનંદ સરસ્વતી, સ્વામી શ્રી યોગાનંદ સરસ્વતી, શ્રી રંગ અવધૂત મહારાજ વગેરેને સ્મરણ કરીને **ભગવાન શ્રી ગુરુદેવ દત્તાત્રેય**ના શ્રીચરણોમાં નીચે પ્રમાણે શ્રદ્ધા-ભક્તિપૂર્વક વંદન-



卐 ગુરુ વંદના 卐

केचिद्वदन्ति स ब्रह्मा केचिद्विष्णुः प्रकथ्यते ।
केचिद्रुद्रो महापूर्व एको देवो निरंजनः ॥ (१)
एकमूर्तिस्त्रयंनाम ब्रह्मा विष्णु महेश्वरः ।
नानाभावो मतो यस्य तस्य मोक्षो न विद्यते ॥ (२)
तं वन्दे हृदयान्धकारमथनं कालाग्निसन्नाशनम्
संगात्संगविसंगसंगमहरं श्री योगीराजं गुरुम् ।
संगारार्णवनाशनं सुखकरं ब्रह्मैकरूपं परम्
पूर्णानंदनिधानमेव परमं 'दत्तं' परं दैवतम् ॥ (३)

ગુરુઃ બ્રહ્મા, ગુરુઃ વિષ્ણુઃ, ગુરુઃ દેવો મહેશ્વરઃ;
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૧)
અજ્ઞાનતિમિરાંધસ્ય, જ્ઞાનાંજનશલાકયા;
ચક્ષુરુન્મીલિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૨)
અખંડમંડલાકારં, વ્યાપ્તં યેન ચરાચરં;
તત્પદં દર્શિતં યેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૩)
ચૈતન્યં શાશ્વતં શાંતં, વ્યોમાતીતં નિરંજનં;
નાદબિંદુકલાતીતં, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૪)

સ્થાવરં જંગમં ચૈવં, અચરં ચરમેવ ચ;
વ્યાપ્તં યેન જગત્સર્વં, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૫)
નિત્યં શુદ્ધં નિરાભાસં, નિરાકાર નિરંજનં;
નિત્યબોધં ચિદાનંદં, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૬)
ગુરુઃ આદિ–અનાદિ શ્ચ, ગુરુઃ પરમદૈવતં;
ગુરોઃ પરતરં નાસ્તિ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૭)
સર્વશ્રુતિશિરોરત્ન, વિરાજીતપદાંબુજં;
વેદાંતાંબુજસૂર્યાય, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૮)
યસ્ય સ્મરણમાત્રેણ, જ્ઞાનમુત્પદ્યતેસ્વયં;
સદૈવ સર્વસમ્પત્તિ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૯)
જ્ઞાનશક્તિસમારૂઢં, તત્ત્વમાલાવિભૂષિતં;
ભૂક્તિ–મુક્તિપ્રદાતારં, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૧૦)
અનેકજન્મસમ્પ્રાપ્ત, કર્મબંધવિદાહિને;
સ્વાત્મજ્ઞાનપ્રદાનેન, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૧૧)
મન્નાથઃ શ્રી જગન્નાથઃ, મદ્ગુરુ શ્રી જગદ્ગુરુઃ;
મમાત્મા સર્વભૂતાત્મા, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૧૨)
ન ગુરોઃ અધિકં તત્ત્વં, ન ગુરોઃ અધિકં તપં;
તત્ત્વં જ્ઞાનાત્પરં નાસ્તિ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૧૩)
તત્વમેવૈકઃ પરંબ્રહ્મ, સચ્ચિદાનંદમદ્વયં;
અવ્યક્તં વ્યક્તિમાપન્નં, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૧૪)
આનંદમાનંદકરંપ્રસન્નં, જ્ઞાનસ્વરુપંનિજબોધરૂપં;
યોગીન્દ્રમીડ્યંભવરોગવૈદ્યં, શ્રીમદ્ગુરુંનિત્યમહંનમામિ ॥ (૧૫)
હૃદમ્બુજેકર્ણિકમધ્યસંસ્થં, સિંહાસનેસંસ્થિતદિવ્યમૂર્તિં;
ધ્યાયેત્ગુરુંચંદ્રકલાપ્રકાશં, સચ્ચિત્સુખંઈષ્ટફલપ્રદાનં ॥ (૧૬)
વંદે ગુરુણાંચરણારવિંદે, સંદર્શિતંસ્વાત્મસુખવબોધે;
જનસ્ય યે જાંગુલિકાયમાને, સંસાર હાલાહલમોહશાંત્યૈ ॥ (૧૭)
ૐ નમોનમઃ શ્રી ગુરપાદુકાભ્યામ્ ॥

卐

To Swami Keshavanand

યોગવિદ્યાનો અદ્ભુત ગ્રંથ–

'જ્ઞાન-દીપ-બોધ'

(ગુરુ દત્તાત્રેય – ગોરખનાથ યોગસંવાદ)

Sri Ma Anandamayee Ashram
Library — 卐 Varanasi

—: વ્યાખ્યાકાર :—

— સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજ.

PRESENTED
LIBRARY
No. .....
卐
Anandamayee Ashram
BANARAS

—: પ્રસ્તાવના લેખક :—

મહામહોપાધ્યાય. ડૉ. ગોપીનાથ કવિરાજ.

M. A; D. LITT.

પદ્મવિભૂષણ, સાહિત્યવાચસ્પતિ, સર્વતંત્રસાર્વભૌમ.

卐.

—: પ્રકાશક :—

'સિદ્ધ-સાહિત્ય સંશોધન પ્રકાશન મંડળ.'

સુરત.

પુસ્તક મેળવવાનું ઠેકાણું :—
ધીરજબેન પટેલ
'હરિવિલા' બંગલો,
૮મો રસ્તો, શાંતાક્રુજ (પૂર્વ)
મુંબઇ-નં. ૫૫ (મહારાષ્ટ્ર).

*

પ્રથમ આવૃત્તિ ૧૧૦૦ નકલ.

સંવત્ ૨૦૩૦ | ઈ. સ. ૧૯૭૩

(કોઈપણ ધાર્મિક માસિક પત્રના ગ્રાહકને આ પુસ્તક **અડધી કિંમતે** આપવામાં આવશે.)

માસિક પત્રનું નામ અને ગ્રાહક નંબર મોકલવો.

સર્વાધિકાર વ્યાખ્યાકારને સ્વાધીન.

*

કિંમત :- રૂ. ૧૦-૦૦

*

મુદ્રક :— જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોર
સુરત સિટિ. પ્રિન્ટીંગ પ્રેસ,
મોટા મંદિર સામે,
સુરત. (ગુજરાત)

"શ્રદ્ધાંજલિ"

શ્રી અત્રિ-અનસૂયાનંદન, મહાસિદ્ધગુરુ ભગવાન
શ્રી દત્તાત્રેયના ચરણારવિંદમાં અત્યંત
શ્રદ્ધા-ભક્તિપૂર્વક સમર્પણ.

❀

—: શ્રી દત્ત કૃપા :—

"થાયે કૃપા જો દત્તની તો—
મુંગો મહાપંડિત બને,
ને પાંગળો પણ દોટ દઈને
ઉંચો ગિરિવર ઓળંગે."

❀

—: સત્સંગ અને કૃપા :—

"લોખંડ બને સુવર્ણ જો—
સત્સંગ-પારસમણિ મળે,
પણ દત્તની કૃપા થતાં તે
પારસમણિમાં પરિણમે."

❀

—: અકથની કથની :—

"સમુંદરનો ખડીયો કરૂં
ને ગિરમાળાની સ્યાહી,
વનવૃક્ષોની કલમ કરૂં
(તોયે) દત્તગુણ લખ્યાં ન જાય."



—: સુવર્ણ અવસર :—

કર મન દત્તગુરુનું ધ્યાન. (૧)

આવો અવસર ફરી નહીં આવે,

મારૂં કહ્યું તું માન.

કર મન દત્તગુરુનું ધ્યાન. (૨)

સુંદર નયન મનોહર વદન

કુંડળ ઝલકે કાન,

અત્રિ – અનસૂયાના દુલારા

અવધૂત રૂપનિધાન.

કર મન દત્તગુરુનું ધ્યાન. (૩)

'જ્ઞાન-દીપ-બોધ', હિન્દી અને મરાઠી ભાષાના ગ્રંથ વિષે

—: વિદ્વાનોનાં અભિપ્રાય :—

નાથ સંપ્રદાયની ભગવદ્ગીતા જેવો આ 'જ્ઞાન-દીપ-બોધ' નામનો હિન્દી ભાષાનો ગ્રંથ યોગવિદ્યાના ઉપાસકો માટે તો બહુમૂલ્ય રત્નભંડાર છે. પણ આ રત્નોને પ્રાપ્ત કરવા માટે સાધકે ચારિત્ર્યસંપન્ન, બલશાળી, ઉત્સાહી, આશાવાદી થવું પડશે કારણ કે 'નાયં આત્મા બલહીનેન લભ્ય: ।'

આ ગ્રંથની વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યા માટે અને ગ્રંથ પ્રકાશન માટે પૂ. સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજ ઘણાં ધન્યવાદને પાત્ર છે.

ડૉ. નાગેન્દ્રનાથ ઉપાધ્યાય.
M. A; ph. D.
(પ્રોફેસર, બનારસ હિન્દૂ યુનિવરસીટી, વારાણસી)

'જ્ઞાનદીપબોધ', જેને ગુરુ દત્તાત્રેય-ગોરખનાથ યોગસંવાદ કહે છે તે, મેં વાંચ્યો. આ ગ્રંથની સરળ અને માહિતિપૂર્ણ વ્યાખ્યા સાધકોને તેમજ આ વિષયમાં અનુસંધાન કરનારાઓને ઘણી ઉપયોગી

થઈ પડશે એવું મારું માનવું છે. યોગવિષયક આવા બીજા પુસ્તકો પૂ. સ્વામીજી દ્વારા પ્રકાશિત થતાં રહે એમ હું ઇચ્છું છું. ગ્રંથ ઘણો સારો છે.

પદ્મભૂષણ. ડૉ. બી. એલ. આત્રેય
M. A; ph. D; D. LITT.
(માજી વિભાગાધ્યક્ષ, ધર્મ-દર્શન વિભાગ, બનારસ હિન્દૂ યુનિવરસીટી, વારાણસી)

મહારાષ્ટ્રમાં નાથ સંપ્રદાયનો પ્રચાર તો છે પણ આ સંપ્રદાયના વિપુલ સાહિત્ય પ્રતિ બહુ ઓછા વિદ્વાનોનું ધ્યાન દોરાયું છે. જો કે સંત જ્ઞાનેશ્વર સ્વયં નાથપંથની દીક્ષા ધારાના હતા જેથી તેમણે શ્રીમદ્ ભગવદ્ગીતાની જ્ઞાનેશ્વરી વ્યાખ્યાના છઠ્ઠા અધ્યાયમાં નાથોનાં હઠયોગ કુંડલિની વગેરેનો સમાવેશ કર્યો છે. પૂ. સ્વામી દત્ત-યોગેશ્વરદેવ તીર્થ દ્વારા વ્યાખ્યા સહિત મરાઠી ભાષામાં પ્રકાશિત આ 'જ્ઞાનદીપબોધ' ગ્રંથ ઘણો આવકાર પામશે એમ હું માનું છું

ડૉ. દિ. બા. કાટે.
M. A; ph. D.
(પુના)

મેં પૂ. સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજની વિસ્તૃત વ્યાખ્યાવાળો યોગવિદ્યાનો મરાઠી ભાષામાં ગ્રંથ 'જ્ઞાનદીપબોધ' ઘણા જ રસપૂર્વક વાંચ્યો. મને પોતાને આ ગ્રંથ ઘણો સારો લાગ્યો છે. લોકો આનો વધારે ને વધારે લાભ ઉઠાવે.

મહોમહોપાધ્યાય. શ્રી પાંડુરંગ શાસ્ત્રી. ગોસ્વામી
(પુના)

જેનું લક્ષ્ય ઈશ્વરદર્શન કે આત્મા સાક્ષાત્કાર છે તે યોગવિદ્યા વિષયક વિભિન્ન ભાષાઓમાં પ્રકાશિત કેટલાંકવિભિન્ન ગ્રંથો મેં વાંચ્યા છે. સ્વામીજીનો આ મરાઠી ભાષાનો 'જ્ઞાનદીપબોધ' ગ્રંથ ઘણો મહિમાપૂર્ણ જણાયો. આવા ગ્રંથોની દેશ-વિદેશમાં અત્યારે ઘણી જરૂર છે જેથી ભૌતિકવાદી લોકો અધ્યાત્મવાદી બની સાચાં સુખ શાંતિ મેળવી શકે.

રેંગલર. વી. વી. નારળેકર.

M. A (Cantab), F. R. A. S;
F. N. I; F. A. Sc; F. N. A. Sc. ete; (પુના),

'જ્ઞાનદીપબોધ' (હિન્દીભાષાના)
ગ્રંથ વિષે હિંદીભાષાના વિદ્વાન, સ્વર્ગીય
ડૉ. શ્રી સંપૂર્ણાનંદનો અભિપ્રાય :—

ગર્વનર હાઉસ
જયપુર
(રાજસ્થાન)

નાથ સંપ્રદાયમાં અત્યાર સુધી અપ્રકાશિત મનાતા એવા મહાયોગી ગોરખનાથના આ 'જ્ઞાનદીપબોધ' નામના લઘુ અને ઘણાંય ન સમજાય તેવા શ્લોકોવાળા, ગામઠી ભાષાના આ ગ્રંથને સરળ હિન્દી ભાષામાં વિસ્તૃત વ્યાખ્યા સહિત પ્રકાશિત કરીને સ્વામી શ્રી દત્ત-યોગેશ્વરદેવ તીર્થ મહારાજે 'યોગ' માં અભિરુચિ રાખવાવાળા અસંખ્ય ભાઈ-બેનોને એક મૂલ્યવાન ભેટ આપી છે એમ કહીએ તો ખોટું નથી.

નાથાચાર્ય શ્રી ગોરક્ષનાથ વિરચિત ઘણાંય ગ્રંથો, જેવાં કે અમનસ્કયોગ, બૃહદ્ ગોરક્ષ-સિદ્ધાંત-પદ્ધતિ વગેરે હજી સુધી અપ્રકાશિત રહ્યાં છે, જેને પ્રકાશિત કરવા આવશ્યક છે.

મેં આ 'જ્ઞાનદીપબોધ' ગ્રંથ વાંચ્યો. મને તેમાંથી ઘણું

જાણવાનું મળ્યું છે અને સાથેસાથે કેટલાક પ્રશ્નો પણ ઉદ્દભવ્યા છે. જે નીચે પ્રમાણે છે :—

વર્તમાન સમયમાં કુંડલિનીશક્તિ વિષે મનમાન્યા પુસ્તકો છપાતાં જાય છે, આ શક્તિના સાચા–ખોટા ચમત્કારો દેખાડવાવાળા બાબા લોકો વધતા જાય છે. આ લોકો અજ્ઞજનોને ચમત્કારને નામે મૂર્ખ બનાવીને પોતાના સ્વાર્થ સાધતા રહે છે. મને નથી લાગતું કે આ કુંડલિની–શક્તિવાદ વિષેનું આ લોકોએ મૌલિક સંશોધન કર્યું હોય ! મને એ પ્રશ્ન ઉદ્દભવે છે કે આ કુંડલિનીશક્તિવાદ જે છે તે નવીનવાદ છે કે પ્રાચીનવાદ ? કારણ કે યોગસાધનાના સર્વમાન્યગ્રંથ 'પાતંજલ યોગસૂત્ર'માં 'કુંડલિની', 'ષટ્ચક્ર' ઇત્યાદિમાંથી કોઇનો ઉલ્લેખ નથી. બૌદ્ધ અને જૈન ધર્મના પ્રાચીન ગ્રંથોમાં પણ આ વિષે સ્પષ્ટ રીતે કોઈ આલોચના નથી. કેટલાક વિદ્વાનોનો એવો મત છે કે આ વિદ્યા મગદેશ (મંગોલીયા) માંથી અહીં ઉતરી આવી છે. જે હોય તે, પણ આ વિષે સંશોધન આવશ્યક છે.

'જ્ઞાનદીપબોધ' પુસ્તકમાં અપાએલા ગોરક્ષનાથના જીવન-ચરિત્રમાં તેમના જન્મ-કાળ નિર્ણય વિષે તેમજ તેમના જન્મ-સ્થળ, જાતિ વિગેરે વિષે જે ચર્ચા કરવામાં આવી છે અને આ બધાં વિષે જે વિવિધ માહિતિ આપવામાં આવી છે તેથી આ વિષયમાં આગળ સંશોધન કરવાવાળા લોકોને આ પ્રબંધ ઘણો સહાયક થઈ પડશે.

ભગવાન દત્તાત્રેયના જન્મકાળ વિષે તેમજ તેમના જન્મસ્થાન, નિર્ણય વિષે પણ સંશોધન આવશ્યક છે. દત્તાત્રેય ઉપાસનામાં ત્રણ મસ્તકવાળી મૂર્તિની કલ્પના ક્યારથી પ્રવેશ પામી ? વચ્ચેનું મુખ વિષ્ણુનું કે શિવનું ? કોઈ કોઈ દત્તમૂર્તિના એક હાથમાં અથર્વવેદ અપાયો છે તો કોઇ કોઈ મૂર્તિના હાથમાં ખપ્પર અપાયું છે. વળી કોઈ કોઈ

મૂર્તિ એવી પણ જોવા મળે છે જેમાં વાછરડાને ધવરાવતી ગાય દત્તાત્રેયની પાસે ઉભેલી હોય છે. આ બધાનું રહસ્ય શું છે ?

'જ્ઞાનદીપબોધ' ના શ્લોક સંખ્યા ૧૫ માં જે 'બ્રહ્મકમળ' વિષે કહ્યું છે તે શું 'ગુરુકમળ' છે ? શ્લોક સંખ્યા ૨૦ માં કહેલા 'બ્રહ્મકપાટ' એ શું આનું જ નામાંતર છે ? જો આ વિષે વ્યાખ્યાકારે પોતાના અનુભવ સાથેની જરા વિસ્તૃત વ્યાખ્યા લખી હોત તો યોગવિદ્યાના ઉપાસકોને વધારે જાણવાનું મળત.

શાંભવી કે વૈષ્ણવીમુદ્રા, જેને યોગશાસ્ત્રમાં અત્યંત ગુપ્ત અને રહસ્યમયી વર્ણવી છે, તેના વિષે વિસ્તૃત લખવાની આવશ્યકતા હતી કારણ કે આ અપ્રકટ ક્રિયાને જરા સારી રીતે પ્રકટ કરવાથી યોગ્યતા-સંપન્ન સાધકો લાભાન્વિત થાત. તેવી જ રીતે 'મૂર્ધજ્યોતિષિ સિદ્ધ-દર્શનમ્'। સૂત્રની વિશદ વ્યાખ્યા આવશ્યક હતી. 'નાદયોગ' અને ધ્યાનયોગ વિષે આ ગ્રંથમાં ઘણો સારો પ્રકાશ અપાયો છે, જે ઉચિત જ છે. પ્રથમ શ્રેણીનું બ્રહ્મચર્ય, ઉચ્ચકોટિનાં વિવેક-વૈરાગ્યાદિ સદ્ગુણોથી વિભૂષિત થયેલા અધિકારી સાધકો જો આ યોગમાર્ગનું અનુસરણ કરે તો તે વધારે લાભ મેળવી શકે છે. બાકી બીજા જેવાતેવાનું તો આમાં ગજુ નથી.

ભગવાન શ્રી દત્તાત્રેય મહાસિદ્ધ છે, અવધૂતકુલસમ્રાટ્ છે, જેણે યોગી ગોરક્ષનાથને મહાજ્ઞાનદાન કરી અર્થાત્ જ્ઞાનદીપનો બોધ કરાવી તેનો સિદ્ધમાર્ગ પ્રશસ્ત કર્યો. મહાજ્ઞાનરૂપી-પર્વતના પરમોચ્ચ શિખર પર સહજાવસ્થામાં સ્થિત એવા આ મહાપુરૂષે અદ્વૈત-તત્ત્વજ્ઞાનદ્વારા સમગ્ર વિશ્વનું કલ્યાણ કર્યું છે. સમત્વરૂપી સખત શીલા પર પડેલા તેનાં પગલાં હજીય જેમના તેમ જ છે (જરાય ભૂંસાયા નથી). મહાપુરૂષનાં આ પગલાંનું અનુસરણ કરવું (તેણે આપેલા ઉપદેશને આપણાં

દૈનિક જીવનમાં ઊતારીને તદનુસાર આચરણ કરવું) તે જ તેની મોટી 'પાદ્યપૂજા' (પગલાંની કે પાવડીની પૂજા) છે.

"વન્દે મહાપુરુષ તે ચરણારવિંદમ્."

પૂ. સ્વામીજી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ, જે યોગ-વિદ્યાના સારા ઉપાસક છે અને ભગવાન દત્તાત્રેય પ્રતિ અનન્ય શ્રદ્ધા-ભક્તિ સંપન્ન છે, દ્વારા પ્રકાશિત આ 'જ્ઞાન-દીપ-બોધ' ગ્રંથ તિમિરારણ્યમાં અટવાતા અરાજનોને દીપક જેવો થઈ પડશે એ નિર્વિવાદ સત્ય છે. આ પ્રકાશન કાર્ય ઘણું પ્રશંસનીય છે. યોગવિષયક આવા ઘણાં ગ્રંથો પૂ. સ્વામીજી આપણી સમક્ષ મૂકતા રહે એવી સ્વામીજીને વિનતિ.

ડૉ. સંપૂર્ણાનંદ
(ગવર્નર, રાજસ્થાન)
માજી મુખ્ય મંત્રી, ઉત્તર-પ્રદેશ.

—: અનુક્રમણિકા :—

(૧) 'નિવેદન'—

સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ ૧–૪

(૨) 'સંપાદકીય'—

શ્રી. ગો. ન. વૈજાપુરકર M.A; ૪–૧૬

ન્યાય–વેદાંત–સાહિત્યાચાર્ય

(૩) 'પ્રસ્તાવના'—

મહામહોપાધ્યાય, ડૉ. ગોપીનાથ કવિરાજ ૧૭–૨૪

M. A; D. LITT.

પદ્મવિભૂષણ, સાહિત્યવાચસ્પતિ, સર્વતંત્રસાર્વભૌમ.

(૪) 'ભગવાન શ્રી દત્તાત્રેય'—

(જીવન અને વ્યક્તિત્વ) ૨૫–૪૭

ડૉ. શ્રી. ગોપીનાથ કવિરાજના

'આદિગુરુ દત્તાત્રેય' નામના એક

બંગલાભાષાના લેખને આધારે.

(૫) 'નાથાચાર્ય યોગી ગોરખનાથ'— ૪૮–૭૮

ડૉ. શ્રી. નાગેન્દ્રનાથ ઉપાધ્યાય

M. A; Ph. D; etc.

(૬) 'નાથપંથમાં યોગ'— ૭૯–૯૯

ડૉ. શ્રી. પીતાંબરદત્ત બડ્થ્વાલ

M, A.; LL. B.; Ph. D.; D. LITT.

(૭) 'શ્રી દત્તશરણ-પચ્ચીશી'— ૧૦૦–૧૦૧

(૮) 'શ્રી ગુરુ દત્તાત્રેય-સ્તવન'— ૧૦૨

(૯) 'જ્ઞાન-દીપ-બોધ'— ૧૦૩–૨૩૩

(ગુરુ દત્તાત્રેય-ગોરખનાથ યોગસંવાદ)

વ્યાખ્યાકાર-સ્વામી શ્રી દત્તયોગેશ્વર દેવ તીર્થ

(૧૦) 'અવધુતનું તત્વજ્ઞાન'— ૨૩૪–૨૫૩

પંદરમી શતાબ્દિના દત્તભક્ત પંડિત શ્રી. દાસોપંત (અંબેજોગાઈ, મહારાષ્ટ્ર)ના અપ્રકાશિત સંસ્કૃતગ્રંથ 'અદ્વૈત શ્રુતિસાર'માંથી ડૉ ગોપીનાથ કવિરાજ દ્વારા તૈયાર કરાએલ એક બાંગલાભાષાના લેખનો અનુવાદ.

(૧૧) 'અવધુતના સ્વર્ગીય-ગાનનું તત્વજ્ઞાન' ૨૫૪–૨૫૮

શ્રી. જયચામરાજેન્દ્ર વાડીયાર બહાદૂર

K. C. I. E.

(મહારાજાસાહેબ – મૈસૂર)

(૧૨) 'પાઠભેદ'— ૨૫૯

—: નિવેદન :—

નાથ-સંપ્રદાયનો "જ્ઞાનદીપબોધ" નામનો આ સાધનાગ્રંથ, જે "યોગશાસ્ત્ર" તરીકે પણ જાણીતો છે તે, અત્યાર સુધી સ્પષ્ટીકરણ અને વિવરણને અભાવે સામાન્ય વાચકવર્ગને માટે સમજવો કઠિન હતો. આ ગ્રંથમાં બે મહાન અવધૂતોનું જ્ઞાનવિષયક સંભાષણ છે. આ સંવાદમાં પ્રશ્નકર્તાના રૂપમાં યોગી શ્રી ગોરખનાથ છે જ્યારે એ પ્રશ્નોના સમાધાનપૂર્વક ઉત્તર આપનાર અવધૂતસમ્રાટ ગુરુદત્તાત્રેય છે. આ યોગસંવાદના માહાત્મ્યનું શબ્દોમાં વર્ણન કરવું અશક્ય છે. દરેક શ્લોકમાં અંતર્ગભિત પ્રશ્ન અને તેના ઉત્તર એટલા ઉત્તમ અને અદ્ભુત છે કે જેનું રસાસ્વાદન તો કોઈ જ્ઞાનપિપાસુ, વિવેક-વૈરાગ્યવાળો સાધક જ કરી શકે.

એવી પ્રાચીન-કથા છે કે યોગી શ્રી ગોરખનાથ અને ગુરુદત્તાત્રેય વચ્ચે જે જ્ઞાનવિષયક ચર્ચા થઈ તેને શ્રી ગોરખનાથે સંસ્કૃત ભાષામાં શ્લોકબદ્ધ બનાવી અને તે રચનાનું "જ્ઞાનદીપબોધ" એવું નામ આપ્યું. આ વિષેના જોઇએ તેટલા પુરાવા પણ છે. એવું કહેવાય છે કે આ ગ્રંથ ૧૨ મી સદીમાં નાથસંપ્રદાયના યોગીઓમાં ઘણો જ પ્રસિદ્ધ એવો સાધનાગ્રંથ હતો જેથી આ સંપ્રદાયનાં લોકો આ ગ્રંથને ઘણો ગુપ્ત રાખતા હતા અને શ્રીમદ્ ભગવદ્ગીતાની જેમ હંમેશા તેનો પાઠ કરતા હતા. સંસ્કૃતભાષા ન જાણતા હોય તેવા નાથયોગીઓ પણ આ ગ્રંથનો ફાયદો ઉઠાવી શકે તેટલા માટે નાથસંપ્રદાયના કોઈ વિદ્વાન યોગીએ એનો લોકભાષામાં સમશ્લોકી અનુવાદ પણ કર્યો. એ અનુવાદ વાંચવાથી એવી ખાતરી થાય છે કે અનુવાદક સંસ્કૃત, હિન્દી, મેવાડી

અને મારવાડી ભાષાનો સારો વિદ્વાન હોવો જોઈએ. એવું અનુમાન થઈ શકે છે કે અનુવાદક મારવાડી અથવા મેવાડી ભાષા બોલવાવાળો હશે કારણ કે અનુવાદ કરેલા આ ગ્રંથ ઉપર આ બન્નેય ભાષાઓનો વધારે પ્રભાવ પડેલો છે. એવું કહેવાય છે કે સમય જતાં શ્રી ગોરખનાથનો આ મૂળ સંસ્કૃતભાષાનો યોગશાસ્ત્રગ્રંથ લુપ્ત થઇ ગયો. એટલું જ નહીં પણ કેટલીક સદીઓ પછી આ ભાષાંતરિત સમશ્લોકી ગ્રંથ પણ લુપ્ત જેવો થઈ ગયો. એવું સાંભળવામાં આવેલું કે જોધપુરના વિદ્વાન રાજા માનસિંહે પોતાના ગ્રંથાલયમાં આ મૂલ્યવાન ગ્રંથની એક હસ્તલિખિત પોથી ઘણી કાળજીપૂર્વક સુરક્ષિત રખાવી હતી.*

મને એક નેપાળી સદ્ગૃહસ્થ તરફથી "જ્ઞાનદીપબોધ"ની એક હસ્તલિખિત પોથી મળી હતી. જો કે આ પોથીમાં ઘણી અશુદ્ધિઓ હતી અને કેટલેક ઠેકાણે એનું લખાણ પણ લગભગ નષ્ટ થયેલું હતું તેમ છતાંય તેમાંનું સંગ્રહિત જ્ઞાન એટલું બધું ગહન હતુ કે વાંચીને મને ઘણો જ આનંદ થયો અને તરત જ મેં નિશ્ચય કર્યો કે આમાંની અશુદ્ધિઓ સુધારવી અને તેના સ્પષ્ટીકરણ માટે સાર્થ ટીકા લખવી. આ મહાન કાર્ય માટેની જોઇતી પ્રેરણા અને સહાય મને અખિલ ભારતમાં આગમ અને યોગશાસ્ત્રના વિદ્વાન ગણાતા

---

*નાથસંપ્રદાયના વિદ્વાન ડૉ. પિતાંબરદત્ત બડથૂવાલ M. A., PH. D., D. Litt. દ્વારા પ્રકાશિત થયેલ શ્રી ગોરખનાથના "ગોરખવાણી" ગ્રંથમાં આ "જ્ઞાનદીપબોધ"ને પ્રકાશિત કર્યો છે પણ આ હસ્તલિખિત ગ્રંથનો કોઈને કોઈ રીતે જોધપુર કે જયપુરની પોથી સાથે સંબંધ હોય તેવું જણાય છે.

એવા કાશીનિવાસી મહામહોપાધ્યાય ડૉ. ગોપીનાથ કવિરાજજી તરફથી મળી હતી. આ યોગશાસ્ત્ર વિષયમાં રસ ધરાવનારા કેટલાક સદ્ગૃહસ્થોએ આ હસ્તલિખિત પોથી વાંચ્યા પછી એવી ઇચ્છા પ્રગટ કરી કે એકાદ માસિકમાં આ લખાણને લેખનમાળાના રૂપમાં ક્રમશઃ પ્રકાશિત કરાવવું જોઈએ જેથી અસંખ્ય લોકોને આનો લાભ મળે. આથી છેવટે કાશીમાંથી પ્રસિદ્ધ થતા જાણીતા હિંદી માસિક "સિદ્ધાંત" માં લેખમાળા રૂપે આ આખીય પોથી ક્રમશઃ પ્રકાશિત પણ થઇ. આ લેખમાળા વાંચીને ઘણાય સજ્જનોએ આ બધા લેખોને ગ્રંથરૂપે પ્રગટ કરવાની યોજના વિચારી, જેના પરિણામે આ "જ્ઞાનદીપબોધ" નામનો ગ્રંથ છપાવીને વાચકવર્ગના કરકમળમાં મૂકતાં હર્ષ અનુભવું છું.

માનનીય ડૉ. શ્રી ગોપીનાથ કવિરાજજીએ આ ગ્રંથની વિદ્વત્તાપૂર્ણ પ્રસ્તાવના લખી આપીને આની યોગ્યતામાં ઘણી વૃદ્ધિ કરી છે. તે માટે હું તેમનો આભાર માનું છું. આ ગ્રંથમાં પાઠભેદ લખી આપીને અને યોગી શ્રી ગોરખનાથનું જીવન સાધના અને કાર્ય વિષે વિદ્વત્તાપૂર્ણ લેખ તૈયાર કરી આપીને નાથ-સંપ્રદાયના વિદ્વાન ડૉ. નાગેન્દ્રનાથ ઉપાધ્યાય M.A;PH.D. એ આ ગ્રંથને વધારે યોગ્ય બનાવ્યો છે જેથી હું અહીં તેમનો પણ આભાર માનું છું. આ ગ્રંથમાં અપાયેલાં યોગી શ્રી ગોરખનાથનાં ચિત્રો કોલ્હાપુર (મહારાષ્ટ્ર) ના નાથભક્ત એક ચિત્રકારે લોક-કલ્યાણાર્થ ભેટ આપ્યાં છે જેથી તેમનો પણ હું આભાર માનું છું. આ ગ્રંથના હિન્દી, મરાઠી વગેરે ભાષાઓમાં અનુવાદો છપાયાં છે. આ ગુજરાતી ભાષાના અનુવાદમાં જલાલપોરવાળા શ્રી મગનભાઈ નાયકે જરૂરી સહાય આપી છે અને પ્રુફરીડિંગ કાર્ય સુરતના શ્રી પ્રીતમલાલ

મજમુદારે સેવાભાવથી કરી આપ્યું છે. વળી સુરત સિટિ પ્રેસના માલિક શ્રી જશવંતસિંહ ગુલાબસિંહ ઠાકોરે આ ગ્રંથને શીઘ્ર પ્રકાશિત કરવામાં સહાય કરી છે જેથી હું આ બધા સેવાભાવી સજ્જનોનો આભાર માનું છું.

નવસારીના જે જે ભાઈ બહેનોએ આ ગ્રંથ પ્રકાશન માટે જે કાંઇ આર્થિક સહાયતા આપી છે તે બધાનો હું આભાર માનું છું.

આ ગ્રંથમાં છેવટે એવું આશ્વાસન આપવામાં આવ્યું છે કે "આ યોગશાસ્ત્રગ્રંથનું જે કોઈ પઠણ કે શ્રવણ કરશે તેના બધાં પાપોનો નાશ થશે અને તેને મોક્ષની પ્રાપ્તિ થશે. આ ગ્રંથમાં બતાવ્યા પ્રમાણે યોગાભ્યાસ કરનારો સાધક યોગસાધનામાં આગળ વધીને સિદ્ધ થશે અને પુનર્જન્મમાંથી મુક્તિ મેળવશે."

આ અમૂલ્ય ગ્રંથનો સર્વેએ નિત્યપાઠ કરવો, બીજા જિજ્ઞાસુઓને પણ વાંચી સંભળાવવો અને તેના ઉપર ચિંતન કરીને આત્મતત્ત્વની પ્રાપ્તિ કરી લેવી એ જ દરેક સાધકને મારી નમ્ર વિનતિ છે. આ ગ્રંથના વાંચનથી જો સાધક અથવા અભ્યાસીને પોતાની સાધનામાં અધિકાધિક સહાય મળતી રહેશે તો ગ્રંથના વ્યાખ્યાકર્તા પોતાનો પરિશ્રમ સફળ થયો સમજી પ્રસન્ન થશે.

સુરત.
(ગુજરાત)

ઇતિ શુભમ્
સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ

卐

—: સંપાદકીય :—

સંજોગવશાત્ એવો એક પ્રસંગ ઉપસ્થિત થયો કે મારા પરમ પૂજનીય સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજજીએ "જ્ઞાનદીપબોધ" નામનો નાથસંપ્રદાયનો એક અપૂર્વ અને અપ્રકાશિત યોગગ્રંથ મારા હાથમાં મૂક્યો અને "સિદ્ધાંત" નામના માસિકના વાચકવર્ગને તેનો પરિચય કરાવવાની સૂચના આપી. આ માસિકમાં પ્રકાશિત કરવાની દૃષ્ટિએ એને અનુરૂપ એના સ્પષ્ટીકરણ માટે એક સંપાદકીય લઘુલેખ પણ લખવાની અને ગ્રંથરૂપે પ્રકાશન કરવાની સર્વ જવાબદારી મારા ઉપર નાંખી. મારી ક્ષુદ્ર લેખણી (કલમ)નો ક્ષુદ્ર લેખ આવા પરમ પવિત્ર અખંડ પ્રવાહમાં મળી જાય અને મને તથા મારી લેખણીને પવિત્ર કરી દે એ બધી વાત જગત્-લીલાના સૂત્રધાર ભગવાન શ્રી દત્તાત્રેયનો જ કંઈક સંકેત હોય એવું માલૂમ પડે છે; નહીં તો મારા જેવા સંસારપ્રપંચમાં રચીપચી રહેલા પામર જીવનું આવું મહા સદ્ભાગ્ય ક્યાંથી ?

જ્યારે આ ગ્રંથને પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાનું નક્કી થયું તે વખતે મૂળ ગ્રંથ કરતાં તો ગ્રંથને લગતી બીજી ઘણીય સામગ્રીઓ આપોઆપ મળી આવી. આવી રીતે અનાયાસ સામગ્રી પ્રાપ્ત થવી એમાં પણ ગ્રંથના વ્યાખ્યાતા પૂજ્ય સ્વામીજી મહારાજની પ્રેરણા નિમિત્તરૂપ બની છે. આવી અને આટલી સર્વાંગપૂર્ણ સાધન-સામગ્રી અને તે પણ આટલી વ્યવસ્થિત અને નિયોજિત રૂપમાં ન મળે એવી અનાયાસે ઉપલબ્ધ થઈ જવી તે શ્રી દત્તપ્રભુની કૃપા અને વ્યાખ્યાતાની શુદ્ધ અને અચળ દત્તભક્તિનાં જ પ્રત્યક્ષ પ્રમાણ છે.

હું આ બધી સામગ્રીની ચર્ચામાં મારા નિવેદનના પાનાનો વ્યય કરવા માંગતો નથી. આંબાના ઝાડનાં પાન ગણવાથી કાંઈ તૃપ્તિ થવાની નથી. એ તો એનાં મધુર ફળ ખાવાથી જ થશે. જે જે મહાત્માઓએ અને સુજ્ઞ જનોએ પોતાની દીર્ઘ સાધનાનું ફળ આ ગ્રંથ–વૃક્ષરાજને આભારી છે એમ માન્યું છે અથવા જેઓએ આ વૃક્ષનાં અમૃતતૂલ્ય ફળોથી પોતાની બુદ્ધિને શુદ્ધ કરી લીધી છે અને એ રીતે તેને અમૃતતમ બનાવ્યા છે તેમનો આભાર ફક્ત વ્યાખ્યાકાર અને સંપાદક જ તો શું પણ પ્રત્યેક સાધક, અભ્યાસી દીર્ઘકાળ સુધી માનતો રહેશે.

આ ગ્રંથ પ્રશ્નોત્તરરૂપે (સંવાદરૂપે) પ્રસિદ્ધ થયો છે. અહીંયાં પ્રશ્નકર્તા સિદ્ધ નાથાચાર્ય શ્રી ગોરખનાથ છે અને ઉત્તરદાતા સ્વયં ભગવાન શ્રી દત્તાત્રેય છે. આ બન્નેય મહાપુરુષો અવધૂતો જ હતા એ સર્વવિદિત હકીકત છે અને આ પ્રસ્તુત ગ્રંથ તેનું પ્રમાણ છે. આથી અવધૂતભાવનાવાળા થઇને આ ગ્રંથનો અભ્યાસ કરવો જોઇએ. 'ભૃંગી–કીટ'ની પદ્ધતિ પ્રમાણે આવી ઇષ્ટ અને ઉચ્ચ ભાવના આપણા મનમાં રોપવી જેથી આપણે પણ એક દિવસ આવી દુષ્પ્રાપ્ય એવી અવધૂતદશા પ્રાપ્ત કરીશું એવો વિશ્વાસ રાખવો.

આ પ્રસંગે હું એક કથા દ્વારા ભગવાન શ્રી દત્તાત્રેયનો મૂળ સિદ્ધાંત શું છે તેના ઉપર કંઈક રોચક સાંકેતિક પ્રકાશ ફેંકવા ઇચ્છું છું; જે આ પ્રમાણે છે:–ભગવાન શ્રી દત્તાત્રેય અને સિદ્ધાચાર્ય શ્રી ગોરખનાથ એ બન્નેની પરસ્પર પ્રથમ ભેટ ગિરનાર પર્વત ઉપર થઈ હતી એ વાત સુપ્રસિદ્ધ છે.

આ જ ઠેકાણે દત્તગુરુએ પોતાનું સિદ્ધિસામર્થ્ય શ્રી ગોરખનાથને બતાવીને તેના ગર્વનું ખંડન કરી પછી તેની સાથે જ્ઞાનચર્ચા કરીને તેની ઉપર કૃપા વરસાવી હતી. તે સ્થાન અત્યારે પણ "કમંડલુંતીર્થ" (કમંડલકુંડ)ના નામથી પ્રસિદ્ધ છે. આ કુંડ પર શુભ અને પવિત્ર દિવસોએ ગુરુ દત્તાત્રેય અને બીજા ચોરાશી સિદ્ધપુરૂષો સ્નાન કરવા તથા જ્ઞાનચર્ચા કરવા માટે આવે છે એવું અનુભવી સંત-મહાત્માઓ કહે છે. જેઓ ભાગ્વાન હોય છે તે તેમનાં દર્શન કરી શકે છે. હવે હું અહીં વાચકવૃંદને એક પ્રાચીન લોકકથા સંભળાવું છું, સાંભળો.

સંતભૂમિ સૌરાષ્ટ્રપ્રદેશમાં આવેલો ગિરનાર પર્વત પ્રાચીનકાળથી સુપ્રસિદ્ધ છે. અનેક ધાર્મિક ગ્રંથોમાં એનો ઉલ્લેખ જોવા મળે છે. સ્કંદપુરાણના પ્રભાસખંડમાં આવેલ વરુણમાહાત્મ્યમાં આ પર્વતનું સુંદર વર્ણન કરેલું છે. મહાકવિ શ્રી માઘે પોતાના "શિશુપાળવધ" નામના નાટકમાં આ પર્વતને "રૈવતક" નામે ઓળખાવીને તેનું ભવ્ય વર્ણન કર્યું છે. વિવિધ ગ્રંથોમાં આ પર્વતનાં જુદાં જુદાં નામો આપવામાં આવ્યાં છે. દાખલા તરીકે "મહાભારત" (વનપર્વ ૬-૨૦)માં આ પર્વતને પુણ્યગિરિ, ઉજ્જયંત એવાં નામો અપાયાં છે. "બૃહત્સંહિતા" (૧૪-૧૧)માં પણ આ પર્વતને "ગિરિનગર", "ગિરનાર" વગેરે નામોથી પણ ઓળખાવવામાં આવ્યો છે. પુરાણોમાં આનાં "વૈજયંત", "ગિરિનર", "ઉર્જયંત" વગેરે નામો અપાયાં છે. "સ્કંદપુરાણ"માં લખ્યું છે કે ભગવાન શ્રી દત્તાત્રેયના વસ્ત્ર વડે ઢંકાએલું હોવાથી આ સ્થાન (ગિરનાર)ને "વસ્ત્રાપથક્ષેત્ર"નું નામ અપાયું છે. મહાકવિ શ્રી માઘ કહે છે કે આ ક્ષેત્ર ગાઢ જંગલનાં વૃક્ષોનાં

પાંદડાંરૂપી વસ્ત્રોથી આચ્છાદિત છે. આનો સ્પષ્ટ અર્થ એ થાય છે કે આ આખો ય પ્રદેશ એક ઘનઘોર અરણ્ય છે. આ સ્થળે ભગવાન શ્રી દત્તાત્રેય ગુપ્તરૂપે સદૈવ નિવાસ કરે છે. આ સ્થાન એક એવી પવિત્ર ભૂમિ છે કે જે યોગી, સિદ્ધ અને કેસરી સિંહનું પ્રિય નિવાસસ્થાન છે. આ ગિરનાર પ્રદેશની સમીપમાંજ શ્રી સોમનાથ મહાદેવનું પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ છે, શ્રીકૃષ્ણની દ્વારકાનગરી છે તથા શ્રીકૃષ્ણની દેહોત્સર્ગભૂમિ પ્રભાસપાટણ વગેરે છે. આ બધાં તીર્થસ્થાનો સમીપમાં જ આવ્યાં હોવાથી ભારતમાંથી અસંખ્ય યાત્રીઓ જ્યારે અહીં યાત્રા કરવા માટે આવે છે ત્યારે માર્ગમાં આવતા પવિત્ર ગિરનાર પર્વતની પણ સાથે સાથે યાત્રા કરવાનું ચૂકતા નથી.

એવું કહેવાય છે કે દશમી સદીમાં યોગી શ્રી ગોરખનાથે સોમનાથ મહાદેવના દર્શને જતી વખતે રસ્તામાં અહીં ગિરનારમાં થોડો સમય નિવાસ કર્યો હતો. તેમણે આ રમ્ય પર્વત તથા પવિત્ર વાયુલહેરોથી કંપાયમાન થતું તેનું નભોમંડળ, અહીંનાં મધુર ફળો અને રંગબેરંગી સુવાસિત ફૂલોથી લચી રહેલો સુંદર વનપ્રદેશ, અહીંનું સુપાચ્ય અને આરોગ્યપ્રદ સ્વચ્છ જળ, આ ભૂમિમાં વિહાર કરનારા ચિત્ર-વિચિત્ર અને મનમોહક સુકંઠી પક્ષીગણ તથા નિર્ભયપણે વિચરણ કરનારા સ્વસ્થ પશુગણને જોઈને ઘણી પ્રસન્નતા અનુભવી. તેમણે આ પર્વતની અધિષ્ઠાત્રી ભગવતી અંબાજીના શિખરસ્થાને પહોંચીને તેનું સ્તવન અને પૂજન કરીને ભગવતીને પ્રસન્ન કર્યાં અને તેના આશીર્વાદ મેળવ્યા. ત્યાર પછી ત્યાંથી આગળ વધીને પાસેના એક ઉંચા ગિરિશિખરની ઉપર તે આવી પહોંચ્યા. તે સ્થાનેથી દૃષ્ટિ ફેંકતાં ચારે બાજુનું લીલોતરીથી

આચ્છાદિત થયેલા આ પ્રદેશનું નૈસર્ગિક સૌંદર્ય એટલું તો ચિત્તાકર્ષક હતું કે યોગી શ્રી ગોરખનાથે ત્યાં જ નિવાસ કરવાનું નક્કી કર્યું. અહીં થોડો સમય વિશ્રામ કર્યા બાદ તે અહીંથી આગળ વધીને સામે દેખાતા એક ઘણા ઊંચા પર્વતશિખર પર ગયા અને ત્યાં તેણે પત્થરમાં કોતરેલા ભગવાન શ્રી દત્તાત્રેયનાં પવિત્ર ચરણચિહ્નોનાં દર્શન કર્યાં. ત્યાં બેઠેલા એક યોગી પાસેથી તેમને જાણવા મળ્યું કે નીચેની તળેટીના રસ્તા પરની એક ગુફામાં હાલમાં ભગવાન શ્રી દત્તાત્રેય નિવાસ કરી રહ્યા છે. આ શુભ સમાચાર સાંભળીને તેમને ઘણો જ આનંદ થયો અને આ દત્તગુફા શોધી કાઢવા માટે શ્રી ગોરખનાથ તલેટીની દિશામાં નીચે ઊતરવા લાગ્યા.

ઘણીય શોધખોળને અંતે તેમણે કોઈ એક ગુફાના દ્વાર પાસે પહોંચી જઈને અંદર ડોકિયું કર્યું તો જણાયું કે ત્યાં એક દિગંબર, આખાય શરીરે ભસ્મ ચોળેલો, માથા પર પીળી જટાના મોટા ફીંડલાવાળો, જડ અને ગાંડા જેવો, ભૂત જેવો કોઈ એક જાડો માણસ બેઠેલો જોવામાં આવ્યો. યોગી ગોરખનાથને મનમાં શંકા ગઇ કે શું આ વ્યક્તિ જ ભગવાન શ્રી દત્તાત્રેય હશે ! વળી આ પુણ્યગિરિ (ગિરનાર) ના એકાંત સ્થાનમાં તો કેટલીય ગુફાઓ છે અને તે દરેકમાં કોઈ ને કોઇ મહાત્મા તપસ્યા કરતા બેઠા છે. આ બધામાં ભગવાન શ્રી દત્તાત્રેયને કેવી રીતે ઓળખવા ?

પરમ અવધૂત ભગવાન શ્રી દત્તાત્રેયને ઓળખી કાઢવા એ કાંઈ સહેલી વાત ન હતી. જ્યાં સુધી તેઓ પોતે જ કૃપા કરીને પોતાનો પરિચય ન આપે ત્યાં સુધી ગમે તેવો મોટો

વિદ્વાન હોય કે ઉચ્ચ કોટિનો ભક્ત હોય કે પછી ઋષિમુનિ અથવા યોગી હોય પણ તેમની અતિ ઉચ્ચ કોટિની અવધૂત-અવસ્થાને સમજી શકતો નથી. આપણા ધર્મગ્રંથોમાં આ અવધૂતશ્રેષ્ઠ ભગવાનને ઓળખવાની રીત મળી શકે છે.

યોગી ગોરખનાથ આ ગુફામાં પ્રવેશ્યા અને અંદરના એક ખૂણામાં પડેલી સ્વચ્છ, મોટી શિલા ઉપર આસન પાથરીને બેઠા. મધ્યાહ્નનો સમય થવા આવ્યો હતો. ભિક્ષાનો (ભોજનનો) સમય થયો હોવાથી ગોરખનાથે પોતાના ખભા ઉપરથી ભિક્ષા-ઝોળી ઉતારતાં જ તે ઝોળી એકદમ આકાશ તરફ ઊડી અને જોતજોતામાં તો અદશ્ય થઈ ગઈ. થોડો સમય વીત્યા બાદ તે ઝોળી સ્વાદિષ્ટ ભિક્ષાન્ન લઈને ગુફામાં પાછી આવી પહોંચી.

યોગી ગોરખનાથે પેલી બાળક જેવી, ગાંડા જેવી વ્યક્તિ તરફ સ્મિતવદને અને વાંકી નજરે જોયું અને શિષ્ટાચાર પ્રમાણે પૂછયું–"ભોજન લેશો કે ?"

સામી વ્યકિતએ ગોરખનાથના મનની વાત જાણી લીધી. તેણે ક્ષણભર મૌન ધારણ કર્યા પછી ધીમા પણ સ્પષ્ટ અને મધુર શબ્દોમાં પ્રત્યુત્તર આપ્યો,–"દેવ ! હું તો આજકાલ ફકત ગાયનું દૂધ જ પીઉં છું."

આ સાંભળીને ગોરખનાથે કંઈક કટાક્ષમાં પૂછયું,–"અહીં તમને ગાયનું દૂધ કોણ આપી જાય છે ?"

"દેવ ! દૂધ તો કોઇ આપી જતું નથી, તેમ કમંડલુ પણ દૂધ આણવા માટે આકાશમાર્ગે જતું નથી. જ્યારે જરૂર પડે છે ત્યારે આ કમંડલુમાંથી જ આપોઆપ તાજું

દૂધ મળી રહે છે." – અત્યંત નમ્ર વાણીમાં તેણે ગોરખનાથને જવાબ આપ્યો.

આ સાંભળીને થોડીક ગમ્મત કરવાના ઇરાદાથી ગોરખનાથ બોલ્યા,–"એમ, લાવો તો જોઈ તમારું કમંડલુ. તેની અંદર કેવું અને કેટલું દૂધ ભર્યું છે તે જરા જોવા તો દો." આમ કહેતા કહેતા ગોરખનાથે પેલી વ્યક્તિની પાસે પડેલું કમંડલુ ઝટ દઈને ઊંચકયું અને તેની અંદર જોયું તો તેમાં તાજું ગરમ દૂધ ભરેલું જણાયું. આ જોઇને ગોરખનાથને ઘણું જ આશ્ચર્ય થયું. હવે તેણે આ ગાંડા જેવી જણાતી વ્યક્તિનું સિદ્ધિસામર્થ્ય કેટલું અને કેવું છે તેની પરીક્ષા કરવાના વિચારથી તેને પ્રશ્ન કર્યો "આજે તમે મને આ મારું ખપ્પર (ભિક્ષાપાત્ર) ભરીને ગાયના દૂધની ભિક્ષા આપશો કે?"

"જરૂર આપીશ, દેવ! અહીંયાં જે કાંઇ છે તે તમારું જ છે એવું સમજશો તો મને અત્યંત આનંદ થશે"–ગાંડા જેવી વ્યક્તિએ હર્ષથી છલકાતાં ઉત્તર આપ્યો.

ગોરખનાથને તો આવું જ જોઇતું હતું. તે મંદમંદ હસ્યા એકદમ કમંડલુ ઊંચું કર્યું અને તેને પોતાના ખપ્પરમાં ઊંધું વાળી દીધું. એટલામાં તો આશ્ચર્યકારક ઘટના એ બની કે ગોરખનાથનું ખપ્પર ગાયના દૂધથી ભરાતું ન હતું જ્યારે પેલા કમંડલુમાંથી તાજા ગરમ ગાયના દૂધની ધારા સતત વહેતી જ જતી હતી.

"કેવું આશ્ચર્ય!" – ગોરખનાથના મુખમાંથી શબ્દો સરી પડયા. હવે તેને ખાતરી થઈ ગઈ કે પોતાના ખપ્પરની અપૂર્ણસિદ્ધિ કરતાં આ ગાંડા જેવા માણસના અક્ષયપાત્ર

જેવા કમંડલુની પૂર્ણસિદ્ધિ મહાન છે. આથી શરમાઈને તેણે કમંડલુને યથાસ્થાને મૂક્યું અને પોતાની જગા પર જઈને છાનામાના બેસી ગયા. ગોરખનાથની આવી સખત હાર જોવા છતાં ય પેલી ગાંડા જેવી વ્યક્તિનો ચહેરો નિર્વિકાર હતો, શાંત હતો, જાણે કે કાંઈ બન્યું જ નથી.

યોગી ગોરખનાથે વિચાર્યું કે આ ગાંડા જેવી વ્યક્તિની સિદ્ધિશક્તિની હજી પણ એકબે વખત પરીક્ષા કરી લેવી જોઈએ જેથી ખાતરી થઈ જાય કે આ વ્યક્તિ જ ખરેખર ભગવાન શ્રી દત્તાત્રેય છે કે કેમ ? આથી તેમણે તે વ્યક્તિને કહ્યું, "ચાલો આપણે આજે 'સંતાકુકડી'ની રમત રમીએ. જોઈએ તો ખરા કે આમાં કોણ જીતે છે અને કોણ હારે છે ?"

પેલી વ્યક્તિએ ગોરખનાથના મનના છૂપા ભાવ જાણી લીધા. તે ધીમું ધીમું બબડી કે "પોતાની જાતને સિદ્ધ કહેવરાવનાર પુરુષે પોતાની સિદ્ધિસામર્થ્યનો ગર્વ રાખવો નહીં જોઈએ. વળી સિદ્ધિઓનું આવી રીતે પ્રદર્શન કરવું એ પણ ઠીક નથી." તેની ઇચ્છા ન હોવા છતાં ય ગોરખનાથના તેને વારંવાર આગ્રહને લીધે સંતાકુકડીની રમત રમવા માટે મેદાનમાં ઊતરવું પડયું.

હવે પ્રશ્ન એ ઊભ્યો કે પ્રથમ સંતાવું કોણે ? આ વિષેની થોડી વાતચીત બાદ છેવટે એમ નક્કી થયું કે પ્રથમ ગોરખનાથે સંતાવું. ગોરખનાથને તો એજ જોઈતું હતું. તેમને તો ખાતરી હતી કે હવે આ ગાંડા જેવી વ્યક્તિ તેમને શોધી શકશે નહીં જેથી હારી જશે અને પોતાની જીત થશે.

'કછોલી ગામના અક્ષરધામમાં'



પૂ. સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજ
(શિષ્યસ્વામી-શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય)

'માતા અંબિકા નદીને પવિત્ર તીરે' (કછોલી)



પૂ. સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજ
તથા "સ્વયંભૂદાદા" શ્રી ગંગેશ્વર મહાદેવ (કછોલી) ના
મૂકસેવક-શ્રી ઇશ્વરલાલ વૈદ્ય. ('આનંદી ઇશ્વર')

એક....બે....ત્રણ....એમ તાળીઓના અવાજ થતાં જ યોગી ગોરખનાથ જોતજોતામાં અદૃશ્ય થઈ ગયા. પેલી ગાંડા જેવી વ્યક્તિએ અટ્ટહાસ્ય કર્યું. આ હાસ્યનો ચારે બાજુએ એવો તો પડઘો પડ્યો, જાણે કે અમૃત ભરેલાં વાદળાં ઘણુંઘણી ઊઠ્યા હોય. થોડી ક્ષણ સુધી મૌન ધારણ કર્યા બાદ તેણે પોતાની બાજુમાં પડેલું કમંડલુ એક હાથે ઊંચકયું અને બીજા હાથની આંગળીઓ વડે કમંડલુની જગા પરની ભીની માટી ખોદીને તેમાંથી એક નાનકડો એવો દેડકો કાઢ્યો. આ દેડકાને પોતાના હાથની હથેળી ઉપર બેસારીને ગાંડા-જેવો માણસ મોટેથી હસી પડ્યો. આથી યોગી ગોરખનાથે દેડકાનું રૂપ ત્યાગી દીધું અને પોતાનું અસલી રૂપ ધારણ કર્યું. લજ્જા પામીને પોતાની હાર કબૂલ કરી નાંખી.

હવે પેલા ગાંડા જેવા માણસનો વારો આવ્યો. એક....બે....ત્રણ....એમ તાળીઓનો અવાજ થતાંની સાથે જ તેણે આકાશ તરફ ઊડવા માંડયું અને થોડા જ વખતમાં તે તો અદૃશ્ય થઈ ગયો. આ જોઈને યોગી ગોરખનાથ રાજહંસનું રૂપ ધારણ કરીને મોટીમોટી પાંખો ફફડાવતા પેલાની પાછળ પડયા. તેણે આખું ય આકાશ શોધી માર્યું પણ પેલી ગાંડા જેવી વ્યક્તિનો કશો જ પત્તો લાગ્યો નહીં. છેવટે નિરાશ થઈને અને થાકીને લોથપોથ થઈને હંસરૂપધારી યોગી ગોરખનાથ પૃથ્વી પર પાછા આવ્યા. તેમણે હંસનું રૂપ છોડી દીધું અને પોતાનું અસલીરૂપ ધારણ કર્યું. પોતાની હાર કબૂલ કરતાંની સાથે જ યોગી ગોરખનાથે જોયું કે પેલો ગાંડા જેવો માણસ તેમની સામે જ ઊભો હતો. આ જોઈને ગોરખનાથને ઘણી જ નવાઈ લાગી. તે વિચાર કરવા લાગ્યા કે આ ગાંડા

જેવો માણસ કઈ સિદ્ધિના બળે ક્યાં જઈ આવ્યો હશે ? પેલાને આવો પ્રશ્ન પૂછવાની ગોરખનાથને ઇચ્છા તો થઈ આવી પણ આવા વિષય પર આટલી જલદી પૂછપરછ કરવી તે તેને ઠીક લાગ્યું નહીં.

યોગી ગોરખનાથે પેલા માણસને ફરી એકવાર સંતાવાનું કહ્યું. તેમને આશા હતી કે આ વખતે તો પોતે જરૂર જીતી જશે. ગોરખનાથના વારંવાર આગ્રહ કરવાથી પેલો ગાંડા-જેવો માણસ ફરી પાછો અદૃશ્ય થઈ ગયો. હવે ગોરખનાથે પોતાની યોગશક્તિના બળે જાણી લીધું કે પેલો માણસ કમંડલુમાં છુપાઈ બેઠો છે. પછી તો શું કહેવાનું હોય. તેમણે તરત જ માછલીનું રૂપ ધારણ કર્યું અને કમંડલુમાંનુ સઘળું પાણી તપાસી માર્યું પણ પેલાનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. પછી તો તેણે નાનકડા મચ્છરનું રૂપ લીધું અને કમંડલુની અંદરની નળી વગેરેમાં સારી રીતે તપાસી વળ્યા પણ તેને કશીય સફળતા મળી નહી. છેવટે તેણે પાણીમાંના સૂક્ષ્મજંતુ (બેકટેરીયા)નું રૂપ લઈને પાણીની અંદર અને સપાટી ઉપર તથા ખૂણેખાંચરે જોઈ વળ્યા પણ તેને તો આખરે નિરાશા જ સાંપડી. ભાંગેલા હૃદયે અને ખિન્ન મને યોગી ગોરખનાથ કમંડલુમાંથી બહાર આવ્યા અને પોતાનું અસલી રૂપ ધારણ કરી પોતાની હાર કબૂલ કરી નાંખી. એટલામાં તો તેણે જોયું કે પેલો ગાંડા જેવો માણસ ગુફામાંના પોતાના આસનની ઉપર વ્યવસ્થિતરીતે અને સ્થિર ચિત્તે બેઠેલો હતો. તે માણસનું મુખમંડળ સિદ્ધિઓના અભિમાનથી ન તો ફૂલેલું જણાતું હતું કે ન તો પોતાની આવી મોટી જીતના આનંદથી તેજસ્વી દેખાતું હતું. તે તો જાણે કે કાંઈ બન્યું જ ન હોય

તેના ધૂર્વત્ સાગર જેવો ગંભીર અને સ્થિર જણાતો હતો. જાણે તે પોતાની મહાન શક્તિશાળી મૌનભાષામાં કહી રહ્યો ન હોય કે આવી સિદ્ધિઓ પણ તુચ્છ છે અને આત્મસાક્ષાત્કારના માર્ગમાં એ બધીની કશીજ કિંમત નથી.

હવે યોગી ગોરખનાથથી રહેવાયું નહી. તેણે તો પેલાને પૂછી નાંખ્યું, "કઈ સિદ્ધિની શક્તિથી તમે ક્યાં છુપાઈ ગયા હતા ?"

પેલા ઉન્મત્ત જેવા માણસે સરળભાવથી ટૂંકમાં જ જવાબ આપ્યો,–"આકાશમાં આકાશરૂપ થઈને અને પાણીમાં પાણીરૂપ થઈને સમરસ બની ગયો હતો."

"ज्ञानामृतं समरसं गगनोपमोऽहम् ।"

આ સાંભળીને યોગી ગોરખનાથ સમજી ગયા કે આ વ્યક્તિ પાણીમાં પાણીરૂપ અને આકાશમાં આકાશરૂપ બની એકરસરૂપ થઈ ગઈ હતી. આથી જ તેને તેનો પત્તો લાગી શક્યો ન હતો. તે વ્યક્તિની આવી મહાન 'સમરસસિદ્ધિ'નો તેના મન પર ઘણો મોટો પ્રભાવ પડયો જેથી તેણે તેમને મનોમન શ્રદ્ધા અને ભક્તિપૂર્વક પ્રણામ કર્યાં.

પરંતુ હજી સુધી યોગી ગોરખનાથને એવી પૂરેપૂરી ખાતરી નહોતી થઈ કે આ ગાંડા જેવો માણસ ખરેખર ભગવાન શ્રી દત્તાત્રેય જ હશે! તેની બહારની વેશભૂષા ઉપરથી તેને ઓળખવો તે ઘણું કઠિન હતું. છેવટે તેના જ મુખેથી તેનો પોતાનો પરિચય મેળવવાના ઇરાદાથી યદુરાજા, ભક્ત પ્રહ્લાદ, મુનિ સાંકૃતિ વગેરેની જેમ યોગી ગોરખનાથે પણ આ ઉન્મત્તને વિનમ્ર વાણીમાં અંગત પ્રશ્નો પૂછ્યા. યોગ અને

જ્ઞાનવિષયક પણ ઘણા કઠિન પ્રશ્નો પૂછ્યા અને સમાધાન મેળવ્યું. હવે તેને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ કે આ ગાંડા જેવો લાગતો માણસ બીજું કોઈ નથી પણ જ્ઞાનસાગર, યોગનિધિ અને વિશ્વગુરું અવધૂતશ્રેષ્ઠ ભગવાન શ્રી દત્તાત્રેય જ છે. આથી તેણે ભગવાન શ્રી દત્તાત્રેયની સુમધુરકંઠે અને ગુરુભક્તિથી છલકાતા હૃદયે પ્રાર્થના કરી કે "હે સ્વામી દત્તાત્રેયદેવ! તમારા દર્શનથી મને પરમ-તત્ત્વના રહસ્યનું જ્ઞાન પ્રાપ્ત થયું છે. ભોગ અને યોગ એ બન્નેયના પરમ આશ્રય એવા હે દત્તપ્રભુ! હું તમને વારંવાર પ્રણામ કરું છું."

સદ્ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયની કૃપા-આશીર્વાદ મેળવીને યોગી ગોરખનાથ ધન્ય થઈ પોતાના નિવાસસ્થાને પાછા ફર્યા.

卐

પ્રશ્ન : યોગીગુરુ કોણ કહેવાય ?

ઉત્તર : "**दृष्टिः स्थिरा यस्य विनैव दृश्यं**
वियुः स्थिरो यस्य विना प्रयत्नम् ।
चित्तं स्थिरं यस्य विनावलंबं
स एव योगी स गुरुः स सेव्यः ॥"

અર્થ : જે મહાપુરુષની દૃષ્ટિ કોઈ પણ પ્રકારના દર્શન વિના જ સ્થિર થઈ જતી હોય, જેનો વાયુ કોઈ પણ જાતના પ્રયત્ન કર્યા વગર જ શાંત થઈ જતો હોય અને જેનું ચિત્ત કોઈ પણ આધાર વિના જ નિશ્ચંચળ થઈ જતું હોય તે જ યોગી છે, સમર્થ ગુરુ છે, તેની જ સેવા કરવી યોગ્ય છે.

*

'નવસારી શહેરમાં ધર્મ–પ્રવચન–સપ્તાહ'

સ્વામી શ્રી દત્તરાજેશ્વરદેવ તીર્થ મહારાજ
(શિષ્ય સ્વામી શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્ય)

'અવધૂતશ્રેષ્ઠ ભગવાન શ્રી દત્તાત્રેય'



"દત્તાત્રેય હરેકૃષ્ણ, ઉન્મત્તાનંદદાયક ... ડાય
દિગંબર મુનેબાલ, પિ... જ્ઞાનસાગર ॥"
(શ્રી દત્તાત્રેય ઉપનિષદ્)

—: પ્રસ્તાવના :—

ભારતીય સિદ્ધપુરુષોના ઇતિહાસમાં આદિગુરુ દત્તાત્રેય અને યોગીરાજ ગોરખનાથનું સ્થાન ઘણું ઊંચું છે. ગોરખનાથ મત્સ્યેન્દ્રનાથના શિષ્ય હતા તે વાત સુપ્રસિદ્ધ છે. મત્સ્યેન્દ્રનાથ વર્તમાનકાલીન કૌલસંપ્રદાયના આદ્યસ્થાપક કહેવાય છે. તેમને જગત્જનની શ્રી સ્વચ્છંદભૈરવીદેવી પાસેથી પ્રત્યક્ષ મંત્રદીક્ષા અને ઉપદેશ મળ્યો હતો. મહર્ષિ અત્રિ અને મહાસતી અનસૂયાના સુપુત્ર ભગવાન શ્રી દત્તાત્રેય પણ મહાયોગ અને મહાજ્ઞાનનું મૂર્તસ્વરૂપ હતા. આ બન્નેય મહાપુરુષો કાલાતીત અને સ્વેચ્છાવિહારી હોઈ સદૈવ લોકકલ્યાણના કાર્યમાં અને ચિંતનમાં નિમગ્ન રહેતા હતા. એવું કહેવાય છે કે એક વખતે આ બન્નેયનું પરસ્પર મિલન થયું. અને તે વખતે બન્ને વચ્ચે એક અદ્ભુત "યોગ–સંવાદ" પણ થયો. જિજ્ઞાસુ યોગી ગોરખનાથે પ્રશ્નો પૂછ્યા અને ભગવાન શ્રી દત્તગુરુએ તેના ઉત્તરો આપ્યા. યોગી ગોરખનાથના પ્રશ્નોના ઉત્તરો આપવાને નિમિત્તે દત્તગુરુએ જે મહાજ્ઞાન પ્રકટ કર્યું અને તેની છણાવટ કરી તે જ્ઞાન અતુલનીય અને અણમોલ હતું. આ એક ઐતિહાસિક ઘટના છે કે નથી એવો પ્રશ્ન અહીં ઊઠતો નથી કારણકે આ બન્નેય મહાત્માઓ સિદ્ધદેહસમ્પન્ન હોવાથી બન્નેયે પરસ્પર સંભાષણ કર્યું હતું. આ "યોગ–સંવાદ" કોઈ ખંડદેશ અથવા પરિચ્છિન્ન કાળદ્વારા અવચ્છિન્ન ન હોવા છતાંય આનું આધ્યાત્મિક મૂલ્ય કોઈ પણ રીતે જરાય ઓછું આંકી શકાય નહીં. કારણકે આ પ્રસંગ કાંઈ કાલ્પનિક કિંવા "સબ્જેક્ટીવ" ન હોઈ પ્રત્યક્ષ બનેલી ઘટના છે.

શ્રી દત્તગુરુએ પોતાના પ્રત્યુત્તરોમાં પરમ અદ્વૈતસિદ્ધાંતનો ઉપદેશ કર્યો છે. પ્રાચીન કાળમાં ભારતીય તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં અદ્વૈતસિદ્ધાંતના પણ અનેક ભેદો પ્રચલિત હતા. હાલમાં ભગવાન શંકરાચાર્યના નામથી જે અદ્વૈતસિદ્ધાંત પ્રચલિત છે તેને "શાંત બ્રહ્મવાદ" કહેવાય છે. તેમના મત પ્રમાણે બ્રહ્મના સ્વરૂપમાં ચિત્શક્તિનો સ્વીકાર શક્તિ–શક્તિમદ્ભાવથી થતો નથી. શક્તિના રૂપમાં કેવળ માયાનો જ સ્વીકાર થાય છે. પણ આ મત પ્રમાણે આ માયા ચિદ્રૂપા નથી પણ જડ છે, અનિર્વચનીયા અને મિથ્યા છે. ખરી રીતે જોતાં માયા એટલે પરમેશ્વરની સ્વાતંત્ર્યશક્તિનું જ બીજું નામ છે. તે માયા પરમેશ્વરના સ્વરૂપથી અભિન્ન છે એવું નહીં સ્વીકારનારનો જે બ્રહ્મવાદ છે તેને જ "શાંત બ્રહ્મવાદ" એવું નામ આપ્યું છે.

બૌદ્ધ સંપ્રદાયમાં પણ શરૂઆતથી જ "અદ્વૈતવાદ" હતો. સ્વયં ગૌતમ બુદ્ધનું એક નામ "અદ્વયવાદી" હતું. આ વાત સુપ્રસિદ્ધ છે. ઐતિહાસિક દૃષ્ટિએ જોતાં "શૂન્યવાદ" અને "વિજ્ઞાનવાદ" એ બન્ને "અદ્વૈતવાદ" જ છે. "શૂન્યવાદ" એ નાગાર્જુને ચલાવેલા માધ્યમિક સંપ્રદાયનો મુખ્ય સિદ્ધાંત છે; જ્યારે "વિજ્ઞાનવાદ" એ વસુબંધુના ભાઇ દ્વારા ચલાવાયેલો "યોગાચારમત"નો મુખ્ય સિદ્ધાંત છે. પહેલા મત પ્રમાણે "તત્ત્વ" એ ચતુષ્કોટિવિનિર્મુક્ત માનવામાં આવ્યું છે કેમકે સત્, અસત્, સદસત્–ઉભયાત્મક તથા સદસત્–વિલક્ષણ વિકલ્પની આ કોટિ હોય છે. મૂળમાં તો "તત્ત્વ" નિર્વિકલ્પ છે. આથી શૂન્યવાદ પ્રમાણે શૂન્યરૂપ તત્ત્વને ચતુષ્કોટિ–વિનિર્મુક્ત કહે છે. પરંતુ યોગાચારમત અનુસાર "તત્ત્વ" એ વિજ્ઞાનાત્મક છે અને તેને જ પરમાર્થ માનવામાં આવ્યું છે.

અહીંયાં એ વાત ધ્યાનમાં રાખવાની છે કે આ વિજ્ઞાનમાં ગ્રાહક અને ગ્રાહ્ય એવા બે વિકલ્પો નથી. એને જ "વિજ્ઞપ્તિ-માત્રતા"નું નામ આપ્યું છે. વિજ્ઞાનવાદી એમ કહે છે કે પુદ્ગલનૈરાત્મ્યનું જ્ઞાન પ્રાપ્ત થતાં ગ્રાહક-વિકલ્પ નષ્ટ થાય છે અને ગ્રાહ્ય-વિકલ્પ ધર્મનૈરાત્મ્યજ્ઞાનથી નિવૃત્ત થાય છે. પહેલા પ્રકારનું નૈરાત્મ્યજ્ઞાન શ્રાવકયાનરૂપ પ્રાચીન હીનયાન પંથમાં હતું પણ બીજા પ્રકારનું નૈરાત્મ્ય કેવળ મહાયાન પંથમાં ટકી રહ્યું અને તેના પ્રભાવથી યોગી લોકો શ્રાવક પદમાંથી આગળ વધીને બોધિસત્ત્વ પદની સ્થિતિને પ્રાપ્ત કરે છે.

શ્રાવક અને બોધિસત્ત્વ એ બન્નેનું ધ્યેય એક નથી એ ધ્યાનમાં રાખવા જેવી વાત છે. શ્રાવક પૂર્ણત્વની ઇચ્છા કરતો નથી. એ તો કેવળ પોતાના પૂરતી જ દુઃખનિવૃત્તિની અભિલાષા રાખે છે અને તેની તે અભિલાષા તે ધ્યેય (નિર્વાણપદે) પ્રાપ્ત થયા પછી જ પૂર્ણ થાય છે. કિંતુ બોધિસત્ત્વ કેવળ પોતાની જ દુઃખનિવૃત્તિથી સંતુષ્ટ થતો નથી. સમગ્ર વિશ્વની દુઃખનિવૃત્તિ થવી એ તેનું ધ્યેય હોય છે, કેમકે શ્રાવકનું જ્ઞાન અને કરુણા બન્ને ગુણો દુર્બળ છે. જ્ઞાનનું જ બીજું નામ "પ્રજ્ઞા" છે. બોધિસત્ત્વમાં આ બન્ને ગુણો અત્યંત પ્રબળ સ્થિતિમાં હોય છે. આ બંન્નેમાં જે ભેદ છે તે આ છે કે શ્રાવક જ્યારે વ્યક્તિગત નિર્વાણપદની પ્રાપ્તિથી સંતુષ્ટ થઈ જાય છે ત્યારે બોધિસત્ત્વ તેટલાથી સંતુષ્ટ થતો નથી. તેનું ધ્યેય બુદ્ધત્વની પ્રાપ્તિ છે, અને તે ધ્યેયનો ઉદ્દેશ્ય કેવળ પોતાના પૂરતો નથી પણ સમગ્ર વિશ્વની દુઃખનિવૃત્તિ કરવી એ છે.

બૌદ્ધોનો આ અદ્વૈતવાદ સિવાય હિંદુ સમાજમાં પણ

અદ્વૈતવાદના જુદા જુદા પ્રકારો પ્રચલિત છે. પ્રાચીન આગમ અથવા તંત્રશાસ્ત્ર પણ છેવટે પરમઅદ્વૈત સિદ્ધાંત ઉપર જ ભાર મુકાતો હતો. ભલે પછી એ મત અદ્વૈતશૈવમત હોય કે અદ્વૈતશાક્તમય હોય; તેમાં કોઈ ભેદ નથી. આગમમાં દ્વૈત અને દ્વૈતાદ્વૈત મતોને અવશ્ય સ્થાન છે પણ તે અત્યંત નીમ્નકોટિના છે. અદ્વૈતવાદને જ ખરું ઊંચું સ્થાન છે. ભેદ કેવળ એટલો જ છે કે શૈવ એ પરમઅદ્વયને "પરમશિવાવસ્થા" તરીકે ઓળખે છે જ્યારે અન્ય પક્ષના શક્તિ યોગી લોકો આને "પરાસંવિત્" એવે નામે વર્ણવે છે. છેવટે જોતાં બન્ને સિદ્ધાંતો લગભગ એક જ સ્વરૂપનાં છે. "સ્વાતંત્ર્ય" તથા "બોધ" આ બન્નેનું પરસ્પર અભિન્નસત્તા દ્વારા પ્રકાશમાન થવું આને જ "પૂર્ણત્વ" કહે છે. "બોધ" સ્વાતંત્ર્યમય છે અને "સ્વાતંત્ર્ય" બોધમય છે. પરમઅદ્વૈતનું એ જ ખરું સ્વરૂપ છે. આનું જ બીજું નામ "શિવશક્તિસામરસ્ય" છે. શિવ ચિદ્રુપ છે ત્યારે શક્તિ પણ ચિદ્રુપા છે, અને તેથી એ બેમાં કોઈ પણ પ્રકારનો ભેદ નથી. જો કે લૌકિક દૃષ્ટિએ જોતાં બન્નેમાં ભિન્નભિન્ન લક્ષણો માલૂમ પડે છે કેમકે શિવ "અસ્પંદ" છે ત્યારે શક્તિ "સ્પંદ" છે. તેમ છતાં ય પારમાર્થિક દૃષ્ટિથી જોતાં સ્પંદ–અસ્પંદનો ભેદ પણ વૈકલ્પિક જ છે. તેથી એ બન્નેમાં કોઈ પણ પ્રકારનો ભેદ મનાતો નથી. આને જ "નિષ્કલસ્વરૂપ" કહે છે. આ મત પ્રમાણે માયા "અઘટિતઘટનાપટીયસી" હોવા છતાં ય સ્વરૂપતઃ અભિન્ન છે. તેને સાધારણ રીતે "સ્વાતંત્ર્યશક્તિ" કહે છે, તેનું જ બીજું નામ "માયા" છે.

આ પણ "બ્રહ્મવાદ" જ છે પણ આ "શાંતબ્રહ્મવાદ" નથી; કારણ કે બોધાત્મ ચૈતન્ય કદી પણ સ્વાતંત્ર્યહીન રહી

શકતું નથી. આજ કારણથી આ સંપ્રદાયના આચાર્યો એમ કહે છે કે, "चितिः स्वतंत्रा विश्वसिद्धिहेतुः". આ અદ્વૈતવાદ કૌલસંપ્રદાય ક્રમવાદી મહાર્થસંપ્રદાય અને સાહસસંપ્રદાય વગેરે સંપ્રદાયોમાં પ્રચલિત હતો. આ મતાનુસાર વિશ્વપ્રપંચનો આવિર્ભાવ એ આત્માના સ્વાતંત્ર્ય પરિકલ્પિત આત્મસંકોચનું પરિણામ છે. આનું પારિભાષિક નામ "તિરોધાન" છે. જ્યારે આત્મા અનુગ્રહરૂપ કર્મ કરવા માટે પ્રવૃત્ત થાય છે ત્યારે તે પોતાનું સ્વયંકલ્પિત આવરણ બાજુ પર મૂકી દે છે અને પોતાના પૂર્ણસ્વરૂપનો વિકાસ કરવાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

આ નિગ્રહાનુગ્રહરૂપી બન્ને ક્રિયાઓ લીલામય આત્માની પોતાની લીલા છે. આત્મા સ્વરૂપતઃ લીલાતીત હોવા છતાં ય નિત્ય લીલામય છે. આ મત અનુસાર આત્માનું પૂર્ણ સ્વરૂપ કેવળ વિશ્વાતીત, ચિદાત્મિકા સત્તારૂપી નથી અને કેવળ વિશ્વાત્મક પણ નથી. વિશ્વાતીતરૂપ હોવાને લીધે આત્મા નિત્ય, નિરાકાર છે અને વિશ્વાત્મકરૂપ હોવાને કારણે એ નિત્ય સાકાર પણ છે. આત્મા નિરાકાર અને સાકાર આમ એકી સાથે બન્ને ય છે. ફક્ત અવિદ્યા (અજ્ઞાન) ને લીધે જ તેની સાકાર અને નિરાકાર સ્થિતિમાં વિરોધ જણાય છે પરંતુ શુદ્ધ વિદ્યાનો ઉદય થતાંની સાથે જ એટલે કે જ્ઞાન પ્રાપ્ત થતાં જ એ ભેદ નષ્ટ થઈ જાય છે. એ જ સમયે આત્માનું એક સાથે વિશ્વાત્મક અને વિશ્વાતીતરૂપ એકત્ર પ્રકટ થઈ જાય છે. આત્મા શિવરૂપ છે અને શિવ કદાચિત્ શક્તિરહિત નથી. આ કારણથી જ ચિત્કળાઓમાં ભરતી વખતે જેમ પૂર્ણિમા તરફ ગતિ થાય છે ત્યારે અને, આ પ્રમાણે આગળ કહ્યું છે તેમ, આત્મકળાનું શોષણ થાય છે તે વખતે અમાવાસ્યા તરફ

ગતિ થાય છે ત્યારે બન્ને ય અવસ્થા સત્ય છે. (ખરી છે). પંદર કળાની પૂર્તિ થાય છે અને તેટલી જ કળાનું શોષણ થાય છે. આ કાળચક્રનો ખેલ છે. પણ જે "ષોડશીકળા" જે "અમૃતકળા" અથવા "અમાકળા" એવા નામથી પ્રસિદ્ધ છે તે આત્માની સાથે યુક્ત સ્થિતિમાં રહે છે. "पुरुषे षोडशकलेऽस्मिन् तामाहुरमृतां कलाम्।" આ કળાથી શિવ ક્યારે ય અલગ થતા નથી. એ શિવના મસ્તક પરની કળા છે. નિષ્કલ અવસ્થામાં ય તે તેવી જ રહે છે. અને તે તેવી જ રહેવા છતાં ય શિવનું નિષ્કલત્ત્વ નષ્ટ થતું નથી; કેમકે તે સદૈવ શિવરૂપથી અભિન્ન છે. અદ્વૈતવાદની બીજી પણ કેટલીક વિચારપ્રણાલિ છે પરંતુ તે એટલી મહત્ત્વની નથી. તેથી તેની ચર્ચા કરવાની અહીં આવશ્યકતા નથી.

યોગી ગોરખનાથ અદ્વૈતવાદી હતા અને તે જ પ્રમાણે શ્રી દત્તભગવાન પણ અદ્વૈતવાદી હતા. તેમ છતાં ય લોકશિક્ષાનાં મહાન ઉદ્દેશ્યને લક્ષ્યમાં રાખીને ગોરખનાથે દત્તાત્રેયજી પાસેથી ઉપદેશ મેળવવાની મહેચ્છા કરી અને કેટલાક મહત્ત્વના પ્રશ્નો પૂછ્યા. આ બધા પ્રશ્નોના તેમણે શ્રી દત્તગુરુ પાસેથી સમાધાનકારક ઉત્તરો મેળવ્યાં અને પોતાના સંશયોની નિવૃત્તિ કરી નાંખી. ખરી રીતે તો એ બધા સંશયો ન હતા પણ ખાતરી જ કરી લેવાની હતી. એટલે કે દત્તગુરુની મહાન જ્ઞાનની અત્યુચ્ચ સ્થિતિ જાણવાની હતી. એ ગમે તે હોય પણ આપણે જ્યારે દત્તગુરુએ ગોરખનાથને આપેલા પ્રત્યુત્તરો વાંચીએ છીએ તે વખતે જ એક વાત એકદમ સ્પષ્ટ થાય છે કે દત્તાત્રેય

ભગવાન પરમ અદ્વૈતવાદી હતા. એટલા બધા અદ્વૈતવાદી હતા કે દ્વૈત, દ્વૈતાભાસ પણ ખરી રીતે તેની દૃષ્ટિમાં અદ્વૈતનો લોપ કરવાવાળા ન હતા. નિર્વિકલ્પ, પરિશુદ્ધ, અદ્વૈતદૃષ્ટિથી જોતાં તેને સર્વત્ર એકત્વનો જ ભાસ થતો હતો. "**द्वितीयाद्वै भयं भवति।**" પણ તે સ્થિતિમાં દ્વૈતને સ્થાન જ ક્યાં છે ?

એ વાત પ્રસિદ્ધ છે કે એકવાર કર્ણાટક નિવાસી મહાસિદ્ધપુરુષ શ્રી પ્રભુદેવ યોગી ગોરખનાથને મળ્યા હતા. તે વખતે તેમણે ગોરખનાથને પોતાની કાયાસિદ્ધિના પ્રકારોનો ઉપદેશ આપ્યો હતો. જો કે ગોરખનાથ પણ કાયાસિદ્ધપુરૂષ હતા તો પણ તેમને "અસ્પર્શયોગ"ની સિદ્ધિ પ્રાપ્ત થઈ ન હતી. પંચભૂતોના પ્રભાવને લીધે તેમના શરીરમાં કોઈ પણ પ્રકારનો થોડો વિકાર પણ થતો ન હતો. તત્ત્વોના સ્પર્શનો અનુભવ તેમને થયો હતો પણ તેનાથી કોઈ પણ પ્રકારનો વિકાર ક્યારેય થયો ન હતો. આ પણ એક પ્રકારની 'કાયાસંપત્' છે. પરંતુ શ્રી પ્રભુદેવે એવું બતાવી આપ્યું કે તેમના સિદ્ધદેહમાં તો તત્ત્વોનો સ્પર્શ પણ થતો નથી. આને કાયાસંપત્ની ઉચ્ચતર સ્થિતિ કહે છે. શ્રી દત્તગુરુના મહાયોગવિષયક વિભિન્ન ઉપદેશોમાંથી પણ એવું સ્પષ્ટ જણાઈ આવે છે કે તેમને પણ "અસ્પર્શયોગ"ની સિદ્ધિ પ્રાપ્ત હતી.

અહીં ગ્રંથની ભૂમિકાનો અધિક વિસ્તાર કરવાની હવે જરૂર નથી. આ ગ્રંથના વ્યાખ્યાતા પૂજ્ય સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજજીએ શ્રી દત્તાત્રેય ભગવાનના આ

અપ્રકાશિત અને અમૂલ્ય યોગસંવાદ ગ્રંથને યથાશક્તિ પ્રમાણે આપીને સમજાવવાનો પૂરેપૂરો પ્રયત્ન કર્યો છે. તેથી યોગવિદ્યાનાં જિજ્ઞાસુ અભ્યાસકો ઉપર ખરેખર ઉપકાર જ થયો છે. આ ગ્રંથ દ્વારા અપાયેલો ઉપદેશ આધ્યાત્મિક સંપત્તિરૂપ છે. યોગ અને અદ્વૈતમાર્ગના અનુયાયી માટે તો આ ઉપદેશ ઘણો મૂલ્યવાન ગણાશે એવું મારું માનવું છે. મને આશા છે કે આ ગ્રંથ દત્તઉપાસકોને ઘણો જ ઉપયોગી થઇ પડશે.

ર. અ. સિગરા
વારાણસી.
(ઉ. પ્ર.)

ઇતિ
મહામહોપાધ્યાય. ડૉ. ગોપીનાથ કવિરાજ
M. A; PHD; D. LITT. ETC.

卐

પ્રશ્ન = મન કેવી રીતે પરબ્રહ્મમાં લીન થાય છે ?

ઉત્તર = "क्षिप्तं लवणं तोये क्रमाद् यद्वद्विलीयते ।
मनोऽप्यभ्यासयोगेन तद्वद् ब्रह्मणि लीयते ॥"
(યોગી ગોરખનાથ રચિત "અમનસ્કયોગ" ગ્રંથમાંથી).

અર્થ:— જેવી રીતે જળમાં છોડેલું મીઠાનું ઢેકું ધીરે ધીરે જળમાં લીન થઈ જાય છે તેવી જ રીતે મન પણ "અભ્યાસયોગ" વડે પરબ્રહ્મમાં લીન થઈ જાય છે.

*

❋ ભગવાન શ્રી દત્તાત્રેય ❋

જીવન અને વ્યક્તિત્વ

દત્તાત્રેય હરે કૃષ્ણ, ઉન્મત્તાનંદદાયક
દિગંબર મુનેર્બાલ, પિશાચ જ્ઞાનસાગર.

(દત્તાત્રેય ઉપનિષદ્)

જ્ઞાનયોગનિધિં વિશ્વગુરું યોગિજનપ્રિયમ્
ભક્તાનુકંપિનં સર્વસાક્ષિણં સિદ્ધસેવિતમ્.

(શાણ્ડિલ્ય ઉપનિષદ્)

ભારતીય અદ્વૈતસાધનાના ઇતિહાસમાં અવધૂતકુલશિરોમણિ ભગવાન શ્રી દત્તાત્રેયનું નામ સુપ્રસિદ્ધ છે. ધર્મગ્રંથોમાં તેમનો ઉલ્લેખ આદિગુરુ, વિશ્વગુરુ, યુગગુરુ, સર્વત્રસમદર્શી, મહાયોગી, યોગાનંદ, યોગીશ, યોગપતિ, યોગનાથ એવમ્ યોગમાર્ગ-પ્રવર્તક, મહામુનિ, મહાવિષ્ણુ, મહાયોગીશ્વર, લોકનાથ શાંતાત્મા મહાપ્રભુ[1] વગેરે નામોથી કરવામાં આવ્યો છે.

---

[1] આ બધાં નામોને માટે ક્રમાનુસાર જુઓ—ત્રિપુરારહસ્ય (જ્ઞાનખંડ) શાંડિલ્ય ઉપનિષદ્, શ્રી વિદ્યારણ્ય કૃત શંકર દિગ્વિજય (સર્ગ ૯ મું), માર્કંડેયપુરાણ (૧૮-૧૩), પદ્મપુરાણ (ઉ. ખં. અ. ૭૧), માર્કંડેયપુરાણ (૧૭-૨૫), પુરુષોત્તમ સહસ્રનામ, સંમોહનતંત્ર (ગોપાલ સહસ્રનામમાં), જાબાલદર્શન ઉપનિષદ્, પદ્મપુરાણ (મૂ. ખં. અ. ૧૦૩-૧૧૦, ૧૧૨), પાંચરાત્રની અહિર્બુધ્ન્ય-સંહિતા (અ. ૫/૫૦, ૫૪).

"શાણ્ડિલ્ય ઉપનિષદ્"માં તેમને "નિર્ગુણબ્રહ્મનું સાકાર સ્વરૂપ" કહીને તેમનું અત્યંત સુંદર વર્ણન કરવામાં આવ્યું છે. "દત્તાત્રેય ઉપનિષદ્"માં ભગવાન બ્રહ્માજીને ઉપદેશ આપતી વખતે ભગવાન વિષ્ણુ પોતાને "દત્તાત્રેયસ્વરૂપ" ઓળખાવતાં આગળ કહે છે કે "દત્તમંત્ર જ તારકમંત્ર (સંસારસાગરથી પાર કરવાવાળો મંત્ર) છે; આથી દત્તસ્વરૂપ એવા મારી જ તમે ઉપાસના કરો."[૨] "શિવપુરાણ"માં કહેવામાં આવ્યું છે કે સત્યયુગમાં વિશ્વગુરુ તરીકે **સત્ય** હતું. ત્રેતાયુગમાં વિશ્વગુરુ તરીકે **ગુરુ દત્તાત્રેય** હતા. દ્વાપરયુગમાં વિશ્વગુરુ તરીકે **મહર્ષિ વ્યાસ ભગવાન** હતા અને કળીયુગમાં વિશ્વગુરુ તરીકે **શ્રીમદ્ આદિ શંકરાચાર્યજી**[૩] મનાય છે. આ વાતનું સમર્થન શ્રીમદ્

---

[૨] "શ્રી દત્તાત્રેયોત્તરતાપિની ઉપનિષદ્"માં પણ આનું વર્ણન જોવા મળે છે. "શ્રી દત્તોપનિષદ્" નામે એક પ્રાચીન ઉપનિષદ્ છે જે પદ્યાત્મક છે અને હજી સુધી અપ્રકાશિત છે. આ ઉપનિષદ્‌ના વિષે થોડી પંક્તિઓ પ્રોફેસર મિસ્ટર વેબર સાહેબે પોતાના ગ્રંથ 'History of Indian Literature'માં પૃષ્ટ સંખ્યા ૧૬૪ માં લખી છે.

[૩] "કૃતે જ્ઞાનપ્રદ સત્યસ્ત્રેતાયાં દત્ત એવ ચ,
દ્વાપરે વ્યાસનામા તુ કલૌ શંકર ઉચ્યતે.
બ્રહ્મ સત્યો હરિર્દત્તો વ્યાસો રુદ્રઃ પ્રકીર્તિતઃ,
શંકરસેવિતઃ સાક્ષાત્ ઈશ્વરઃ પરદૈવતમ્."

("શિવપુરાણ" લકુટીશ્વર-મહાત્મ્ય)

આદિ શંકરાચાર્યજીએ પોતે જ એક પુસ્તકમાં કર્યું છે.[૪]

કવિ શિરોમણિ શ્રી હર્ષે સ્વરચિત કાવ્યગ્રંથ "નૈષધીય ચરિત" (૨૧-૯૪)માં ભગવાન શ્રી ગુરુ દત્તાત્રેયને "અનઘ" (પાપ વિનાના) અને "અદ્વૈત માર્ગમાં સ્થિતિશીલ" કહીને અત્યંત ભક્તિપૂર્વક પ્રણામ કર્યા છે.[૫] "શિશુપાળવધ" નામના મહાકાવ્યમાં મહાકવિ શ્રી માઘે તેમને "અવિનાશી વિગ્રહ" એટલે કે સિદ્ધદેહસંપન્ન કહીને આદરપૂર્વક વર્ણન કર્યું છે.[૬] મહાકવિ શ્રી માઘ લખે છે કે ગુરુપરંપરા નષ્ટ થઈ ગયા પછી જ્યારે બધીય શ્રુતિઓ લગભગ લુપ્ત થઈ ગઈ હતી ત્યારે વૈદિકધર્મની રક્ષા કરવાને માટે ભગવાન શ્રી દત્તાત્રેય પોતાની અદ્ભુત અને અજોડ સ્મરણશક્તિ દ્વારા બધીય લુપ્ત શ્રુતિઓનો ઉદ્ધાર કરવા માટે મહર્ષિ અત્રિ અને મહાસતી

---

[૪] "કૃતે વિશ્વગુરુર્બ્રહ્મા ત્રેતાયાં ઋષિસત્તમઃ,
દ્વાપરે વ્યાસ એવ સ્યાત્ કલાવત્ર ભવામ્યહમ્."

[૫] "સન્તમદ્વયમયેડધ્વનિ દત્તાત્રેયમર્જુનયશોડર્જુનવીરમ્,
નૌમિ યોગજનિતાનઘસંજ્ઞં ત્વામલર્કભવમોહતમોડર્કમ્."
(૨૧-૯૪)

[૬] "સંપ્રદાયવિગમાદુપેયુષીરેષ નાશમવિનાશિવિગ્રહઃ
સ્મર્તુમપ્રતિહતસ્મૃતિશ્રુતિ દત્તપત્યભવદત્રિગોત્રજ."
(૧૪-૭)

અનસૂયાને ઘરે પુત્રરૂપે અવતર્યા.[૭] મહર્ષિ અત્રિના સુપુત્ર હોવાથી તેનું નામ પડયું "આત્રેય" અને અત્રિ-અનસૂયાના ઉત્કટ તપથી પ્રસન્ન થઈને ભગવાન બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરે પોતાની જાતને અત્રિ અનસૂયાને પુત્રરૂપે દાનમાં આપી દીધી આથી તેનું નામ "દત્ત" (દાનવાચક શબ્દ) પડયું. આ અન્નેય શબ્દોના મેળથી ભગવાનના આ અવતારનું નામ

---

[૭]શ્રીમદ્ ભાગવત (૮/૧૩/૫) અનુસાર

બ્રહ્મજીના સાત માનસપુત્રો આ પ્રમાણે છે:

"કશ્યપોઽત્રિર્વશિષ્ઠશ્ચ વિશ્વામિત્રોઽથ ગૌતમઃ
જમદગ્નિર્ભરદ્વાજ ઇતિ સપ્તર્ષય. સ્મૃતાઃ".

માર્કંડેયપુરાણ અને બીજા ધર્મગ્રંથોમાં સપ્તર્ષિઓનાં નામોમાં થોડો ફેરફાર જોવા મળે છે. જેવાં કે: અત્રિ, મરીચિ, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, વશિષ્ઠ.

ભગવાન શ્રી દત્તાત્રેયે અવતાર લઈને કેવી રીતે ધર્મનું અને સમાજનું ફરીથી સંસ્થાપન કર્યું આ બાબતમાં વર્ણન વિષ્ણુ ધર્મોત્તર-પુરાણ (૧-૨૫. ૬-૧), બ્રહ્મપુરાણ (૨૧૩. ૧૦૬-૧૦૯ વગેરેમાં છે. તે અત્રિ-અનસૂયાના સુપુત્ર હતા. આ વિષે મહાભારત (સભાપર્વ ૪૮/૧, અને અનુશાસનપર્વ ૧૨૫૭-૫), શ્રીમદ્ ભાગવત (૪/૧/૩૩), મત્સ્યપુરાણ (૪૩-૧૫), વાયુપુરાણ (૨. ખં. અ. ૧૨૦), વિષ્ણુ ધર્મોત્તર-પુરાણ (ખં. ૧, ૨૫, ૫), વિષ્ણુપુરાણ (૧/૧૦/૮-૯), માર્કંડેયપુરાણ (૧૭, ૪-૧) વગેરે ગ્રંથોમાં છે.

"દત્તાત્રેય" (દત્ત + આત્રેય) થયું.[૮] લગભગ ક્ષીણ થઈ

[૮] "અત્રેરપત્યમભિકાંક્ષત આહ તુષ્ટો,
દત્તો મયાઽહમિતિ યદ્ભગવાન સ દત્ત." શ્રી ભાગવત્ ૨/૭/૮) તથા બ્રહ્મપુંરાણુ (૧૮૦, ૩૧-૩૨), મત્સ્યપુરાણુ (૪૭, ૨૩૭-૨૫૪), શાંડિલ્ય ઉપનિષદ્ (૩-૨) વગેરેમાં પણ એવું જ વર્ણન મળે છે. મહર્ષિ અત્રિ બ્રહ્માના માનસપુત્ર હતા અને દેખાવમાં બ્રહ્માજીના જેવા જ હતા. (જુઓ અગ્નિપુરાણુ ૨૭/૩/૧, વિષ્ણુપુરાણુ ૨/૭/૫, મત્સ્યપુરાણુ ૩/૬ તથા હરિવંશ ૨૫). તેમને (મહર્ષિ અત્રિને) "બ્રહ્માના નેત્રમાથી ઉત્પન્ન થયેલા" કહ્યા છે (ભાગવત ૩/૧૨/૨૨) અને સ્વયંભૂ મન્વન્તરમાં સપ્તર્ષિઓમાંના એક ગણ્યા છે. (હરિવંશ અ. ૭), વિષ્ણુપુરાણુ (૩/૧/૩૩) માં તેમનો સમય વૈવસ્વત મન્વન્તર કહ્યો છે બ્રહ્માંડપુરાણુમાં લખ્યું છે કે બ્રહ્મા દ્વારા ઉત્પન્ન પ્રજાપતિઓમાં અત્રિનું સ્થાન ત્રીજું છે આથી તેનું નામ "અત્રિ" પડ્યું. તે ચંદ્રવંશના આદિપુરૂષ હતા તેને "ઋષિપાંચજન્ય" કહેવામાં આવ્યા છે. (ઋગ્વેદ ૧/૧૧૭/૩) તેણે ઋગ્વેદના અસંખ્ય મંત્રોની રચના કરી છે. (ઋગ્વેદ ૨ અષ્ટક ૫૭-૧૧૪ સૂક્ત). યાજ્ઞવલ્ક્ય સંહિતામાં તેને "ધર્મશાસ્ત્રકર્તા" કહ્યા છે. અગ્નિપુરાણમાં (૧૬૨/૧) માં પણ આ વાતનું સમર્થન જોવા મળે છે. ઋગ્વેદ (૧/૧૩૯/૯) માં તેને "સ્વતંત્રઋષિ" કહ્યા છે. તેણે લખેલો "અત્રિસંહિતા" નામનો એક ગ્રંથ ઉપલબ્ધ છે.

પુત્રપ્રાપ્તિ માટે મહર્ષિ અત્રિની કઠિન તપસ્યાનું વર્ણન શિવપુરાણુ (શતરુદ્રસંહિતા અ. ૧૯, કોટિરુદ્રસંહિતા અ. ૩-૪), ભાગવત (સ્કં. ૪, અ. ૧) વગેરેમાં જોવા મળે છે.

ભગવતી અનસૂયા (પરગુણોમાં દોષારોપશૂન્ય દૃષ્ટિવાળી)ના સતીત્વ પ્રભાવ વિષે મહાભારત, માર્કંડેયપુરાણુ વગેરેમાં વર્ણન છે. તેણે ભગવતી સીતાને વનવાસ કાળમાં જે સતીધર્મનો મહાન ઉપદેશ આપ્યો હતો તેનું વર્ણન વાલ્મીકીય રામાયણ (અરણ્ય. સર્ગ ૧૧૭/૨૫) માં તથા તુલસી રામાયણ વગેરેમાં છે.

ગયેલા વૈદિકધર્મમાં પ્રાણશક્તિનો સંચાર કરવો એ જ ભગવાન શ્રી દત્તાત્રેયના અવતારનું મુખ્ય પ્રયોજન છે. ધર્મગ્રંથોમાં ભગવાન શ્રી વિષ્ણુના અન્યાન્ય વિશિષ્ટ અવતારોની શ્રેણીમાં ભગવાન શ્રી દત્તાત્રેયનો પણ ઉલ્લેખ છે.[૯] વેદ,[૧૦] ઉપનિષદ્,[૧૧] મહાભારત, ભાગવત્, હરિવંશ, પુરાણ[૧૨] વગેરે ધર્મગ્રંથો અને ત્રિપુરારહસ્ય, કાથબોધ, દાશરથીતંત્ર, રૂદ્રયામલતંત્ર, પરશુરામ કલ્પસૂત્ર, દત્તાત્રેયકલ્પ, દત્તાત્રેય વજ્રકવચ, મંત્ર મહોદધિ (મહિધરકૃત) વગેરે તંત્રગ્રંથોમાં સર્વત્ર તેમની મહિમા વર્ણવી છે.

---

[૯]શ્રી દત્તભગવાનના અવતાર વિષે બ્રહ્મપુરાણ (૨૧૩/૧૦૬-૧૧૦), હરિવંશ (૧/૪૧), મહાભારત (સં. કુંભકોણમ્ પૃ. ૪૮), વિષ્ણુ ધર્મપુરાણ (૧/૨૫), અહિર્બુધ્ન્યસંહિતા (૫/૫૦), શ્રી કૃષ્ણયામલતંત્ર વગેરેમાં છે. શ્રી વલ્લભાચાર્યજીએ પોતાની "સુબોધિની" ટીકા ગ્રંથમાં દત્તાવતારને પુષ્ટિની પરમકોટિનો અવતાર વર્ણવ્યો છે.

[૧૦]ઋગ્વેદનું નાસદીયસૂક્ત.

[૧૧]દત્તાત્રેય, અવધૂત, શાંડિલ્ય, જાબાલ, જાબાલદર્શન, દત્તાત્રેયોત્તરતાપિની, ભિક્ષુ, સન્યાસ વગેરે ઉપનિષદ્.

[૧૨]બ્રહ્મ, મત્સ્ય, માર્કંડેય, વાયુ, વિષ્ણુધર્મ, વિષ્ણુધર્મોત્તર, સ્કંદ વગેરે પુરાણ ગ્રંથ.

ભગવાન શ્રી દત્તાત્રેય ફક્ત મહાયોગી અને મહાજ્ઞાની જ હતા એવું કાંઇ નથી પણ આત્માવિદ્યાના ઉપદેશકોમાં તેમનું સ્થાન સર્વશ્રેષ્ઠ છે. શ્રીમદ્ ભાગવત (૬/૮ ૧૬) માં તેને "યોગનાથ", એટલે કે યોગસાધનામાં આવનારાં કેટલા ય પ્રકારનાં વિઘ્નોથી સાધકની રક્ષા કરનારા પ્રભુ, કહેવામાં આવ્યા છે. તેમણે સતી મદાલસાના પુત્ર રાજા અલર્કને વૈરાગ્ય સંપન્ન જોઇને યોગસિદ્ધિ, યૌગિચર્યા, નિષ્કામબુદ્ધિ વગેરે વિષે ઉપદેશ આપીને પરમયોગ (બ્રહ્મવિદ્યા) પ્રદાન કર્યો હતો. અસુરરાજ હિરણ્યકશ્યપુના પુત્ર ભક્ત પ્રહ્લાદને[૧૩] તેણે પરમવૈરાગ્ય અને સંતોષનો મહા ઉપદેશ આપીને જ્ઞાનમાર્ગ બતાવ્યો હતો[૧૪] ચંદ્રવંશીય રાજા ઐલના પુત્ર રાજા આયુની ભક્તિથી પ્રસન્ન થઇને તેને વરદાન આપ્યું હતું જેનાથી રાજા આયુને પરાક્રમી "નહુષ" નામનો પુત્રની પ્રાપ્તિ થઈ હતી. (પદ્મપુરાણ ભૂ. ૧૦૩). એ જ ચંદ્રવંશમાં રાજા યયાતિના પુત્ર રાજા યદુની ઉપર તેમણે કૃપાવર્ષા કરી હતી

---

[૧૩]માર્કંડેયપુરાણ (અ. ૩૫-૩૮, બ્રહ્મપુરાણ (અ. ૧૧૭/૩૧-૩૨) મહાભારત (અશ્વમેધપર્વ અ. ૩૦) વગેરે.

[૧૪]અવધૂત-પ્રહ્લાદ સંવાદ (ભાગવત ૭/૧૩-૧૪)

જેથી તે રાજા જીવન્મુક્ત થઈ ગયો હતો.[૧૫]

પુરાણ-ગ્રંથોમાં નિરીક્ષણ કરવાથી માલૂમ પડે છે કે હૈહયવંશી રાજા કાર્તવીર્ય પોતાના કુલગુરુ શ્રી ગર્ગમુનિના ઉપદેશથી ભગવાન શ્રી દત્તાત્રેયની પાસે આવ્યો હતો અને

---

[૧૫]યદુ-અવધૂત સંવાદ (ભાગવત ૧૧/૯-૧૧)

સંત એકનાથકૃત મરાઠી ભાષાના "એકનાથી ભાગવત"માં "યદુ-અવધૂત સંવાદ" નામના પ્રકરણમાં ગુરુ દત્તાત્રેય દ્વારા યદુરાજાને દીક્ષા પ્રાપ્ત થયાનું સરસ વર્ણન છે. યોગશાસ્ત્રમાં આ પ્રકારની દીક્ષાને "સ્પર્શદીક્ષા" કહેવામાં આવી છે રાજા યદુ અને અવધૂત દત્તાત્રેયના મિલનપ્રસંગનું વર્ણન મહાત્મા એકનાથજીના શબ્દોમાં પ્રાધ્યાપક શ્રી રાનડેએ પોતાના આંગ્લભાષાના એક ગ્રંથમાં કર્યું છે જેનો ગુજરાતી ભાષામાં અનુવાદ આ પ્રમાણે છે:

અવધૂત શ્રી દત્તાત્રેયે રાજા યદુને દર્શન આપ્યાં અને ઘણા જ આનંદથી તેને ભેટ્યા. આ અલિંગનના પ્રભાવથી યદુરાજાને પ્રત્યક્ષ આત્મજ્ઞાન થયું. ખરી રીતે આત્મજ્ઞાનનો જે અનુભવ અવધૂત દત્તાત્રેયને થયો હતો તેવો જ અદ્‌ભુત અનુભવ રાજા યદુને પણ થયો. સમગ્ર વિશ્વ આનંદમય બની ગયું. વાચા એકદમ બંધ પડી ગઈ. અંતરમાં ઉભરાતા આનંદના બાહ્ય પ્રતિકરૂપે શરીર ઉપર પરસેવાનાં બિંદુઓ નીકળી આવ્યાં અને આંખોમાંથી આનંદનાં આંસુઓની ધારા ચાલવા લાગી. અહંકારની બેડીઓ તૂટી ગઈ અને સંસારસાગર પાર કરી નાખ્યો. અજ્ઞાન નષ્ટ થઈ ગયું. દેહાધ્યાસ સંપૂર્ણ નષ્ટ થઈ ગયો. અને તેથી શરીરનાં અંગો ધ્રૂજવા લાગ્યાં. વાસનાનો નાશ થવાથી મન શાંત થઈ ગયું. જે કાંઈ થોડોઘણો જીવભાવ બાકી રહ્યો હતો તે પણ પવિત્રતાની મૂર્તિ એવા ગુરુ દત્તાત્રેયને ચરણે ધરી દીધો.

' આદિગુરુ ભગવાન શ્રી દત્તાત્રેય '

(એકમુખી શ્રી દત્ત)

" યોગિરાજં યતિશ્રેષ્ઠં અનસૂયાનંદવર્ધનમ્ ।
ભર્ગં વરેણ્યં વિશ્વેશં દત્તાત્રેયં જગદ્ગુરુમ્ ॥ "

(શ્રી દત્ત ગીતા)

"યોગનિધિ ગુરુદત્તાત્રેય અને રાજા અલર્ક"



" દત્તાત્રેયો મહાયોગી ભગવાન્ ભૂતભાવનઃ ।
ચતુર્ભુજોમહાવિષ્ણુઃ યોગસામ્રાજ્યદીક્ષિતઃ ॥ "
(જાબાલદર્શન ઉપનિષદ્)

તેના સાન્નિધ્યમાં રહીને તેમની વિધિપૂર્વકની સેવા શુશ્રૂષામાં ડૂબેલો રહેતો હતો. વિષ્ણુપુરાણ (અ ૧૧/૧૧–૧૧)માં વર્ણન

મહાત્મા શ્રી એકનાથજીના ગુરુ શ્રી જનાર્દનસ્વામીને જ્યારે ભગવાન શ્રી દત્તાત્રેયનાં દર્શન થયાં હતાં તે વખતે તેને જે અનુભવ થયો હતો તેના વિષે શ્રી એકનાથજીના શબ્દોમાં પ્રાધ્યાપક શ્રી રાનડે પોતાના એક ગ્રંથમાં લખે છે કે: એમ કહેવાય છે કે ભગવાન શ્રી દત્તાત્રેયે તેની સમક્ષ પ્રકટ થઈને તેને દર્શન આપ્યાં. આશીર્વાદના પ્રતિકરૂપે તેના મસ્તક પર હાથ મૂકતાંની સાથે જ તેનું પરિવર્તન થઈ ગયું અને તરત જ તેને સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર થયો. એટલે કે તે દરમિયાન જગત્ અદૃશ્ય થઈ ગયાનો અનુભવ થયો અને તે પોતાના સનાતન સ્વરૂપમાં સ્થિત થયા. તે ગૃહસ્થાશ્રમી હતા અને તદનુસાર કર્મો કરતા હતા. તેમ છતાં ય અનાસક્ત થઈને આત્મસાક્ષાત્કાર પામ્યા હતા. મન રહેવા છતાં ય અમન થયા હતા. ઉચ્ચ સ્થિતિમાં જાગ્રત થતાં તેને દેહભાન રહ્યું નહીં જેથી બાહ્યજ્ઞાન નષ્ટ થઈ ગયું હતું. આ જોઈને ગુરુદત્તાત્રેયે તમને પાછા ભાનમાં આણ્યા હતા અને કહ્યું કે પરમેશ્વર પ્રત્યેનો પ્રેમ એ સાત્ત્વિક ગુણ હોવા છતાં તેને અહીંતહીં પ્રકટ ન કરતાં પોતાની અંદર ગુપ્ત રાખવો જોઈએ અને સ્વસ્વરૂપમાં સ્થિત થવું જોઈએ. [ગ્રંથ–"Mysteries in Maharashtra" By R. D. Ranade]

આવી જ એક બીજી ઘટના છે જેમાં શ્રી જનાર્દનસ્વામીનું જીવનપરિવર્તન સંત શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામી મહારાજના હાથે થયું હતું. આ વિષે સ્વયં શ્રી જનાર્દનસ્વામીએ એક જગાએ લખ્યું છે કે પોતાની યુવાનીની શરૂઆતના સમયમાં તે ઘણું ધાર્મિક જીવન જીવતા હતા. પણ ત્યાર પછીના વર્ષોમાં એક વાર જ્યારે તે મહારાષ્ટ્રના અંકલખોપ ગામ સમીપ વહેતી કૃષ્ણાનદીના તટ પર આવેલા ઔદુંબર વૃક્ષ નીચે સંત શ્રી નૃસિંહ સરસ્વતી સ્વામીને મળ્યા ત્યારે તે સંતની કૃપાથી પોતાનું ઘણું આધ્યાત્મિક ઉત્થાન થયું હતું.

છે કે રાજા સહસ્રાર્જુને અત્રિકુલોત્પન્ન ભગવાન શ્રી દત્તાત્રેયની ઉપાસના કરીને તેની પ્રસન્નતા પ્રાપ્ત કરી લીધી હતી જેથી તેને કેટલાંક અદ્ભુત વરદાન મળ્યાં હતાં; જેવાં કે: સહસ્ર હાથ, અધર્માચરણનો નાશ, સ્વધર્મસેવન, યુદ્ધ દ્વારા સંપૂર્ણ ભૂમંડળની ઉપર વિજય, ધર્માનુસાર પ્રજાપાલન, શત્રુ દ્વારા અપરાજેયતા, ત્રિલોક પ્રસિદ્ધ પુરુષના હાથે પોતાનું મૃત્યુ વગેરે.

તંત્રશાસ્ત્રમાં કાર્તવીર્યનું નામ ઘણું જ પ્રસિદ્ધ છે. આવી પ્રસિદ્ધિનું મૂળ કારણ નિઃસંદેહ ગુરુદત્તાત્રેય ભગવાનનો તેના પરનો ગુપ્તરૂપે રહેલો અનુગ્રહ છે.[૧૬]

---

[૧૬]અગ્નિપુરાણ (૪/૧૪), બ્રહ્મપુરાણ (૨૧૩/૧૧૦–૧૩), મત્સ્યપુરાણ (૪૩/૧૪–૧૭), માર્કંડેયપુરાણ (અ. ૧૩), મહાભારત (અનુ. ૧૫૨/૬–૧૦), વિષ્ણુધર્મોત્તરપુરાણ (૧/૨૫/૧૩–૧૮), "કાર્યવીર્યપટલ"માં પણ મંત્રોના વિષયમાં વર્ણન છે. શ્રી દત્તાત્રેયના મંત્રો વિષે ઘણું પ્રાચીન અને અત્યારે ઉપલબ્ધ ઉપનિષદોમાંનું એક એવું "શ્રી દત્તાત્રેય ઉપનિષદ્" છે. આ ઉપનિષદ્માં શ્રી દત્તાત્રેયના એકાક્ષર, ષડક્ષર, અષ્ટાક્ષર, દ્વાદશાક્ષર, ષોડશાક્ષર વગેરે મંત્રો છે અને "શ્રીં દત્તમાળામંત્ર" પણ આપેલો છે. આ માળામંત્ર વિશુદ્ધ અને પ્રમાણ મનાય છે. આ દત્તમાળામંત્રમાંના કેટલાક મંત્રોને કાઢી નાંખી તથા તેની જગાએ બહારના કેટલાક મંત્રોને ઉમેરીને તૈયાર કરેલો એવો એક નવો અને "દત્તમહામાળામંત્ર" એવા નામવાળો મંત્ર ગુજરાતમાં જોવા મળે છે. પણ દત્તાત્રેયઉપનિષદ્માં આપેલા મંત્રોમાં કે પછી તેના વિશુદ્ધ માળામંત્રમાં બહારના બીજા કોઈ બીજમંત્રોનો ભેળસેળ કરવો યોગ્ય નથી; કારણ કે વેદ અને ઉપનિષદ્ના મંત્રભાગમાં કોઈ પણ જાતનો વધારો, ઘટાડો, ભાષાશુદ્ધિ વગેરે થઈ શકે જ નહીં એવી ધર્મશાસ્ત્રની સ્પષ્ટ આજ્ઞા છે. અહીં એ સ્મરણીય છે કે અથર્વવેદના ૩૧ ઉપનિષદોમાં દત્તાત્રેયઉપનિષદ્નો પણ સમાવેશ છે.

ભગવાન શ્રી દત્તાત્રેય સ્વયં અવતાર હોવા છતાંય પૃથ્વી પર લીલાને બહાને તેણે સાધકજીવનનો અભિનય કર્યો. તેણે પોતાના પિતા (મહર્ષિ અત્રિ) ની આજ્ઞાથી "ગૌતમી–વન"માં દીર્ઘકાળ સુધી કઠિન તપસ્યા અને યોગિચર્યાદ્વારા શિવારાધના (મંગલમય પરમતત્ત્વની ઉપાસના) કરી હતી. તેને પરમસિદ્ધિ પ્રાપ્ત થયા બાદ તે સાધના સ્થળ "આત્મતીર્થ" ના નામથી પ્રસિદ્ધ થયું.[૧૭] શ્રીમદ્ ભાગવતમાં તેમના ૨૪ ગુરુઓની કથાનું વર્ણન છે, જે ઘણી પ્રસિદ્ધ કથા છે. ગુરુમૂર્તિ ભગવાન શ્રી દત્તાત્રેયે અહીં લીલાને ખાતર જ શિષ્યભાવ ધારણ કરેલો છે. તેનું આ કાર્ય કેવળ લોકોને મહાન ઉપદેશ આપવા માટે જ હતું કે જે વ્યકિત શિષ્ય બની (સરળ અને નમ્ર થઈ, મુમુક્ષુ બની) સમગ્ર જગતને ગુરુરૂપે જુએ છે તે આગળ જતાં જગદ્ગુરુ અને વિશ્વગુરુ બની જાય છે.[૧૮] કોઈ કોઈ પુરાણ અને તંત્રગ્રંથોમાં ભગવાન શ્રી દત્તાત્રેયને વિચિત્ર રીતે વર્ણવ્યા છે, જેમ કે: કામવિલાસમાં મત્ત થઇને પણ વિકારવિહીન, સંસારમાં રહેવા છતાં ય સંસારબાહ્ય, ઉન્મત્ત ન હોવા છતાં ય ઉન્મત્ત જેવું આચરણ કરવાવાળા

---

[૧૭] બ્રહ્મપુરાણ (૧૧૭/૭–૨૦), "દત્તાત્રેયતીર્થ" (આત્મતીર્થ) નો ઉલ્લેખ કાશીખંડ (ઉ. અ. ૮૪) માં જોવા મળે છે.

[૧૮] શ્રીમદ્ ભાગવત (૧૧/૯–૧૦–૧૧).

વગેરે.[૧૯] તે "અવ્યક્તલિંગ" અને "અવ્યક્તઆધાર" પરમહંસ હતા. તેને "પરમ અવધૂત" પણ કહેવામાં આવ્યા છે. કેટલાક તંત્રગ્રંથોમાં તેને "માયામુક્તાવધૂત" કહ્યા છે.[૨૦]

માર્કંડેયપુરાણમાં એક એવી કથા છે કે એક વખત જંભાસુર નામે એક મહાબળવાન રાક્ષસે દેવતાઓની સાથે ભીષણ યુદ્ધ કર્યું અને દેવતાઓને પરાજિત કરીને નસાડી મૂક્યા. આ મોટી હારથી લજ્જા પામીને તે બધા દેવતાઓ દેવગુરુ બૃહસ્પતિની આજ્ઞાથી ભગવાન શ્રી દત્તાત્રેયની પાસે ગયા અને સહાય કરવા માટે પ્રાર્થના કરી. આથી ભગવાન શ્રી દત્તગુરુ પ્રસન્ન થઈ ગયા અને દેવતાઓ પર કૃપા આશીર્વાદની વર્ષા કરી દીધી. જેથી તેઓએ જંભાસુરની સાથે લડી તેને હરાવ્યો અને સ્વર્ગનું રાજ્ય પાછું મેળવ્યું.[૨૧] બીજાની સ્ત્રી પ્રતિ આકર્ષિત થવાથી માણસનું કેટલું અધઃપતન થઈ જાય છે એ આ કથાનો સારાંશ છે.

---

[૧૯]શ્રી મધ્વાચાર્યે પોતાના "પરાશર-માધવ" નામના ગ્રંથના બીજા અધ્યાયમાં આ વિષે લખ્યું છે કે "અનુન્મત્તા ઉન્મત્તવદાચરન્તિ" દત્તાત્રેયસ્તોત્રમાં પણ આ વિષે કહ્યું છે કે "દત્તાત્રેયો મહોન્મત્તઃ" દત્તાત્રેય ઉપનિષદ્‌માં "ઉન્મત્તાનંદ", "પિશાચજ્ઞાનસાગર" ઇત્યાદિ નામો છે. માર્કંડેયપુરાણ (અ. ૧૭, ૧૭-૨૫) માં પણ ઉપર મુજબના વિરોધાભાસો જોવા મળે છે

[૨૦]જાબાલોપનિષદ્, ત્રિપુરારહસ્ય (જ્ઞાનખંડ), અવધૂતગીતા, દત્તાત્રેયતંત્ર વગેરે.

[૨૧]માર્કંડેયપુરાણ (અ. ૧૬).

સ્વયંભૂ મન્વન્તરની પહેલાં સત્યયુગમાં, ભગવાન શ્રી દત્તાત્રેયનો આવિર્ભાવ થયો હતો. જગતના જીવોનાં દુઃખ અને તાપને નષ્ટ કરવા માટે જ તે સ્વેચ્છાથી જગતમાં પ્રકટ થયા હતા. આથી જ્યાં સુધી જગતમાં દુઃખ અને તાપ વિદ્યમાન રહેશે ત્યાં સુધી તે પોતાના દેહનું વિસર્જન ન કરતાં, એ જ દેહથી અને એ જ મહાભાવથી, સિદ્ધ અવસ્થામાં, સદા ય રહેશે. આથી "મહાપ્રલય" સુધી તેનું અસ્તિત્વ રહેશે એમ માનવામાં આવે છે.[૨૨]

શ્રીરામ, શ્રીકૃષ્ણ વગેરે પૃથ્વી પર વધી ગયેલાં પાપના બોજાને નષ્ટ કરવા માટે અવતાર ગ્રહણ કરે છે અને યથાસમય

---

[૨૨]ગણિતજ્ઞોના મત અનુસાર મહાપ્રલયનું વિવરણ આ પ્રમાણે છે. ૪ યુગ = ૧ મહાયુગ. ૭૧ મહાયુગ = ૧ મન્વન્તર (~~૩૦,૬૪,૦૦૦~~ ૩૦૬૭૨૦૦૦૦ વર્ષ). ૧૪ મન્વન્તર = બ્રહ્માનો એક દિવસ (એક કલ્પ) જેનાં ~~૪૩૨,૦૦૦,૦૦૦~~ ૧૨૯૪૦૮૦૦૦૦ વર્ષો થાય છે. કલ્પના અંતને "**મહાપ્રલય**" કહે છે.

હવે ૪ યુગોમાં સતયુગ=૧૭૨૮૦૦૦ વર્ષ. ત્રેતાયુગ=૧૨૯૬૦૦૦ વર્ષ. દ્વાપરયુગ = ૮૬૪૦૦૦ વર્ષ. કલિયુગ = ૪૩૨૦૦૦ વર્ષ. છ મન્વન્તર આ પ્રમાણે છે: સ્વયંભૂ, સ્વારોચિષ, ઉત્તમ, તામસ, રૈવત, અને ચાક્ષુષ. "મહાપ્રલય"ની ગણતરી વિષેની માહિતી માટે જુઓ–"વિષ્ણુપુરાણ" (અ ૩, અ. ૬), મત્સ્યપુરાણ (અ. ૧૪૧), સ્કંદપુરાણ (ખં. ૭, અ. ૧૭૨), મનુસ્મૃતિ (અ ૧), મહાભારત–શાંતિપર્વ, મોક્ષધર્મ (અ ૨૩૧) વગેરે.

રાવણ, કંસ વગેરે વિરોધી શક્તિઓને મારીને, પોતાનું કાર્ય પૂર્ણ થતાં, પોતાના સ્વેચ્છામય દેહનો ત્યાગ કરી દે છે. શ્રીમદ્ ભાગવત (૧/૧૫/૩૦) માં કહેવામાં આવ્યું છે કે જે શરીર વડે ભગવાને ભૂભાર હરણ કર્યો હતો તે શરીરનો તેણે ત્યાગ કરી દીધો હતો.[૨૩] જેવી રીતે શરીરમાં ઘુસી ગયેલ એક કાંટાને બહારના બીજા મોટા કાંટા દ્વારા બહાર કાઢીને પછી બન્નેય કાંટાઓને ફેંકી દેવામાં આવે છે તેવી જ રીતે ભગવાનના દેહત્યાગનું છે. ભગવાન શ્રી દત્તાત્રેય પોતાના શરણાગત ભક્તજનોનાં દુઃખોને દૂર કરવા માટે જગતમાં પ્રકટ થયા છે. આથી તેમને "કલ્પ"ના અંત સુધી એક જ શરીરથી રહેવું પડશે. તે એટલા તો દયાળુ છે કે ભક્તો તેનું સ્મરણ કરતાં જ એકદમ પ્રકટ થઈ જાય છે અને દર્શન આપી તેઓનાં દુઃખશોકની નિવૃત્તિ કરે છે. આથી તો તેમને "સ્મર્તૃગામીદેવ" કહેવામાં આવે છે.[૨૪] એક વાર શ્રી દલાદનઋષિએ આ કથનની સત્યતા જોવા માટે જ્યારે ભગવાન શ્રી દત્તાત્રેયના એક મસ્તક અને બે હાથવાળા દિગંબર સ્વરૂપનું ધ્યાન કર્યું હતું ત્યારે તરત જ ભગવાન તેવા જ સ્વરૂપે ઋષિની સમક્ષ પ્રકટ થયા હતા અને પોતાના "સ્મર્તૃગામી" નામની સત્યતા સિદ્ધ કરી હતી. ઋષિએ જ્યારે ભગવાનનાં ગુણગાન કરતાં કેટલાક સ્તોત્રોની રચના કરી ત્યારે ભગવાને તેના પર પ્રસન્ન થઈને તેને "દત્તાત્રેય-

---

૨૩ 'तां तनुं विजहौ।"

૨૪ 'स्मरणमात्रत आगमात्प्रभः।'

વજ્રપંજરકવચ" આપ્યું હતું.[૨૫]

ભગવતી પાર્વતીના જ્યેષ્ઠ પુત્ર ભગવાન શ્રી ગણેશજીના ભાઈ શ્રી કાર્તિકેય સ્વામીને (સુબ્રહ્મણ્યમ્, ષણ્મુખમ્, મુર્ગન્, આરમુખમ્ વગેરે જેનાં નામો છે તેને) "સ્વાત્મસંવિત્"નો જે મહા ઉપદેશ ભગવાન શ્રી દત્તાત્રેય પાસેથી પ્રાપ્ત થયો હતો તે અત્યારે પણ "અવધૂત ગીતા" નામના ગ્રંથરૂપે ઉપલબ્ધ છે. "અવધૂતઉપનિષદ્"માં મહર્ષિ સાંકૃતિ અને ભગવાન શ્રી દત્તાત્રેયનો સંવાદ છે જેમાં મહર્ષિ સાંકૃતિ પ્રશ્ન કરે છેઃ "અવધૂતનાં લક્ષણ અને જ્ઞાનીનું સ્વરૂપ કેવાં છે?" એના પ્રત્યુત્તરરૂપે ભગવાન શ્રી દત્તાત્રેય સરળ ભાષામાં અને

---

[૨૫]દલાદનઋષિ નેપાળ રાજ્યના ભાતપુર ગામમાં રહેતા હતા. નેપાળમાં એક એવી લોકકથા પ્રચલિત છે કે પ્રાચીનકાળમાં એક વાર જ્યારે યોગી ગોરખનાથના શાપથી નેપાળમાં ઘણું વર્ષ સુધી વરસાદ પડ્યો નહીં અને દુષ્કાળ થયો ત્યારે દલાદનઋષિએ દુષ્કાળપીડિત લોકોનાં દુઃખ દૂર કરવા માટે ભગવાન શ્રી દત્તાત્રેયની આર્તસ્વરે અને અશ્રુપૂર્ણ નેત્રે પ્રાર્થના કરી હતી. આ પ્રાર્થના દયાળુ દત્તદેવે સાંભળી અને આકાશમાંથી રાંધેલા ભાતની વર્ષા કરી હતી. આથી દલાદનઋષિ જે સ્થાનમાં નિવાસ કરતા હતા તેનું નામ "ભાતપુર" પડી ગયું અત્યારે પણ આ ભાતપુર ગામમાં શ્રી દત્તાત્રેય ભગવાનનું ઉત્તમ કારીગરીવાળું લાકડાનું સુંદર મોટું મંદિર છે જેમાં એકમુખ અને બે હાથવાળી શ્રી દત્તપ્રભુની શાલીગ્રામની સુંદર મૂર્તિ સ્થાપિત છે. નેપાળ રાજ્યનો ઇતિહાસ જોતાં માલૂમ પડે છે કે તે દેશના કેટલાક રાજાઓ દત્ત-ભક્ત હતા અને શ્રી દત્તાત્રેયની મહેશ્વરાવતારરૂપે આરાધના કરતા હતા.

સંક્ષેપમાં અવધૂતની પરમોચ્ચ સ્થિતિનું રહસ્ય ખુલ્લું કરે છે અને છેવટે પોતાને જ "અવધૂત" વર્ણવે છે.[૨૬]

ધર્મગ્રંથોના વાચનથી માલૂમ પડે છે કે ભક્ત વિષ્ણુદત્ત, સાધ્યદેવ, દલાદનઋષિ, પિંગલનાગ, નાગાર્જુન વગેરે અનેક પ્રસિદ્ધ મહાપુરુષને ભગવાન શ્રી દત્તાત્રેયની કૃપા પ્રાપ્ત થઈ

---

૨૬ "અવધૂત ઉપનિષદ્"માં અવધૂત શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે:

"અક્ષરત્વાદ્ વરેણ્યત્વાદ્ ધૂતસંસારબંધનાત્ ।
તત્ત્વમસ્યાદિલક્ષ્યત્વાદ્ અવધૂત ઇતીર્યતે ॥"

એટલે કે જે મહાપુરુષે અક્ષર પરબ્રહ્મનો સાક્ષાત્કાર કરી લીધો છે અથવા બીજા અર્થમાં એ કે બ્રહ્મસ્વરુપ (શિવસ્વરુપ) થઈ જવાથી જેને "કાયાસિદ્ધિ" પ્રાપ્ત થઈ ચૂકી છે, જે મહાપુરુષ દરેક જીવ દ્વારા પૂજનીય બની જાય છે, જેનું પ્રત્યેક સાંસારિક બંધન આપોઆપ જ તૂટી ગયું છે અને જેને સદૈવ બ્રહ્મસ્વરુપનું સતત સ્ફુરણ રહે છે તે મહાપુરુષ "અવધૂત" કહેવાય છે. "અવધૂત" શબ્દના અર્થ વિષે "અવધૂતગીતા" (અ. ૮/૬-૯)માં સારી રીતે સમજાવ્યું છે. આ સિવાય "લઘુ-અવધૂતોપનિષદ્" નામની "અડીયાર લાઈબ્રેરી" – મદ્રાસમાં સુરક્ષિત રાખેલી અપ્રકાશિત હસ્તલિખિત પોથીમાં "અવધૂત" શબ્દની સારી અને વિસ્તૃત વ્યાખ્યા આપેલી છે.

હતી જેથી તે લોકો ધન્ય થઈ ગયા.[૨૭]

એ વાત સુપ્રસિદ્ધ છે કે ભગવાન શ્રી દત્તાત્રેયે મહર્ષિ જમદગ્નિની સહધર્મિણી રેણુકાના સ્નેહવશ મહર્ષિ જમદગ્નિના ઔર્ધ્વદેહિક કાર્યમાં આચાર્યપદ ગ્રહણ કર્યું હતું.

હૈહયવંશી રાજા કાર્તવીર્યાર્જુનના પુત્રોએ જ્યારે મહર્ષિ જમદગ્નિની કામધેનુ ગાયનું અપહરણ કરી જવા બાબતમાં મહર્ષિની હત્યા કરી ત્યારે કલ્પાંત કરતાં રેણુકામાતાને ભગવાન

---

૨૭ ભગવાન શ્રી દત્તાત્રેયના કૃપાપાત્ર સત્પુરુષોમાં કેટલાક નીચે પ્રમાણે છે :

શ્રી શ્રીપાદવલ્લભ, સ્વામી શ્રી નૃસિંહ સરસ્વતી, શ્રી દાસોપંત, શ્રી જનાર્દન સ્વામી, શ્રી એકનાથ મહારાજ, શ્રી માણેકપ્રભુ, શ્રી અક્કલકોટ સ્વામી, શ્રી સાંઈબાબા (શિરડી), શ્રી કિનારામ અઘોરી, શ્રી નીલકંઠ વગેરે. આ સિવાયના કેટલાક મુસલમાન સંત પણ દત્તોપાસક હતા, જેવા કે : શ્રી આલમ, શ્રી બક, શ્રી નુરીબાબા, શ્રી શાહમુનિ, શ્રી તાજુદ્દીનબાબા વગેરે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં થઈ ગયેલા દત્તઉપાસક સંત આ પ્રમાણે છે : શ્રી ચક્રધર (મહાનુભાવ સંપ્રદાયના આદ્યસંસ્થાપક), શ્રી ભાણસાહેબ, શ્રી રવિસાહેબ, શ્રી હરવંશ સ્વામી, શ્રી મહેશદાસ, શ્રી મૈકરણ, સાંઈદીન દરવેશ, સ્વામી યોગાનંદ સરસ્વતી (ગાંડા મહારાજ), શ્રી રંગ અવધૂત વગેરે. મહારાષ્ટ્ર પ્રદેશના બસો વર્ષની અંદરમાં થઈ ગયેલા કેટલાક દત્તોપાસક સંત આ પ્રમાણે છે: શ્રી નારાયણમહારાજ જાલવણકર, શ્રી નિરંજન રઘુનાથ, શ્રી પંતમહારાજ બાળેકુંદ્રિકર, શ્રી નારાયણમહારાજ કેડગાંવકર, શ્રી ઉપાસનીમહારાજ, શ્રી વિષ્ણુદાસ, શ્રી સ્વામીહંસ, શ્રી પુરોહિતસ્વામી, શ્રી દીક્ષિતસ્વામી, શ્રી ખીડકરમહારાજ, શ્રી દત્તમહારાજ, શ્રી દત્તનાથ ઉજ્જયનીકર, શ્રી ભૈરવ અવધૂત જ્ઞાનસાગર, શ્રી દિગંબરદાસ વગેરે છે.

શ્રી દત્તાત્રેયે સમયોચિત સાંત્વન અને યોગ્ય સલાહ આપી હતી. મહર્ષિ જમદગ્નિ અને સતી રેણુકાના સુપુત્ર ભગવાન ભાર્ગવરામ (પરશુરામ) ને ગુરુ દત્તાત્રેય પાસેથી ભગવતી ત્રિપુરસુંદરીનું મહાત્મ્ય સાંભળવા મળ્યું હતું. આ સાંભળીને ભાર્ગવરામે ભગવતીની ઉપાસનાવિધિ જાણવાની મહેચ્છા પ્રકટ કરી જેથી આ માટે ગુરુ દત્તાત્રેયે તેને વિધિપૂર્વક મંત્રદીક્ષા આપી હતી અને ભગવતીની ઉપાસનાવિધિ સારી રીતે સમજાવી દીધી હતી. આ પછી ગુરુની આજ્ઞાથી ભાર્ગવરામે મહેન્દ્ર પર્વત પર જઈને પર્વતના શિખર પરના આશ્રમમાં રહી બાર વર્ષ સુધી કઠિન તપસ્યા કરી હતી.[૨૮] તપસ્યા કરતાં કરતાં ભાર્ગવરામના ચિત્તમાં પરમતત્ત્વનું રહસ્ય જાણવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. આ વિષેના સદુપદેશ અને

---

૨૮ "મહેન્દ્ર પર્વત" વિષે પુરાણ-ગ્રંથોમાં ઘણી ય માહિતી મળી આવે છે. માર્કંડેય પુરાણ (૫૭/૧૦-૧૧) અનુસાર ભારતના સપ્તકુલ પર્વત આ પ્રમાણે છે:

મહેન્દ્ર, મલય, સહ્ય, સૂક્તિમાન, રીક્ષ, વિંધ્ય, અને પરિયાત્રા. ઓરિસ્સા પ્રદેશમાં આવેલી ગિરિમાળાને "મહેન્દ્રપર્વત" કહેવામાં આવે છે. પશ્ચિમઘાટના દક્ષિણ તરફના ભાગને "મલયપર્વત" અને ઉત્તર તરફના ભાગને "સહ્યાદ્રિપર્વત" કહેવામાં આવે છે. પૂર્વ દિશામાં "સૂક્તિમાન પર્વત" છે. "રીક્ષ કે "રીક્ષવન" જ ગોંડવન ગિરિમાળા છે. વિંધ્ય ગિરિમાળાના પૂર્વ તરફના ભાગને પુરાણકાળમાં "વિંધ્યપર્વત" કહેતા હતા અને હાલમાં જે ઊભેલા છે તે વિંધ્ય ગિરિમાળાના ઉત્તર તરફના અને પશ્ચિમ તરફના ભાગને "પરિયાત્રા પર્વત" કહેતા હતા. હાલની સંપૂર્ણ વિંધ્ય ગિરિમાળા રીક્ષ, વિંધ્ય અને પરિયાત્રા એ ત્રણેય પર્વતોવાળી છે.

યથાર્થ સમાધાન માટે તે આકાશમાર્ગે ક્ષણવારમાં જ સહ્યાદ્રિના શિખર પર નિવાસ કરતા પોતાના ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયની પાસે આવી પહોંચ્યા. ભાર્ગવરામને આ પહેલાં આ શ્રીવિદ્યાના સંબંધમાં થોડો ઉપદેશ ભગવાન શ્રી દત્તાત્રેયના એક જ્ઞાની શિષ્ય (અવધૂત શ્રી સંવર્ત) પાસેથી સાંભળવા મળ્યો હતો પણ આ અત્યંત રહસ્યપૂર્ણ વિષય ભાર્ગવરામને બુદ્ધિ દ્વારા ગ્રાહ્ય થયો ન હતો. કારણ કે તે વખતે તેનું ચિત્ત ઘણું જ વિક્ષિપ્ત હતું. આ જોઈને અવધૂત સંવર્તે તેને ગુરુકૃપા મેળવવા માટે સહ્યાદ્રિના શિખર પર નિવાસ કરતા પોતાના ગુરુ ભગવાન શ્રી દત્તાત્રેયના દર્શનાર્થે મોકલ્યા હતા.[૨૯] ગુરુકૃપાથી ભાર્ગવરામને શ્રીવિદ્યા સંબંધી જ્ઞાન પ્રાપ્ત થયું હતું. જો કે શ્રી ગુરુદત્તાત્રેયે ભાર્ગવરામને શ્રીવિદ્યા-ઉપાસના સંબંધી રહસ્ય બતાવ્યું હતું પણ એ ઐતિહાસિક સત્ય છે કે મહાવિદ્યાનું આ રહસ્ય આ પહેલાં અવધૂત સંવર્તને ગુરુ દત્તાત્રેય પાસેથી મળી ચૂક્યું હતું. તેમ છતાં ય એવું પ્રતીત થાય છે કે આ મહાવિદ્યાનો વિશેષ પ્રચાર સંવર્ત દ્વારા થયો નહીં પણ ભાર્ગવરામ દ્વારા જ થયો છે. આ મત પણ કોઈ એક સંપ્રદાયનો છે.[૩૦]

---

[૨૯] ત્રિપુરારહસ્ય--જ્ઞાનખંડ.

[૩૦] શ્રી સંવર્ત અવધૂત એ ગુરુદત્તાત્રેયની શિષ્યોમાંના એક હતા. તેને ઋગ્વેદમાં અને છાંદોગ્ય ઉપનિષદ્‌ના તૃતીય પ્રપાઠકમાં "ઘોર-આંગિરસ" કહ્યા છે. ઋગ્વેદ ૩/૩૬ ની દસમી ઋચાના દ્રષ્ટા ઘોર-આંગિરસ છે આંગિરસ સંવર્ત ૧૦/૧૭૨ સૂક્તના ઋષિ છે તંત્રગ્રંથોમાં વર્ણન છે કે ઘોર આંગિરસનો ઉપદેશ સાંભળીને શ્રીકૃષ્ણ ભૂખ અને તરસ પણ ભૂલી ગયા હતા. આ ઘોર-આંગિરસ શ્રી કૃષ્ણના ગુરુ હતા. (શ્રી કૃષ્ણ નામના મહામેધા ઋષિનો પણ ઋગ્વેદમાં ઉલ્લેખ છે. આ ઋષિ કૃષ્ણ અને દેવકીનંદન ભગવાન શ્રી કૃષ્ણ એ બંને જુદી જુદી વ્યક્તિ છે).

શ્રી દત્તાત્રેય ઉપાસના વિષયક પ્રાચીન હસ્તલિખિત ગ્રંથોના અધ્યયનથી એવું પ્રતીત થાય છે કે "દત્તસંહિતા" નામનો શ્રી દત્તાત્રેયના ઉપદેશોથી પૂર્ણ ૧૮૦૦૦ શ્લોકોવાળો એક બૃહદ્ ગ્રંથ હતો. ભાર્ગવરામે સ્વયં આ મહાગ્રંથનું અધ્યયન કર્યું હતું અને ૬૦૦૦ સૂત્રોમાં તેનો સાર સંગ્રહિત કર્યો હતો. આ ગ્રંથ ૫૦ ખંડોમાં વહેંચવામાં આવેલો છે. ભાર્ગવરામના શિષ્ય સુમેધા (હરિતાયનઋષિ) એ "ત્રિપુરા-રહસ્ય" (માહાત્મ્ય, ચર્યા, જ્ઞાન ખંડ) અથવા "શ્રી દત્ત-ભાર્ગવ સંવાદ" નામથી આ સંહિતા અને સૂત્રોના સારાંશનો સંગ્રહ કર્યો હતો. આમાંથી ત્રિપુરારહસ્ય માહાત્મ્ય અને જ્ઞાનખંડ સંસ્કૃત ભાષામાં અત્યારે ઉપલબ્ધ છે.[૩૧]

મધ્યયુગમાં નાથસંપ્રદાયના સંસ્થાપક યોગી શ્રી ગોરખનાથે પણ ભગવાન શ્રી દત્તાત્રેય પાસેથી યોગ અને જ્ઞાનવિષયક ઘણો ય મૂલ્યવાન ઉપદેશ પ્રાપ્ત કર્યો હતો. નાથ-સંપ્રદાયમાં પ્રચલિત "જ્ઞાનદીપબોધ" નામના ગ્રંથમાં આનું વિવરણ મળે છે. આ ગ્રંથના અધ્યયનથી એ વાત નક્કી થાય

---

[૩૧] ભગવાન શ્રી દત્તાત્રેય વિષે ઘણા ય ગ્રંથો અપ્રકાશિત અને પ્રકાશિતરૂપે સંસ્કૃત, મરાઠી, નેપાળી, કન્નડ, તેલુગુ વગેરે ભાષાઓમાં ઉપલબ્ધ છે, જેવાકે: શ્રીગુરુચરિત્ર, અવધૂતગીતા, જીવન્મુક્તગીતા, ત્રિપુરારહસ્ય, કાથબોધ, અદ્ભુતગીતા, વિદ્યાગીતા, દત્તાત્રેય યોગશાસ્ત્ર, દત્તાત્રેયતંત્ર, દત્ત પ્રબોધ, દત્તાત્રેય ચંદ્રિકા, દત્તાત્રેય મહાપૂજાવર્ણના, દત્તાવતાર નીતિગદ્ય, યોગીગીતા (જનાર્દનસ્વામીકૃત) દત્તગીતા, દત્તાત્રેય માહાત્મ્ય, શ્રી ગુરુસંહિતા, સિદ્ધાંતબોધ, યોગીરાજતિલક, બૃહદ્ દત્તપુરાણ (સંસ્કૃતભાષામાં-શ્રી દાસોપંત રચિત); દલાદન લહરી, દત્તગણેશ સંવાદ, શ્રી ગુરુલીલામૃત, દત્તાત્રેયગોરક્ષ ઉપનિષદ્, દત્તગોરખ કવચ, દત્તગોરક્ષ ગીતા, દત્તનાથ વાક્ય, દત્તાવિનાશી સંવાદ, જ્ઞાનદીપબોધ વગેરે.

છે કે ભગવાન શ્રી દત્તાત્રેય અને યોગી ગોરખનાથ એકબીજા પ્રતિ ઘણોજ સ્નેહભાવ રાખતા હતા. વળી એવું પણ પ્રતીત થાય છે કે "જ્ઞાનદીપબોધ" નામના ગ્રંથમાં ભગવાન શ્રી દત્તાત્રેયે "સહજસમાધિ"ના વિષે ઘણીજ મહત્ત્વપૂર્ણ વ્યાખ્યા કરી છે. આ સિવાયના પણ વિવિધ ગ્રંથોમાં ભગવાન શ્રી દત્તાત્રેય અને યોગી શ્રી ગોરખનાથના વિષે ઘણીય સામગ્રી મળી આવે છે. પણ આ બધી વિષે લખવું અનાવશ્યક છે.

શ્રી ગુરુ દત્તાત્રેયનું કાર્યક્ષેત્ર સંપૂર્ણ ભારત છે. સંત સમાજમાં એ વાત પ્રસિદ્ધ છે કે ભગવાન શ્રી દત્તાત્રેય સહ્યાદ્રિની તળેટીમાં આવેલા માતાપુર નામના ગામમાં હંમેશાં વિશ્રામ કરે છે.[૩૨] સહ્યાદ્રિના શિખર ઉપર નિવાસ કરે છે.

---

[૩૨] મહારાષ્ટ્ર પ્રદેશના યવતમાળ જિલ્લામાં આવેલા "અર્ણી" ગામથી માતાપુર સ્થાન લગભગ ૧૬ માઇલ દૂર છે. હવે તો અર્ણીથી, યવતમાળથી, વર્ધા અને નાગપુરથી પણ મોટર-બસ માતાપુર સુધી આવજા કરે છે. માતાપુરથી લગભગ બે માઇલ પહાડ પર ચડતાં "અત્રિ આશ્રમ" આવે છે જે "માહુરગઢ"ના નામથી પ્રસિદ્ધ છે. આ માર્ગમાં પહેલાં શ્રી રેણુકા ભગવતીનું મંદિર આવે છે. ત્યાર પછી અત્રિ આશ્રમ આવે છે અને છેલ્લે અનસૂયા મંદિર છે. અત્રિ આશ્રમ (માહુરગઢ)માં ભગવાન શ્રી દત્તાત્રેયનાં ચરણચિહ્નો છે. અહીંના એક ઓરડામાં હંમેશા રાત્રે ભગવાન શ્રી દત્તાત્રેય શયન કરવા માટે આવે છે એવું કહેવાય છે.

આ તેમનું પીઠસ્થાન છે. કાશીક્ષેત્ર (વારાણસી)માં પ્રતિદિન વહેલી સવારે ગંગાસ્નાન કરે છે અને કહ્રાડ ક્ષેત્રમાં અર્ઘ્યદાન તથા પ્રાતઃસંધ્યા કરે છે. મહાલક્ષ્મીના પીઠસ્થાન કોલ્હાપુરમાં ભિક્ષા ગ્રહણ કરે છે અને પાંચાલપુરમાં આ ભિક્ષાન્નનું ભોજન કરે છે. ચંદ્રભાગાતટસ્થ વિઠ્ઠલપુર (પંઢરપુર)માં તિલક ધારણ કરે છે. ભીમા–અમરજા સંગમસ્થાન (ગાણુગાપુર)માં યોગ-સાધના કરે છે અને કુરુક્ષેત્રના સ્યમન્તક તીર્થમાં આચમન કરે છે.[૩૩]

આવી રીતે જો કે ભગવાન શ્રી દત્તાત્રેય પ્રતિદિન સવારથી તે રાત્રિ સુધી લીલાને બહાને જુદાં જુદાં દૂર દૂરનાં સ્થળે વિચરણ કરે છે તેમ છતાં ય તેમનું શ્રદ્ધાથી સ્મરણ કરનારા ભક્તોને

---

[૩૩]ભારતમાં ભગવાન શ્રી દત્તાત્રેયનાં તીર્થસ્થાન નીચે પ્રમાણે છે. ગિરનાર (સૌરાષ્ટ્રના જુનાગઢ પાસે), ગુરુશિખર (આબૂ પહાડ પરના દેલવાડાથી આગળ જતાં આવે છે), ચંદ્રદ્રોણગિરિ (મૈસુર પ્રાંતના કડૂર જિલ્લામાં), સાંખળી (ગોમાંતક પ્રદેશમાં , સુચિન્દ્રમ્ (રામેશ્વરમ્ પાસે), અનસૂયા આશ્રમ (ઉત્તર પ્રદેશના ચિત્રકૂટ પાસે), રેવાતટસ્થ અનસૂયા આશ્રમ (ગુજરાતના ચાંદોદ પાસે), ગરૂડેશ્વર (ગુજરાતના રાજપીપળા પાસે) નારેશ્વર (ગુજરાતના મીયાગામ પાસે). ભાતપુર (નેપાળમાં), અનસૂયા આશ્રમ (તુંગનાથ–મંડળ ચટ્ટી પાસે),

આ સિવાયનાં પ્રસિદ્ધ દત્ततીર્થોમાં—ગાણુગાપુર (મૈસૂર પ્રાંતના ગુલબર્ગા પાસે), ઔદુંબર અને નરસોવાડી (મહારાષ્ટ્રના મીરજ પાસે), કુરગડ્ડા (આંધ્રના રાયચૂર પાસે), વંજેરે કારંજા (મહારાષ્ટ્રના યેવતમાળ પાસે).

માટે તો તે અત્યંત નિકટ છે.[૩૪] આ વાતમાં શંકા કરવાની કાંઈ જરૂર નથી. કારણ કે સિદ્ધદેહસંપન્ન ભગવાન શ્રી દત્તાત્રેયને દેશ અને કાળનું વ્યવધાન ગતિનું બાધક નથી હોતું.

હવે અહીં હું ભગવાન શ્રી દત્તાત્રેયના પવિત્ર ચરણકમળ-યુગલમાં મસ્તક મૂકીને નમન કરી તેમનું જીવન અને વ્યક્તિત્વ પૂરું કરું છું.

जगदंकुरकन्दाय सच्चिदानंदमूर्तये।
दत्तात्रेयाय योगीन्द्रचन्द्राय परमात्मने॥

("શ્રી દત્તાત્રેયોત્તરતાપિની-ઉપનિષદ્"માંથી)

---

૩૪ "દત્તાત્રેય વજ્રકવચ" નામના ગ્રંથમાં ભગવાન શ્રી દત્તાત્રેયની દિનચર્યા વિષે આ પ્રમાણે ઉલ્લેખ જોવા મળે છે:—

वाराणसीपुरस्नायी कोल्हापुरजपादरः।
माहुरपुरभिक्षाशी सह्यशायी दिगम्बरः॥

એટલે કે ભગવાન શ્રી દત્તાત્રેય દિગંબર પ્રતિદિન વારાણસી (કાશી)માં ગંગાસ્નાન કરે છે, કોલ્હાપુરમાં યોગસાધના કરે છે, માહુરપુર (માતાપુર)માં ભોજન કરે છે અને સહ્યાદ્રિના શિખર પર સૂએ છે. ભગવાન શ્રી દત્તગુરુ કેટલા બધા ભક્તવત્સલ છે તે વિષે તેમના જ શબ્દો આ પ્રમાણે છે:

अभक्त्या वा सुभक्त्या वा यः स्मरेन्मामनन्यधीः।
तदानीं तमुपागत्य ददामि तदभीप्सितम्॥

卐

* નાથાચાર્ય યોગી ગોરખનાથ *

નેપાળમાં યોગી ગોરખનાથના જન્મ સંબંધમાં એ
એવી કથા પ્રચલિત છે કે ભગવાન શંકરે પુત્રની ઇચ્છાવા
એક સન્નારીને આશીર્વાદરૂપે ભસ્મ આપી. તે નારીએ
ભસ્મમાં અવિશ્વાસ પ્રકટ કરતાં તેને પોતાના ઘર પાસે
એક ઉકરડામાં ફેંકી દીધી. બાર વર્ષ વીતી ગયા બાદ ભગવા
શંકર એક દિવસે ઓચિંતા તે નારીના ઘરે આવી પહોંચ
અને પુત્રનું મુખ જોવા માટે માગણી કરી. આ સાંભળી
પેલી નારી શરમાઈ ગઈ અને સાચી વાત કહી દીધી
આશીર્વાદની ભસ્મ તેણે પ્રસાદરૂપે ખાધી ન હતી પણ
પાસેના છાણના ખાડામાં ફેંકી દીધી હતી. તેની આ
અશ્રદ્ધાયુક્ત વાત સાંભળીને ભગવાન શંકર થોડા અપ્રસન્ન
થઈ ગયા અને પોતાના વચનની સત્યતા સાબિત કરવા મા
તેણે તે નારીના ઘર પાસેના છાણના ખાડા સમીપ જઈ
તેમાં અવાજ કર્યો, "અલખ". ભગવાન શંકરનો અવા
સાંભળતાં જ ખાડામાંથી પ્રત્યુત્તર સંભળાયો, "નિરંજન"
બસ, થોડી જ વારમાં તે ખાડામાંથી બાર વર્ષનો એ
અત્યંત સુંદર કુમાર બહાર નીકળ્યો અને ભગવાન શંકર
ચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી દીધા. ભગવાને તે
સ્નેહથી ઊભો કર્યો, છાતીસરસો ચાંપ્યો અને તેના મસ્તક
આશીર્વાદનો હાથ ફેરવ્યો. આ કુમાર એ જ યોગી 'ગોરક્ષનાથ
કે 'ગોરખાથ' (ગો = ઇંદ્રિય, રક્ષ = જીતનાર, રક્ષણ કરનાર
નાથ = પ્રભુ) અને પેલા ભગવાન શંકરરૂપધારી એ જ શ
મત્સ્યેન્દ્રનાથ કે મછીંધરનાથ. આ કુમાર ગોરખનાથે મત્સ્યેન્દ્ર

'નાથ સંપ્રદાયના આદ્યસંસ્થાપક યોગી ગોરખનાથ'



"રક્ષ મા દક્ષ ! ગોરક્ષ ! ક્ષરગોક્ષદમા ક્ષર ।
જયકામ ! મહારાજ ! જરાહા મમ કાયજ ॥"
(આ શ્લોકની લીટીઓને ઉલટથી કે સુલટથી
ગમે તેવી રીતે વાંચવાથી એક જ અર્થ નીકળે છે.)

'નાથાચાર્ય સિદ્ધ ગોરખનાથ'



"ભિદ્યતે હૃદયગ્રન્થિચ્છિદ્યન્તે સર્વ સંશયાઃ ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્ દૃષ્ટે પરાવરે ॥"

(હઠયોગ-પ્રદીપિકા)

નાથનું શિષ્યત્વ સ્વીકાર્યું અને પોતાના ગુરુની સાથે નેપાળમાં યોગસાધના કરવા માટે ગયા.

નેપાળમાં એવી પણ એક કથા પ્રચલિત છે કે એક વાર યોગી ગોરખનાથ ભિક્ષા લેવા માટે નેપાળના એક ગામમાં આવી પહોંચ્યા. લોકો તેની વિચિત્ર વેશભૂષા જોઈને ડરી ગયા અને તેનો અનાદર કર્યો. ભિક્ષા ન મળવાથી યોગી ગોરખનાથ અપ્રસન્ન થઈ ગયા અને લોકોને પાઠ શીખવવાના હેતુથી તેણે તે ગામની બહાર આવેલા એક મોટા વટવૃક્ષની નીચે આસન જમાવ્યું. આકાશમાં જેટલાં જળ ભરેલાં વાદળાં દેખાતાં હતાં તે બધાંને તે પોતાની યોગશક્તિ વડે નીચે ઉતારીને પોતાની ગાદીની નીચે પૂરી દેવા લાગ્યા. આમ વાદળાંના અભાવે નેપાળમાં ઘણાં વર્ષ સુધી વરસાદ પડ્યો નહીં, જેથી લોકો દુષ્કાળથી ઘણા પીડિત થઈ ગયા. પોતાના રાજ્યમાં આમ લાંબા સમયથી વરસાદ કેમ બંધ થઈ ગયો છે તેનું રહસ્ય જાણવાના ઇરાદાથી એક દિવસે રાજાએ ભારતમાંથી એક સારા જ્યોતિષીને બોલાવ્યા અને આમ થવાનું કારણ પૂછ્યું. આથી જ્યોતિષીએ જોષ જોઈને રાજાને જણાવ્યું કે નેપાળમાં એક યોગી અપ્રસન્ન થઈને યોગાસન-વાળીને બેઠો છે અને તેણે જળ ભરેલાં વાદળાં દબાવી દીધાં છે. જો રાજા તે યોગીના ગુરુ શ્રી મત્સ્યેન્દ્રનાથ કે જે હાલમાં આસામ દેશમાં આવેલા ભગવતી કામાક્ષીદેવીના મંદિરમાં યોગસમાધિમાં રહે છે તેને અહીં નેપાળમાં તેડી લાવે તો જરૂર ઘણો જ વરસાદ પડશે. કહે છે કે રાજાએ આ વાત સ્વીકારી અને તે સ્વયં રથ લઈને આસામ જઈને ગુરુ મત્સ્યેન્દ્રનાથને નેપાળમાં તેડી લાવ્યો. દૂરથી પોતાના ગુરુ

મત્સ્યેન્દ્રનાથને પોતાની તરફ આવતા જોતાંની સાથે જ યોગાસનવાળીને બેઠેલા શિષ્ય ગોરખનાથ એકદમ ઊભા થઈ ગયા અને ગુરુને પ્રણામ કરવા માટે તેના તરફ દોડ્યા. બસ, તેટલામાં તો ગોરખનાથની ગાદી નીચે પુરાઈ રહેલાં બધાં જ જળભર્યાં વાદળાં એકદમ છૂટી ગયાં અને આકાશમાં જઈને તેણે નેપાળ પ્રદેશ પર ખૂબ વરસાદ વરસાવ્યો. લાંબા સમયથી અનાવૃષ્ટિને લીધે દુષ્કાળપીડિત મનુષ્યો અને પશુ–પક્ષીઓ આનંદવિભોર થઈ ગયાં.[1]

આ કથાથી એ વાત સ્પષ્ટ થાય છે કે ગોરખનાથનું જીવનવૃત્તાંત રહસ્યમય છે. "ગોરક્ષ–સિદ્ધાંત–સંગ્રહ" નામના ગ્રંથ અનુસાર ગોરખનાથ "ઇશ્વર–સંતાન" હતા. તેનું ચરિત્ર એટલું તો શુદ્ધ અને ઊંચું હતું કે તેની પરીક્ષા કરવામાં સ્વયં દેવી પાર્વતી પણ હારી ગયાં હતાં. યોગી ગોરખનાથે નવા જન્મેલા બાળકનું રૂપ ધારણ કરીને દેવી ભગવતીનું સ્તનપાન કર્યું હતું.[2]

(૧) યોગી ગોરખનાથના જન્મસ્થાનની બાબતમાં જુદા જુદા મત છે. નેપાળ, પંજાબ, ગોરખપુર વગેરે નામ આ રૂપે લેવામાં આવે છે. ગોરખનાથના જન્મ અને જીવનના વિષે મળતાં કેટલાંક વૃત્તાંત સંક્ષેપમાં આ પ્રમાણે છે:

---

[1]આ વિષે જુઓ બંગભાષાનો ગ્રંથ "નાથસંપ્રદાયેર ઇતિહાસદર્શન ઓ સાધનપ્રણાલી"–લેખક છે, ડૉ. સૌ. કલ્યાણી મલ્લિક. પાનું સંખ્યા ૨૮૦. તથા "કૌલજ્ઞાન નિર્ણય" ગ્રંથમાં ડૉ. શ્રી પ્રબોધચંદ્ર બાગચી લિખિત ભૂમિકા. પાનું સંખ્યા ૧૨.

[2]જુઓ ગ્રંથ "નાથસંપ્રદાયેર ઇતિહાસદર્શન ઓ સાધનપ્રણાલી" પાનું નં. ૨૯.

(૨) નિરાકાર નિરંજનના ધર્મથી ગોરખનાથની ઉત્પત્તિ થઈ. તે મત્સ્યજાત મત્સ્યેન્દ્રના પિતા હતા. તેમણે પોતાના પાપોનું પ્રક્ષાલન કરવા માટે ગુરુની શોધ કરી અને છેવટે પોતાના પુત્રને જ ગુરુ બનાવ્યા.

(૩) ગોદાવરી નદીના તટ પર રહેતી એક બ્રાહ્મણ સ્ત્રીના પેટથી ગોરખનાથનો જન્મ થયો હતો. બારમા વર્ષને અંતે મત્સ્યેન્દ્રનાથ દ્વારા તેને આંતર્ધાનિક રીતે ગુરુદીક્ષા મળી હતી. તેણે ગોસેવા કરી અને યોગશિક્ષણ મેળવ્યું.

(૪) સ્કંદપુરાણમાં યોગી ગોરખનાથની કથા છે.

(૫) યોગી ગોરખનાથ રાજા ગોપીચંદ્રની માતાના ગુરુ હતા.[૩]

(૬) "યોગિસંપ્રદાયાવિષ્કૃતિ" નામના ગ્રંથમાં યોગી ગોરખનાથને ગોદાવરી તીર પરના કોઈ ચંદ્રગિરિ સ્થાનમાં ઉત્પન્ન થયેલા વર્ણવ્યા છે.

(૭) નેપાળ રાજ્યની દરબાર લાઇબ્રેરીમાંના હસ્તલિખિત સુરક્ષિત "ગોરક્ષસહસ્રનામ" નામના નાના ગ્રંથમાં આપેલા એક શ્લોક અનુસાર યોગી ગોરખનાથ દક્ષિણ દિશામાં આવેલા કોઈ વડવ નામના દેશમાં મહામંત્રના પ્રસાદથી આવિર્ભૂત થયા હતા.[૪]

(૮) આંગ્લભાષીય લેખક ક્રુકસ અને ગ્રિયર્સન દ્વારા ઉદ્ધૃત એક પરંપરા અનુસાર યોગી ગોરખનાથ સત્યયુગમાં

---

[૩] ડૉ. કલ્યાણી મલ્લિકનો ગ્રંથ પાંનુ ૨૯.

[૪] ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીનો ગ્રંથ "નાથસંપ્રદાય" પાનું ૯૬.

પંજાબના પેશાવરમાં, ત્રેતાયુગમાં ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં દ્વાપરમાં ગુજરાતના દ્વારિકાથી પણ આગળ હુરબુંજમાં અને કલિયુગમાં કાઠિયાવાડના ગોરખમઢીમાં અવતર્યા.

(૯) બંગાળમાં લોકોને એવો વિશ્વાસ છે કે યોગી ગોરખનાથ તેના જ પ્રદેશમાં ઉત્પન્ન થયા હતા.

(૧૦) નેપાળી પરંપરા અનુસાર યોગી ગોરખનાથ પંજાબથી પગે ચાલીને નેપાળ ગયા હતા.

(૧૧) ગોરખપુર મંદિરના મહંતના માનવા અનુસાર યોગી ગોરખનાથ ટીલા (જેલમ–પંજાબ)થી ગોરખપુર આવ્યા હતા.

(૧૨) નાસિકના યોગીઓને એવો વિશ્વાસ છે કે યોગી ગોરખનાથ પહેલાં નેપાળથી પંજાબ ગયા હતા અને બાદમાં નાસિક તરફ આવ્યા હતા.

(૧૩) નાથસંપ્રદાયમાં "ટીલા" સ્થાનના પ્રાધાન્યને જોતાં મિ. બ્રિગ્ઝ એવું અનુમાન કરે છે કે યોગી ગોરખનાથ સંભવતઃ પંજાબના નિવાસી રહ્યા હશે.

(૧૪) કચ્છ પ્રદેશમાં એ વાત પ્રસિદ્ધ છે કે યોગી ગોરખનાથના શિષ્ય ધર્મનાથ પેશાવરથી કચ્છ આવ્યા હતા. મિ. ગ્રિયર્સનના મત અનુસાર ધર્મનાથ યોગી ગોરખનાથના સહયાત્રી (તીર્થયાત્રામાં સાથે રહેનાર) હતા.

(૧૫) મિ. ગ્રિયર્સનનો એવો મત છે કે યોગી ગોરખનાથ સંભવતઃ પશ્ચિમી હિમાલયના રહેવાસી હતા.

આ બધા ય મતોના આધારે આ પ્રમાણે પરિણામ નીકળે છે :

(૧) યોગી ગોરખનાથના જન્મ બાબતમાં મોટા ભાગનાં મત અને કથાઓ પંજાબ વિષે સંકેત કરે છે.

(૨) તેમણે પોતાના જીવનકાળમાં નેપાળ, બંગાળ, કચ્છ, કાઠિયાવાડ વગેરે પ્રદેશોની યાત્રાઓ કરી હતી.

(૩) આ યાત્રાઓની બાબતમાં પ્રચલિત વિશ્વાસો અને કથાઓથી એવું અનુમાન થાય છે કે યોગી ગોરખનાથે પંજાબથી ગોરખપુરની યાત્રા કરી અને ત્યાંથી નેપાળ ગયા હતા.

(૪) બંગાળ કરતાં પંજાબ અથવા ભારતના પશ્ચિમોત્તર ભાગ સાથે તેનો વધારે સંબંધ રહ્યો હતો.

(૫) તેમના ગુરુ મત્સ્યેન્દ્રનાથ હતા.

(૬) યોગી ગોરખનાથનો જન્મ કયા વંશમાં થયો હતો તે વિવાદાસ્પદ છે તેમ છતાંય લોક સમજૂતિ તેમના બ્રાહ્મણ હોવા તરફ સંકેત કરે છે.

(૭) તેમના માતા-પિતા વગેરે વિષે કોઈ વિવરણ મળતું નથી. જો કે આમ હોવું તે કોઈપણ સન્યાસી વિષે સ્વાભાવિક છે.

"ગોરક્ષ" (ગોરખ) નામ અને તેની વિભિન્ન વ્યાખ્યા

સંપ્રદાયવાળા લોકો દ્વારા "ગોરક્ષ" શબ્દની વિભિન્ન પ્રકારની વ્યાખ્યા કરવામાં આવે છે, જે આ પ્રમાણે છે :

(૧) "ગોરક્ષનાથસ્તોત્ર" માં કહેવામાં આવ્યું છે કે 'ગ-કાર ગુણ સંયુકત, 'ર'-કાર રુપલક્ષણ, 'ક્ષ'-કારેણ અક્ષયબ્રહ્મ શ્રી ગોરક્ષ નમોઽસ્તુતે." આ વડે ગોરક્ષ શબ્દનું માહાત્મ્ય વર્ણન કરાયું છે.[૫]

---

[૫] "ગોરક્ષસિદ્ધાંતસંગ્રહ"-પાનું ૪૨.

(૨) 'ગોરખ ઉપનિષદ્'માં બે જગાએ બે જુદી જુદી વ્યાખ્ય મળી આવે છે :

(૧) "ગો" કહિયે ઇન્દ્રિય, તિનકી અન્તર્યા યાસોં રક્ષા કરે હૈં ભવભૂતનકી તાસોં ગોરક્ષના નામ હૈ.

(૨) "ગો" કહિયે વાક્ શબ્દ બ્રહ્મ તાકી "ર કહિયે રક્ષા કરૈ, "ક્ષ" કહિયે ક્ષયકરિ રહિ અક્ષરબ્રહ્મ ઐસે શ્રી ગોરક્ષનાથ.[૬]

(૩) એક આધુનિક સાંપ્રદાયિકરચના "ગોરક્ષશબ્દનિરુક્તિ માં બતાવવામાં આવ્યું છે કે :

"ગાં રક્ષતીતિ ગોરક્ષઃ, રક્ષતીતિ રક્ષઃ, ગવાં ર ગોરક્ષઃ યાવત્ ।" એટલે કે ગોપદવાચ્યની જે ર કરતા હોય તેને ગોરક્ષ કહેવાય છે. અર્થાત્ જેટલા ગોશબ્દના અર્થ છે તે અર્થોની રક્ષા કરવાવાળા નામ ગોરક્ષ છે.[૭]

આ અંતિમ રચનામાં એવું બતાવ્યું છે કે ગોરક્ષ શબ્ ઘણાં પ્રાચીન સાહિત્યમાં મળી આવે છે. આ માટેનાં પ્રમાણ છે : અથર્વવેદ, બ્રહ્માંડપુરાણ, સ્કંદપુરાણ (કેદારખંડ અ ૪૨, ૪૫, ૪૬, ૭૪), શિવપુરાણ, મહાકાલ, યોગશાસ્ત્ર-કલ્પદ્રુમ ગોરક્ષગીતા, માર્કંડેયપુરાણ, શાક્તપ્રમોદ વગેરે.

---

[૬] ડૉ. કલ્યાણી મલ્લિકનો ગ્રંથ-"સિદ્ધસિદ્ધાંતપદ્ધતિ એન્ડ અધ વર્કસ ઓફ નાથ યોગીજ" પાનું ૭૨-૭૩.

[૭]ગોરક્ષ ગ્રંથમાળા-પુષ્પ ૮૨; ગોરખનાથનાં પાંચ પુસ્તકો પાનું ૧ પ્રકાશક-ગોરખટીલા, કાશી.

આ બધા ગ્રંથોના ઉદ્ધરણોને પ્રસ્તુત કરીને એ કહેવામાં આવ્યું છે કે યોગી ગોરખનાથનું નિવાસસ્થાન કેદારખંડના દક્ષિણભાગમાં છે. જ્યાં સર્વદા અત્યંત ઉષ્ણ જળ વિદ્યમાન છે. આ ઉપરથી એવું અનુમાન થઈ શકે છે કે એ સ્થાન "કાંગડા" અથવા "હિંગળાજ" હોઈ શકે છે. "શિવપુરાણ" અનુસાર યોગી ગોરખનાથ શિવના અવતાર છે. "ગોરખગીતા"માં કહેવામાં આવ્યું છે કે ઇન્દ્રાણીના પાતિવ્રત્યની રક્ષામાં યોગી ગોરખનાથે સુરાચાર્ય બૃહસ્પતિને સહાય કરી હતી. "માર્કંડેયપુરાણ"માં માર્કંડેય અને મત્સ્યેન્દ્રાદિ બે પ્રકારના હઠયોગી મત પ્રતિ સંકેત છે. "સ્કંદપુરાણ"ના કેદારખંડમાં વર્ણવેલા નવનાથોમાં યોગી ગોરખનાથની ગણના કરવામાં આવી છે. "પ્રાણતોષિણી" નામે ગ્રંથમાં નવનાથવર્ણન પ્રસંગમાં વિમલનન્દનાથના નામે યોગી ગોરખનાથનું જ સ્મરણ કરાયું છે. આવી જ રીતે "શાક્તપ્રમોદ"માં પણ તેમનું વર્ણન જોવા મળે છે. "સ્કંદપુરાણ" અંતર્ગત હિમવત્ખંડના વિરુપાક્ષ તીર્થયાત્રા પ્રકરણમાં પણ તેમની સિદ્ધિપ્રદાયકતાનું વર્ણન છે.[૮]

"યોગી ગોરખનાથનું ચરિત અને વ્યક્તિત્વ"

વિદ્વાનોએ હજી સુધી તો યોગી ગોરખનાથ, તેમનાં સાહિત્ય, સાધના, દર્શન (Philosophy) વગેરે વિષે જ અધિક વિચાર કર્યો હતો પણ હવે તેમના વ્યક્તિત્વ વિષે ય વિચારો થવા લાગ્યા છે. ડૉ. શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીએ યોગી ગોરખનાથને જગદ્ગુરુ આદિ શંકરાચાર્ય પછીના આવા

---

૮ "ગોરક્ષ ગ્રંથમાળા"-૮૨ માં ગોરક્ષશબ્દનિરુક્તિ, પાનું ૮-૧૨.

બીજા મહિમાશાળી વ્યક્તિત્વવાળા વ્યક્તિ ઘોષિત કર્યા હતા. આ પછી વિદ્વાનોએ યોગી ગોરખનાથના આ પક્ષને સમર્થન આપ્યું. આ પ્રકારના અધ્યયનનો મૂળ આધાર છે: લોકકથા, વાર્તા, તેમની હિન્દી રચના વગેરે. ગોરક્ષનાથના નામથી પ્રસિદ્ધ થયેલી સંસ્કૃત રચનાઓમાં તેમના વ્યક્તિત્વ અને ચરિતને વ્યક્ત કરવાવાળા અંશો લગભગ અપ્રાપ્ય છે. કિન્તુ હિન્દી રચનાઓના આધાર પર ગોરક્ષચરિત્ર અને વ્યક્તિત્વ પ્રસ્તુત કરવાવાળા વિદ્વાનોના નિષ્કર્ષ અને ઉદ્ધૃત પંક્તિઓમાં કોઇ કોઈ જગાએ સંગતિ દેખાતી નથી.

ભારતીય વિદ્વાનોએ હવે એ વાત માની લીધી છે કે યોગી ગોરખનાથ બ્રાહ્મણ જાતિના હતા. તેમના નામથી પ્રચલિત સંસ્કૃત ગ્રંથોને જોવાથી એવું માલમ પડે છે કે તેમને સંસ્કૃત ભાષાનું ઘણું ઊંડું જ્ઞાન હતું.[૯] ગુરુ મત્સ્યેન્દ્રનાથનો ઉદ્ધાર કરવા માટે જ્યારે તે કદલીદેશ (સ્ત્રીયા રાજ્ય)માં ગયા હતા ત્યારે ત્યાંની સ્ત્રીઓએ તેમના અતિસુંદર રૂપને જોઇને તેમની મત્સ્યેન્દ્રનાથ સાથે મુલાકાત કરવા દીધી ન હતી. આ કથાંશના આધાર પર લોકોએ એવું અનુમાન કર્યું કે ગોરખનાથ અત્યંત સુંદર હતા. મત્સ્યેન્દ્રોદ્ધારના જ પ્રસંગમાં વણાયેલી લોકકથાઓથી માલૂમ પડે છે કે યોગી ગોરખનાથ ઘણા જ ચતુર, સમયાનુસાર કાર્ય કરવાવાળા અને વિભિન્ન પ્રકારના વેષ બદલવામાં ઘણા જ નિપુણ હતા. વિભિન્ન પ્રકારની વિદ્યાઓમાં નિષ્ણાત હોવાથી તેમને રૂપ બદલવામાં અને કાર્યમાં સફળતા પ્રાપ્ત કરવામાં જરા ય મુશ્કેલી આવતી

---

૯. "ગોરખનાથ ઔર ઉનકા યુગ", પાનું ૪૫-૪૬.

ન હતું. આથી જ તે લોકકથાઓમાં તેમના વિષે નર્તકી બનવાની, મૃદંગવાદક, માખી વગેરેનાં રૂપ ધારણ કરવાની વાતોનો સમાવેશ જોવા મળે છે. આ માટે તેમને કોઈ-કોઈ ગ્રંથમાં "વિદ્યાધર" પણ કહેવામાં આવ્યા છે.[૧૦]

મોટે ભાગે એવું જોવા મળે છે કે આવી જાતનું વિદ્યા-નૈપુણ્ય, સૌંદર્ય, ગુણવત્તા વગેરે હસ્તગત હોવાથી વ્યક્તિ ચરિત્ર અને નૈતિકતાની દૃષ્ટિએ ક્ષીણ થઈ જાય છે અથવા તેનું યોગ્ય સંરક્ષણ કરવામાં અસમર્થ હોય છે. પણ ગોરક્ષ-ચરિત્ર તો ગુણ અને શક્તિ આ બન્નેનો મણિકાંચનયોગ છે. બ્રહ્મચર્યપરાયણ અને હઠયોગાચારનિષ્ઠ નૈતિકતાથી સંપન્ન એવા યોગિસંપ્રદાયના વિકાસનું મૂળ શ્રેય યોગી ગોરખનાથને જ છે. આવી વ્યક્તિની રચનાઓમાં પ્રાપ્ત ઉપદેશોથી આ વાત સ્પષ્ટ પ્રકટ થાય છે કે યોગી ગોરખનાથે આવી રીતે સંયમ-પૂર્ણ બ્રહ્મચર્યપરાયણ યોગનો ઉપદેશ આપીને જો તેને જીવનમાં ઉતાર્યો ન હોત તો નિશ્ચય જ નાથયોગી સંપ્રદાયનું આ રૂપ આજે ન રહ્યું હોત. કહેવાનું તાત્પર્ય એ છે કે તેમના બોલ-વામાં અને ચાલવામાં અભેદ હતો એટલે કે તે જે કાંઈ ઉપદેશ આપતા, તે બધો જ જીવનમાં ઉતારતા અને જે કાંઈ જીવનમાં ઉતાર્યું હોય તે જ ઉપદેશરૂપે લોકોને આપતા હતા. આ સત્યને માનીને જ આપણે તેમની ગ્રંથરચનાઓના આધારે તેમના જીવનચરિત્ર અને ગુણોનો નિષ્કર્ષ કાઢી શકીએ છીએ. માતા પાર્વતીએ ચાર દિશામાં તપસ્યા કરતા એવા ચાર મહાસિદ્ધોની પરીક્ષા લીધી હતી ત્યારે તેમાં યોગી

---

૧૦ 'ગોરખનાથ ઔર ઉનકા યુગ' –પાનું જ૭-૪૬.

ગોરખનાથ સિવાય બીજા ત્રણેય સિદ્ધો માતા પાર્વતીનું સોળ વર્ષની સુંદરીનું અત્યંત સુંદર રૂપ જોઇને વિચલિત થઈ ગયા હતા. યોગી ગોરખનાથે અવિચળભાવે આવી અપ્રતિમ સુંદરીના માતૃરૂપની જ આકાંક્ષા કરી અને નવજાતશિશુ બનીને તે રમણીની ગોદમાં બેસી તેનું સ્નેહામૃતરૂપી સ્તનપાન કર્યું. આ કથાંશના આધારે બે વાત નક્કી થઈ શકે છે. એક તો એ કે યોગી ગોરખનાથ નારીના કેવળ માતૃરૂપના પૂજક અને સમર્થક હતા અને તેમણે ઊર્ધ્વ જીવનને માટે બ્રહ્મચર્ય, સંયમ, ઉદ્વેગરહિત હૃદયમાર્ગને ઉચિત માન્યાં હતાં. જો તેમણે આ બધાનું જીવનમાં આચરણ કર્યું ન હોત તો જરૂર જ તેમને પોતાના ગુરુ મત્સ્યેન્દ્રનાથનો ઉદ્ધાર કરવો તો દૂર રહેત પણ પોતે જ સ્ત્રિયારાજ્યમાં રમણીઓના ફંદામાં ફસાઈ પડયા હોત. યોગી ગોરખનાથની ગ્રંથ રચનાઓમાં એ વાત સ્પષ્ટ દેખાય છે કે તે કંચન અને કામિની આ બન્નેને સીધીસાદી રહેણી અને સાધનાત્મક જીવનને માટે વિઘાતક માનતા હતા. એવું કહેવાય છે કે યોગી ગોરખનાથે પોતાના ગુરુ મત્સ્યેન્દ્રનાથને સ્ત્રિયારાજ્યમાંની રમણિયોના પ્રેમપાશમાંથી છોડાવીને લઈ ગયા પછી ય મત્સ્યેન્દ્રનાથને કંચન (સોનું)નો મોહ રહી ગયો હતો. તેણે સ્ત્રિયારાજ્યમાંથી નીકળતી વખતે પોતાની ઝોળીમાં છાનાંમાનાં સોનાની ઈંટો સંતાડી દીધી હતી. માર્ગમાં શિષ્ય ગોરખનાથને ગુરુની આ દુર્બળતાની ખબર પડતાં તેનું મન ઉદ્વિગ્ન થઈ ગયું અને ગુરુને કામિનીની સાથે સાથે જ કંચનનો પણ મોહ છોડી દેવા સમજાવવા માટે તેણે પોતાની મહાયોગશક્તિનું પ્રદર્શન કર્યું. માર્ગમાં ઊભેલા એક મોટા પહાડ પ્રતિ યોગી ગોરખનાથે પોતાના કમંડલુમાંથી

પાણી છાંટતાં જ આખોય પહાડ સોનાનો બની ગયો. આ મહાન ચમત્કાર જોઇને ગુરુમત્સ્યેન્દ્રનાથ શરમાઈ ગયા અને સોનાની ઇંટો ભરેલી પોતાની ઝોળીને ખભા પરથી ઉતારીને તેને સમીપમાં વહેતી નદીમાં ફેંકી દીધી. આ પ્રસંગ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે યોગી ગોરખનાથ પોતે પ્રાપ્ત કરેલી યૌગિક સિદ્ધિઓનો પ્રયોગ ક્યારેક જ અને તે પણ પરહિત માટે જ કરતા હતા. આવી બીજી પણ કેટલીક કથાઓ પ્રચલિત છે જે ગોરખનાથના આ મહાન ગુણોની પુષ્ટિ કરે છે; જેવી કેઃ ગોરખપુરમાં તેમણે પોતાના યોગસામર્થ્યથી અન્નવિતરણ કર્યું હતું.

એક એવી કથા પણ તેમના વિષે પ્રચલિત છે કે દયાનાથ નામનો એક ચમત્કારીક યોગી ઘણા ય ચમત્કારો કરીને લોકોને વશ કરીને દુઃખ દેતો હતો. તે દયાનાથ ફૂંક મારીને પહાડોમાં આગ લગાડતો હતો, દોરડા અને ડંડાને હવામાં ઉછાળીને તેનાથી લોકોને બંધાવી પોતાની પાસે મંગાવતો હતો અને દુઃખ દેતો હતો, પહાડોને પણ હવામાં ઉડાડી મૂકતો હતો, ત્રણ ફૂંકથી આખા ય સિંધ પ્રદેશને નષ્ટ કરી દેવાની લોકોને ધમકી આપતો હતો, વગેરે. આ બધાથી લોકો ત્રાસી ગયા હતા. આથી રાજા ગોપીચંદ્રે યોગી ગોરખનાથને લોકોનાં દુઃખ દૂર કરવા માટે બોલાવ્યા. ગોરખનાથે આવીને જોયું કે દયાનાથ પોતાની યૌગિક સિદ્ધિઓનો પ્રયોગ કેવળ જનપીડન માટે કરે છે. આથી યોગી ગોરખનાથે તેને કહેવરાવ્યું, "લોકોને તમે દુઃખ ન દો, હું તમને અને તમારા અનુયાયીઓને તથા પ્રશંસકોને વરદાન આપું છું કે તમને સર્વેને સ્વચ્છ અને શ્વેત વસ્ત્રો અને

ઊંચી જાતના ઘોડાઓની ક્યારે ય અછત પડશે નહીં." દયાનાથે યોગી ગોરખનાથની મહાન શક્તિ અને સદ્ગુણોથી પ્રભાવિત થઇને તેમનું શિષ્યત્વ ગ્રહણ કર્યું, કાન ફડાવીને કુંડળ ધારણ કર્યાં, કાળા દોરાનો સાફો શિર પર ધારણ કર્યો અને ગુરુના આશીર્વાદ લઇને દીનોધર સ્થાને પાછો ફર્યો.[૧૧]

યોગી ગોરખનાથની ગ્રંથ રચનાઓથી અને તેમના સંપ્રદાયના સંગઠનથી એ વાત સિદ્ધ થાય છે કે તે વર્ણાશ્રમના ભેદાભેદને માનતા ન હતા. તેમનો પોતાનો જ સંપ્રદાય પોતાને "અતિવર્ણાશ્રમી" (અવધૂત) માને છે. યવનોને પણ તેણે પોતાના સંપ્રદાયમાં ભેળવ્યા હતા. દરેક માનવ પ્રતિ સમદૃષ્ટિ કેળવવાનું તેઓ આવશ્યક માનતા હતા. એક કથા અનુસાર તેમણે જ્વાલાદેવીના મંદિરમાં હિંસાવિરહિત માનસપૂજાનો પ્રારંભ કર્યો હતો. તેમની કેટલીક પંક્તિઓને આધારે એ નિષ્કર્ષ નીકળે છે કે તે ભાંગ, મદ્ય (દારૂ) માંસ આદિથી ઘણા દૂર રહેતા હતા. આવી જ એક બીજી કથા પરથી એ સ્પષ્ટ થાય છે કે યોગી ગોરખનાથ યોગી લોકોને માટે ધન આવશ્યક માનતા ન હતા. ગોરખનાથે રાંઝા નામની વ્યક્તિને કહ્યું હતું, "હું પૃથ્વી પર સૂઉં છું, મારી પાસે ન તો બિસ્તરો છે કે ન ઓઢવાનું; કંકર–પત્થર અને ઝાડી–ઝાંખરામાં રહું છું. યોગી તો નિર્ધન હોય છે. ધન તેની પાસે નથી હોતું."[૧૨] યોગી ગોરખનાથે પોતાને માટે કોઈ નિવાસસ્થાન બનાવ્યું ન હતું. તે સદૈવ

---

૧૧ "ગોરખનાથ ઔર ઉનકા યુગ"–પાનું ૫૧–૫૨.

૧૨ "ગોરખનાથ ઔર ઉનકા યુગ"–પાનું ૧૪, ઉદ્ધરણ મિ. બ્રિગ્ઝ.

ભ્રમણશીલ રહ્યા. ચાર યુગોમાં ભિન્નભિન્ન પ્રદેશોમાં તેમના નિવાસ કે અવતારની જે વાત કહેવામાં આવે છે તે વસ્તુતઃ તે તે પ્રદેશોની તેમની યાત્રાઓનું વિવરણ છે. રાંઝાની કથામાં યોગી ગોરખનાથને એ કહેતા ઉદ્ધરણ કરાયા છે કે યુવતી સ્ત્રીને "બહેન" અને ઉંમરવાળીને "માતા"ના નામથી સંબોધન કરો. "વયસ્કા સ્ત્રીયો પ્રતિ તેમના હૃદયમાં અત્યંત શ્રદ્ધા હતી. તે તેઓનો માતાની જેમ આદર કરતા હતા. ગોરખનાથે સ્ત્રી-જાતિને ફક્ત માતા રૂપે જ નીહાળી. કારણકે માતા પોતાના બાળકને વાસનારહિત સ્નેહથી પાળે-પોષે છે." વળી "યુવાન સ્ત્રીઓને તે ગૃહસ્થાશ્રમ-ધર્મમાં પતિવ્રતાના રૂપમાં જોવાની ઇચ્છા રાખતા હતા. તે સ્ત્રીઓના કામીસ્વરૂપથી તેમને અત્યંત ઘૃણા હતી. તેમને તેઓની વાસનાવૃત્તિ પ્રતિ તિરસ્કાર હતો. કુમારિકાઓ અને વિવાહવયસ્કાઓનું શીલવાન હોવું તેમને ઘણું પસંદ હતું. સ્ત્રી જાતિ પ્રતિ તેમના ઊંચા વિચાર તેમના સિદ્ધાંતોને પુષ્ટ કરે છે." [૧૩]સંયમપૂર્ણ જીવન વ્યતીત કરતાં કરતાં પણ આનંદિત અને નિશ્ચિંત રહેવું તે તેમની રહેણીની વિશેષતા હતી. આવી મસ્તીમાં સાધનાપણ નિર્વિઘ્નપણે જારી રહે એ જ તેમની આકાંક્ષા હતી[૧૪] તે નિર્ભય વ્યક્તિ હતા આથી પોતાની ગ્રંથ રચનાઓમાં તે

---

૧૩ "ગોરખનાથ ઔર ઉનકા યુગ"-પાનું ૫૬.

૧૪ "ગોરખવાણી" ગ્રંથમાં આવી જ વાત તેમણે લખી છે કે:

"હસીબા બોલિબા રહિબા રંગ, કામ ક્રોધ ન કરિબા સંગ.
હસિબા બોલિબા ગાઇબા ગીત, દિઢ કરી રાષિ આપના ચીત. ૭
હસિબા બોલિબા ધરિબા ધ્યાન, અહનિસિ કથિબા બ્રહ્મ ગિયાંન.
હસૈ બોલૈ ન કરૈ મન ભંગ, તે નિહચલ સદા નાથ કે સંગ." ૮

ચોગ પ્રતિકૂળ સાધનાઓ, મતો અને વિચારો પર આકરા પ્રહાર કરી શકયા હતા. આ જ કારણ છે કે લોકો તેમના વ્યકિતત્વમાં અક્કડપણાની અધિકતા જુએ છે.

તેમના પાંડિત્યની બાબતમાં હવે લગભગ બધો જ સંદેહ દૂર થઇ ગયો છે. "અમરૌઘશાસનમ્" અને "મહાર્થમંજરી" જો તેમની જ રચનાઓ હોય તો એ નિશ્ચિત છે કે તેમણે ભારતીય દર્શનશાસ્ત્રનું ગહન અધ્યયન કર્યું હતું. તેમની હિન્દી રચનાઓના અધ્યયનથી એ વાત સ્પષ્ટ થાય છે કે તે પાંડિત્યને મહત્ત્વ આપતા ન હતા.[૧૫] યોગી ગોરખનાથને પોતાના સમકાલીન સિદ્ધ પુરુષો સાથે ઘણો સંઘર્ષ હતો અને તે પણ ફકત એક જ કારણથી કે ગોરખનાથ પોતાના ભકતો, અને વિપત્તિઓમાં ફસાયેલા લોકોની સહાયતા કરવા માટે હંમેશા દોડી જતા હતા. યોગી કાનિફા, યોગી જાલંધર, યોગી દયાનાથ વગેરે આવા જ લોકો હતા. જેવું કેટલીક કથાઓથી માલૂમ પડે છે કે ભિન્ન સાધના માર્ગો કે, જે લોકોને સાચે માર્ગે દોરી જવામાં અસમર્થ હતા તે પણ આવા સંઘર્ષોનું કારણ રહ્યા હોય એ પણ સંભવ છે. તે સમયના પ્રચલિત વિભિન્ન સાધનસંપ્રદાયોનો તેની વિરૂપતાથી ઉદ્ધાર કરવો અને નાથમતમાં તે બધાનું સંગઠન કરી લેવું આ પણ તેમનું એક લક્ષ્ય હતું. આ માટે તો તેમને વિભિન્ન પ્રકારનાં પરાક્રમો દેખાડવા પડયાં અને તેમના વિષે અનેક કથાઓ તે તે પ્રદેશોમાં પ્રચલિત થઈ ગઈ.

---

૧૫ "ગોરખવાણી" ગ્રંથમાં કહ્યું છે કે:

"વેદ કતેબ બાંણી બાંણી, સબ ઢંકી તલિ આંણી ૪ તથા વેદે ન સાસ્ત્રે કતેબે ન કુરાંણે, પુસ્તકે ન બંચ્યા જાઈ. (પાનું ૬)

ગોરખનાથની ઐતિહાસિકતા અને સમય

યોગી ગોરખનાથનું વ્યકિતત્વ અને કાર્ય વિભિન્ન કિંવદન્તીઓ અને લોકકથાઓથી એટલું તો છવાયેલું છે તથા સાંપ્રદાયિકો દ્વારા આવી જાતની અનૈતિહાસિક વાતો એટલી અધિક માત્રામાં પ્રસારિત કરાઈ છે અને તે પણ એટલી તો પરસ્પર વિરોધી છે કે કેટલાક લોકો ગોરખનાથને પૌરાણિક-પ્રસિદ્ધિવાળા વ્યકિત માનવા લાગ્યા હતા. અત્યાર સુધીમાં તેમની ઐતિહાસિકતા અને તેમના સમયની બાબતમાં જેટલાં શોધખોળ અને લખાણ થયાં છે તેને સંક્ષેપમાં અહીં નીચે પ્રસ્તુત કરવામાં આવે છે. આ બધાના આધારે મોટે ભાગે એ તો નિશ્ચિત થઈ ગયું છે કે યોગી ગોરખનાથ એક ઐતિહાસિક વ્યકિત હતા અને આદિ શંકરાચાર્યની પછી અને રામાનુજાચાર્યની પહેલાં તેમનો આવિર્ભાવ થયો હતો. વસ્તુતઃ ગોરખનાથના સમયનો વિચાર અન્ય નાથ-સિદ્ધો અથવા સમકાલીન સિદ્ધોના કાળ-વિચારથી પૂર્ણતયા પૃથક કરી શકાય નહીં.

(૧) પ્રોફેસર જી. ડબલ્યૂ. બ્રિગ્ઝ સાહેબે ઘણીય ઐતિહાસિક, પૌરાણિક સામગ્રીની પરીક્ષા કરી એ નિશ્ચય કર્યો છે કે "જ્યાં સુધી બીજી નવી સામગ્રીનું ઉદ્ઘાટન નથી થતું ત્યાં સુધી નિષ્કર્ષ તો એ જ છે કે ગોરખનાથનો આવિર્ભાવ બારમી સદીની પહેલાં થયો હતો. અધિક સંભાવના તો એ છે કે અગ્યારમી સદીના પ્રારંભમાં જ તેમનો આવિર્ભાવ થયો અને તે બંગાળના પૂર્વી ભાગમાંથી આવ્યા હતા."

(૨) ડૉ. મોહનસિંહે એવી સંભાવના વ્યક્ત કરી છે કે ગોરખનાથ ઈસાની નવમી સદીમાં વિદ્યમાન હતા અને પંજાબના નિવાસી હતા.

(૩) નેપાળના રાજનીતિક અને ધાર્મિક ઇતિહાસમાંથી ઉપલબ્ધ તથ્યો, શૈવધર્મી નાથયોગી સંપ્રદાયના વિકાસના ઇતિહાસમાંથી ઉપલબ્ધ તથ્યો તથા વિભિન્ન સંપ્રદાયોની પરંપરાઓના આધારે પ્રોફેસર સિલ્વાં લેવી, ડૉ. શહીદુલ્લા જેવા વિદ્વાનોએ એ નિષ્કર્ષ કાઢયો છે કે નાથયોગી સંપ્રદાયના સંસ્થાપક યોગી ગોરખનાથ સાતમી સદીમાં અવશ્ય વિદ્યમાન હતા.

(૪) કેટલાક વિદ્વાનોને યોગી ગોરખનાથનો સમય પાંચમી અને છઠ્ઠી શતાબ્દીમાં પણ સિદ્ધ કરવા માટે પ્રમાણો મળ્યાં છે.

(૫) એક પરંપરા એવું પણ માને છે કે ઇસાઇ ધર્મના મહાન પ્રભુ ઇશુએ ભારતમાં આવીને હિમાલયના નાથયોગી પાસેથી યોગ શિક્ષણ મેળવ્યું હતું.[૧૬]

(૬) ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીએ વિભિન્ન દંતકથાઓ અને ઐતિહાસિક સામગ્રીઓના આધારે જે નિષ્કર્ષ કાઢયો છે તેનાથી ઘણી ય મહત્ત્વપૂર્ણ વાતોની ખબર પડે છે, જેવી કે: (૧) શ્રી મત્સ્યેન્દ્રનાથ અને જાલંધરનાથ સમકાલીન હતા તથા આ બન્નેના શિષ્ય હતા ક્રમશઃ ગોરખનાથ અને કાનુપા અથવા કૃષ્ણપાદ. આથી આ બેમાંથી એકનો પણ સમય નિશ્ચિત થઈ ગયાથી બીજાનો સમય નિશ્ચિત

૧૬ "NATH-YOGA" - By Prof. A. K. Banerjee Page 5

થઈ શકે છે. (૨) "કૌલજ્ઞાન નિર્ણય" નામના ગ્રંથના લેખકના મત પ્રમાણે શ્રી મત્સ્યેન્દ્રનાથ અગ્યારમી શતાબ્દી પહેલાં થયા હતા. (૩) શ્રી અભિનવ ગુપ્ત દ્વારા જે "મચ્છેન્દ્ર વિભુ" નામથી સ્તુતિ કરાઇ છે તે શ્રી મત્સ્યેન્દ્રનાથ જ છે. શ્રી અભિનવ ગુપ્તે "ઈશ્વરપ્રત્યભિજ્ઞા" નામે બૃહદ્ગ્રંથ ઈ. સ. ૧૦૧૫ માં લખ્યો હતો અને ક્રમસ્તોત્રની રચના ઈ.સ. ૯૯૧ માં કરી હતી. આથી એ નિશ્ચિત થાય છે કે શ્રી મત્સ્યેન્દ્રનાથ આ સમય પહેલાં આવિર્ભૂત થયા હોવા જોઇએ. (૪) શ્રી મત્સ્યેન્દ્રનાથ (મીનપા) રાજા દેવપાલના રાજ્યકાળમાં (ઈ. સ. ૮૦૯ થી ઇ. સ. ૮૪૯ સુધીમાં) થયાં હતા. આથી શ્રી મત્યેન્દ્રનાથ નવમી શતાબ્દીના મધ્યભાગ અને વધારેમાં વધારે ગણીએ તો અંતભાગ સુધી હયાત હતા. (૫) રાજા ગોવિંદચંદ્ર અથવા ગોપીચંદ્ર શ્રી જાલંધરના શિષ્ય કાનુપા (કૃષ્ણપાદ) ના શિષ્ય હતા. ઇતિહાસ કહે છે કે દક્ષિણના રાજા રાજેન્દ્ર ચોલે માણિકચંદ્રના પુત્ર ગોવિંદચંદ્રને લડાઈમાં પરાજિત કર્યો હતો. "ગોવિંદચંદ્રેર ગાન" નામના બંગ-ભાષાના પુસ્તક અનુસાર ગોવિંદચંદ્રને કોઇ દક્ષિણી રાજાની સાથે યુદ્ધ ઇ. સ. ૧૦૬૨-ઇ. સ. ૧૧૧૨ માં થયું હતું. આનાથી એવું અનુમાન કરી શકાય છે કે શ્રી જાલંધરનો સમય આ કાળથી સો વર્ષ પહેલાંનો હશે, એટલે કે લગભગ ઇ. સ. ૯૬૨ નો હશે. શ્રી મત્સ્યેન્દ્રનાથનો સમય આનાથી પણ પહેલાંનો છે. (૬) વજ્રયાની સિદ્ધ શ્રી કણ્હપા, જેણે પોતાના "ગાન" માં શ્રી જાલંધરના નામનો નિર્દેશ કર્યો છે, તેના મત અનુસાર તિબેટ દેશની પરંપરા અનુસાર રાજા દેવપાલ (ઇ. સ. ૮૦૯ થી ઇ. સ. ૮૪૯) ના સમકાલીન હતા. આથી

શ્રી જાલંધરનો સમય આ સમયથી કંઈક પહેલાંનો નક્કી થાય છે. (૭) ચાલુક્ય વંશના રાજા મૂળરાજે (ઇ.સ. ૯૯૩) અણહિલપુરના શિવમંદિરનો પ્રબંધક "કન્થડી" નામના સિદ્ધને મોટા છળ-બળ-કૌશલથી બનાવ્યો હતો. આ સિદ્ધનાં બધાંય લક્ષણો નાથપંથી યોગીના છે એવું "પ્રબંધચિંતામણિ" ગ્રંથ પરથી માલૂમ પડે છે. ઉપર મુજબના પ્રમાણોને આધારે એમ કહેવું ઉચિત જણાય છે કે નાથસંપ્રદાયના આદિપ્રવર્તકોનો સમય નવમી શતાબ્દીનો મધ્ય ભાગ જ હશે.

આ બધી ઉપર જણાવ્યા મુજબની સામગ્રીઓ પરથી એવો સંકેત મળે છે કે યોગી ગોરખનાથના સમયનો વિચાર કેવળ ઇ. સ. નવમીથી અગ્યારમી શતાબ્દીમાં જ સીમિત કરી લેવો જોઇએ.

"અગ્યારમી શતાબ્દી"

(૭) ડૉ. કલ્યાણી મલ્લિકે પોતાના આ વિષેના સંશોધન કાર્યના નિષ્કર્ષરૂપે એવો નિશ્ચય કર્યો છે કે યોગી ગોરખનાથનો સમય અગીયારમી શતાબ્દી છે. આ માટેનાં તેમનાં પ્રમાણો નીચે પ્રમાણે છે.

(૧) સંત જ્ઞાનેશ્વર રચિત "જ્ઞાનેશ્વરી" નામના ગીતાના ભાષ્યમાં નાથયોગીઓનો ઉલ્લેખ મળે છે. શ્રી ભાવે આ "જ્ઞાનેશ્વરી"નો રચનાકાળ દસમી કે અગીયારમી શતાબ્દી માને છે.

(૨) રાણી મયનામતી ગોરખનાથની શિષ્યા હતી. મયનામતીના પતિ રાજા માણિકચંદ્ર ધર્મપાલના ભાઈરૂપે પ્રસિદ્ધ છે અને પાલવંશનો લોપ અગીયારમી શતાબ્દીમાં થયો છે.

(૩) રાજા રાજેન્દ્રચોલના ૧૦૨૪ સાલના શિલાલેખ પરથી માલૂમ પડે છે કે તે વખતે બંગદેશમાં ગોવિંદચંદ્ર નામનો રાજા હતો. અરાકાનના ચંદ્રવંશીય રાજા ગોવિંદચંદ્ર અને મયનામતીનો પુત્ર ગોપીચંદ્ર એ બે એક જ વ્યકિત હતા. આથી ગોરખનાથનો સમય અગીયારમી શતાબ્દી છે.

(૪) પાલવંશના રાજાઓમાં રાજા દેવપાલે રામાઈ પંડિત નામના કોઈ નીચી શ્રેણીની વ્યકિતની પ્રેરણાથી ધર્મપૂજાનો પ્રચાર કર્યો હતો. રામાઇ પંડિતને દેવપાલની બહેન મયનામતીની સહાનુભૂતિ મળી હતી. દસમી શતાબ્દીના અંતિમ ભાગમાં રામાઈ પંડિતનો જન્મ થયો હતો. પાલવંશીય રાજાઓ વિષેનાં ગીતોમાં બૌદ્ધ પ્રભાવ સુસ્પષ્ટ છે અને તેમાં મીનનાથ, ગોરખનાથ, હાડીપા વગેરે સિદ્ધોનો ઉલ્લેખ મળે છે. પાલવંશીય રાજાઓએ અગીયારમી શતાબ્દી સુધી રાજ્ય કર્યું હતું.

"દસમી શતાબ્દી" :

(૧) ડૉ. વિનય સેને એવું પ્રમાણિત કર્યું છે કે "ગોપીચંદેર ગાન"ના હરિચંદ્ર (ગોપીચંદ્રના સસરા); "શૂન્યપુરાણ"ના હરિચંદ્રરાજા તેમ જ તારાનાથ દ્વારા જેનો ઉલ્લેખ કરાયો છે તે ચંદ્રવંશીય બૌદ્ધરાજા હરિચંદ્ર એ ત્રણે ય અભિન્ન વ્યકિત હતા. બૌદ્ધરાજા હરિચંદ્ર પાલવંશના પતન વખતે બંગદેશ પર શાસન કરતો હતો. રાજેન્દ્રચોલ દ્વારા ગોવિન્દચંદ્રના પરાજયની ઘટનાને સત્ય માની લેવામાં આવતાં યોગી ગોરખનાથનો સમય દસમી શતાબ્દી માનવો પડશે.

(૨) માલવરાજ ભર્તૃહરિ મયનામતીના ભાઈના રૂપે પ્રસિદ્ધ છે. એવું કહેવાય છે કે તેણે પોતાની પત્ની પિંગળાના મૃત્યુથી શોકાકુલ થઈને ગોરખમત (નાથસંપ્રદાય) સ્વીકાર્યો હતો. રાજા ભર્તૃહરિ પછી વિક્રમાદિત્ય ઉજ્જયિનીનો રાજા બન્યો (ઈ. સ. ૧૦૧૮–૧૧૨૬). આવી રીતે રાણી પિંગળાના મૃત્યુની ઘટના અગિયારમી શતાબ્દી પહેલાંની છે. આથી ગોરખનાથ આ અગિયારમી શતાબ્દી પછીના ન હોઈ શકે.

દશમી શતાબ્દીની પહેલાં :—

(૧) માલવરાજકન્યા મયનામતીના પતિ માણિકચંદ્રનાં ગીત રંગપુરના પાશુપત શૈવ ગાતા હતા. તે લોકો યોગી ગોરખનાથની ગુરુરૂપે પૂજા કરતા હતા. ઈતિહાસકાર "પૈંગ-સાંમ–જાંન–જ્વૈન" ના લખવા અનુસાર શંકર–દિગ્વિજયના પરવર્તી કાળમાં મગધ દેશમાં શ્રી હર્ષના જ્યેષ્ટ પુત્રના રાજ્ય કાળમાં બંગદેશમાં માણિકચંદ્રના પિતા રાજ્ય કરતા હતા. આચાર્ય શ્રીમદ્ શંકરનો જન્મકાળ ઈ. સ. ૭૮૮ માં માનવામાં આવે છે. યોગી ગોરખનાથે નાથસંપ્રદાયના દર્શનશાસ્ત્રનો સાથે ઉપનિષદ્–દર્શનનું સામંજસ્ય કર્યું છે. આથી તે શ્રીમદ્ શંકરાચાર્યના ઘણા પરવર્તી હોઈ ન શકે.

(૨) આઠમી શતાબ્દીના પ્રારંભમાં હિન્દુ–મુસલમાનો વચ્ચે જે સંઘર્ષ થયો હતો તેમાં યોગી ગોરખનાથના શિષ્ય રાજા રસાલૂએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો. રાજા રસાલૂ અને પૂરણ ભક્ત એ બંન્ને ગોરખનાથના શિષ્ય હતા.

આથી ઘણું કરીને ગોરખનાથનો સમય ઈ. સ. ની બારમી શતાબ્દી પહેલાંનો કોઇ સમય છે.[૧૮]

એક બીજા લેખમાં ડૉ. કલ્યાણી મલ્લિકે એ સ્વીકાર્યું છે કે યોગી ગોરખનાથનો સમય દસમી શતાબ્દી પછીનો જરૂર હોવો જોઇએ. આવી રીતે ગોરખનાથના સમય બાબતમાં સ્પષ્ટતઃ બે મત છે:[૧૯] એક મત એવું માને છે કે ગોરખનાથનો જીવનકાળ સ્પષ્ટતઃ ઈ. સ. ની નવમી શતાબ્દીનો મધ્યકાળ છે, જ્યારે બીજો મત તેમને દસમીથી બારમી શતાબ્દી વચ્ચેના કોઇ પણ કાળમાં વિદ્યમાન માને છે. આ બન્ને મતમાં ઘણું અંતર છે. ડૉ. કલ્યાણી મલ્લિકનાં કેટલાંક પ્રમાણોનો ઉપયોગ પ્રથમ મતની પુષ્ટિ માટે પણ કરી શકાય છે. આ બધા પર વિચાર કરતાં પ્રથમ મત (નવમી શતાબ્દી વાળો) જ અધિક માન્ય પ્રતીત થાય છે.

ગોરખનાથનું સાહિત્ય :—

જ્યારે આ શબ્દનો પ્રયોગ કરવામાં આવે છે ત્યારે કેટલાક લોકો ક્યારેક આનો અર્થ "ગોરખનાથના સંપ્રદાયનુ સાહિત્ય" એવો સમજે છે. બીજો યોગ્ય અર્થ છે, "ગોરખનાથ દ્વારા રચિત સાહિત્ય" અથવા "ગોરખનાથના-

---

૧૮ "નાથસંપ્રદાયેર ઇતિહાસ, દર્શન ઓ સાધના પ્રણાલી" પાનું ૩૪-૩૯.

૧૯ "સિદ્ધસિદ્ધાંતપદ્ધતિ ઍન્ડ અધર વર્કસ"—પ્રસ્તાવના પાનું ૧૦

નામે પ્રચલિત સાહિત્ય ". ગોરખનાથના નામથી પ્રચલિત સાહિત્ય પ્રમાણમાં ઘણું વધારે છે. અને તે હિન્દી અને સંસ્કૃત બન્ને ભાષામાં રચિત છે. ડો. હજારી પ્રસાદ દ્વિવેદીએ પોતાના ગ્રંથ " નાથ સંપ્રદાય " માં ૨૮ ગ્રંથોની ગણના કરી છે. જેમાંથી કેટલાક ગ્રંથોનું વિવરણ પણ તેણે આપ્યું છે. આ ગ્રંથમાં સિદ્ધસિદ્ધાંત - પદ્ધતિ, અમરૌઘશાસનમ્, ગોરક્ષસંહિતા, મહાર્થમંજરી ગ્રંથ અન્યગ્રંથોની તુલનામાં અધિક પ્રામાણિક પ્રતીત થાય છે. હિન્દી રચનાઓમાં "સબ્દી"ના અંશ અપેક્ષાકૃત અધિક પ્રામાણિક મનાય છે. યોગી ગોરખનાથના નામથી પ્રચલિત સાહિત્ય ઉપર વિદ્વાનો દ્વારા ઘણુંય લખાઇ ચૂકયું છે. આથી આ બધાનાં ઉદ્ધરણોની અહીં આવશ્યકતા જણાતી નથી. [૨૦]

ગોરખનાથ-દર્શન (Philosophy)

ગોરખનાથના દર્શનના મૂળ આધારગ્રંથો સંસ્કૃત ભાષામાં છે. ઉપર મુજબની સંસ્કૃત રચનાઓમાં ગોરખ-દર્શનનું તત્ત્વવિજ્ઞાન ઘણું જ પુષ્ટરૂપે પ્રકાશિત થયું છે. અન્ય ઘણાં ભારતીય-દર્શનોની જેમ જ ગોરખ-દર્શનના તત્ત્વજ્ઞાનનો મૂળ આધાર સાંખ્યનું તત્ત્વવિજ્ઞાન છે. શૈવસિદ્ધાંતનાં અ

---

૨૦ " નાથસંપ્રદાય "-પાનું ૯૮-૧૦૨
" ના. સં. ઇ. દ. સા. પ્ર. "-પાનું ૧૨૧-૧૫૦
" નાથસિદ્ધોંકી બાનિયાં "
" નાથ ઔર સાહિત્ય "-પાનું ૨૭-૩૪

તત્ત્વોનો પૂરો સમાહાર તેમાં મળે છે. વસ્તુતઃ આ તત્ત્વ-વિજ્ઞાનનું મુખ્ય લક્ષ્ય નાથોનો 'પિંડ-બ્રહ્માંડવાદ' છે. પિંડ અને બ્રહ્માંડની સમતત્ત્વતા, સમપદાર્થતા સિદ્ધ કરવા માટે દાર્શનિક આધારના રૂપે આ તત્ત્વવિજ્ઞાનનો વિકાસ કરાયો છે એવું પ્રતીત થાય છે. ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી, ડૉ. કલ્યાણી મલ્લિક વગેરેએ આ તત્ત્વવિજ્ઞાનનું સવિસ્તૃત વિવેચન કર્યું છે. અહીંયાં તેને સંક્ષેપમાં ઉપસ્થિત કરવામાં આવે છે.

પ્રલયાવસ્થામાં શિવ કાર્ય-કારણના ચક્ર સંચાલનથી વિરત, કુલ-અકુલ-ભેદથી પર અને અવ્યક્ત રહે છે. આ અવસ્થાને "સિદ્ધ-સિદ્ધાંત-સંગ્રહ" નામના ગ્રંથમાં "સ્વયં" કહેવામાં આવી છે.[૨૧] આ પરમ શિવમાં સિસૃક્ષા ઉત્પન્ન થતાં તેમને સગુણશિવ કહે છે. આ સિસૃક્ષા જ શક્તિ છે જેના ઉત્પન્ન થતાં જ શિવ અને શકિત બે તત્ત્વ થઇ જાય છે, જે આ સ્થિતિમાં અભિન્ન રહે છે. આ પછી આ બન્ને તત્ત્વોનો પાંચ અવસ્થાઓમાં વિકાસ થાય છે, જે સંક્ષેપમાં આ પ્રમાણે છે :

શિવ	શકિત
(૧) અપર	(૧) નિજા (સ્ફુરિત થવા પહેલાંની, સ્ફુરિત થયા પછીની)
(૨) પરમ	(૨) પરાં (સ્ફુરણોન્મુખ)

---

૨૧ કાર્યકરણકર્તૃત્વં યદા નાસ્તિ કુલાકુલમ્। અવ્યકતં પરમંતત્ત્વં સ્વયં નામ તદા ભવેત્॥ ("સિદ્ધ-સિદ્ધાંત સંગ્રહ ૧/૪")

(૩) શૂન્ય	(૩) અપરા (સ્પંદિત થાય છે)
(૪) નિરંજન	(૪) સૂક્ષ્મ અહંતા ('હું'પણાનો, પૃથકતાનો ભાવ)
(૫) પરમાત્મા[૨૨] (આ અવસ્થામાં શિવ વિશ્વ-પ્રપંચની ઉત્પત્તિ, પાલન અને સંહારમાં સમર્થ હોય છે)	(૫) કુંડલી[૨૩] (પોતાની પૃથકતામાં પૂર્ણ સચેત તે શકિતની સહાયતાથી શિવ આ વિશ્વપ્રપંચની ઉત્પત્તિ પાલન અને સંહારમાં સમર્થ હોય છે.)

આ કુંડલી વૈદાન્તિક બ્રહ્મની શક્તિ "માયા"થી ભિન્ન છે. આ ચિત્શક્તિ, ચિદ્રૂપિણી, અનન્તરુપા અને અનન્તશકિતરૂપા છે. જગત્ આ શકિતનું પરિણામ છે અને આ શક્તિ જગત્રૂપે પરિણત થાય છે. એ વેદનશીલા પણ કહેવાઈ છે અને આના અન્ય શક્તિઓના જેવા જ પાંચ ગુણ–પૂર્ણતા, પ્રતિબિમ્બતા, પ્રબલતા, પ્રોચ્ચલતા, પ્રત્યંમુખતા–બતાવ્યા છે.[૨૪] આ પછી આ શક્તિ સૃષ્ટિક્રમને અગ્રસર કરવા માટે

---

[૨૨] "સિદ્ધ-સિદ્ધાંત-સંગ્રહ" પાનું-૨, ઉપ, ૧, શ્લોક ૧૪-૧૫

[૨૩] "નિજા પરાડપરા સૂક્ષ્મા કુંડલી તાસુ પંચધા ।
શકિતચક્રક્રમેણૈક જાત: પિંડ: પરે શિવે ॥
(સિદ્ધ-સિદ્ધાંત-સંગ્રહ-પાનું ૨, શ્લોક ૧૩)

[૨૪] "નાથસંપ્રદાય"–પાનું ૧૦૪; "સિદ્ધસિદ્ધાંતસંગ્રહ"–પાનું ૧.૬; "સિદ્ધસિદ્ધાંતપદ્ધતિ"–પાનું ૧.૭

ક્રમશઃ સ્થૂળતા તરફ અગ્રસર થાય છે. ત્રણ પરવર્તી ક્રમવિકાસ છે :

(૩) સદાશિવ—અહંપ્રધાન.

(૪) ઈશ્વર—ઈદંપ્રધાન.

(૫) શુદ્ધવિદ્યા—ઉભયપ્રધાન.[૨૫]

"શિવ" ક્રમશઃ ઉપર મુજબની પાંચ અવસ્થા (આનંદ) માં થઇને "જીવ"–રૂપ તરફ અગ્રસર થાય છે. તે ક્રમશઃ સ્થૂળથી સ્થૂળતર થતા જાય છે. આવી રીતે ગોરખ–તત્ત્વવિજ્ઞાન અનુસાર તત્ત્વવિકાસ (સૃષ્ટિપ્રક્રિયા)માં ક્રમશઃ નિમ્નલિખિત ૩૬ તત્ત્વ ઉત્પન્ન થાય છે : ઉપર મુજબનાં ૫ અને ૬ માયા, ૭–૧૧ પંચકંચુક, ૧૨ પુરુષ, ૧૩ પ્રકૃતિ, ૧૪ મહત્, ૧૫ અહંકાર, ૧૬–૨૦ પંચતન્માત્રા, ૨૧–૩૧ એકાદશ ઇન્દ્રિય, ૩૨–૩૬ પુંચભૂત.[૨૬]

વસ્તુતઃ આ આખો વિકાસ "સિદ્ધ–સિદ્ધાંત–પદ્ધતિ"માં "પિંડોત્પત્તિ"ના પ્રકરણમાં વર્ણવ્યો છે. આથી આ આખા ય વિકાસને પિંડોત્પત્તિ અનુસાર વિભાજિત કરવામાં આવ્યો છે. (૧) પરપિંડ (તત્ત્વ ૧–૨), (૨) આદ્યપિંડ (૩–૫), (૩) સાકારપિંડ (૬–૧૩), (૪) પ્રાકૃતપિંડ (૧૪–૨૦), (૫) અવલોકનપિંડ (૨૧–૩૧), (૬) ગર્ભપિંડ (૩૫–૩૬).

---

૨૫ "નાથસંપ્રદાય"–પાનું ૧૦૫

૨૬ "ના. સં."–પાનું ૧૦૯

ગર્ભપિંડ સ્થૂળતમ પિંડ છે અને સૃષ્ટિપ્રક્રિયામાં અંતિમ સ્થૂળતમ વિકાસ છે.[૨૭]

એ સ્પષ્ટ છે કે ઉપરની પ્રક્રિયા બ્રહ્માંડ અને પિંડની સમતુલ્ય વિકાસ-પ્રક્રિયા છે. ભેદ કેવળ સત્ત્વ, રજ, તમ, કાળ, અને પ્રાણશક્તિની ન્યૂનતા તથા અધિકતાને કારણે છે. ત્યાં સુધી કે પ્રત્યેક પરમાણુ સુધીમાં તે બધાં તત્ત્વોની સત્તા સ્વીકૃત છે. "પિંડ જાણે બ્રહ્માંડનું સંક્ષિપ્ત સંસ્કરણ છે."[૨૮] આવી રીતે પરમશિવ (સ્વયં)ની અવસ્થા જ પરમ અવસ્થા છે. નાથમાર્ગને વિદ્વાન લોકો અદ્વૈતવાદી માને છે કિંતુ શાંકર અદ્વૈતવાદ સાથે જે ભેદ છે તેની તરફ સંકેત કરાઈ ગયો છે. બીજા નાથસિદ્ધાચાર્ય પોતાના ભેદ સ્થિર કરવા માટે સિદ્ધાંતની દૃષ્ટિએ પોતાને દ્વૈતાદ્વૈત-વિલક્ષણવાદી કહે છે કેમકે નાથતત્ત્વ દ્વૈત અને અદ્વૈત આ બન્નેથી પર છે. તે નિરુપાધિ છે અને સંખ્યા ઉપાધિ છે. તે અવાચ્યપદ છે. જગત્નો પ્રપંચ શક્તિના સ્ફોટ પછી શરૂ થાય છે. આથી શક્તિ જ જગત્કર્તી છે, શિવ નહીં. આ સંપ્રદાયમાં બ્રહ્મા અથવા શિવની શક્તિને ચિત્સ્વભાવા માનવામાં આવી છે અને વેદાંતીઓમાં જડસ્વભાવા. આથી નાથદર્શનમાં જગત્ ચિત્શક્તિનો વિકાસ છે. ધર્મી શિવ અને ધર્મ શક્તિને કેવળ વ્યવહારાનુરોધથી ભિન્ન માની લેવાયા છે. ચિદ્બ્રહ્મની શક્તિ પણ ચિદ્રૂપા જ હોવી જોઇએ.

---

૨૭ "ના સં."-પાનું-૧૦૭-૧૦૯

૨૮ "ના. સં."-પાનું ૧૧૦; "સિદ્ધસિદ્ધાંતસંગ્રહ"-પાનું ૧૮

શિવનું સ્વરુપનિર્ધારણ અશક્ય હોવાથી તેમની અભિન્ન–ભિન્નરૂપા શક્તિ જ ઉપાસ્ય હોઈ શકે છે. નાથયોગી સાધકનું લક્ષણ છે, શિવ અને શક્તિના સામરસ્યરૂપ સહજ સમાધિ. આવી રીતે શક્તિની ઉપાસના અંતતઃ શિવોપાસના જ છે. વ્યવહારાનુરોધથી શક્તિની ઉપાસના કહેવાય છે.

ડૉ. કલ્યાણી મલ્લિકે બતાવ્યું છે કે ગોરખનાથનું દર્શનશાસ્ત્ર પ્રાચીનકાળના શૈવમતના અદ્વૈતવાદ પર આધારિત છે કિંતુ તેમનું નાથતત્ત્વ દ્વૈત–અદ્વૈત, સાકાર–નિરાકારથી અતીત છે. શિવ શુદ્ધ ચિદ્રૂપ છે અને શક્તિ તેનું પરિવર્તન અને વિકાસનો પક્ષ છે. નાથસંપ્રદાયી લોકો જગતપ્રપંચના અદ્વિતીય પરમકારણને શિવ અથવા આદિનાથના નામથી ઓળખાવે છે. તે સ્વરૂપતઃ અનાદિ, અનંત, સ્વયંસિદ્ધ, સ્વપ્રકાશ, નિત્યતત્ત્વ, દેશકાળાતીત, સર્વ અવચ્છેદહીન અને સર્વભેદ–બાધાશૂન્ય છે. તે સર્વથા નિરપેક્ષ સત્તા છે. તે સ્વયં નિષ્કારણ અને સમસ્ત ચરાચરના એકમાત્ર કારણ છે. આ કારણતા જ તેમની શક્તિ છે. આ શક્તિની સાથે તે નિત્યયુક્ત રહે છે. શિવશક્તિના સંબંધના વિષે નાથગણ કહે છે:

"શિવસ્યાભ્યંતરે શક્તિઃ શક્તેરભ્યંતરે શિવઃ,
અંતરં નૈવ પશ્યામિ ચંદ્રચંદ્રિકયોરિવ."[૨૯]

---

૨૯ "સિ. પ. અ. વ. ના. યો."–ભૂમિકા–પાનું ૧૯
"ના. સ. ઈ. દ. સા. પ્ર."–પાનું ૨૮૮
"સિદ્ધસિદ્ધાંતસંગ્રહ"–પાનું ૨૬–૨૭. ૪૦૩૭;
"સિદ્ધસિદ્ધાંતપદ્ધતિ"–પાનું ૪૦૨૬

એક જ અદ્વિતીય પરમતત્ત્વ દૃષ્ટિભેદથી શિવ અથવા શક્તિ કહેવાય છે. શિવ શક્તિરૂપ થઈને સર્વ આકારોમાં સ્ફુરિત થાય છે. બન્ને ય અન્યોન્ય આશ્રયભૂત છે. ધર્મ વિના ધર્મી અકલ્પનીય છે. આવી રીતે બન્ને તત્ત્વતઃ અભિન્ન છે:

"પ્રસરં ભાસતે શક્તિઃ સંકોચં ભાસતે શિવઃ,
તયોઃ સંયોગકર્ત્તા યઃ સ ભવેદ્યોગયોગરાટ્."[૩૦]

આ પ્રસાર અને સંકોચનાં જે આદિ અને અંત છે તે જ સામ્યાવસ્થા છે અને તે જ નિરાભાસ છે, તે જ શિવઅવસ્થા છે. જ્યારે આ સામ્ય ભંગ થાય છે એટલે કે શક્તિના સ્ફુરણ કે પ્રસરમાં સ્તરાનુસાર વિશ્વનો આવિર્ભાવ થાય છે ત્યારે શક્તિ પરિણામ હાંસલ કરે છે અથવા જગત્ આભાસિત થાય છે. શક્તિની સંકોચક્રિયાના અવસાન કાળ સુધી જગત્ ક્રમશઃ સ્થૂળ-સૂક્ષ્મભેદથી આભાસિત થાય છે. આથી જગત્નો આભાસ જ શક્તિભાવ અને નિરાભાસ જ શિવભાવ છે. શિવ એકરસ અને અપરિણામી છે જ્યારે શક્તિ પરિણામી છે. શક્તિનો તિરોભાવ જ જગત્નો લય છે. તેમ છતાંય શિવ અને શક્તિ સૂર્ય અને સૂર્યકિરણ જેવાં અભિન્ન છે. આથી શક્તિની સાધનાથી શિવની ઉપલબ્ધિ થાય છે. શક્તિઉપાસના સાધન છે અને શિવત્વ લાભ કરવો તે તેનું ફળ છે. વિમર્શ જ શિવની શક્તિ છે. આવી રીતે નાથગણ સગુણ સક્રિય વિચિત્રબ્રહ્માંડરૂપી શિવ, અને નિર્ગુણ નિષ્ક્રિય શિવ નામનાં એ

૩૦" ના. સ. ઈ. દ. સા. પ્ર.-પાનું ૨૨૮-૨૨૯
" સિદ્ધસિદ્ધાંતસંગ્રહ પાનું ૩૬-૩૭, ૬.૯

બે તત્ત્વોનો સ્વીકાર કરે છે. સગુણ-નિર્ગુણ, સક્રિય-નિષ્ક્રિયની મિલનભૂમિને જ તે નાથસ્વરૂપ કહે છે.[૩૧]

પરબ્રહ્મના 'રુપના' સંબંધમાં એવો નાથસિદ્ધાંત છે કે ઈશ્વરમાં ક્રિયા અને અક્રિયા આ બન્ને પ્રકારની શક્તિઓ વિદ્યમાન છે. પૂર્ણબ્રહ્મ જે છે તે સક્રિય અથવા નિષ્ક્રિય નથી. નાથોનું સ્થાન નિર્ગુણ છે. નાથ અને નિર્ગુણ બ્રહ્મમાં ભેદ છે. બ્રહ્મ વ્યાપક છે, નિર્ગુણબ્રહ્મ સર્વવ્યાપક નથી, તેનું કારણ એ છે કે નિર્ગુણબ્રહ્મ કેવળ શક્તિહિત છે. નાથસ્વરૂપ તો નિર્ગુણ-સગુણ એ બન્નેથી પર છે. નાથ સંપ્રદાયના લોકો બધા દેવતાઓમાં શિવને ઉત્તમ માને છે અને આ શિવથી પણ ઉત્તમ નાથ ને સમજે છે. "ગોરક્ષ-સિદ્ધાંત-સંગ્રહ" નામના ગ્રંથનું એવું કહેવું છે કે ગોરખનાથના મત અનુસાર વિશ્વકર્તૃત્વ નાથનું નથી પણ શિવનું છે. શિવ જ વિશ્વકર્તા છે અને નાથ નિર્ગુણ અને નિરુપાધિરુપ છે. આથી તેમને માટે પ્રાકૃતિક કાર્ય-કારણનું કોઈ માહાત્મ્ય નથી. વિશ્વના સૃષ્ટિકર્તા સગુણ, સોપાધિ શિવ છે.[૩૨] સિદ્ધમતમાં પરમતત્ત્વને દ્વૈતાદ્વૈતવિવર્જિત કહેવામાં આવ્યું છે. આ જ સિદ્ધમતનું વૈશિષ્ટ્ય છે. આ વિવર્જિતતત્ત્વ જ પૂર્ણ સત્ય છે. નિર્ગુણ બ્રહ્મ અને સિદ્ધોના નાથમાં ભેદ-પ્રભેદ એ છે કે નાથ અદ્વૈતોપરિ અને નિરાકાર-સાકારાતીત છે. આ નાથથી નિરાકાર જ્યોતિર્નાથ અને સાકારનાથનો જન્મ થાય છે. સાકારનાથથી સદાશિવ, ભૈરવ અને તેની શક્તિ ભૈરવીનો જન્મ થાય છે. નાથ સર્વ-વિલક્ષણ અર્થાત્ "યાદેશ એવ તાદૃશ એવ" છે. તેમની કોઈ તુલના નથી તે જ મહાસિદ્ધોનું લક્ષ્ય છે.[૩૩]

---

૩૧ "ના. સ. ઈ. દ. સા"-પાનું ૨૩૦-૨૩૧.

૩૨, ૩૩ "ના. સ. ઈ. દ. સા."-પાનું ૨૫૪, ૨૫૯ તથા ૨૬૯, ૨૭૩

નાથદર્શન અનુસાર જીવન્મુક્તિની જ અવસ્થા તે આદર્શ અવસ્થા છે. દેહપાત થયા પછી જે મુક્તિ મળે છે તે યથાર્થ મુક્તિ કહેવાતી નથી. કારણ એ છે કે આ મુક્તિ દેહપાતરુપી પ્રતિબંધક દ્વારા બાધિત છે. નાથગણ કહે છે કે જે દેહ દ્વારા પરમપદની પ્રાપ્તિ થાય છે તે દેહની રક્ષા, યથેચ્છ વિચરણાદિ કરવાં એક કર્તવ્ય છે. વિદેહમુક્તિમાં તે દેહનો જ ત્યાગ થઈ જાય છે. "યોગીબીજ" નામના ગ્રંથમાં સ્વયં યોગી ગોરખનાથે લખ્યું છે:

"અજરામરપિંડો યો જીવન્મુક્તઃ સ એવ હિ."

જીવન્મુક્તિયોગમાં દૈહિક પરિવર્તન સધાય છે. આ સિદ્ધદેહની પ્રાપ્તિ થવાથી યોગીને "ઇચ્છામૃત્યુવરણ" શક્ય બને છે. વેદાંતનો "આત્મસાક્ષાત્કાર" તે નાથમાર્ગની "પરમપદ પ્રાપ્તિ" છે. પણ આ સાથે જ નાથયોગી લોકો તે દેહને જ સ્થાયી કરવા માટે સચેષ્ટ છે. યોગ દ્વારા સિદ્ધયોગી પ્રારબ્ધનો ક્ષય કરે છે. ત્યાર પછી તે પોતાના દેહને રાખે કે ન રાખે તે બધું તેમની ઇચ્છા પર નિર્ભર છે. સિદ્ધ મતમાં દેહ જ આત્મા છે. વિક્ષેપ દૂર ન થવાથી શુદ્ધ દેહ લાભ થતો નથી. શક્તિયુક્ત ચૈતન્યને સિદ્ધ લોકો સ્વીકાર કરે છે. તેને જીતીને વિશેષરૂપ અજ્ઞાનને દૂર કરીને મુક્તિલાભ મેળવાય છે. યોગી ચૈતન્યશક્તિનો જય કરીને કાળજયી બને છે. યોગીનું આ શરીર જ યોગદેહ છે. એવો સિદ્ધમત છે કે જે વ્યક્તિનું મૃત્યુ થાય છે તે મુક્ત કહેવાતો નથી. જે પરામુક્ત છે તેને ક્યારે ય દેહપાત થતો નથી.[૩૪]

---

૩૪ "ના. સં. ઇ. દ. સા."–પાનું ૨૯૨, ૨૯૩, ૨૯૬–૨૯૭, ૩૦૧, ૩૦૩.

卐

❋ નાથપંથમાં યોગ ❋

નાથપંથ શુદ્ધસાધનાનો માર્ગ છે. પોતાના સિદ્ધાંતોની સાર્થકતા તેમાં એ જ મનાય છે કે તેનો આ જીવનમાં જ અનુભવ કરવામાં આવે. નાથપંથનો તાત્ત્વિક સિદ્ધાંત છે કે પરમાત્મા "કેવળ" છે, તે ભાવ અને અભાવ આ બન્નેની પર છે, તેને ન "વસ્તી" (ભાવ) કહી શકીએ કે ન તો "શૂન્ય" (અભાવ); ત્યાં સુધી કે તેનું નામ પણ નથી કહી શકાતું.

"બસ્તી ન શૂન્યં શૂન્ય ન બસ્તી અગમ અગોચર ઐસા,
ગગન સિખર મહિં બાલક બોલહિં, વાકા નાંવ ધરહુગે કૈસા."
(ગોરખ સબદ)

આ કેવલાવસ્થા સુધી પહોંચવું તે જીવનો મોક્ષ કહેવાય છે. સાધકની દૃષ્ટિથી તેટલું મહત્ત્વ સિદ્ધાંતનું નથી જેટલું તે સિદ્ધાંતને અનુભૂત સિદ્ધિ સુધી પહોંચવાવાળા માર્ગનું છે, જેના સિવાય સિદ્ધાંતની કોઇ સાર્થકતા નથી. આત્મા-પરમાત્માનો સિદ્ધાંતરૂપથી જે કાંઈ સંબંધ માનવામાં આવે, વ્યવહારિક દૃષ્ટિથી વ્યકિતનો મોક્ષ તે બન્નેનું સમ્મિલન, ઐક્ય અથવા જોડાણ જ કહેવાશે. આ કારણથી કૈવલ્યમોક્ષ પણ "યોગ" કહેવાય છે. [૩૪]નાથપંથ આ યોગાનુભૂતિ

---

[૩૪]મૂળતઃ કૈવલ્યાનુભૂતિ જ "યોગ" કહેવાય છે. કિન્તુ લક્ષણથી આ અનુભૂતિ સુધી પહોંચાડવાવાળી સાધના પણ "યોગ" કહેવાય છે. જનસાધારણમાં યોગનો આ જ લાક્ષણિક પ્રયોગ રૂઢ થઈ ગયો છે.

સુધી પહોંચાડવાવાળો "પંથ" છે. તેનું કેવળ એક ધ્યેય યોગની યુકિત બતાવવાનું છે, જેને જાણ્યા વિના જીવ પાંજરામાં પુરાયેલા પોપટ જેવો પરાધીન છે.

"સપ્ત ધાતુકા કાયા પ્યંજરા તા માહિં "જુગતિ" બિન સૂવા,
સતગુરુ મીલૈ ત ઉબરૈ બાબૂ, નહિં તૌ પરલૈ હુવા.
(ગોરખ)

આ ગતિમાં સ્વભાવતઃ સૌથી પ્રથમ દૃષ્ટિ દેહની તરફ જાય છે કેમ કે તે જ જીવની પરાધીનતાનું પ્રત્યક્ષ કારણ છે. કાયાની વિનશ્વરતા જ સૌથી પહેલાં મનુષ્યની પરવશતાને પ્રકટ કરે છે. એક બૃહત્ પ્રશ્નના રૂપમાં ઊભી રહીને તે જ મનુષ્યની અન્વેષણવૃત્તિને ઉત્તેજિત કરે છે. અધ્યાત્મ પ્રતિ પ્રેરણા કરવાવાળી જીજ્ઞાસાનો આરંભ આ પ્રશ્નને લઈને થાય છે:

"આવૈ સંગે જાઈ અકેલા, તાથૈં ગોરખ રામ રમેલા;
કાયા હંસ સંગિ હૌ આવા, જાતા જોગી કિનહું ન પાવા.
જીવત જગ મૈં મુઆ મસાણુ, પ્રાણુ પુરિસકત કિયા પયાણુ.
જામણુ-મરણુ બહુરિ વિયોગી, તાથૈં ગોરખ ભૈલા યોગી."

આથી શરીરવિચારથી યોગનો આરંભ હોવો સ્વાભાવિક જ છે:

"આરંભ જોગી કથીલા એક સાર,
વિણુ વિણુ જોગી કરૈ સરીર બિચાર."

ઘણી ય આધ્યાત્મિક પ્રણાલીઓમાં શરીરને શત્રુદૃષ્ટિથી જોવામાં આવે છે અને તેને વિભિન્ન પ્રકારનાં કષ્ટ અપાય છે. પરંતુ વસ્તુતઃ શરીર આપણો શત્રુ નથી. આત્માએ પોતાની અભિવ્યક્તિને માટે તેને ધારણ કર્યું છે. એ આપણો દોષ છે કે આપણે આપણાં મૂળ ઉદ્દેશ્યને ભૂલી જઈને સાધનને જ સાધ્ય સમજી બેઠા છીએ જેનાથી તામસરુપ થઈને કાયા તામસાવૃત થઈ ગઈ છે. પરંતુ આ શરીર વસ્તુતઃ સત્યસ્વરુપ આત્માનું મંદિર છે—

"યહ તન સાંચ, સાંચકા ઘરવા, રુધ્ર[૩૫] પલટ અમીરસ ભરવા"
(ગોરખ)

આ શરીરનો સદુપયોગ થવો જોઈએ, દુરુપયોગ નહીં. જે વ્યક્તિ તેને ફક્ત પાલન–પોષણ કરવામાં અને સુખ દેવામાં મંડ્યા રહે છે તથા જે વ્યક્તિ તેને કષ્ટ જ આપ્યા કરે છે, તે બન્ને લોકો આ શરીરનો કેમ ઉપયોગ કરવો તે વાત જાણતા જ નથી. આથી તો ગુરુ ગોરખનાથ કહે છે કે:

"કંદર્પ રુપ કાયાકા મંડણ અવિથાં કાંઈ ઉલીંચૌ,
ગોરખ કહૈ સુણૌ રે ભોંદૂ, અરૅંડ અમી કત સીંચૌ."

આ દુરુપયોગના કારણે આત્મભૂપનો આ શરીરરુપી ગઢ શત્રુરુપી કાળના હાથમાં પડી ગયો છે અને જીવ પોતાના જ ઘરમાં બંદીવાન બની ગયો છે. આથી તો આવશ્યકતા એ છે કે કાયાગઢને શત્રુના હાથમાંથી છોડાવીને ઉચિત ઉપયોગને માટે તેના સ્વામીને સોંપી દેવામાં આવે—

---

[૩૫] રુધિર (લોહી)

"ભણુંત ગોરખનાથ કાયા ગઢ લેવા,
કાયાગઢ લેવા જુગિજુગિ જીવા."

કાયાની ઉપર કાળનો પ્રભાવ જરા અને મૃત્યુથી પ્રકટ થાય છે. સમય વ્યતીત થતાંની સાથે શરીરમાં પણ પરિવર્તન થતું જાય છે અને અંતમાં વૃદ્ધ થઈને મનુષ્ય મૃત્યુનો ગ્રાસ બની જાય છે. શરીરને કાળના પ્રભાવથી બહાર (મુક્ત) ત્યારે સમજવું જોઈએ જ્યારે તે જરા, મૃત્યુ વગેરે વિકારોથી રહિત થઈને સદૈવ બાળસ્વરુપ રહે. આ બાળસ્વરુપને નાથયોગીઓએ પોતાનું લક્ષ્ય બનાવ્યું. આ દૃષ્ટિથી રસેશ્વર યોગીઓએ રસ (પારો) આદિ રસાયણોનો આવિષ્કાર કર્યો હતો. તેમનો એવો વિશ્વાસ હતો કે શરીરમાં જે રાસાયણિક પરિવર્તનો વડે વૃદ્ધત્વ આવે છે તે રાસાયણિક પ્રયોગોથી અટકી જાય છે અને શરીર અજર બની જાય છે. પરંતુ રસેશ્વરોનો દાવો સર્વાંશમાં સત્ય હતો નહીં. રસાયણોનો પ્રભાવ સ્થાયી થતો ન હતો આથી નાથયોગીઓએ તેને સિદ્ધિની પ્રાપ્તિમાં અસમર્થ બતાવ્યો—

"સૌને રુપૈ સીઝે કાજ, તૌ કત રાજા છોડે રાજ.
જડી બૂટી ભૂલૈ મત કોઈ, પહલી રાંડ બૈદકી હોઈ.
જડી બૂટી અમર જે કરૈ, તો બૈદ ધનંતર કાહે મરે."

(ગોરખ)

પરંતુ તે યોગીઓએ રસેન્દ્રોના માર્ગનો સર્વથા ત્યાગ કર્યો નહીં. ભલે હંમેશને માટે શરીરને અજર ન કરી શકે તો પણ અમુક સમય સુધી તો તે શરીરને રોગ અને વૃદ્ધત્વથી બચાવી રાખતા હતા. આથી જડી-બૂટી વગેરે દ્વારા કાયાકલ્પ

કરવો તેને તેઓએ યોગની યુક્તિમાં સહાયક માન્યું છે અને યમ-નિયમાદિ આરંભિક વાતોની સાથે સાથે તેનું વિધાન કર્યું છે—

"અવધૂ આહાર તોડો, નિદ્રા મોડો, કબહું ન હોઇબો રાગી,
છઠે છમાસે કાયા પલટિબા, નાગ બંગ બનાસપતી જોગી."

આ જ કામ નેતિ, ધૌતિ, બસ્તિ, નૌલિ, કપાલભાતિ, અને ત્રાટક-એ ષટ્કર્મો દ્વારા થાય છે. કાયાશુદ્ધિનું લક્ષણ આ છે:

"બડે બડે કૂલ્હે મોટે મોટે પેટ,
નહીં રે પૂતા ગુરુસે ભેંટ.
ખડખડ કાયા નિરમલ નેત,
ભઈ રે પૂતા ગુરુસોં ભેંટ."

શરીરની ચંચળતા દૂર કરવા માટે આસનોનું વિધાન છે. જીવની વિભિન્ન યોનિને અનુરુપ આસનોની પણ સંખ્યા ચોરાશી લાખ છે, પરંતુ આ બધામાં મુખ્ય આસન કેવળ બે છે: (૧) પદ્માસન. (૨) સિદ્ધાસન.

કાળ-વિજયની ઇચ્છાથી ઘણા પ્રાચીન સમયથી યોગાર્થી લોકો શરીર વિષે વિચાર કરતા આવ્યા છે, જેનાથી એક વિલક્ષણ સૂક્ષ્મ શરીરવિજ્ઞાનનું નિર્માણ થયું છે, અને શરીરમાં નવનાડી, બોંતેર કોઠા, ચોંસઠ સંધિ, છ ચક્ર, સોળ આધાર, દસ વાયુ, કુંડલિની શક્તિ વગેરે મહત્ત્વપૂર્ણ તત્ત્વોના વિષે ખબર પડી છે. આ નાના એવા લેખમાં આ મહાવિજ્ઞાનના વિસ્તારને સ્થાન નથી. આ બધાના સારરૂપે એટલું જ કહેવું

પર્યાપ્ત થશે કે તે અનુસાર સહસ્રારમાં સ્થિત ગગનમંડળ (બ્રહ્મરંધ્ર)માં ઊલટા મુખનો અમૃતકૂપ છે. (આને ચંદ્રતત્ત્વ પણ કહે છે) જેમાંથી નિરંતર અમૃત-ક્ષરણ થતું રહે છે. જે કોઈ યોગી આ અમૃતનો ઉપયોગ કરી લે છે તે અજરામર થઈ જાય છે. પરંતુ યુક્તિ ન જાણવાને લીધે મનુષ્ય તેનો ઉપયોગ નથી કરી શકતો અને આ ચંદ્રસ્રાવ મૂલાધારસ્થિત સૂર્યતત્ત્વ દ્વારા શોષિત થઈ જાય છે :

"ગગન-મંડલમૈં ઔંધા કૂંવા, તહાઁ અમૃતકા બાસા,
સગુરા હોઈ સૂ ભરભર પીયા, નિગુરા જાઈ પિયાસા."

યોગીઓની બધી યુક્તિઓનું વિધાન આ જ એક અમૃત-તત્ત્વના આસ્વાદનને ઉદ્દેશ્યમાં રાખીને કરવામાં આવે છે.

એવું જણાય છે કે "રેત" આ સૂક્ષ્મ તત્ત્વનું વ્યક્ત રુપ છે. બ્રહ્મચર્યમાં સ્થિત થવાવાળા યોગીને માટે બિંદુરક્ષા એટલી તો આવશ્યક છે કે બિંદુરક્ષાનું નામ જ બ્રહ્મચર્ય પડી ગયું છે. શરીરની દૃઢતાને માટે પણ રેતોધારણની અત્યંત આવશ્યકતા છે. એ તો સ્પષ્ટ છે કે બિંદુનાશથી શરીર પર કાળનો પ્રભાવ શીઘ્ર પડવા લાગે છે અને તે શરીર જરાગ્રસ્ત થઈ જાય છે. નાથયોગીઓએ પણ બિંદુરક્ષાની બાબતમાં વિશેષ ભાર મૂક્યો છે.

"બ્યંદહિ જોગ, બ્યંદહિ ભોગ।
બ્યંદહિ હરૈ જે ચૌસઠિ રોગ॥
યા બ્યંદકા કોઈ જાણૈ ભેવ।
સો આપૈ કરતા આપૈ દેવ॥"

સાંસારિક ભોગ-લિપ્સા આપણા વિનાશનું કારણ છે. કામિનીની નિકટમાં રહેતો પુરુષ તેવી જ રીતે નષ્ટ થઈ જાય છે જેવી રીતે નદીકિનારા પરનું ઝાડ થાય છે. પોતાના યોગભ્રષ્ટ ગુરુ મત્સ્યેન્દ્રનાથને ઉદ્દેશીને યોગી ગોરખનાથે કહ્યું હતું કે—

"ગુરુજી ઐસા કરમ ન કીજે। તાથૈં અમી મહારસ છીજે॥
નદી તીરે બિરિખા, નારી સંગે પુરખા,
અલ્પ જીવનકી આસા।
મન થૈં ઉપજી મેર ખિસિ પડઈ
તાથૈં કંદ બિનાસા॥
ગોડ ભયે ડગમગ, પેટ ભયા ઢીલા
સિર બગુલાકી પંખિયાં।
અમી મહારસ બાધણિ સોખ્યા।"

આથી બિંદુપાતથી યોગી અત્યંત દુઃખી થાય છે—

"કંત ગયાં કૂં કામિનિ ઝૂરૈ, બિંદ ગયાં કૂં જોગી"

જે એક ટીપામાં નર-નારી ભોગમાં મરે છે તે એક ટીપા દ્વારા સિદ્ધ પોતાની સિદ્ધિ સાધે છે.—

"એક બૂંદ નર-નારી રીધા, તાહીમેં સિધ સાધિક સીધા॥"

જે યોગી બિંદુની રક્ષા કરતો નથી તે યોગની દૃષ્ટિએ અત્યંત નીચ છે.—

"જ્ઞાનકા છોટા, કાછકા લોહડા।
ઇંદ્રીકા લડબડા, જિહ્વાકો ફૂહડા।
ગોરખ કહૈ તે પરતિખ ચૂહડા॥"

આથી યોગીએ શરીર અને મનની ચંચળતાને લીધે "અધોગામી" (નીચે ઉતરનાર) રેતને હંમેશા "ઉર્ધ્વગામી" (ઉપર ચઢનાર) બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ. યોગીએ 'ઉર્ધ્વરેતા' થવાની ઘણી આવશ્યકતા છે. નાથપંથમાં ઉર્ધ્વરેતાની ઘણી જ કઠિન પરીક્ષા છે—

"ભગિમુખિ બિંદુ અગિનિમુખિ પારા ।
જો રાખૈ સો ગુરુ હમારા ॥"

"અજરિ કરંતા અમરી રાખે, અમરિ કરંતા બાઈ ।
ભોગ કરંતા જે બ્યંદ રાખે, તે ગોરખકા ભાઈ ॥"

અમૃતના આસ્વાદનને માટે યોગે ઘણીય યુક્તિઓનો આવિષ્કાર કર્યો છે. વિપરીતકરણીમુદ્રા, જાલંધરબંધ, તાલૂમૂલમાં જીહ્વા ઉલટાવવી, કુંડલિનીનું જાગરણ આ બધું આ ઉદ્દેશ્યથી કરવામાં આવે છે. પરંતુ શ્વાસક્રિયાનું બિંદુસ્થાપન અને અમૃતઉપભોગમાં વિશેષ મહત્ત્વ છે. મનુષ્યનું જીવન શ્વાસક્રિયા ઉપર અવલંબિત છે. જ્યાંસુધી શ્વાસ ચાલતો હોય છે ત્યાંસુધી મનુષ્ય જીવે છે, પ્રાણ રહે ત્યાંસુધી જ તે પ્રાણી છે, શ્વાસક્રિયા બંધ થઇ જવાથી મનુષ્ય મરી જાય છે. આર્થા શ્વાસક્રિયાનું બંધ થઇ જવું તે આપણી ઉપર કાળનો સૌથી મોટો માર છે.

"બાયૂ બંધ્યા સયલ જગ, વાયૂ કિનહું ન બંધ ।
બાઇ બિહૂણા ઢહિ પડૈ, જોરે કોઇ ન સંધ ॥"

પરંતુ જો આપણે શ્વાસક્રિયા વિના પણ જીવિત રહી શકીએ તો કહેવું પડે કે કાળના મારની આપણી ઉપર જરાય

અસુર નથી. આથી જ યોગી પ્રાણવિજયના ઉદ્દેશ્યથી પ્રાણાયામ કરે છે. પૂર્ણ પ્રાણવિજય "કેવળકુંભક" દ્વારા સિદ્ધ થાય છે. આ કેવળ કુંભકમાં શ્વાસક્રિયા એકદમ બંધ થઇ જાય છે. પૂરક અને રેચક કરવાની તેમાં આવશ્યકતા રહેતી નથી. આનાથી પ્રાણ સુષુમ્ણામાં સમાઇ જાય છે અને સૂર્યચંદ્રનો યોગ શક્ય બને છે. પ્રાણાયામ દ્વારા કેવળ પ્રાણવાયુ જ નહીં પણ દસે ય વાયુ વશ થઇ જાય છે. પરંતુ આને માટે યોગની એક વિશેષ ક્રિયાદ્વારા શરીરમાં વાયુના આવવા-જવાના સર્વ માર્ગો બંધ કરી દેવા તે આવશ્યક છે. શરીરના રોમરોમમાં નાડીમુખોનો અંત છે, જેના દ્વારા શરીરમાં પવન આવ-જા કરે છે. આ કારણથી કેટલાક યોગપંથોમાં ભસ્મ ધારણ કરવી તે આવશ્યક બતાવી છે. કિન્તુ વાયુના આવ-જા કરવાનાં મુખ્ય દ્વાર નવ છે. આ નવ દ્વારોને બંધ રાખવા નાથપંથી ભાષામાં "વાયુભક્ષણ" ને માટે અત્યંત આવશ્યક છે—

"અવધૂ નવ ઘાટી રોકિલે બાટ ।
બાઇ બણિજે ચોસઠિહાટ ॥[૩૧]
કાયા પલટે અવિચલ વિધ ।
છાયા વિવરજિત નિપજે સિધ ॥"

"સાસ ઉસાસ વાયુકૈં ભછિબા, રોકિ લેઉ નવદ્વાર ।
છઠે છમાસે કાયા પલટિબા, તબ ઉનમનિ જોગ અપાર ॥"

આવી રીતે જ્યારે વાયુ શરીરમાં વ્યાપ્ત થઇ જાય છે ત્યારે બિંદુ સ્થિર થઈ ને અમૃતનું આસ્વાદન થાય છે અને

---

૩૧ સંધિઓ

અનાહત–નાદ સંભળાવા લાગે છે, તથા સ્વયંપ્રકાશ આત્મ-જ્યોતિનાં દર્શન થવા લાગે છે—

"અવધૂ સહસ્રનાડી પવન ચલૈગાં કોટિ ઝમકા નાદ ।
બહત્તર ચંદા બાઇ સાંખ્યા કિરણ પ્રગટી જબ આદ ॥"

પરંતુ યોગ સાધના કેવળ શારીરિક સાધના નથી. બહિર્મુખવૃત્તિથી યોગ સિદ્ધિ પ્રાપ્ત કરવી અસંભવ છે. વૃત્તિઓનું અતર્મુખ થવું તેવા યોગની અત્યંત આવશ્યકતા છે. અન્તઃ-શુદ્ધિ તથા સ્થિરતાની યોગમાં પ્રધાનતા છે, કાયાશોધનની સાર્થકતા એમાં છે કે તે તેમને પ્રાપ્ત કરવામાં સહાયક થાય. આથી મનને વશમાં કર્યા વિના શરીરને વશમાં કરવાનો કોઇ અર્થ નથી.

મન કાયાનું કેન્દ્રિત ચેતનસ્વરૂપ અથવા બૃહત્ ચેતન ઇન્દ્રિય છે જે શરીરની વિભિન્ન બાહ્ય ઇન્દ્રિયો પર શાસન કરે છે. મનના ચંચળ થવાથી શરીર પણ ચંચળ થઈ જાય છે અને ઇન્દ્રિયો વિષયો તરફ દોડવા લાગે છે. આથી ઇન્દ્રિયોને વિષયોથી હટાવવા માટે મનના બહિઃપ્રસારને સમેટીને તેને આત્મતત્ત્વ તરફ પ્રેરિત કરવું જોઇએ.—

"ગોરખ બોલે, સુણ હુ રે અવધૂ, પંચૌં પસર નિવારી ।
આપણી આતમા આપ વિચારો, સોવો પાંવ પસારી ॥"

આત્મચિંતનનો સૌથી મોટો સહાયક અજપા–જાપ છે. શ્વાસોચ્છ્વાસની ક્રિયા પર મનને એકાગ્ર કરવાથી મનનો અત્યંત નિગ્રહ થઈ જાય છે. નાથયોગીઓનો એવો વિશ્વાસ છે કે રાત અને દિનમાં મનુષ્યના ૨૧૬૦૦ શ્વાસ ચાલે છે.

આમાંથી પ્રત્યેક શ્વાસમાં અદ્વૈતભાવના કરવી તેને "અજપા-જપ" કહેવાય છે. અજપા-જપનો અભિપ્રાય એ છે કે બ્રહ્મભાવ કર્યા વિના એક પણ શ્વાસ વ્યર્થ ન જાય. થોડો અભ્યાસ થઈ ગયા પછી કોઇ પ્રયત્ન કર્યા વિના ગુપ્તરૂપે મનમાં આ ભાવના નિરંતર આપોઆપ જ થયા કરે છે, ત્યાંસુધી કે બ્રહ્મભાવના તેની ચેતનાનું સ્વરુપ જ બની જાય છે.

"ઐસા જાપ જપો મન લાઈ ।
સોઽહં સોઽહં અજપા ગાઈ ॥
આસન દિઢ કરિ ધરો ધિયાન ।
અહનિસિ સુમિરૌ બ્રહ્મગિયાન ॥
નાસા અગ્ર નિજ જ્યોં બાઈ ।
ઇડા પ્યંગુલા મધિ સમાઈ ॥
છઃ સૈ સહંસ ઇકીસૌ જાપ ।
અનહદ ઉપજૈ આપૈ આપ ॥
બંક-નાલિમેં ઉગૈ સૂર ।
રોમ રોમ ધુનિ બાજૈ તૂર ॥
ઉલ્ટે કમલ સહસ્ર દલ બાસ ।
ભ્રમરગુફામેં જ્યોતિ પ્રકાસ ॥"

સાધક જ્યારે આવી રીતે આત્મનિરત થઇ જાય છે ત્યારે તેને ઘટઅવસ્થા સિદ્ધ થાય છે.—

"ઘટહીં રહિબા મન ન જાઇ દૂર ।
અહનિસિ પીવૈ જોગી વારુણિ સૂર ॥
સ્વાદ બિસ્વાદ વાઇકા લછીન ।
તબ જાણિબા જોગી ઘટકા લછીન ॥"

આવી રીતે જ્યારે મનની અંતર્મુખવૃત્ત નષ્ટ થઇ જાય છે અને સાધક આત્મનિરત થઇ જાય છે ત્યારે તે કાયિક મનથી ઉપર ઉઠી જાય છે અને ઉન્મનદશા પ્રાપ્ત કરે છે. યોગસાધનાદ્વારા તેને સમસ્ત સિદ્ધિઓ પ્રાપ્ત થઇ જાય છે, તે ઇચ્છા પ્રમાણેનાં રૂપો ધારણ કરીને જ્યાં સારું લાગે ત્યાં વિચરણ કરી શકે છે અને તેને આત્મદેવનાં દર્શન પ્રાપ્ત થઇ જાય છે—

કાયા ગઢ ભીતર દેવ દેહુરા કાસી ।
સહજ સુ ભાઈ મિલે અવિનાસી ॥ ”

આ અવસ્થાને “પરિચય અવસ્થા” કહેવામાં આવે છે.

“પરિચય જોગી ઉન્મન ખેલા ।
અહનિસિ ઇક્ષ્યા કરૈ દેવતા સૂઁ મેલા ॥
ષિન ષિન જોગી નાના રૂપ
તબ જાનિબા જોગી પરિચય સુરૂપ ॥”

(ગોરખ)

સૌથી આખરે “નિષ્પત્તિ” અવસ્થા આવે છે જેમાં યોગીની સમદૃષ્ટિ થઇ જાય છે, તેની દૃષ્ટિમાં બધી જાતના ભેદ દૂર થઇ જાય છે, બધાં તત્ત્વ તેની આજ્ઞા પ્રમાણે ચાલે છે, સિદ્ધિઓનો લોભ તેને સ્પર્શ કરતો નથી અને કાળનાં પ્રભાવથી મુક્ત થઇને તે નિર્દ્વન્દ્વ વિચરણ કરે છે. જેવી રીતે કાળ ત્રણેય લોકની ઉપર શાસન કરે છે અને સૌને પડકારતો ફરે છે તેવી-રીતની યોગીની અવસ્થા થાય છે

“ઉભા મારું, બેઠા મારું, મારું જાગત સૂતા ।
તીનલોક મગ જાલ પસારયા કહાઁ જાયગો પૂતા ॥”

"નિષ્પત્તિ યોગી"નો નિર્ભય ઉત્તર આ પ્રમાણે છે :

"ઉભા ખંડૌ, બૈઠા ખંડૌ, ખંડૌ જાગત સૂતા ।
તિહૂં લોકમૈં રહૌં નિરંતર, તૌ ગોરખ અવધૂતા ॥"

ગોરખનાથના નામથી પ્રાપ્ત થતા "સબદ" નામના ગ્રંથમાં "નિષ્પત્તિયોગી"નાં લક્ષણો આ પ્રમાણે બતાવ્યા છે :

"નિસપતિ જોગી જાણિબા કસા ।
અગની પાણી લોહા જૈસા ॥
રાજા પરજા સમકરિ દેખ ।
તબ જાનિવા જોગી નિસપતિકા લેખ ॥"

આ સિદ્ધિને આપવાવાળા સમસ્ત અભ્યાસોનું વર્ણન અહીં કરી શકાતું નથી. અહીંયાં કેવળ એ એક અભ્યાસનો ઉલ્લેખ કરી નાખવો પર્યાપ્ત છે જેનો નાથપંથમાં યોગી ગોરખનાથના નામની સાથે સંપર્ક છે.

જે રાજ્યમાં ધર્મશાસન હોય, સુભિક્ષ હોય, પ્રજા સુખી હોય, કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ ન હોય ત્યાં યોગાર્થી નિર્મળ જળસ્રોતની પાસે એકાંતમાં પોતાને માટે મઢી (ઘર) બનાવે. આ મઢીમાં આવવા-જવા માટે એક નાનું એવું દ્વાર રાખે, પણ આ સિવાય તેમાં કોઈ પણ છિદ્ર ન હોવું જોઇએ. ષટ્કર્મો (નેતિ, ધૌતિ, બસ્તિ ઇત્યાદિ)થી પોતાના દેહને શુદ્ધ બનાવીને પછી યોગસાધના કરવાવાળો સાધક ત્યાં સિદ્ધાસન પર બેસીને "ખેચરીમુદ્રા"ના અભ્યાસની સાથે સાથે "કેવળકુંભક"નો બાર વર્ષ સુધી અભ્યાસ કરે. કહે છે કે યોગી ગોરખનાથે વિશેષ કરીને આ પ્રકારના યોગાભ્યાસ દ્વારા યોગસિદ્ધિ પ્રાપ્ત કરી હતી.

"યોગ-યુક્તિ"નાં મુખ્ય બે અંગ છે :

(૧) કરની (કરણી). (૨) રહની (રહેણી).

ઉપર મુજબ જે કાંઈ કહેવાયું છે તેને "કરની" અથવા "યોગ ક્રિયા" કહે છે. એના પરથી એ વાત સ્પષ્ટ થાય છે કે નાથપંથમાં "હઠયોગ" પ્રચલિત છે. આ કરતાં પણ એ કહેવું યોગ્ય છે કે હઠયોગનું પૂર્ણપ્રવર્ધન નાથપંથ દ્વારા જ થયું છે. પરંતુ હઠયોગ વિષે મોટા ભાગના લોકોમાં ખોટી ધારણા ફેલાયેલી છે. લોકો "હઠ" એટલે "હઠીલો" એવું સમજી બેઠા છે અને આથી હઠયોગને લોકો હેય (તજવા યોગ્ય) માને છે. સાચું કહીએ તો કોઈપણ સાધના માર્ગમાં 'હઠ'ની સૌથી પહેલી જરૂર પડે છે. "યોગસૂત્ર" ગ્રંથમાં અપાએલી "યોગ" શબ્દની પરિભાષામાં યોગના હઠત્વનો સ્પષ્ટ સ્વીકાર કરાયો છે (योगश्चित्तवृत्तिनिरोधः।). નિરોધ વિના હઠ અસંભવ છે. પરંતુ આ સાથે જ એ વાતનું ખૂણ ધ્યાન રાખવામાં આવે છે કે મન તથા ઇન્દ્રિયોની સાથે આ "હઠ" ઘણી સહેલાઈથી કરી શકાય.

"કરની"નો આ સ્વીકાર "રહની" દ્વારા શકય બને છે. નાથપંથની "રહની"ને મધ્યમ માર્ગ કહી શકાય છે. મન અને શરીરને અધિક કષ્ટ આપવું તે નાથપંથમાં વિધેય નથી. જ્યાં ઇન્દ્રિયોના દાસ બનીને યોગ સાધના કરવી અસંભવ છે ત્યાં ભૌતિક આવશ્યકતાઓ પ્રતિ એકાએક આંખો બંધ કરીને પણ યોગસિદ્ધિ પ્રાપ્ત નથી થઇ શકતી. શરીર નષ્ટ કરવા યોગ્ય નથી. તેની પણ રક્ષા થવી જોઇએ, પણ એ રીતે કે તે

આપણને પરાધિન ન બનાવે. આથી જ તો યોગી ગોરખનાથે ઉપદેશ આપ્યો છે કે —

"દેવકલા તે સંજમ રહિબા, ભૂતકલા આહારં ।
મન પવન લે ઉનમન ધરિયા, તે જોગી તતસારં ॥"

"ભૂતકલા" અને "દેવકલા", ભૌતિક અને આધ્યાત્મિક આવશ્યકતા, બન્નેનો સમ્યક્ સંયોગ જ નાથયોગીની "રહની" નું સાર-તત્વ છે. તેના સિવાય યોગસિદ્ધિ અસંભવ છે. તેના અભાવથી સાધકને નગર (શહેર) અને કાનન (જંગલ) બન્નેમ કોઇને કોઈ સમસ્યા ઉપસ્થિત રહે જ છે —

"અવધૂ બનખંડ જાઉં તો ખુધ્યા વિયાપૈ,
નગરી જાઉં ત માયા ।
ભરિ ભરિ ખાઉં ત બિંદ વિયાપૈ,
કયૂં સીઝત જલ ખ્યંબકી કાયા ॥

આ સમસ્યાઓના ઉકેલના ઉદ્દેશ્યથી ગુરુમત્સ્યેન્દ્રનાથ પોતાના શિષ્ય ગોરખનાથને ઉપદેશ આપે છે કે—

"અવધૂ રહિબા હાટે બાટે રૂખ બિરખકી છાયા ।
તજીબા કામક્રોધ તિસ્ના ઔર સંસારકી માયા ॥
ખાયે ભી મરિએ, અણખાયે ભી મરિએ ।
ગોરખ કહે પૂતા સંજમિ હી તરિએ ॥
ધાયે ન ખાઈબા, ભૂખે ન મરિબા
અહનિસિ લેબા બ્રહ્મઅગિનિકા ભેવં ।
હઠ ન કરિબા, પડે ન રહિબા
યૂં બોલ્યા ગોરખ દેવં ॥"

યોગી જાલંધરનાથે પણ કહ્યું છે કે—

"થોડો ખાઇ તો કલપૈ ઝલપૈ, ઘણો ખાઈ લૈ રોગી ।
દુહૂં પખાંકી સંધિ વિચારૈ તે કો વિરલા જોગી ।"

યોગસાધનાને માટે કોઈ વિશેષ સ્થાનનું મહત્ત્વ નથી; મહત્ત્વ છે માનસિક સમસ્થિતિનું કે જેના દ્વારા સંયમ શક્ય છે અને સાધક મધ્યમ "રહેણી"થી રહી શકે છે તથા શરીરની અત્યંત આવશ્યક આવશ્યકતાઓને પૂરી કરતો કરતો મનને વશમાં રાખે છે.

મનને વશમાં રાખવું તે યોગની રહેણીની સર્વથી મોટી આવશ્યકતા છે. યોગનું બનવું-બગડવું આ બધું તેની ઉપર નિર્ભર છે. મનનું અત્યંત સામર્થ્ય છે. દ્રોહી થઇને જે મન જીવને ચોરાશીના ફંદામાં નાખે છે તે મન સમ-અવસ્થા પ્રાપ્ત થવાથી તેનાથી બહાર પણ નીકળે છે :

"યહુમન સકતી, યહુમન સીવ । યહુમન પંચતત્ત્વકા જીવ ॥
યહુમન લૈ જો ઉન્મન રહૈ તૌ તીનોં લોક કી બાર્થૈં કહૈ ॥"

આથી જ્યારે યોગી ચૌરંગીનાથે કહ્યું હતું કે :

"મરિબા તૌ મન મીર મારિબા, લૂટિબા પવન ભંડાર ।"

—ત્યારે તેનો અભિપ્રાય મનના દ્રોહિત્વ વિષે હતો. દ્રોહી મનનું મારણ ત્યારે જ થઇ શકે છે જ્યારે આપણે તેની રક્ષાને આપણો ઉદ્દેશ્ય બનાવીને ચાલીએ, એકાએક તેને કચડી જ નાખવાનો પ્રયત્ન ન કરીએ. નહીંતર જગત્‌ના આકર્ષણમાંથી તેને ખેંચી લેવાનું કામ સહેલું નથી.

"જોગી સો જો મન જોગવૈ,
(ગરમ સુંનિ) બિન બિલાઈત રાજ ભોગવૈ ।"

મનની આ દ્વિવિધ રક્ષાને માટે એ જરૂરી છે કે તેને છૂટું ન રાખવામાં આવે. છૂટું થયેલું મન જ દ્રોહી થઇને આખરે બુરાઈ કરે છે—

"સુનૈ દેવલ ચોર પઇસૈ, ચેતૌ રે ચેતણહાર'."

(ચુણકરનાથ)

આથી મનને સતત કાંઈને કાંઈ કામ પર લગાવી રાખવું આવશ્યક છે. નાથપંથીઓને આદેશ છે કે—

"કૈ ચલિબા પંથા। કૈ સીબા કંથા॥
કૈ ધરિબા ધ્યાન। કૈ કથિબા જ્ઞાન॥"

મનને અચંચળ રાખવા માટે યોગીએ પોતાના આહાર અને વિહારમાં સદૈવ સાવધાન અને સંયત રહેવું પડે છે.

"હબકિ ન બોલિબા, ઠબકિ ન ચલિબા, ધીરે ધરિબા પાવં।
ગરબ ન કરિબા, સહજૈ રહિબા, ભણંત ગોરખ રાવં॥"

"ગોરખ કહૈ, સુણહુરે અવધૂ, જગમેં ઐસે રહણા।
આંખે દેખિબા, કાનેં સુણિબા, મુખ થૈં કહૂ ન કહણા॥"

નાથ કહૈ, તુમ આપા રાખૌ, હઠ કરિ વાદ ન કરણા।
યહુ જગ હૈ કાંટેકી બાડી, દેખિ દેખિ પગ ધરણા॥"

આ જગત્માં રહેવા છતાં ય યોગીએ તેમાં લિપ્ત થવું જોઇએ નહીં, જ્ઞાનેન્દ્રિયો પર બાહ્ય ઘટનાઓના આઘાતથી યોગીના મનમાં વિકાર ઉત્પન્ન થવો ન જોઇએ. કેમકે આ વિકાર સંસારના બંધનનું મૂળ છે. આથી યોગીએ આ વિકારોથી દૂર આત્મનિવિષ્ટ થઇને રહેવું જોઇએ.—

"મનમેં રહણા, ભેદ ન કહણા, બોલિબા અમૃત બાણી।
આગિલા અગિની હોઇબા અવધૂ, આપણ હોઇબા પાણી॥"

જો સંક્ષેપમાં કહેવાનું હોય તો અમે કહી શકીએ છીએ કે નાથપંથની રહેણી યુક્તાહારવિહારની રહેણી છે જેના સાહચર્યથી, ગીતાજી અનુસાર, યોગયુક્તિ સંસાર-દુઃખનો નાશ કરવાવાળી થાય છે.—

"યુક્તાહારવિહારસ્ય યુક્તચેષ્ટસ્ય કર્મસુ ।
યુક્તસ્વપ્નાવબોધસ્ય, યોગો ભવતિ દુઃખહા ॥"

એ કહેવું આવશ્યક છે કે યોગીની રહેણી તે એક વિરક્ત પુરુષની રહેણી છે. આવી રહેણી ગૃહસ્થાશ્રમી લોકો માટે નથી. સાંસારિક અભ્યુદયની પ્રાપ્તિ અને આધ્યાત્મિક નિઃશ્રેયસ્‌ની સિદ્ધિ આ બન્ને એકસાથે બની શકે નહીં. સાંસારિક અભ્યુદયને માટે એટલો સમય ખર્ચવાની જરૂર છે કે પૂર્ણ નિઃશ્રેયસ્‌ને માટે યથોચિત અવકાશ નથી મળી શકતો અને નિઃશ્રેયસ્‌ને માટે એટલી એકાગ્રતાની જરૂર છે કે સાંસારિક ધર્મોના પાલન માટે પર્યાપ્ત ધ્યાન નથી આપી શકાતું. આથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કર્યા વિના યોગસાધનામાં પ્રવૃત્ત થવું તે નાથપંથીઓ માટે યોગની કેવળ વિડંબણા છે.-

"કલજુગ મધ્યે કોણ જોગી બોલિએ ?
પરજા જોગી। રહે કહાં ? ગૃહેગૃહે।
ભૈષ કહા ? અન્નપાણી, બોલે કહા ?
મૈં તૈં બાણીં। ૐ નમો દૈત્યાય।"

(મુકુંદ ભારતી)

ગૃહસ્થીઓને માટે પણ કેટલાક યોગ સાધનોનું વિધાન છે ખરું પરંતુ તે જેટલું અભ્યુદયને માટે છે તેટલું નિઃશ્રેયસ્‌ને માટે નથી; કેમકે, જેવી રીતે ભગવાનશ્રી કૃષ્ણે ગીતાજીમાં

કહ્યું છે, "योगः कर्मसु कौशलम् ॥" આથી "योगस्थः कुरु कर्माणि."નો આદેશ ગૃહસ્થીઓ માટે પણ છે તેમ સમજવું જોઇએ. પરંતુ પૂર્ણ નિઃશ્રેયસ્ અથવા યોગસિદ્ધિને માટે તો ગૃહસ્થાશ્રમનો ત્યાગ અત્યંત આવશ્યક છે. આ વાતને ધ્યાનમાં રાખીને વર્ણાશ્રમધર્મમાં સંન્યસ્તાશ્રમની વ્યવસ્થા છે. પરંતુ સંન્યસ્તાશ્રમ જીવનના સંધ્યાકાળમાં આવે છે કે જ્યારે ઇન્દ્રિય સંયમ સામર્થ્યનું નહીં પણ નિર્બળતાનું સૂચક હોય છે. વાર્ધક્યને લીધે ગલિતેન્દ્રિય શિથિલાંગ વ્યક્તિનું યોગી બનવું તેને નાથપંથમાં ઉપહાસની વાત માનવામાં આવે છેઃ-

"પહલી કીયે લડકા લડકી, અબહિં પંથમેં પેઠા ।
બૂઢે ચમડે ભસમ લગાઇ, વજ જતી હૈ બૈઠા ॥"
(બાલાનાથ)

વાસ્તવિક યતિ (જોગી) તે જ કહેવાય છે કે જેણે આરંભથી જ સંયત જીવન વિતાવ્યું છે :—

"બાલૈ જોવન જે નર જતી । કાલ હુ કાલાં તે નર સતી ।
કુરતૈં ભોજન, અલપ આહારી । કહૈ ગોરખ સો કાયા હમારી ॥"

આથી બુદ્ધ ભગવાને પોતાના ભિક્ષુસંઘને જન્મ આપ્યો હતો અને નાથપંથે પણ બધા આશ્રમોની અવહેલના કરી પૂર્ણ વિરક્તની વ્યવસ્થા કરી છે. હા, એમ નથી કહી શકાતું કે જે વ્યકિત વૃદ્ધ થઇ ગયો હોય અથવા ગૃહસ્થાશ્રમ ભોગવી ચૂકયો હોય તેને માટે નાથપંથ કૈવલ્યનો માર્ગ ખોલતો નથી. નાથપંથ તો બાળક, વૃદ્ધ, બધાને કૈવલ્ય તરફ લઈ જાય છે. હા, એમાં સંદેહ નથી કે જે જેટલો જલદી આવશે તે તેટલો

જ સહેલાઈથી તે માર્ગપર ચાલી શકશે. કેમકે આત્મિક-સ્વસ્થતા માટે શારીરિક સ્વાસ્થ્ય પણ આવશ્યક છે.

જો કે યોગીને સામાજીક નિયમોથી અલગ રહેવાનું હોય છે તેમ છતાંય તેની યોગસિદ્ધિને માટે એ આવશ્યક છે કે બીજાઓ દ્વારા તેનું યથોચિત પાલન થતું રહે. તેના સિવાય તેનો "ભૂતકલા આહાર" પણ પ્રાપ્ત નથી થઇ શકતો અને યોગ સાધનાને માટે જે વિઘ્નબાધાહિનતા તથા શાન્તિની આવશ્યકતા છે તેની તો વાત જ અલગ છે. આ જ કારણ છે કે જે યોગાર્થી રાજાઓના રાજ્ય વૈભવને ય તુચ્છ સમજતો હોય તેને પણ ધર્માનુસાર શાસિત રાજ્યમાં રહેવું પ્રારંભિક આવશ્યક છે.

આ સંક્ષેપમાં સર્વ વિદ્યાઓમાં શ્રેષ્ટ નાથોની "કાલવંચણી" વિદ્યા છે, જેના દ્વારા સાધક નવદ્વારોને બંધ કરી દઇને "દશમ દ્વાર" (બ્રહ્મરંધ્ર) માં સમાધિસ્થ થઈ જઇને અમૃતનું પાન કરી વૃદ્ધમાંથી બાળક બની જાય છે.—

"સુણૌ હો દેવલ ! તજૌ જંજાલં ।
અમિય પિવત તબ હોઇબા બાલં ॥
બ્રહ્મ અગિનિ (તૈં) સીચત મૂલં ।
ફૂલ્યા ફૂલ કલી ફિર ફૂલં ॥"

આવી રીતે નવનાથ અને ચૌરાસી સિદ્ધ થઇને તે અજરામર બની જાય છે. સિદ્ધયોગી કયારે ય મૃત્યુને પ્રાપ્ત થતા નથી, તેમની કાયા અમર છે; આથી તેને સમાધિસ્થ કરવામાં આવે છે, બાળવામાં આવતા નથી. લોકોને એવો વિશ્વાસ છે કે કોઇ કોઈ ભાગ્યશાળી મનુષ્યને અત્યારે પણ

"બૂઢા બાલ" "ગોરખ ગોપાલ" (એટલે કે યોગી ગોરખનાથ) દર્શન આપી જાય છે પણ તે એવા તો ઓચિંતા અને વિભિન્ન રૂપ અને વેશમાં આવતા હોય છે કે આ યોગી, ગોરખનાથ જ છે તે પ્રમાણેનું જ્ઞાન તો લોકોને તેના ચાલ્યા ગયા બાદ ઘણા સમય પછી થાય છે.

"ગોરક્ષમાલં ગુરુ શિષ્ય પાલમ્,
શેષાહિમાલં શશિખંડભાલમ્ ।
કાલસ્ય કાલં જિતજન્મજાલમ્,
વંદે જટાલં જગદબ્જનાલમ્ ॥"

卐

—: શાંભવીમુદ્રા :—

"અન્તર્લક્ષ્યબહિર્દૃષ્ટિર્નિમેષોન્મેષવર્જિતા ।
એષા સા શાંભવીમુદ્રા સર્વશાસ્ત્રેષુ ગોપિતા ॥"

(અમનસ્કયોગ ૨/૧૦)

અર્થ :-બધા શાસ્ત્રોમાં ગુપ્ત (રહસ્યપૂર્ણ) એવી જે શાંભવીમુદ્રા છે તે અંતર્લક્ષ્યવાળી અને પલકારા પડયા વિનાની (સ્થિર) બહિર્દૃષ્ટિવાળી છે.

—: કૈવલ્ય પ્રાપ્તિ :—

"સુષુપ્તિવદ્ યશ્ચરતિ સ્વભાવપરિનિશ્ચલઃ ।
નિર્વાણપદમાશ્રિત્ય યોગી કૈવલ્યમશ્નુતે ॥"

અર્થ :-સૂતેલા માણસની જેમ જે ચાલે છે, સ્વભાવથી જ જે સદા સર્વત્ર નિશ્ચલ છે, એવો યોગી નિર્વાણપદનો આશ્રય કરીને કૈવલ્ય પ્રાપ્ત કરે છે.

(ત્રિશિખબ્રાહ્મણોપનિષદ્)

卐

" શ્રી દત્ત શરણ-પચ્ચીશી "

જય યોગેશ્વર તવ શરણું, દત્ત દયાઘન તવ શરણું,
બ્રહ્મા-વિષ્ણુ મહેશ્વરરૂપ, દિવ્ય-ત્રિમૂર્તિ તવ શરણમ્. ॥ ૧ ॥
આદિનારાયણ તવ શરણું, સત્યનારાયણ તવ શરણું,
બદ્રિનારાયણ મુક્તિનારાયણ, વિશ્વનારાયણ તવ શરણમ. ॥ ૨ ॥
અત્રિ-આનંદ તવ શરણું, અનસૂયાનંદન તવ શરણું,
અલખનિરંજન ભવભયભંજન, મુનિમનરંજન તવ શરણમ્ ॥ ૩ ॥
અવધૂતચિંતન તવ શરણું, શ્રીગુરુદેવ તવ શરણું,
દત્તદિગંબર ધ્યાનચિદંબર, વાસઔદુંબર તવ શરણમ્. ॥ ૪ ॥
દત્તાત્રેય પ્રભો તવ શરણું, દત્ત અવધૂત તવ શરણું,
ત્રિગુણાત્મક ત્રિગુણાતીત, ત્રિભુવનપાલક તવ શરણમ્. ॥ ૫ ॥
શાશ્વતમૂર્તે તવ શરણું, શાશ્વતસ્થાણું તવ શરણું,
શેષાભરણ શેષાભૂષણ, શેષશયન તવ શરણમ્. ॥ ૬ ॥
ષડ્ભૂજમૂર્તે તવ શરણું, ષડ્ભૂજયોગિ તવ શરણું,
માળ-કમંડળ-ડમરૂ-ત્રિશૂળ, શંખ-ચક્રધર તવ શરણમ. ॥ ૭ ॥
કરૂણાનિધે તવ શરણું, કરૂણાસાગર તવ શરણું,
કરૂણા-વરૂણાલય મહાદેવ, કરૂણેશ્વર પ્રભો તવ શરણમ્. ॥ ૮ ॥
કૃપાવંત-ગુરુ તવ શરણું, કૃપાનિધાન તવ શરણું,
કૃપાકટાક્ષ કૃપાપ્રદાયક, કૃપાનારાયણ તવ શરણમ્. ॥ ૯ ॥
કાલાન્તક તવ શરણું, કાલનાશક તવ શરણું,
કાલકાલ-મહાકાલ-સ્વરુપ, કલિમલનાશક તવ શરણમ્. ॥ ૧૦ ॥
પૂર્ણાનંદ તવ શરણું, પૂર્ણપરેશ તવ શરણું,
પૂર્ણાપૂર્ણ વિવર્જિતપૂર્ણ, પુરાણપુરૂષ તવ શરણમ્. ॥ ૧૧ ॥
જય જગદીશ તવ શરણું, જગદાદિજ તવ શરણું,
જગત્પાલક જગદાધીશ, જગદુદ્ધારક તવ શરણમ્. ॥ ૧૨ ॥
શ્રી ગુરુનાથ તવ શરણું, સદ્ગુરુનાથ તવ શરણું,
માહુરગઢ ગિરનારનિવાસી, યોગ-યોગેશ્વર તવ શરણમ. ॥ ૧૩ ॥

નવનાથ-ગુરુ તવ શરણું, યોગનાથ ગુરુ તવ શરણું,
હિમાલય-નેપાળનિવાસી, અવધૂત યોગી તવ શરણમ્. ॥ ૧૪ ॥
મહાયોગી દત્ત તવ શરણું, મહાજ્ઞાની દત્ત તવ શરણું,
કૈલાસ-માનસરોવરવાસી, સિદ્ધ-સિદ્ધેશ્વર તવ શરણમ. ॥ ૧૫ ॥
મહાતપમૂર્તે તવ શરણું, મહાસુખમૂર્તે તવ શરણું,
આબૂ-રેવાખંડનિવાસી, ગુરુવર યતિવર તવ શરણમ્. ॥ ૧૬ ॥
શ્રીપાદવલ્લભ તવ શરણું, નરસિંહ સરસ્વતી તવ શરણું,
કૃષ્ણાસંગમ-તરૂવરવાસી, ગણગાપુર-ગુરુ તવ શરણમ. ॥ ૧૭ ॥
વિશ્વાત્મક તવ શરણું, વિશ્વરક્ષક તવ શરણું,
વિશ્વંભર વિશ્વજીવન, વિશ્વપરાત્પર તવ શરણમ્. ॥ ૧૮ ॥
સત્ય બ્રહ્મ તવ શરણું, નિત્ય બ્રહ્મ તવ શરણું,
બ્રહ્માનંદ પરાત્પર બ્રહ્મ, બ્રહ્મ સનાતન તવ શરણમ્. ॥ ૧૯ ॥
ચિદ્ઘનમૂર્તે તવ શરણું, ચિદાત્મરૂપ તવ શરણું,
ચિદંબર ચિદાનંદ, ચિત્સુખકંદ તવ શરણમ. ॥ ૨૦ ॥
નિજાત્મરૂપ તવ શરણું, નિજપદદાયક તવ શરણું,
નિજાત્મબોધ નિજાનંદ, નિજસુખકંદ તવ શરણમ્. ॥ ૨૧ ॥
અનાદિમૂર્તે તવ શરણું, આદિનાથ-ગુરુ તવ શરણું,
આદિ-અંત-નિર્મળ આનંદ, આદિ-અવધૂત તવ શરણમ્. ॥ ૨૨ ॥
દીનદયામય તવ શરણું, દીન દયાઘન તવ શરણું,
દીનબંધુ દુઃખહર્તાદેવ, દીનોદ્ધારક તવ શરણમ. ॥ ૨૩ ॥
ભક્ત-પાલક તવ શરણું, ભક્ત-રક્ષક તવ શરણું,
ભક્તાનુગ્રહ ભક્તિપ્રદાયક, ભક્તોદ્ધારક તવ શરણમ્. ॥ ૨૪ ॥
દત્તાત્રેય હરિ તવ શરણું, દત્તાત્રેય હર તવ શરણું,
અત્રિનંદન અનસૂયાનંદન, બ્રહ્મા-હરિ-હર તવ શરણમ્.
શ્રી ગુરુદત્ત તવ શરણમ્, જય અવધૂત તવ શરણમ્. ॥ ૨૫ ॥

卐

" શ્રી ગુરૂ દત્તાત્રેય-સ્તવન "

દત્તાત્રેય હરેકૃષ્ણ, ઉન્મત્તાનંદદાયક ।
દિગંબર મુનેબાલ, પિશાચ જ્ઞાનસાગર ॥ (૧)

દત્તાત્રેયં શિવં શાન્તં, ઈન્દ્રનીલનિભં પ્રભુમ્ ।
આત્મમાયારતં દેવં, અવધૂતં દિગમ્બરમ્ ॥ (૨)

દત્તાત્રેયો મહાયોગી, ભગવાન ભૂતભાવનઃ ।
ચતુર્ભુજો મહાવિષ્ણુ, યોગસામ્રાજ્યદીક્ષિતઃ ॥ (૩)

બ્રહ્માનંદં પરમસુખદં, કેવલં જ્ઞાનમૂર્તિમ્
દ્વંદ્વાતીતં ગગનસદશં, તત્વમસ્યાદિલક્ષ્યમ્ ।

એકં નિત્યં વિમલમચલં, સર્વધીસાક્ષિભૂતમ્
ભાવાતીતં ત્રિગુણરહિતં, સદ્ગુરું તં નમામિ ॥ (૪)

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ, ગુરુર્દેવો મહેશ્વરઃ ।
ગુરુઃ સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥ (૫)

॥ અવધૂતચિંતન શ્રી ગુરૂદેવ દત્ત ॥

"જ્ઞાન-દીપ-બોધ"

(ગુરૂ દત્તાત્રેય - ગોરખનાથ યોગસંવાદ)

ગોરખનાથ —

"સ્વામીં કિ તુમ્હેં બ્રહ્મા કિ બ્રહ્મચારી
કિ તુમ્હેં બાંભણ પુસ્તક કિ ડંડધારી ।
કિ તુમ્હેં જોગી કિ જોગજુગતા
કૌંણ પ્રસાદૈં રમૌ છ્છંદમુક્તા ॥" (૧)

અર્થ :-યોગી ગોરખનાથ કહે છે કે હે સ્વામી! શું આપ બ્રહ્મા છો? કે બ્રહ્મચારી છો? શું આપ વિદ્વાન બ્રાહ્મણ છો? કે દંડી સન્યાસી છો? શું આપ યોગી છો કે યુંજાનયોગી છો? આપને કોનો અનુગ્રહ પ્રાપ્ત થયો છે જેનાથી આપ આવી રીતે જીવન્મુક્તપુરુષની માફક સ્વચ્છંદતા-પૂર્વક (લીલાવશ) વિચરણ કરો છો?

ગુરૂ દત્તાત્રેય —

"અવધૂ ન અમ્હેં બ્રહ્મા ન બ્રહ્મચારી
ન અમ્હેં બાંભણુ પુસ્તકે ન ડંડધારી।
ન અમ્હેં જોગી ન જોગજુગતા
આપ પ્રસાદૈં રમૈં છછંદમુકતા ॥" (૨)

અર્થ :-ગુરુ દત્તાત્રેય પ્રત્યુત્તર આપે છે કે હે અવધૂત ગોરખનાથ! ન તો અમે બ્રહ્મા છીએ કે ન તો બ્રહ્મચારી છીએ. ન અમે વિદ્વાન બ્રાહ્મણ છીએ કે ન તો દંડી સન્યાસી છીએ. ન અમે યોગી છીએ કે ન તો યુક્તયોગી છીએ. અમે તો અમારી પોતાની ઉપર થયેલી અમારી પોતાની જ કૃપાથી જીવન્મુક્ત પુરુષની માફક સ્વચ્છંદપણે આનંદપૂર્વક વિચરણ કરીએ છીએ.

વ્યાખ્યા :-યોગી ગોરખનાથે પૂછેલા પ્રશ્નમાં અને ગુરુ દત્તાત્રેયે આપેલા ઉત્તરમાં "**બ્રહ્મા**" શબ્દનો અર્થ એવો સમજવો કે ભગવાન્, બ્રહ્મા, ઇન્દ્ર, વરુણ, અગ્નિ વગેરે દેવોમાંથી કોઈપણ એક દેવ.

"**બ્રહ્મચારી**" શબ્દનો અર્થ એવો સમજવો કે ઉપનિષદુક્ત (૧) ગાયત્ર, (૨) બ્રાહ્મ, (૩) પ્રાજાપત્ય, (૪) બૃહન્ – આ ચાર પ્રકારનાં બ્રહ્મચારીઓમાંથી કોઇ એક પ્રકારના બ્રહ્મચારી. સનત્કુમારાદિ ચાર બ્રહ્મચારીઓમાંથી કોઈ એક બ્રહ્મચારી અથવા બ્રહ્મચારી શુકદેવ.

"નારદપરિવ્રાજકોપનિષદ્" અનુસાર આ ચાર પ્રકારના બ્રહ્મચારી વિષે આ પ્રમાણે છે: ઉપનયન સંસ્કાર બાદ જે બ્રહ્મચારી ત્રણ રાત સુધી મીઠા વિનાનું ભોજન કરી ગાયત્રી જપ કરતો રહે છે તે "ગાયત્ર" બ્રહ્મચારી કહેવાય છે. જે બ્રહ્મચારી વેદાધ્યયન પર્યંત બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને "બ્રાહ્મ" બ્રહ્મચારી કહે છે. જે એક વર્ષ સુધી વૈદિકવ્રત (બ્રહ્મચર્ય) નું પાલન કરે છે તેને "પ્રાજાપત્ય" બ્રહ્મચારી કહે છે અને જે મૃત્યુપર્યંત ગુરુઆશ્રમમાં રહીને બ્રહ્મચર્યનું પાલન કરે છે તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કે "બૃહન્" બ્રહ્મચારી કહેવામાં આવે છે.

"બાંભણુ પુસ્તક" શબ્દનો અર્થ એવો થાય છે કે ગૃહસ્થી અથવા વાનપ્રસ્થી કોઈ વેદજ્ઞ બ્રાહ્મણ. સપ્તર્ષિઓમાંથી કોઈ એક મહર્ષિ અથવા વેદપુરુષ ભગવાન વ્યાસદેવ.

"ડંડધારી" એટલે કે દંડી અથવા ત્રિદંડી સન્યાસીઓમાંથી કોઈ એક વિરક્ત સંન્યાસી. શ્રીમદ્ આદિશંકરાચાર્ય કે પછી કોઈ ત્રિદંડી વૈષ્ણવાચાર્ય કે દંડપાણિ યમરાજ.

"હસ્તામલક સ્તોત્ર"માં શ્રીમદ્ આદિશંકરાચાર્યજી મહારાજ જ્યારે શિશુ હસ્તામલકને પૂછે છે કે હે શિશુ! તું કોણ છો? કોનો પુત્ર છો? તારૂં શું નામ છે? વગેરે. ત્યારે તે બધા પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે શિશુ હસ્તામલક કહે છે:—

"નાઽહં મનુષ્યો ન ચ દેવયક્ષો ન બ્રાહ્મણઃ ક્ષત્રિય વૈશ્યશૂદ્રઃ।
ન બ્રહ્મચારી ન ગૃહી વનસ્થો ભિક્ષુર્નચાહં નિજબોધરુપઃ॥"

એટલે કે ન હું મનુષ્ય છું, ન દેવ, ન યક્ષ અને ન બ્રાહ્મણ, વૈશ્ય અને શુદ્રમાંનો કોઈ એક વર્ણનો છું. હું ન તો બ્રહ્મચારી છું, ન ગૃહસ્થ, ન વાનપ્રસ્થ અને ન સન્યાસી છું. હું તો નિજબોધરૂપ (સચ્ચિદાનંદ પરમતત્ત્વ) છું.

અહીં પણ ગુરુ દત્તાત્રેયે યોગી ગોરખનાથને આવી જ રીતે આત્મદૃષ્ટિથી પોતાનો પરિચય આપ્યો છે.

અહીં આપેલા પ્રશ્ન અને ઉત્તરમાં "દંડી-સંન્યાસી" વિષે સ્પષ્ટીકરણ આવશ્યક છે. ઉપનિષદ્ મનુસ્મૃતિ, અત્રિ-સ્મૃતિ વગેરે ધર્મગ્રંથોમાં સંન્યાસી અને તેના લક્ષણોની બાબતમાં વિસ્તૃત વર્ણન મળી આવે છે. ન્યૂનાધિક જ્ઞાન અનુસાર સંન્યાસીઓના છ પ્રકાર માનવામાં આવ્યા છે:-

(૧) કુટીચક, (૨) બહૂદક, (૩) હંસ, (૪) પરમહંસ (વિદ્વત્ અને વિવિદિષુ), (૫) તુરીયાતીત, (૬) અવધૂત. કુટીચક અને બહૂદક એ શિખા-સૂત્રધારી ત્રિદંડી સંન્યાસી હોય છે જ્યારે હંસ અને પરમહંસ શિખા-સૂત્ર રહિત એકદંડી સંન્યાસી હોય છે. દસનામી સંન્યાસીઓમાં દંડી અને પરમહંસ એવા બે પ્રકાર છે. જે વ્યક્તિ સંન્યાસ દીક્ષા સમયે ગુરુ પાસેથી દંડગ્રહણ કરીને તેની શાસ્ત્રોક્ત વિધિથી રક્ષા કરે છે તેને "દંડી સંન્યાસી" કહે છે. કુટીચક, બહૂદક અને હંસ — આ ત્રણ પ્રકારનાં સંન્યાસીઓ માટે "ક્રમ-સંન્યાસ"નું વિધાન છે. પરમહંસ, તુરીયાતીત અને અવધૂત — આ ત્રણ પ્રકારના સંન્યાસીઓ માટે કટિસૂત્ર, કૌપિન, વસ્ત્ર, કમંડલુ અને દંડધારણ કરવાની જરૂર નથી.

સંસાર પ્રતિ વૈરાગ્ય થઇ આવવાથી જે સંન્યાસ લેવાય છે તેને "વિવિદિષુ" સંન્યાસ કહે છે અને જ્ઞાનવૈરાગ્યથી જે સંન્યાસ આપોઆપ જ થઈ જાય છે તેને "વિદ્વત્" સંન્યાસ કહે છે.

ધર્મગ્રંથોના આદેશ પ્રમાણે ફક્ત બ્રાહ્મણજ "દંડી સંન્યાસી" થવાનો અધિકારી છે. બ્રાહ્મણેતર (ક્ષત્રિય, વૈશ્યાદિ) ને દંડી સંન્યાસની દીક્ષા અપાતી નથી. ઉપનિષદ્, પુરાણાદિમાં દંડી, અદંડી બન્ને પ્રકારના સંન્યાસ વિષે ઉદ્ધરણ મળે છે. "અત્રિ-સ્મૃતિ"માં લખ્યું છે કે કુટિચક, બાહૂદક, હંસ અને પરમહંસ-આ ચારેય પ્રકારના સંન્યાસીઓ "ત્રિદંડી" છે :

"ચતુર્ધા ભિક્ષવઃ પ્રોક્તાઃ સર્વેચૈવ ત્રિદંડિનઃ॥"

કિન્તુ અહીં જે "દંડ" શબ્દ વપરાયો છે તે વાંસનો દંડ કે બીજા કોઈ લાકડાનો દંડ નથી. આ "ત્રિદંડ" એટલે વાગ્દંડ, મનોદંડ અને કર્મદંડ અથવા કાયદંડ છે. તુરીયાતીત અને અવધૂતને માટે બાહ્યદંડ કે ઉપર કહ્યા મુજબના ત્રિદંડનું પણ કોઈ પ્રયોજન નથી. "જ્ઞાનમેવાસ્ય દંડઃ।" એટલે કે પૂર્ણજ્ઞાન જ તેનો દંડ છે. એકદંડી અને ત્રિદંડી સંન્યાસીની બાબતમાં નાથસંપ્રદાયના ગ્રંથ "સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ"માં કહ્યું છે કે—

"માયાકર્મ-કલાજાલમનિશં યેન દંડિતમ્।
અચૂલો નગવદ્ભાતિ ત્રિદંડી સોઽભિધીયતે॥
એકં નાનાવિધાકારં ચંચલં ચ સદા તુ યત્।
તચ્ચિત્તં દંડિતં યેન એકદંડી સ કથ્યતે॥"
(૬/૩૮-૩૯)

"અવધૂત" એ અતિ ઉચ્ચ કોટિની અવસ્થા છે જેમાં વર્ણ, આશ્રમ કે દંડ-કમંડલુ ઇત્યાદિ બાહ્ય ચિહ્નોની પણ આવશ્યકતા રહેતી નથી. જ્ઞાન જ તેનો દંડ, શિખા અને ઉપવીત છે. "વિચારદંડઃ॥" (નિર્વાણોપનિષદ્). "બ્રહ્મોપનિષદ્" માં પણ આવું જ કહ્યું છે:

"શિખા જ્ઞાનમયી યસ્ય ઉપવીતં ચ તન્મયમ્।"

આવી જાતની ઉચ્ચ અવસ્થાસંપન્ન અદંડી મહાત્માઓને "અત્યાશ્રમી" એટલે કે સર્વ આશ્રમોથી પર કહે છે. તે સ્વયંબ્રહ્મપુરુષ આત્મક્રીડ, આત્મારામ, વિધિ-નિષેધોથી અતીત, સર્વ પ્રકારના ભેદ-અભેદ-ભેદાભેદથી પર હોય છે. અહીં "ત્રિપુરારહસ્ય (જ્ઞાનખંડ)"માં ભગવાન દત્તાત્રેયને "પરમાવધૂત", "અવધૂતશ્રેષ્ઠ", "અવધૂતકુલશિરોમણિ" વગેરે કહ્યા છે.

"જોગી ન જોગજુગતા"—આમાં જોગી શબ્દ "યોગી"ને બદલે વપરાયો છે. "યોગી"ના બે પ્રકાર માનવામાં આવ્યા છે: (૧) યુંજાનયોગી, (૨) યુક્તયોગી. યુંજાનયોગીને તત્ત્વના પ્રકાશને માટે ઇચ્છા પ્રકટ કરવી પડે છે,

પ્રયત્ન કરવો પડે છે, જેથી ચિત્તનિરોધ દ્વારા (ધ્યાન અને સમાધિ દ્વારા) તેમને તત્ત્વબોધ થાય છે. પણ યુક્તયોગીને સદૈવ મન અને આત્માનો યોગ રહેવાથી સર્વદા તત્ત્વનો પ્રકાશ અનુભવાય છે. આવા મહાપુરુષને ઇચ્છા અને પ્રયત્ન વિના જ સ્વસ્વરૂપમાં સ્થિતિ સદૈવ રહે છે.

"આપ પ્રસાદૈં રમૈં છછંદમુક્તા"—ભગવાન શ્રી દત્તાત્રેયે સ્વરચિત "અવધૂતગીતા"ના પ્રારંભમાં જ કહ્યું છે કે:

"ઈશ્વરાનુગ્રહાદેવ પુંસામદ્વૈતવાસના
મહદ્ભયપરિત્રાણાં દ્વિત્રાણામેવ જાયતે ॥"[1]
(૧/૧).

એટલે કે જીવના હૃદયકમળમાં નિવાસ કરનાર ઈશ્વરની અનુકંપાથી જ, નિજ આત્મસ્વરૂપ ઈશ્વરની કૃપાથી જ, કેટલાક ગણ્યા-ગાંઠયા ભાગ્યશાળી જીવોની જન્મ-મૃત્યુરૂપી મહાભયથી રક્ષા કરવાવાળી અદ્વૈત વાસના (જીવ-બ્રહ્મના અભેદના સંસ્કાર) થાય છે. આનું તાત્પર્ય એ છે કે જ્યારે પોતાના ઉપર પોતાની જ કૃપા ઊતરે છે ત્યારે મનુષ્યને સ્વાત્મબોધ કે સ્વસ્વરૂપની પ્રત્યભિજ્ઞા થાય છે. ઈશ્વરકૃપા, સદ્ગુરુકૃપા અને આત્મકૃપા—આ ત્રણે ય એક જ છે, પણ સાધક કે શિષ્યની સાધનાવસ્થા અનુસાર આનો ક્રમશઃ અનુભવ થાય છે. 'દક્ષિણામૂર્તિ-સ્તોત્ર'માં આવું જ કહ્યું છે:—

"ઈશ્વરો ગુરુરાત્મેતિ મૂર્તિભેદ વિભાગિને।
વ્યોમવદ્વ્યાપ્તદેહાય દક્ષિણામૂર્તયે નમઃ ॥"

---

[1] કોઈ કોઈ ગ્રંથમાં "વિપ્રાણામુપજાયતે", "વિપ્રાણામિવજાયતે" વગેરે જોવા મળે છે.

"માયાકર્મ-કલાજાલમનિશં યેન દંડિતમ્।
અચૂલો નગવદ્ભાતિ ત્રિદંડી સોઽભિધીયતે॥
એકં નાનાવિધાકારં ચંચલં ચ સદા તુ યત્।
તચ્ચિત્તં દંડિતં યેન એકદંડી સ કથ્યતે॥"
(૬/૩૮-૩૯)

"અવધૂત" એ અતિ ઉચ્ચ કોટિની અવસ્થા છે જેમાં વર્ણ, આશ્રમ કે દંડ-કમંડલુ ઇત્યાદિ બાહ્ય ચિહ્નોની પણ આવશ્યકતા રહેતી નથી. જ્ઞાન જ તેનો દંડ, શિખા અને ઉપવીત છે. "વિચારદંડઃ॥" (નિર્વાણોપનિષદ્). "બ્રહ્મોપનિષદ્" માં પણ આવું જ કહ્યું છે:

"શિખા જ્ઞાનમયી યસ્ય ઉપવીતં ચ તન્મયમ્।"

આવી જાતની ઉચ્ચ અવસ્થાસંપન્ન અદંડી મહાત્માઓને "અત્યાશ્રમી" એટલે કે સર્વ આશ્રમોથી પર કહે છે. તે સ્વયંબ્રહ્મપુરુષ આત્મક્રીડ, આત્મારામ, વિધિ-નિષેધોથી અતીત, સર્વ પ્રકારના ભેદ-અભેદ-ભેદાભેદથી પર હોય છે. અહીં "ત્રિપુરારહસ્ય (જ્ઞાનખંડ)"માં ભગવાન દત્તાત્રેયને "પરમાવધૂત", "અવધૂતશ્રેષ્ઠ", "અવધૂતકુલશિરોમણિ" વગેરે કહ્યા છે.

"જોગી ન જોગજુગતા"—આમાં જોગી શબ્દ "યોગી"ને બદલે વપરાયો છે. "યોગી"ના બે પ્રકાર માનવામાં આવ્યા છે: (૧) યુંજાનયોગી, (૨) યુક્તયોગી. યુંજાનયોગીને તત્ત્વના પ્રકાશને માટે ઇચ્છા પ્રકટ કરવી પડે છે,

પ્રયત્ન કરવો પડે છે, જેથી ચિત્તનિરોધ દ્વારા (ધ્યાન અને સમાધિ દ્વારા) તેમને તત્ત્વબોધ થાય છે. પણ યુક્તયોગીને સદૈવ મન અને આત્માનો યોગ રહેવાથી સર્વદા તત્ત્વનો પ્રકાશ અનુભવાય છે. આવા મહાપુરુષને ઇચ્છા અને પ્રયત્ન વિના જ સ્વસ્વરૂપમાં સ્થિતિ સદૈવ રહે છે.

"આપ પ્રસાદૈં રમૈં છછંદમુક્તા"—ભગવાન શ્રી દત્તાત્રેયે સ્વરચિત "અવધૂતગીતા"ના પ્રારંભમાં જ કહ્યું છે કે:

"ઈશ્વરાનુગ્રહાદેવ પુંસામદ્વૈતવાસના
મહદ્ભયપરિત્રાણાં દ્વિત્રાણામેવ જાયતે ॥"[1]
(૧/૧).

એટલે કે જીવના હૃદયકમળમાં નિવાસ કરનાર ઈશ્વરની અનુકંપાથી જ, નિજ આત્મસ્વરૂપ ઇશ્વરની કૃપાથી જ, કેટલાક ગણ્યા-ગાંઠ્યા ભાગ્યશાળી જીવોની જન્મ-મૃત્યુરૂપી મહાભયથી રક્ષા કરવાવાળી અદ્વૈત વાસના (જીવ-બ્રહ્મના અભેદના સંસ્કાર) થાય છે. આનું તાત્પર્ય એ છે કે જ્યારે પોતાના ઉપર પોતાની જ કૃપા ઊતરે છે ત્યારે મનુષ્યને સ્વાત્મબોધ કે સ્વસ્વરૂપની પ્રત્યભિજ્ઞા થાય છે. ઇશ્વરકૃપા, સદ્ગુરુકૃપા અને આત્મકૃપા—આ ત્રણે ય એક જ છે, પણ સાધક કે શિષ્યની સાધનાવસ્થા અનુસાર આનો ક્રમશઃ અનુભવ થાય છે. 'દક્ષિણામૂર્તિ-સ્તોત્ર'માં આવું જ કહ્યું છે:—

"ઈશ્વરો ગુરુરાત્મેતિ મૂર્તિભેદ વિભાગિને।
વ્યોમવદ્વ્યાપ્તદેહાય દક્ષિણામૂર્તયે નમઃ ॥"

---

[1] કોઈ કોઈ ગ્રંથમાં "વિપ્રાણામુપજાયતે", "વિપ્રાણામિવજાયતે" વગેરે જોવા મળે છે.

"જીવન્મુકત-ગીતા"માં ભગવાન શ્રી દત્તાત્રેય કહે છે:-

"એકાકી રમતે નિત્યં સ્વભાવગુણવર્જિતમ્।
બ્રહ્મજ્ઞાનરસાસ્વાદી જીવન્મુક્તઃ સ ઉચ્યતે॥"

એટલે કે જે પ્રકૃતિના ગુણોથી પર છે, અદ્વિતીય છે, સદૈવ સ્વભાવતઃ આત્મામાં રમણ કરે છે તે બ્રહ્મજ્ઞાની, સમરસસ્વાદી મહાત્માઓને "જીવન્મુકત" કહે છે. "સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ"માં પણ આવા આત્મક્રીડ મહાપુરુષોનું આ પ્રમાણે વર્ણન જોવા મળે છે:-

"આવભાસાત્મકો ભાસઃ પ્રકાશે સુખસંસ્થિતઃ।
લીલયા રમતે લોકે સોડવધૂતોડભિધીયતે॥"
(૬/૧૯)

એટલે કે જગત્‌ના પ્રકાશક એવા સૂર્ય-ચંદ્રાદિને પણ પ્રકાશ આપવાવાળા, સદા સ્વાત્મસુખમાં સ્થિત, પોતાની લીલાવશ સ્વચ્છંદવિચરણ કરવાવાળા એવા મહાત્માને "અવધૂત" કહે છે.

આ વિષે સંત કબીરદાસ કહે છે-

"મનમાલા તન મેખલા, ભયકી કિયાં ભભૂત।
અલખમેલા સબ દેખતા, સો જાનૌ અવધૂત॥"

ગુરુદત્તાત્રેયે ગોરખનાથને આપેલા ઉત્તર થી હવે ગોરખનાથને એ સ્પષ્ટ સમજાઇ ગયું કે આ કોઇ ઉચ્ચ કોટિના અવધૂત યોગી છે. કેમકે તેમની વાણી અત્યંત મધુર અને જ્ઞાનામૃતથી પરિપૂર્ણ છે. મહાપુરુષની આવી વાણી વિષે

ગોરખનાથે સ્વરચિત "ગોરખવાણી" ગ્રંથમાં આ પ્રમાણે લખ્યું છે :

"નગ્રી સોભંત બહુ જલ મૂલ બિરખા
સભા સોભંત પંડિત પુરખા ।
રાજા સોભંત દલ પ્રવાંણી
યૂં સિધા સોભંત સુધિ-બુધિ કી બાંણી ॥"

એટલે કે બાગ-બગીચા, વાવ-તળાવ વગેરેના હોવાથી નગર શોભી ઊઠે છે, વિદ્યા-વિનયસંપન્ન વિદ્વાનપુરુષોને લીધે સભા (રાજ દરબાર) દીપી ઉઠે છે, પ્રમાણિક (અને વિશ્વાસુ) સેના હોવાથી રાજા શોભે છે, તેવી જ રીતે શુદ્ધ અને બુદ્ધિયુક્ત વાણીથી સિદ્ધપુરુષ સુશોભિત થાય છે.

પણ આવો ઉત્તમ પ્રત્યુત્તર આપવાવાળા અવધૂત યોગી એવા આ કોણ મહાપુરુષ હશે ? ક્યો પ્રદેશમાંથી અહીં આવ્યા હશે ? વગેરે વિષે તે મહાપુરૂષના જ મુખેથી સંપૂર્ણ વૃતાંત સાંભળવા માટે યોગી ગોરખનાથે તેમને ઉત્સુકતાપૂર્વક પુનઃ પ્રશ્ન પૂછ્યો :

ગોરખનાથ—

"આપા મેંટણાં સતગુરુ થાપણાં
અનપરચૈ જગ ષાયા ।
ગોરષ કહૈં સુણૌ હો સ્વામી
તુમ્હૈં કોંણ કહાં થૈં આયા ॥" (૩)

અર્થ :- જીવનો ખંડઆત્મભાવ કે અહંકાર દૂર કરવા માટે તથા જીવમાં સદ્ગુરુ-મહિમા સ્થાપિત કરવા માટે આપ અપરિચિત રૂપે જગત્માં વિચરણ કરી રહ્યા છો. જેવી રીતે મનુષ્યનો પડછાયો નિત્ય મનુષ્યની સાથે અવ્યક્ત રૂપે રહે છે તેવી જ રીતે આપ પ્રત્યેક પ્રાણીની સાથે રહો છો. ગોરખનાથ કહે છે કે હે સ્વામી! આપ કોણ છો? ક્યાંથી આવ્યા છો? આ સર્વ કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ હોતા ગુપત ગુપત યૈં પ્રગટ
રહેતા પુરુષ કી છાયા।
દત્ત કહે સુણો હો ગોરખ
હમ ગૈબી પુરસ ગૈબયૈં આયા॥" (૪)

અર્થ :-ગુરુદત્તાત્રેય ગોરખનાથને તેના પ્રશ્નના પ્રત્યુતરમાં કહે છે કે હે અવધૂત ગોરખનાથ! અમે ક્યારેક ગુપ્તરૂપે વિચરણ કરીએ છીએ તો ક્યારેક પ્રકટ રહીએ છીએ. પુરુષના પડછાયાની જેમ રહીએ છીએ. દત્ત કહે છે કે હે ગોરખ! સાંભળો, અમે ગુપ્તપુરુષ ગુપ્તસ્થાનેથી આવ્યા છીએ.

વ્યાખ્યા :-યોગી ગોરખનાથના પ્રશ્નના આ પ્રત્યુત્તરમાં ગુરુ દત્તાત્રેય પોતાના પરિચય અને નિવાસસ્થાન વિષે અત્યંત ગૂઢ રહસ્ય ખોલે છે. તાત્પર્ય એ છે કે મનુષ્યનો પડછાયો સદૈવ તેની સાથે રહે છે. પ્રકાશના અસ્તિત્વમાં તે વ્યક્ત થાય છે પણ પ્રકાશના અભાવમાં તે અપ્રકટરૂપે મનુષ્યની સાથે રહે છે જ.

'ગુરુ દત્તાત્રેય અને યોગી ગોરખનાથ'

"દિગંબરં ભસ્મસુગંધલેપનં
ચક્રં ત્રિશૂલં ગરુડં ગદાયુધમ્ ।
પદ્માસનં યોગિમૂનીન્દ્રવંદિતં
દત્તેતિ નામસ્મરણેન નિત્યમ્ ॥"

(શ્રી. રુદ્રયામલ તંત્ર)

" જગદંકુરકંદાય સચ્ચિદાનંદમૂર્તયે ।
દત્તાત્રેયાય યોગીન્દ્રચન્દ્રાય પરમાત્મને ॥ " (શ્રી રુદ્રયામલ તંત્ર)

" યોગસમ્રાટ ગુરુ દત્તાત્રેય અને નવનાથ "

નવનાથનાં નામ :
(ગોરક્ષનાથ, જલંધરનાથ, કરિણનાથ, ગહિનીનાથ,
મચ્છેન્દ્રનાથ, રેવણનાથ, નાગનાથ, ભર્તૃનાથ, ગોપીચંદનાથ)

ગુરુ દત્તાત્રેય કહે છે કે હે ગોરખનાથ! અમારા વિષે પણ આવું જ રહસ્ય છે. જે વ્યક્તિ વિશેષતઃ શુદ્ધબુદ્ધિસંપન્ન છે અને પોતાનાં મન-બુદ્ધિને પરમપુરુષમાં નિરંતર ચોંટેલા રાખવા માટે પ્રયત્ન કરે છે તે અમલાત્માઓની સમક્ષ અમે પ્રકટ થઇએ છીએ. કિન્તુ મોટે ભાગે તો ગુપ્ત જ રહીએ છીએ. એટલે કે અજ્ઞાનથી આવૃત મનુષ્યોને પ્રાયઃ આ પરમપુરુષ (પરમતત્ત્વ) અગમ્ય જ છે. આવી રીતે નિત્ય સાથે રહેવા છતાં ય લોકો તેને સહજતઃ પૂર્ણ રૂપે ઓળખી શકતા નથી. કારણ કે તે પોતાની યોગમાયાની યવનિકા (પડદા) માં છૂપાએલો રહે છે. આથી જ તેને અત્યંત ગુપ્ત કહેવામાં આવ્યો છે અને તેનું દર્શન દુર્લભ કહ્યું છે. ગીતાજીમાં પણ લખ્યું છે કે:

"મનુષ્યાણાં સહસ્રેષુ કશ્ચિદ્યતતિ સિદ્ધયે।
યતતામપિ સિદ્ધાનાં કશ્ચિન્માં વેત્તિ તત્ત્વતઃ॥" (૭/૩)

"હમ ગૈબી પુરસ ગૈબ થૈં આયા"– "ગૈબ" શબ્દનો અર્થ "ગુહા" (ગુફા) થાય છે. "ગૈબી પુરસ" એટલે "ગુહાહિત" (સર્વ જીવાત્માના હૃદય રૂપી ગુફામાં સ્થિત પરમતત્ત્વ). "કઠોપનિષદ્"માં આ ગુહાહિત વિષે આવું જ કહ્યું છે:

"ગુહાહિતં ગહ્વરેષ્ઠં પુરાણમ્" (૧/૨/૧૨)[૨]

[૨] "ગુહાં પ્રવિષ્ટૌ પરમે પરાર્ધે"–કઠોપનિષદ્ (૧/૩/૧)

"હમ ગૈબી પુરસ ગૈબ થૈં આયા"-આ પંક્તિનો અર્થ એવો થાય છે કે હે ગોરખનાથ! અમે ગુહાહિત (અતિગુપ્ત) પુરુષ છીએ અને નિત્ય ગુપ્ત સ્થાનેથી જ પ્રકટ થઇએ છીએ. પોતે જ પોતાની પાસે પ્રકટ થઇએ છીએ, તેમ છતાં ય ગુપ્ત જ રહીએ છીએ. અમે સિદ્ધપુરુષ છીએ, અવતારી પુરુષ છીએ, અયોનિજ સંતાન છીએ.

આવા ઉચ્ચ કોટિના મહાપુરુષ વિષે 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' ગ્રંથમાં કહ્યું છે કે:

"અવ્યક્તં વ્યક્તમાધત્તે વ્યક્તં સર્વં ગ્રસત્યલમ્।
સ સત્યં સ્વાન્તરે સન્નૈઃ સોઽવધૂતોઽભિધીયતે ॥" (૬/૧૮)

એટલે કે બ્રહ્મનિષ્ઠ મહાત્મા ક્યારેક પોતાનું સ્વરૂપ પોતાના કોઈ પ્રિય શિષ્યના કલ્યાણાર્થ પ્રકટ કરે છે તો ક્યારેક પ્રકટ હોવા છતાં ય છુપાવી દે છે. પોતાના અંતરમાં સત્યસ્વરૂપ જ્યોતિને પ્રાપ્ત કરેલા એવા મહાત્માને અવધૂત કહેવામાં આવે છે. "પ્રકટ-ગુપ્ત"ના વિષે સંત દાદૂ દયાલ કહે છે કે:

"બાહર ભીતર સર્વ નિરંતર સબમેં રહ્યા સમાઇ।
પરગટ ગુપત ગુપત પુનિ પરગટ, અવિગત લખ્યા ન જાઇ॥"

યોગી ગોરખનાથે ગુરુ દત્તાત્રેયને પ્રશ્ન કરીને તેમનો પરિચય તથા તેમના નિવાસસ્થાન વિષે અદ્ભુત વાત જાણ્યા પછી હવે તેમની પાસેથી બિંદુ, વાયુ, માયા, કાયાસિદ્ધિ વગેરે વિષે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેઓ તેમને ફરીથી પ્રશ્ન પૂછે છે.

ગોરખનાથ—

"સ્વામી અજર ક્યંદ અસાધ બાઇ
અપ્રબલ વિષ્નકી માયા ।
ગોરખ કહૈ સુણો હો દત્તાતૃયે
કયૂં સીઝંતિ જલ ક્યંદ કી કાયા" ॥ (૫)

અર્થ :-ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તાત્રેય! બિંદુને જરા વિરહિત કરવું, એટલે કે તેને મહાબિંદુમાં પરિણત કરવું, અને સ્વાધિષ્ઠાન સ્થિત વાયુ ઉપર વિજય પ્રાપ્ત કરવો અસાધ્ય છે. વૈષ્ણવીમાયાને જીતવી કઠિન છે. શુક્રનિર્મિત (બિંદુથી ઉદ્ભૂત) આ કાયાને જરા-મરણ કેમ પ્રાપ્ત થાય છે? તેને કેવી રીતે સિદ્ધ કરી શકાય? આ વિષે સંભળાવો.

સૂચના :—આ પ્રશ્નમાં જે "અપ્રબલ" શબ્દ વપરાયો છે તેને "પ્રબલ" શબ્દ સમજવો. આ ગ્રંથમાં અન્યત્ર "અસ્થિતિ", "અસ્થાન" વગેરે શબ્દોનો પ્રયોગ જોવા મળે છે. આથી આ શબ્દોની જગાએ સ્થિતિ, સ્થાન શબ્દો સમજવા.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ કન્દ્રપ ન બાઇ અપ્રબલ ન માયા
આકાર નિરાકાર સૂષિમ નિકાયા ।
જલો ન જલબિંબો દરપનો ન ષાયા
દત્ત ન ગોરષ કાયા ન માયા ॥" (૬)

અર્થ :— હે અવધૂત ગોરખનાથ! તે પરમસ્થિતિમાં ન તો કન્દર્પ (કામદેવ) છે, ન વાયુ છે, ન શક્તિદ્વારા વૈષ્ણવીમાયા છે. ન આકાર, ન નિરાકાર, ન સૂક્ષ્મ અને કાંઈ સ્થૂળ વગેરે છે. ન જળ છે અને ન જળબિંબ છે. દર્પણ છે, ન પ્રતિબિંબ છે. દત્ત નથી તેમ ગોરખ પણ નથી વસ્તુ (વાસ્તવ) નથી અને આરોપ (આભાસ) પણ નથી. તાત્પર્ય એ છે કે જે કાંઈ છે તે પરમતત્ત્વ જ છે. જે મહા પુરુષોને આ પ્રકારનો સતત દૃઢ બોધ રહે છે તેને કાયાસિદ્ધિનું હોવું કે ન હોવું એ બન્ને સમાન છે. તે મહાપુરુષો "નિત્યસિદ્ધ" કહેવાય છે.

વ્યાખ્યા : યોગી ગોરખનાથે પોતાના પ્રશ્નમાં એ જણાવ્યું છે કે "અપ્રબલ વિષ્ન કી માયા"–એટલે કે વૈષ્ણવી માયા અતિ દુરસ્ત છે. આ વૈષ્ણવી માયામાંથી છૂટ તે ઘણું જ કઠિન કામ છે. આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં ગુરુ દત્તાત્રે કહે છે કે યોગની તે મહાસ્થિતિમાં વૈષ્ણવીમાયાનું પ્રાબલ્ય ઇત્યાદિ કાંઇ રહેતું નથી. એટલે કે જે મહાભાગ્યશાળી યોગી પુરુષોને સ્વસ્વરુપનું સતત સ્ફુરણ રહે છે તે અમલાત્માઓ આ માયાને અનાયાસ પાર કરી જાય છે. ગીતાજીમાં પણ આ વિષે કહ્યું છે ને કે —

"દૈવી હ્યેષા ગુણમયી મમ માયા દુરત્યયા।
મામેવ યે પ્રપદ્યન્તે માયામેતાં તરન્તિ તે ॥"
(૭/૧૪

આ વિષે સંત મલૂકદાસની વાણી આ પ્રમાણે છે:

'જિન પરઆતમ ચીન્હિયા
તે હી ઉતરૈં પાર।'

આ વિષે આગળ સમજાવતાં ગુરુ દત્તાત્રેય કહે છે કે તે મહાસ્થિતિમાં તો દત્ત (દત્તાત્રેય) નથી, ગોરખ (ગોરખનાથ) નથી. કાયા નથી, માયા નથી.

યોગની આ મહાસ્થિતિ વિષે સમજાવતાં ગુરુ દત્તાત્રેયે કાર્તિકસ્વામીને આવું જ કહ્યું હતું:

'ન ત્વં નાહં જગન્નેદં સર્વમાત્મૈવ કેવલમ્।'
(અવધૂતગીતા ૧/૧૫)

વળી બિંબ-પ્રતિબિંબ અને માયા વિષે સમજાવતાં ગુરુ દત્તાત્રેયે કાર્તિકસ્વામીને કહ્યું કે —

"માયામાયા કથં તાત છાયાછાયા ન વિદ્યતે।
તત્ત્વમેકમિદં સર્વં વ્યોમાકારં નિરંજનમ્॥"
(૧/૪૩)

હવે યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને શ્વાસ-પ્રશ્વાસ, નાદ ઇત્યાદિનું રહસ્ય સમજાવવા માટે વિનતિ કરે છે.

ગોરખનાથ —

"કૌંણુસ્ય આવૈ કૌંણુસિ જાય
જો બોલૈ સો કહાં સમાય।
જો ગંમિ હોઇ સો કહિયે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૭)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે દત્તદેવ! શ્વાસરૂપે કોણ શરીરમાં પ્રવેશ કરે છે? પ્રશ્વાસરૂપે કોણ શરીરમાંથી બહાર નીકળે છે? જે શબ્દોનું ઉચ્ચારણ કરાય છે તેનો ક્યાં લય થાય છે? આ બધાનું જે કાંઈ રહસ્ય હોય તેને કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય —

"અવધૂ ન કોઇ આવૈ ન કોઇ જાઇ
કાંસા નાદ મધિ સમાઇ।
ચેકૈ સુત્રૈં પ્રોયા હાર
સાંભલિ હો ગોરષ કહૂં બિચાર॥" (૧

અર્થ—હે અવધૂત ગોરખનાથ! આ બધા વિષે કહું છું, ધ્યાન દઇને સાંભળો. ન તો કોઈ આવે છે કે ન કોઈ જાય છે. જે કાંઇ બોલાય છે તેનો નાદમાં લય થઈ જાય છે. જેવી રીતે એક જ દોરા વડે માળા ગુંથવામાં આવે છે તેવી જ રીતે અખંડ-સત્ય (તે નિત્યસ્થિતિ) માં આવવું-જવું વગેરે અનંત વૈચિત્ર્ય ગ્રથિત છે.

વ્યાખ્યા—યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જીવ જ્યારે શ્વાસને બહાર કાઢે છે ત્યારે "હ"-કાર શબ્દનું ઉચ્ચારણ થાય છે. જ્યારે શ્વાસને બહારથી પોતાની અંદર ખેંચે છે ત્યારે "સ"-કાર શબ્દનું ઉચ્ચારણ થાય છે. આવી રીતે જીવ અહોરાત્રમાં શ્વાસ-પ્રશ્વાસ દ્વારા "ઊલટા હંસમંત્ર" (અજપાગાયત્રી) ના ૨૧,૬૦૦ વાર જપ કરે છે. પણ દુઃખની વાત તો એ છે કે જીવ આ રહસ્યથી સર્વથા

અનભિજ્ઞ છે-તદ્દન અજાણ્યો છે. આથી જ જીવ જન્મ, મૃત્યુ, ભય, શોક વગેરેને પ્રાપ્ત થાય છે. આ ઊલટા હંસમંત્ર વિષે યોગી ગોરખનાથે પોતાના "ગોરક્ષ-પદ્ધતિ" નામના ગ્રન્થમાં આ પ્રમાણે લખ્યું છે:

"હકારેણ બહિર્યાતિ સકારેણ વિશેત્ પુનઃ।
હંસ હંસેત્યમું મન્ત્રં જીવો જપતિ સર્વદા॥"

કિન્તુ અહીં ગુરુદત્તાત્રેયનો પ્રત્યુત્તર અતિ ઉચ્ચ સ્થિતિની બાબતમાં અપાયો છે. તેમણે ગોરખનાથને કહ્યું કે પ્રશ્વાસરૂપે બહાર નીકળવું કે શ્વાસરૂપે શરીરની અંદર જવું તે પણ યોગની તે મહાસ્થિતિમાં નથી. બાહ્ય દ્રષ્ટિએ આ આવવું-જવું વગેરે પ્રતીત થાય છે. વસ્તુતઃ સચ્ચિદાનંદ પરમતત્ત્વ જ અખંડ સત્યરૂપે સર્વત્ર, સજાતીય-માળામાં ગ્રથિત સૂત્રની જેમ, અવસ્થિત છે. આ પરમતત્ત્વને ધર્મ-ગ્રંથોમાં "સૂત્રાત્મા" કહ્યો છે, જેમકે:

'મયિ સર્વમિદં પ્રોકતં સૂત્રે મણિગણા ઇવ।'
(ગીતાજી. ૭૭)

યોગી ગોરખનાથે પણ આ વિષે સ્વરચિત ગ્રંથ "યોગબીજ" માં લખ્યું છે:

'સુષુમ્ણાયાં સ્થિતઃ સર્વે સૂત્રે મણિગણા ઇવ।'
(૧/૩૧)

ગોરખનાથનું એવું કહેવું છે કે સમગ્ર વિશ્વની (વિશ્વના સર્વે જીવોની) એક જ સુષુમ્ણા છે.

"કાંસા નાદ મધિ સમાઇ" — એટલે કે જે કાંઈ વર્ણાત્મક શબ્દ બોલાય છે તેનો "નાદ"માં લય થાય છે. "નાદ"નો અર્થ છે "જ્યોતિ". આથી જ કહેવામાં આવ્યું છે કે —

"અનાહતસ્ય શબ્દસ્ય તસ્યશબ્દસ્ય યો ધ્વનિઃ।
ધ્વનેરન્તર્ગતં જ્યોતિર્જ્યોત્યાહ્યન્તર્ગતં મનઃ॥
તન્મનો વિલયં યાતિ તદ્વિષ્ણોઃ પરમં પદમ્॥"

આનો સારાંશ એ છે કે ધ્વનિનો લય જ્યોતિમાં થાય છે. જ્યોતિની ભીતરમાં મનનો પ્રકાશ છે. મનનો નિરોધ થતાં પરમપદની પ્રાપ્તિ થાય છે.

ગોરખનાથે એક ગ્રંથમાં લખ્યું છે: "નાભિ આધારમાં એકાગ્રચિત્તથી પ્રણવોચ્ચારણ કરવાથી શબ્દનો લય થાય છે." "ગોરખવાણી" ગ્રંથમાં તેમણે "શબ્દ" વિષે કહ્યું છે:—

"સબદહિં તાલા સબદહિં કુંજી, સબદહિં સબદ જગાયા।
સબદહિં સબદસૂં પરચા હુઆ, સબદહિં સબદ સમાયા॥"

"યે કૈ સુત્રે પ્રોયા હાર" — આ વિષે સંત ભીખાની વાણી આ પ્રમાણે છે:

"ભીખા કેવલ એક હૈ, કિરતિમ ભયા અનંત।
એકૈ આતમ સકલઘટ, યહ ગતિ જાનહિં સંત॥"

હવે યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને તેમના માતા-પિતા, ઘરદ્વાર વગેરે વિષે વ્યકિતગત પ્રશ્ન પૂછે છે:

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસ્ય માતા કૌંણુસ્ય પિતા
કૌંણુસ્ય ગુરુ ઉપદેસ સ્થિતા।
કૌંણુસ્ય આસણુ કરૌ વિશ્રાંમ
કૌંણુ ઘર સો દાખૌ ઠાંમ॥" (૯)

અર્થ—હે સ્વામી! કોણ આપની માતા છે? કોણ છે? કોણ એવા ગુરુ છે કે જેની કૃપાથી આપને આ ઉચ્ચ-સ્થિતિ પ્રાપ્ત થઈ છે? વિશ્રામ કરવા માટે આપનું આસન (બિછાનું) કઈ જગાએ રાખ્યું છે? આપના ઘરનું ઠામ-ઠેકાણું બતાવો. આ બધા વ્યક્તિગત પ્રશ્નોનાં પ્રત્યુત્તર ગુરુ દત્તાત્રેય પોતાની અવધૂતી મસ્તીમાં જ આ પ્રમાણે આપે છે કે:—

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ ખમા માંતા સત પિતા
ગ્યાંન ગુરુ પરચાયા સ્થિતા।
અલેષ આસણુ તહાં વિશ્રાંમ
સાંભલિ ગોરષ દાખૂં ઠાંમ॥" (૧૦)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! ક્ષમા અમારી માતા છે, સત્ય પિતા છે, જ્ઞાન જ ગુરુ છે જેના દ્વારા આત્મપરિચય થવાથી આ ઉચ્ચસ્થિતિ મને પ્રાપ્ત થઈ છે. જેને "અલક્ષ્ય" નામથી યોગી લોકો ઓળખે છે તે જ અમારું આસન છે અને તે અલક્ષ્યમાં જ અમે વિશ્રામ કરીએ છીએ. હે ગોરખ! સાંભળો. આ પ્રમાણે અમારું ઠામ-ઠેકાણું બતાવ્યું છે.

વ્યાખ્યા—શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં "યદુ-અવધૂત સંવાદ" વર્ણવ્યો છે. તે પ્રસંગે ગુરુ દત્તાત્રેય રાજા યદુને કહે છે કે મને તો પૃથ્વી પાસેથી પણ ઘણું ય પ્રાપ્ત થયું છે. પૃથ્વીનો ગુણ ક્ષમા છે. લોકો પૃથ્વીને ખોદે છે, તેની ઉપર મળ-મૂત્ર અને બીજી ગંદકી નાંખે છે તેમ છતાં ય પૃથ્વી વિચલિત, ક્ષુબ્ધ, ક્રુદ્ધ થતી નથી. લોકોના દોષને માફ કરી દે છે. "ક્ષમા વીરસ્ય ભૂષણમ્." વળી પૃથ્વીમાં ઉત્પન્ન, તેનાં સંતાન જેવાં, પર્વત, વૃક્ષ, લતા ઇત્યાદિમાં પણ માતાનો "ક્ષમા" ગુણ ઊતરી આવેલો જોવા મળે છે. આથી જ તો પ્રાણીઓ દ્વારા તેમને વિવિધ પ્રકારે (તોડવા, કાપવા, બાળવા વગેરે) કષ્ટ અપાતું હોવા છતાં ય તેને ક્ષમા કરી દે છે અને તેની ઉપર સદૈવ પરોપકારક જ કરતા રહે છે. પૃથ્વીના આ મહાન ગુણથી જ તેને "માતા" કહી છે. આવી જ રીતે સત્યસ્વરુપ આકાશને "પિતા" કહ્યા છે. આથી ગુરુ દત્તાત્રેયની દૃષ્ટિએ આ દ્યાવા-પૃથિવી તેમના પિતા-માતા છે.

'ગુરુ'—ગુરુ શબ્દના ઘણા ય અર્થ થાય છે, જેવા કે:

(૧) અજ્ઞાનરુપી અંધકારમાંથી પ્રકાશ પ્રતિ દોરી જનાર.

(૨) જેની દૃષ્ટિ ઘણી વ્યાપક છે.

(૩) જેનું જ્ઞાન આકાશ જેવું અનંત છે.

(૪) "અજ્ઞાન નામવાળું કાંઈ છે જ નહીં, જે કાંઈ છે તે સ્વયંપ્રકાશ પરમતત્ત્વ જ છે." આવી જાતના બોધમાં શિષ્યને નિત્ય સ્થિત કરી દેવાવાળા મહાપુરુષ તે

ગુરુ છે. બે પ્રકારના ગુરુ હોય છે. એક તો જ્ઞાની ગુરુ છે. બીજા ગુરુ એ છે કે જેમાંથી પૂર્ણબોધમાં સ્થિતિ પ્રાપ્ત કરવા માટે પરમાર્થવિષયક વિભિન્ન સદ્ગુણ ગ્રહણ કરાય છે, જેમકે: ભગવાન દત્તાત્રેયે કરેલા પૃથ્વી, જળ વગેરે ચોવીશ ગુરુઓ. વસ્તુતઃ આ સમગ્ર વિશ્વ અને તેની અંદરની પ્રત્યેક વસ્તુ ગુરુ છે, પણ તેને જોવા અને સાંભળવા માટે આપણી પાસે વિશેષ પ્રકારનાં આંખ અને કાન હોવાં આવશ્યક છે અને તેની અંદર રહેલા સદ્ગુણોને આપણામાં ઉતારવા માટે આપણી પાસે વિશુદ્ધ હૃદય પણ હોવું આવશ્યક છે.

વાસ્તવમાં આપણો આત્મા જ આપણો ગુરુ છે. ઇશ્વર, સદ્ગુરુ ઇત્યાદિ તેના નામાંતરો છે. ગુરુ દત્તાત્રેયે ગુરુ પ્રાપ્તિના વિષે સમજાવતાં કાર્તિક સ્વામીને "અવધૂત-ગીતા"માં કહ્યું છે:

"બાલસ્ય વા વિષયભોગરતસ્ય વાઽપિ
મૂર્ખસ્ય સેવકજનસ્ય ગૃહસ્થિતસ્ય ।
એતદ્ગુરોઃ કિમપિ નૈવ, ન ચિંતનીયં
રત્નં કથં ત્યજતિ કોઽપ્યશુચૌ પ્રવિષ્ટમ્ ॥" (૨૧)

આનો સારાંશ એ છે કે અશુચિસ્થાનમાં પડેલું મૂલ્યવાન રત્ન જેવી રીતે છોડી દેવાતું નથી તેવી રીતે બાળક, વિષયભોગી, મૂર્ખ, સેવક, ગૃહસ્થ વગેરેમાં રહેલા ગુણોનો ત્યાગ ન કરતાં તે ગુણોને ગ્રહણ કરી લેવા જોઇએ. આમ ગુણગ્રહણ કરવા, એટલે કે પોતાને ગુરુત્વથી પરિપુષ્ટ કરવું.

"જ્ઞાનીગુરુ" એટલે જ્ઞાનસ્વરુપ ગુરુ. ગુરુસ્તવમાં કહ્યું છે:

'બ્રહ્માનંદં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્ ।'

આવા જ્ઞાનસ્વરુપ ગુરુની અનુકંપાથી જ શિષ્યને આત્મ-પરિચય લાભ થતાં પૂર્ણસ્થિતિ થાય છે અને આ સ્થિતિ સ્થિર રહે છે. "અવધૂત-ગીતા"માં ગુરુ કૃપા વિષે કહ્યું છે કે—

"ગુરુપ્રજ્ઞાપ્રસાદેન મૂર્ખો વા યદિ પંડિતઃ ।
યસ્તુ સંબુદ્ધયતે તત્ત્વં વિરક્તો ભવસાગરાત્ ॥" (૨/૨૨)

"અલેખ" શબ્દનો અર્થ "અલક્ષ્ય" (લક્ષ્યાતીત) એવો થાય છે, એટલે કે મન અને બુદ્ધિથી પરનું એવું પરમતત્ત્વ કે સ્વસ્વરૂપ.

"અલેખ આસણુ તહાં વિશ્રાંસ" — એટલે કે પરમત્ત્વ, નિરાલંબ બ્રહ્મ જ' વિશ્રામને માટે આસન છે. "નિર્વાણોપનિષદ્" માં કહ્યું છે :

'નિરાલંબો પીઠમ્'

"સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ" ગ્રંથમાં કહ્યું છે કે સ્વસ્વ-રૂપમાં સદૈવ સ્થિત રહેવું એ જ વસ્તુતઃ આસન છે."

'આસનમિતિ સ્વસ્વરૂપે સમાસન્નતા (૨/૩૮).' આ જ ગ્રંથમાં આગળ કહેવાયું છે કે —

"મેખલા નિવૃત્તિર્નિત્યં સ્વસ્વરૂપં કટાસનમ્ ।
નિવૃત્તિઃ ષડ્વિકારેભ્યઃ સો ऽવધૂતો ऽભિધીયતે ॥"
(૬/૮)

આવા આસનજિત અર્થાત્ સ્વસ્વરૂપ સ્થિતિ સંપન્ન મહાપુરુષ જ ત્રણેય લોકને જીતી લે છે. કહ્યું છે ને કે :

'આસનં વિજિતં યેન જિતં તેન જગત્ત્રયમ્ ।
(ત્રિશિખા. બ્રા. ઉ. ૫૨)

યોગી ભર્તૃહરિનાથ પોતાની "સબદી"માં કહે છે કે:

'અગમ અગોચર સિદ્ધકા આસણ'

હવે યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને બંદ્ધ અને મુક્ત વિષે પ્રશ્ન કરે છે.

ગોરખનાથ—

"સ્વામીં કૌંણ મુકત કૌંણ દુઃખ સહૈ
કૌંણસિ બિણસૈ કૌંણ અજરાવર રહૈ।
જો ગંમિ હોઇસુ કહિયે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૧૧)

અર્થ—હે સ્વામિન્ દત્તદેવ! કોણ મુક્ત છે? કોણ દુઃખ સહે છે (બદ્ધ છે)? કોણ પરિણામશીલ છે? અને કોણ અજર-અમર (અવિનાશી) છે? ગોરખનાથ કહે છે કે આ બધાયનું રહસ્ય મને કહી સંભળાવો.

ગુરુદત્તાત્રેય—

"અવધૂ બ્રહ્મ મુકત પ્રકિરતિ દુઃખ સહૈ
પ્રકિરતિ બિનસૈ બ્રહ્મ અજરાવર રહૈ।
ગુહ્ય જ્ઞાન કથિલૈ અપાર
સાંભલિ ગોરષ કહૌં વિચાર॥" (૧૨)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! આ બધા પ્રશ્નોના વિષયમાં હું મારા વિચાર કહું છું તમે ધ્યાન દઈને સાંભળો. જે લોકો બ્રહ્મભાવાપન્ન થઈ ગયા છે તે જ મુકત છે. જેને પ્રકૃતિમાં અહંબોધ થાય છે તે દુઃખ સહન કરે છે. પ્રકૃતિ

પરિણામી છે અને બ્રહ્મ અપરિણામી છે. જે હું કહી રહ્યો છું તે જ્ઞાન અત્યંત રહસ્યમય અને અપાર છે.

વ્યાખ્યા–બ્રહ્મભાવાપન્ન પુરુષ વિષે "જીવન્મુક્તગીતા"માં સ્વયં ગુરુ દત્તાત્રેય કહે છે કે–

"સર્વભૂતે સ્થિતં બ્રહ્મ ભેદાભેદો ન વિદ્યતે ।
એકમેવાભિપશ્યંશ્ચ જીવન્મુક્તઃ સ ઉચ્યતે ॥" (શ્લોક ૫)

એટલે કે જે વ્યક્તિને બધા ય જીવોમાં સ્થિત એક આત્માનો નિત્યબોધ રહે છે, ભેદ અભેદ અને ભેદાભેદથી રહિત તથા જ્ઞાન દ્રષ્ટિ દ્વારા જે બધામાં એક જ અખંડ આત્માનું દર્શન કરે છે તે 'જીવન્મુક્ત પુરુષ' કહેવાય છે.

સામવેદીય "મહોપનિષદ્"માં અધ્યાય ૨, શ્લોક ૪૨–૬૨ સુધીમાં "જનક–શુકદેવ સંવાદ" છે જેમાં રાજા જનક શુકદેવજીને જીવન્મુક્ત પુરુષનાં લક્ષણો વિષે આ પ્રમાણે કહે છે–

તપસાધના વગેરે વિના જ, સ્વભાવતઃ જ, જેને જગત્ના ભોગ સારા લાગતા નથી તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

યથાસમય પ્રાપ્ત થવાવાળા સુખ અને દુઃખમાં અનાસકત થયેલો જે ન પ્રસન્ન હોય કે ન તો દુઃખી હોય તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

હર્ષ, અમર્ષ (ઉદ્વેગ), ભય, ક્રોધ, કામ અને કાર્પણ્ય (શોક)ની દ્રષ્ટિથી જેનું અંતકરણ અસ્પર્શ રહે છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે અહંકારમયી વાસનાનો ત્યાગ કરીને સહજસ્થિત

થાય છે તે, ચિત્તાલંબનનો સમ્યક્ ત્યાગ કરવાવાળો જીવન્મુક્ત કહેવાય છે.

જેની દૃષ્ટિ સદા અંતર્મુખી રહે છે, જેને ન કોઈ પદાર્થની આકાંક્ષા હોય છે અને ન ઉપેક્ષા હોય છે, જે સુષુપ્તિની જેમ વિચરણ કરે છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે સદૈવ આત્મરત છે, જેનું મન પૂર્ણ અને પવિત્ર છે, પરમશ્રેષ્ઠ શાંત અવસ્થાને પ્રાપ્ત કરીને જે સંસારમાં કોઈપણ વસ્તુની ઇચ્છા રાખતો નથી, જે કોઈના પ્રતિ આસક્તિ રાખ્યા સિવાય ઉદાસીન વિચરણ કરે છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જેનું હૃદયાકાશ સંવેદ્ય પદાર્થો દ્વારા જરા ય લિપ્ત થતું નથી તથા ચેતન સંવિત્ જ જેનું સ્વરૂપ છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે રાગ-દ્વેષ, સુખ-દુઃખ, ધર્મ-અધર્મ, ફળાફળની અપેક્ષા ન કરતાં કામ કરે છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે અહંભાવને છોડીને, માન અને મત્સર ત્યાગીને, નિરુદ્વેગ અને સંકલ્પહીન થઇને કાર્ય કરે છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે સર્વત્ર સ્નેહરહિત થઇને સાક્ષીની જેમ અવસ્થિત રહે છે, તથા કોઈ ઇચ્છા વિના કર્તવ્યમાં લાગ્યા રહે છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જેણે ધર્મ અને અધર્મનો, જગત્ના ચિંતનનો તથા બધી ય ઇચ્છાઓનો અંતઃકરણમાંથી પરિત્યાગ કરી દીધો છે તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

આ બધું દૃશ્ય-પ્રપંચ જે જોવામાં આવે છે તેને જેણે સારી રીતે ત્યાગી દીધો છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

તીખા, ખાટા, ખારા, કડવા, સ્વાદિષ્ટ તથા સ્વાદહીનને જે એકસરખા સમજીને ખાય છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

ઘડપણ, મૃત્યુ, વિપત્તિ, રાજ્ય અને દારિદ્ર્ય-આ બધાને રમ્ય માનીને જે ઉપભોગ કરે છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

ધર્મ અને અધર્મ, સુખ અને દુઃખ તથા જન્મ અને મરણ-આને જેણે હૃદયથી પૂર્ણતઃ ત્યાગી દીધાં છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે સમત્વપૂર્ણ તથા સ્વચ્છબુદ્ધિથી, ઉદ્વેગ અને આનંદ-રહિત થઈને ન શોક કરે છે ન ઉત્સાહિત થાય છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

બધી ઇચ્છાઓ, બધી શંકાઓ, બધી કામનાઓ અને બધા નિશ્ચયોનો જેણે મનથી પરિત્યાગ કરી દીધો છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જન્મ, સ્થિતિ અને વિનાશમાં, ઉન્નતિ અને અવનતિમાં હંમેશા જેનું મન એકસરખું રહે છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે ન કોઈ સાથે દ્વેષ કરે છે અને ન કોઇની આકાંક્ષા કરે છે, પ્રારબ્ધપ્રાપ્ત ભોગોનો ઉપભોગ કરે છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જેણે સંસારનું ચિંતન છોડી દીધું છે, જે કલાવાન થઈને પણ નિષ્કલ રહે છે, ચિત્તના હોવા છતાં ય જે નિશ્ચિત્ત રહે છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

જે સંપૂર્ણ અર્થજાળની વચ્ચે વ્યવહાર કરતો હોવા છતાં ય તેનાથી એવી રીતે નિઃસ્પૃહ રહે છે જેવી રીતે બીજાના ધન વિષે નિઃસ્પૃહી માણસ રહે છે, તથા જે આત્મામાં જ પૂર્ણતાનો અનુભવ કરે છે, તે 'જીવન્મુક્ત' કહેવાય છે.

આવા 'જીવન્મુક્ત' પુરુષને શરીરના કાળગ્રસ્ત થયા પછી જીવન્મુક્ત અવસ્થાને છોડીને ગતિહીન પવનના જેવી વિદેહ-મુક્ત અવસ્થા પ્રાપ્ત થાય છે.

પ્રકિરતિ-એટલે કે પ્રકૃતિ, જગતનું ઉપાદાનકારણ. પ્રકૃતિના ગુણોદ્વારા જ બધાં કાર્યો થયા કરે છે, કિન્તુ અહંકારથી વિમૂઢ થયેલો મનુષ્ય પોતાને "કર્તા" માની બેસે છે અને ફલાસકિતથી દુઃખ ભોગવે છે. જે ગુણવિભાગ અને કર્મવિભાગના તત્ત્વને યથાવત્ જાણે છે તે જ્ઞાની પુરુષ "ગુણો ગુણોમાં કાર્ય કરે છે" એમ માનીને (પોતાને અકર્તા માનીને) કર્મફળમાં આસકત થતો નથી. (ગીતા. ૩/૨૭-૨૮)

બ્રહ્મના વિષયમાં કવિ સુંદરદાસ કહે છે :-

"બ્રહ્મ નિરીહ નિરામય નિર્ગુણ,
નિત્ય નિરંજન ઔર ન ભાસે ।
બ્રહ્મ અખંડિત હૈ અધ ઉરધ
બાહિર ભીતર બ્રહ્મ પ્રકાસૈ ॥"

પ્રકૃતિ પરિણામી અને નિત્ય છે અને અન્ય ત્રેવીશ-તત્ત્વ પરિણામી અને અનિત્ય છે. પુરૂષ (આત્મા) અપરિણામી અને નિત્ય છે. પ્રકૃતિને "માયા" કહેવામાં આવી છે. "શ્વેતાશ્વતરોપનિષદ્" માં કહ્યું છે કે માયા તો પ્રકૃતિને

જાણો અને માયાપતિ મહેશ્વરને સમજો. તેના (પ્રકૃતિના) અંગભૂત કારણ-કાર્યસમુદાયથી આ સંપૂર્ણ જગત વ્યાપ્ત છે.

"માંયાં તુ પ્રકૃતિં વિદ્યાન્માયિનં તુ મહેશ્વરમ્ ।
તસ્યાવયવભૂતૈસ્તુ વ્યાપ્ત સર્વમિદં જગત્ ॥"
(૪-૧૦)

ઉપર કહેવાયેલું આ બધું જ્ઞાન અત્યંત ગુહ્ય અને અપાર છે.

ગોરખનાથ—

"સ્વામીં કૌંણુસિ સુષિમ કૌંણુ અસ્થૂલ
કૌંણુસ્ય ડાલાં કૌંણુસ્ય મૂલ ।
જો ગમિ હોઇસુ કહિયે ભેવ
ગોરષ કહૈં સુણૌં દત્તદેવ ॥" (૧૩)

અર્થ–ગોરખનાથ કહે છે કે સ્વામી દત્તદેવ! કોણ સૂક્ષ્મ છે? કોણ સ્થૂળ છે? કોણ ડાળીઓ છે? કોણ મૂળ છે? આ બધાનું જે કાંઈ સમજી શકાય તેવું રહસ્ય હોય તે મને કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ બ્રહ્મ સૂષિમ તત્ત સ્થૂલ
પવનસ્ય ડાલા મનસ્ય મૂલ ।
ગુરહિ ગ્યાંન કથિલે અપાર
સાંભલિ ગોરષ કહૌ વિચાર ॥" (૧૪)

અર્થ–હે અવધૂત ગોરખનાથ! આ પ્રશ્નોનું સમાધાન કરું છું, સાંભળો. બ્રહ્મ સૂક્ષ્મ છે, તત્ત્વાતીત છે. જે તત્ત્વયુક્ત

છે તે સ્થૂળ છે. વાસનાનું સ્થાન જે મન છે તે મૂળ છે. અને જે ડાળીઓની જેમ ઉપર-નીચે ફેલાયેલા છે તે વાયુ છે. ગુરુ જ જ્ઞાન છે જે અપાર છે, અર્થાત્ ગુરુ જ અનંત જ્ઞાન-સ્વરૂપ છે.

વ્યાખ્યા-ધર્મગ્રંથોમાં આત્માને "અણોરણીયાન્ મહતો મહીયાન્" કહેવામાં આવ્યો છે. "શ્વેતાશ્વતર્ ઉપનિષદ્" (૩/૨૦) માં આત્માના વિષયમાં આ પ્રમાણે છે:

"અણોરણીયાન્મહતો મહીયાન્
આત્મા ગુહાયાં નિહિતોઽસ્ય જન્તોઃ ।
તમક્રતું પશ્યતિ વીતશોકો
ધાતુઃ પ્રસાદાન્મહિમાનમીશમ્ ॥" (૩/૨૦)

આત્મા અણુથી અણુ અને મહાનથી પણ મહાન છે. તે (પુરુષ) બધા તત્ત્વોથી ભિન્ન, અપરિણામી અને નિત્ય છે. વિભિન્ન સંપ્રદાયોમાં તત્ત્વોના વિષે વિભિન્ન ભેદ છે, જેમ કે-**શૈવ-દર્શન** અનુસાર ૨૫ તત્ત્વ છે (પંચભૂત, પંચતન્માત્રા, પંચકર્મેન્દ્રિય, પંચ જ્ઞાનેન્દ્રિય, મન, માયા, શુદ્ધવિદ્યા, મહેશ્વર અને સદાશિવ). **વૈષ્ણવ-દર્શન** ૨૮ તત્ત્વ માને છે. **સાંખ્ય-દર્શન** ૨૫ તત્ત્વ માને છે. આમાં પ્રકૃતિ અને પુરુષ એ બે મુખ્ય છે. **યોગ-દર્શન** પણ સાંખ્યનાં આ ૨૫ તત્ત્વને માને છે કિન્તુ તે ઈશ્વરની આવશ્યકતા સ્વીકારીને તેને પણ ૨૫ તત્ત્વની સાથે જોડીને કુલ ૨૬ તત્ત્વ માને છે. **આગમ-દર્શન** ૩૬ તત્ત્વ માને છે. કેટલાક લોકો આ ૩૬ તત્ત્વની સાથે ૩ ગુણ, ૭ ધાતુ અને

પાંચ પ્રાણોને મેળવીને બધાં મળીને ૫૧ તત્ત્વ માને છે. **ચાર્વાક-મતાવલંબી** લોકો (ચાર્વાક-દર્શન વાળા) જ્ઞાન અને ક્રિયાયુક્ત ચેતનાની ઉત્પત્તિ પૃથ્વી, જળ, અગ્નિ અને વાયુતત્ત્વના યોગથી થયેલી છે તેમ માને છે. તે લોકો એવું માને છે કે "ચેતન આત્મા જે છે તે શરીર જ છે, તેનાથી ભિન્ન કોઈ આત્મા નથી. શરીરના નાશ થવાની સાથે જ ચેતના પણ નષ્ટ થઇ જાય છે. **જૈન-દર્શન** જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રાવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ-આ નવ તત્ત્વને માને છે. **ન્યાય-શાસ્ત્ર** ૧૬ તત્ત્વ માને છે.- પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાંત, સિદ્ધાંત, અવયવ, તર્ક, નિર્ણય, વાદ, જલ્પ, વિતંડા, હેત્વાભાસ, છલ, જાતિ, નિગ્રહ-સ્થાન. **વૈશેષિક-દર્શન** ૭ તત્ત્વ માને છે, જેવા કે- દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય, અભાવ.

"પવનસ્ય ડાલા મનસ્ય મૂલ"—મનને જ વાસનાની જડ માનવામાં આવી છે. ધર્મગ્રંથોમાં પણ આ વિષે કહ્યું છે ને કે 'મન એવ મનુષ્યાણાં કારણં બંધમોક્ષયોઃ ॥' જો મન સન્માર્ગગામી હોય તો તે સન્મિત્ર છે. પણ જો તે કુમાર્ગગામી થઈ જાય તો તેને શત્રુ માનવું જોઈએ. મન અસ્થિર થતાં જ વાયુ (શ્વાસ-પ્રશ્વાસ) ની ગતિમાં પરિવર્તન થઇ જાય છે. જો વાયુની ગતિ અસ્થિર થઈ જાય તો પણ મન ચંચળ બની બેસે છે. આવી રીતે મન અને વાયુ

બન્નેનો એક બીજાની સાથે સંબંધ છે આ સંબંધ મૂળ અને ડાળીઓના જેવો છે. યોગશાસ્ત્રમાં પણ કહ્યું છે કે—,

'ચલે વાતે ચલં ચિત્તં નિશ્ચલે નિશ્ચલં ભવેત્ ।'

કૃષ્ણયજુર્વેદીય 'બ્રહ્મબિંદુ ઉપનિષદ્' માં મનના વિષયમાં આ પ્રમાણે કહ્યું છે: "મન બે પ્રકારનાં છે, (૧) શુદ્ધમન, (૨) અશુદ્ધમન. જેમાં વિષયભોગોના સંકલ્પો ઊઠતા રહે છે તે અશુદ્ધમન છે. જેમાં કામનાઓનો સર્વથા અભાવ થઇ ગયો છે. તે શુદ્ધમન છે. મનુષ્યનું મન તેના બંધન અને મોક્ષનું કારણ છે. વિષયાસકત મન બંધનનું અને વિષયસંકલ્પ-રહીત મન મોક્ષનું કારણ માનવામાં આવ્યું છે, કારણ કે વિષય-સંકલ્પથી શૂન્ય થવાથી જ આ મનનો લય થાય છે, આથી મોક્ષની અભિલાષાકાંક્ષી સાધક પોતાના મનને સદૈવ વિષયોથી દૂર રાખે. જ્યારે મનથી વિષયાસકિત નિકળી જાય છે અને તે હૃદયમાં સ્થિર થઇને ઉન્મની ભાવને (સંકલ્પ-વિકલ્પ રહિત ભાવને) પ્રાપ્ત થઇ જાય છે ત્યારે તે જ 'પરમપદ' છે. મનનું હૃદયમાં લય થઇ જવું તે જ મોક્ષ છે.

'ગુરહિ ગ્યાંન કથિલે અપાર',— આ વાકયનો અર્થ એવો થાય છે કે "ગુરુ જ જ્ઞાન છે." ગુરુ પ્રાર્થનામાં આપણે હંમેશા ગાઈએ છીએ નૈ કે —

"નિત્યં શુદ્ધં નિરાભાસં નિરાકારં નિરંજનમ્ ।
નિત્યબોધં ચિદાનંદં ગુરું બ્રહ્મ નમામ્યહમ્ ॥"

સારાંશ એ છે કે ગુરુ જ અનંત જ્ઞાન સ્વરૂપ છે. એક ગુજરાતી ભક્ત કવિએ ગુરુ વંદના આ પ્રમાણે ગાઈ છે —

"ગુરુબ્રહ્મ કેવળ જ્ઞાનસ્વરૂપ
જેને હૃદે આતમતત્ત્વ અનૂપ ।
છે તત્ત્વમસિમાં અખંડ આનંદ
ત્રિગુણાતીત ટાળે ભવફંદ ॥"

ગુરુ દત્તાત્રેય પાસેથી ગોરખનાથે એવું સાંભળ્યું કે ગુરુ જ જ્ઞાનસ્વરૂપ છે, ત્યારે ગોરખનાથે જ્ઞાનગુરુનો સાક્ષાત્કાર, જ્ઞાનસ્વરૂપ ગુરુનું મિલન કેવી રીતે થાય તે વિષે ફરીથી આ પ્રમાણે પ્રશ્ન પૂછયો :

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસ્યૈ ગુર કૌંણુસિ ચેલા
કિહિ બિધિ હોય અનંત સિધાં સૌં મેલા ।
બ્રહ્મકમલ કા કહિયે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ।" (૧૫)

અર્થ :- ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! કોણ ગુરુ છે અને કોણ ચેલા છે? કેવી રીતે અનંત સિદ્ધ પુરુષોની સાથે મિલન થઈ શકે છે? બ્રહ્મકમળનું રહસ્ય શું છે? આ બધું કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ પરમાત્મા સિ ગુરુ આતમ ચેલા
સહજ સુંનિ હોઇગા અનંત સિધાં સૂં મેલા ।
બ્રહ્મકમલ ઊરધમુખ ખિલા
સાંભલિ ગોરષ ઉનમન-કલા ॥" (૧૬)

અર્થ :- હે અવધૂત ગોરખનાથ ! સાંભળો. પરમાત્મા ગુરુ છે, આત્મા શિષ્ય છે. સ્વભાવતઃ નિર્વિકલ્પ-સ્થિતિ થવાથી (સહજ શૂન્ય અવસ્થામાં) અનંત સિદ્ધપુરુષોની સાથે મિલન થાય છે. બ્રહ્મકમળ ઉર્ધ્વમુખ થઈને ખીલેલું છે. ત્યાં મનથી અતીત એવી ઉન્મની-કલા (ઉન્મની અવસ્થા) છે.

વ્યાખ્યા— જીવાત્મા જે છે તે પરમાત્માથી અભિન્ન હોવા છતાંય પરમાત્માનો પોતાનો અંશ (સ્વાંશ) છે. બન્નેનો અશાંશિભાવ છે. જેવી રીતે અંશ પોતાના અંશી (સમગ્ર)માં આશ્રિત છે તેવી જ રીતે જીવ પરમાત્મામાં આશ્રિત છે.

જ્ઞાતવ્ય છે કે ઉપરોક્ત વિવેચનનો આ અર્થ છે કે જીવાત્મા જે છે તે પરમાત્માનો એક ખંડ છે કારણ કે પરમાત્મા અખંડ એકરસ સ્વરૂપ છે. તેના ખંડ એટલે કે ટુકડા (અંશ) નથી થઈ શકતા. અહીં અંશાંશિભાવના વિષયમાં જે કહ્યું છે તે મહાસાગરમાં જળબિંદુભાવ અથવા સૂર્યપ્રભામાં રશ્મિભાવ જેવું છે. ગીતાજીમાં પણ કહ્યું છે :

'મમૈવંશો જીવલોકે જીવભૂતઃ સનાતનઃ ।'

"**સહજસુંનિ**" — એટલે કે સહજશૂન્યસ્થિતિ, સ્વભાવસિદ્ધસ્થિતિ, જે સ્થિતિમાં સિદ્ધપુરુષોની સાથે મિલન થાય છે તે સ્થિતિ. 'મૂર્ધજ્યોતિષિ સિદ્ધદર્શનમ્ ।' (પાતંજલ યોગસૂત્ર, ૩. ૩૨) "ષટ્ચક્રનિરૂપણ" નામના ગ્રંથમાં પણ કહ્યું છે કે :—

'તદન્તઃ શૂન્યં તત્ સકલસુરગણૈઃ સેવિતં ચાતિગુપ્તમ્ ।'

સહજશૂન્ય અવસ્થાનો અર્થ છે "સ્વાત્મસંવિત્તિ," જેમકે "સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ" ગ્રંથમાં કહ્યું છે :

"સહજં સ્વાત્મસંવિત્તિઃ ।"
(૫ / ૩૦)

સહસ્રદલકમળ અને બ્રહ્મકમળ આ બન્નેમાં ઘણો જ તફાવત છે. બ્રહ્મકમળ જે છે તે સહસ્રદલકમળની ઉપર મધ્યભાગમાં કર્ણિકામાં અવસ્થિત છે. સહસ્રદલકમળ અધોમુખ (નીચે મુખ કરીને) ખીલેલું છે જ્યારે બ્રહ્મકમળ ઊર્ધ્વમુખ (ઉપર મુખ કરીને) ખીલેલું છે. જ્યારે કમળ અધોમુખ હોય છે ત્યારે કુંડલિની-શક્તિ (આત્મશક્તિ) સુપ્ત રહે છે. ત્યારે વિશ્વ વિષયરુપ ભાસે છે. આને "સમનાવસ્થા" કહે છે. કિન્તુ જ્યારે કમળ ઊર્ધ્વમુખ હોય છે ત્યારે કુંડલિની-શક્તિ જાગ્રત અવસ્થામાં રહે છે, ત્યારે વિશ્વ ચિદાનંદમય થઈ જાય છે - સર્વત્ર ભગવત્ દર્શન થાય છે ('વાસુદેવઃ સર્વમિતિ'). આને 'ઉન્મની-અવસ્થા' કહે છે. આ અવસ્થા વિષે સંત કબીર લખે છે કે :

"સબદ નિરંતર સે મન લાગા
મલિન વાસના ત્યાગી ।
ઉઠત-બૈઠત કબહૂં ન છૂટૈ
ઐસી તારી લાગી ॥
કહૈં કબીર યહ ઉનમુનિ રહની
સો પરગટ કરી ગાયી ।
દુઃખ-સુખસે કોઈ પરે પરમપદ
તેહિ પદ રહા સમાયી ॥"

હવે આ ઉન્મની-કલાનું રહસ્ય જાણવા માટે યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને નીચે પ્રમાણે ઉત્સુકતાપૂર્વક પ્રશ્ન પૂછે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસ્ય ઉનમન કૌંણુસ્યકલા
કિસબિધિ ષૂટૈં ત્રિકુટી તાલા ।
નાદ-બિંદકા કહિયૈ ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૧૭)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! ઉન્મની કોને કહે છે? કલા એટલે શું? ત્રિકુટીનું બંધન કેવી રીતે છૂટી શકે છે? નાદ અને બિંદુનું રહસ્ય શું છે? એ બધું કહી સંભળાવો.

ગુરૂ દત્તાત્રેય—

"અવધૂ ઉનમનિ ધ્યાંન પવન બિધિ કલા
નાભદમ ષૂટૈ ત્રિકુટી તાલા ।
દસવેં દ્વારિ બ્યંદકા બાસ
સાંભલિ ગોરષ નાદ કા પ્રકાસ ॥" (૧૮)

અર્થ— હે અવધૂત ગોરખનાથ! ધ્યાનપૂર્વક સાંભળો. 'ઉન્મની' એટલે ધ્યાનની એવી પરિપક્વ અવસ્થા કે જેમાં મન પૂર્ણતઃ નિવૃત્ત થઇ જાય છે, એટલે કે તે નિઃસંકલ્પ થઈ જાય છે. વાયુના સ્પંદનને 'કલા' કહેવામાં આવે છે. નાભિપ્રદેશમાં વાયુની લયક્રિયા દ્વારા ત્રિકુટીનું બંધન એટલે કે

આજ્ઞાચક્રસ્થ બંધન ખૂલી જાય છે—શિવનેત્ર (જ્ઞાનચક્ષુ)નું ઉન્મિલન થાય છે. જે સ્થાનેથી 'મહાશૂન્ય' દેખાય છે એટલે કે બ્રહ્મરંધ્રમાં (દશમદ્વારમાં) મહાબિંદુનું સ્થાન છે. બિંદુથી 'નાદ'નું સ્ફુરણ થાય છે. નાદનું આવરણમુક્ત થવું (પ્રકાશ થવું) તેને જ 'નાદાંત' કહે છે.

વ્યાખ્યા— નાભિ પ્રદેશ કે નાભપ્રદેશને 'મણિપુરચક્ર' પણ કહે છે. આ સ્થાન વિષે યોગીલોકોમાં વિભિન્ન મત જોવા મળે છે. કોઇ કોઇ તેને 'કંદસ્થાન' પણ કહે છે.

વાયુના સ્પંદનને 'કલા' કહે છે અને સ્પંદનરહિત અવસ્થાને 'નિષ્કલ અવસ્થા' કહે છે. વાયુની ક્રિયાના વિષયમાં "ધ્યાનબિંદુ ઉપનિષદ્" માં કહ્યું છે કે :

"અર્ધમાત્રાં રજ્જું કૃત્વા કૂપભૂતં તુ પંકજમ્ ।
કર્ષયેન્નાલમાર્ગેણ ભ્રૂવોર્મધ્યે નયેલ્લયમ ॥"

એટલે કે અર્ધમાત્રાનું દોરડું બનાવીને કૂવારૂપી કમળમાંથી સુષુમ્ણામાર્ગ વડે પ્રાણનું આકર્ષણ કરીને તેને ભ્રૂમધ્યમાં લીન કરો.

'ત્રિકુટી-સ્થાન' અથવા આજ્ઞાચક્રની ઉપરના ભાગમાં શિવરૂપ એક બીજું 'બિંદુ' છે. આ બિંદુની ઉપર અર્ધમાત્રાકાર 'બોધિની' શક્તિ છે. આનાથી ઉપરમાં અર્ધચંદ્રાકાર અને શિવશક્તિના મિશ્રિતરૂપ 'નાદ' છે. તેનાથી ઉપર 'મહાનાદ' છે. આ મહાનાદથી ઉપર 'વ્યાપિની' શક્તિ છે. આની ઉપર 'સમની' છે અને આનાથી પણ ઉપરમાં 'ઉન્મની' છે. અહીં પહોંચવાથી મનનું મનપણું નષ્ટ થઈ જાય છે. મન અમન થઈ જાય છે.

સંત યારી સાહેબ આ વિષે કહે છે કે—

"બાજત અનહદ બાંસુરી, તિરબેની કે તીર।
રાગ છતીસો હોઈ રહે, ગરજત ગગન ગંભીર॥"

દસમદ્વાર વિષે સંત કબીર કહે છે કે—

"મન મથુરા દિલ દ્વારિકા, કાયા કાસિ જાનિ।
દસવાંદ્વારા દેહરા, તામેં જ્યોતિ પિછાની॥"

નાદ, બિંદુ, ધ્યાન, ત્રિકુટિ વગેરે વિષે 'ધ્યાનબિંદૂપનિષદ્' પઠનીય અને મનનીય છે; જે આ પ્રમાણે છે :

જો ઘણાં યોજન વિસ્તારવાળા પર્વતની જેવી પણ મોટી પાપરાશિ ભેગી થઇ હોય તો પણ તે 'ધ્યાનયોગ' દ્વારા નષ્ટ થઇ જાય છે. આવાં મહાપાપ બીજી કોઈ સાધના દ્વારા ક્યારે ય નષ્ટ નથી થતાં.

બીજ અક્ષરથી પર 'બિંદુ' છે અને બિંદુથી પણ પર 'નાદ' સ્થિત છે, જેનાથી સુંદર શબ્દનું ઉચ્ચારણ થાય છે. શાંકતરૂપ 'પ્રણવ' જે છે તે નાદથી પણ પર છે તથા અ કારથી લઇને શક્તિપર્યંત પ્રણવરૂપ અક્ષરના ક્ષીણ થઇ જવાથી જે શબ્દહીન સ્થિતિ થાય છે તે જ 'શાન્ત' નામથી પ્રસિદ્ધ એવું 'પરમપદ' છે. જે 'અનાહત (આઘાત વિના જે ઉત્પન્ન થાય છે તે, ધ્યાનમાં સંભળાય છે તે, મેઘગર્જનાના જેવો પ્રકૃતિનો આદિ શબ્દ) છે, તે શબ્દનું પણ જે પરમકારણ—શક્તિ છે, તેના પણ પરમકારણ સચ્ચિદાનંદ સ્વરૂપ શાંત-પદને જે યોગી પ્રાપ્ત કરી લે છે તેના સમસ્ત સંદેહ નષ્ટ થઈ જાય છે.

વાળની અણીના પચાસ હજાર ભાગ કરવામાં આવે, પછી તે ભાગના પણ હજાર ભાગ કરવાથી તે ભાગના પણ જે અર્ધભાગ છે, તેના જેવું સૂક્ષ્મથી પણ ઘણું સૂક્ષ્મ એવું તે નિરંજન (વિશુદ્ધ) બ્રહ્મ છે એમ જાણવું જોઇએ. તાત્પર્ય એ કે તે અત્યંત દુર્લક્ષ્ય પરમતત્ત્વ છે. જેવી રીતે પુષ્પમાં સુગંધ વ્યાપ્ત રહે છે, જેવી રીતે દૂધમાં ઘૃત અલક્ષિત રહે છે, જેવી રીતે તલમાં તેલ અનુસ્યૂત રહે છે, જેવી રીતે સોનાની ખાણના પત્થરોમાં સોનું અવ્યકત રહે છે, તેવી જ રીતે તે આત્મા સમસ્ત પ્રાણીઓમાં છુપાયેલો છે. નિશ્ચયાત્મિકા બુદ્ધિથી સંપન્ન, અજ્ઞાનરહિત બ્રહ્મવેત્તા સૂત્રના મણિઓમાં સૂત્રની જેમ આત્માને વ્યાપ્ત જાણીને તે બ્રહ્મસ્વરૂપમાં સ્થિતિ રહે છે. જેવી રીતે તલમાં તેલ વ્યાપ્ત છે, જેવી રીતે પુષ્પમાં સુગંધ વ્યાપ્ત છે તેવી જ રીતે પુરુષના શરીરની બહાર અને અંદર, બધી ય જગાએ, આત્મતત્ત્વ વ્યાપ્ત થઈને સ્થિત છે.

જેવી રીતે વૃક્ષ પોતાની પૂરી કલાથી રહે છે અને તેનો પડછાયો વૃક્ષકલાથી હીન રહે છે, તેવી જ રીતે આત્મા પોતાના કલાત્મક (સ્વ-સચ્ચિદાનંદ) સ્વરૂપથી અને નિષ્કલ (છાયા-સ્થાનીય જગદ્રૂપ) ભાવથી સર્વત્ર વ્યાપ્ત થઇને અવસ્થિત રહે છે.

ઉપર કહ્યા પ્રમાણે આત્મસ્વરૂપની ઉપલબ્ધિ-અનુભૂતિ માટે સાધન નિર્દેશ કરે છે કે ધર્મ-નિયમપાલનથી પોતાને યોગસાધના માટે અધિકારી બનાવી તથા વિધિવત્ આસન પર અવસ્થિત થઈ પૂરક ક્રિયા દ્વારા શ્વાસને પોતાની અંદર

ખેંચતી વખતે નાભિસ્થાનમાં અતસીના પુષ્પ જેવા નીલવર્ણ ચતુર્ભુજ ભગવાન વિષ્ણુનું ધ્યાન કરવું જોઇએ. કુંભક ક્રિયા દ્વારા શ્વાસને પોતાની અંદર રોકી રાખીને હૃદયસ્થાનમાં લાલ કમળની કર્ણિકા પર વિરાજમાન, લાલ વર્ણના, ચાર મુખવાળા લોકપિતામહ બ્રહ્માજીનું ધ્યાન કરવું જોઇએ. રેચક ક્રિયા દ્વારા શ્વાસ છોડતે સમય લલાટમાં વિદ્યાસ્વરૂપ, ત્રિનેત્ર, શુદ્ધ સ્ફટિક જેવા ઉજ્જવલ રંગના, કલારહિત, પાપવિનાશક ભગવાન શંકરનું ધ્યાન કરવું જોઇએ.

સુષુમ્ણામાર્ગમાં ઉપર કહ્યા મુજબના ત્રણેય કમળોમાં નાભિસ્થાનનું કમળ આઠ પાંખડીઓવાળું છે. હૃદયસ્થાનનું કમળ ઉપરની દિશામાં નાળ અને નીચેની દિશામાં મુખ કરીને અવસ્થિત છે. લલાટમાં અવસ્થિત કમળ કેળાના ફૂલ જેવું નીલલોહિત રંગનું છે. એ ત્રણે કમળ સર્વદેવમય છે. આ ત્રણેની ઉપર મૂર્ધદેશમાં એક બીજું કમળ છે. તેમાં સો પાંખડીઓ છે. તે ખીલેલા કમળની કર્ણિકા વિસ્તૃત છે. આ કર્ણિકાની ઉપર પહેલાં સૂર્યનું, ત્યારબાદ તેની ઉપર ચંદ્રનું અને ચંદ્રની ઉપર અગ્નિનું - આવી રીતે એકની ઉપર એક એમ ક્રમશઃ ચિંતન કરો. કારણ કે તે કમળ સુપ્ત છે; આથી સૂર્ય, ચંદ્ર અને અગ્નિની ધારણા માટે ધ્યાન દ્વારા તેને પહેલાં જાગ્રત-વિકસિત કરી લેવું જોઇએ. તે પદ્મની ઉપર સ્થિત 'બીજાક્ષર' (પચાસ અક્ષરો) નું ઉચ્ચારણ કરીને જ આ જીવાત્મા વાતચીત વગેરે વ્યવહારનો નિર્વાહ કરતો રહે છે.

નાભિ, હૃદય અને લલાટ આ ત્રણે સ્થાનો તથા પોતાની ઉપાસનાના પૂરક, કુંભક અને રેચક રૂપ ત્રણે ભાગોવાળા;

વિષ્ણુ, બ્રહ્મા અને શિવરૂપથી ત્રિવિધ બ્રહ્મસ્વરૂપ; પ્રણવરૂપમાં અ-કારાદિ ત્રણ અક્ષરોવાળા; તેજ રૂપમાં અકાર, ઉકાર, મકાર - આ ત્રણ માત્રાઓવાળા તથા તેમાં વ્યાપ્ત અર્ધમાત્રા-સ્વરૂપ જે પરમાત્મા છે, તેને જે જાણે છે, તેજ વેદના તાત્પર્યનો જ્ઞાતા છે. આ તેલની ધારાની જેવો અવિચ્છિન્ન, ઘંટના અનુરણનરૂપ ધ્વનિ જેમ દીર્ઘકાલ સુધી ધ્વનિત થવાવાળો તથા વાણી વિના જ (પ્રાણો દ્વારા જ) ઉચ્ચારિત બિંદુપર્યંત પ્રણવ બાદ પ્રકટ થવાવાળા નાદને જે જાણે છે, તેજ વેદોને સારી રીતે જાણે છે.

પ્રણવ ધનુષ છે, આત્મા જ બાણ છે અને પરબ્રહ્મ પરમાત્મા તેનું લક્ષ્ય છે. પ્રમાદહીન સાધક દ્વારા જ તે વીંધાય છે. આથી બાણની જેમ તે લક્ષ્યમાં તન્મય થઈ જવું જોઈએ. પોતાના શરીરને નીચેની અરણિ (યજ્ઞનું અગ્નિમંથન કાષ્ટ) બનાવો અને પ્રણવને ઉપરની અરણિ બનાવો. ધ્યાનના અભ્યાસરૂપી મન્થનક્રિયા દ્વારા સાધક કાષ્ટમાં વ્યાપ્ત થયેલા અગ્નિની જેમ બધાની અંદર ફેલાયેલા પરમદેવ પરમાત્માનો સાક્ષાત્કાર કરે.

જેવી રીતે બાળકો કમળની નળીથી પાણીને મુખદ્વારા ધીરે ધીરે ઉપર ખેંચે છે તેવીજ રીતે યોગી યોગાભ્યાસમાં સ્થિત થઇને ધીરે ધીરે પ્રાણોને ખેંચે. એટલે કે સ્વાધિષ્ઠાન, મણિપુર વગેરે ચક્રોનું ભેદન કરતો-કરતો પ્રાણને ક્રમશઃ ઉર્ધ્વભૂમિકામાં લઈ જાય. જેવી રીતે ખેડૂત દોરડા વડે કૂવામાંથી જળ બહાર કાઢે છે તેવીજ રીતે પ્રણવની અર્ધમાત્રા (અવ્યક્ત નાદોચ્ચારણ) ની દોરી બનાવીને હૃદયકમળરૂપી

કૂવામાંથી નાળમાર્ગ (સુષુમ્ણાપથ) દ્વારા જળરૂપી કુંડલિની-શક્તિને ભ્રૂમધ્યમાં લઈ જાય. નાસિકાના મૂળથી શ્રૂઇને બન્ને ય ભ્રમરની મધ્યમાં જે લલાટ છે ત્યાં સુધી 'અમૃતસ્થાન' છે. આ જ વિશ્વનું મહાન નિવાસસ્થાન (પરમાત્મપદ) છે."

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસિ કંટક કૌંણુ ઉચાટ
કિહિ બિધિ ખૂલૈ બ્રહ્મકપાટ।
અગમ પંથકા કહિયે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૧૯)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! પરમાર્થપ્રાપ્તિમાં કોણ કંટકવત્ બાધક છે? કોણ આવરણ છે? બ્રહ્મદ્વાર કઈ ક્રિયા દ્વારા ખોલવામાં આવે છે? અગમપંથનું રહસ્ય શું છે? આ બધું કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ કંટક સોઇ જિહિં અતિવંત ક્રોધ
ઉચાટ સોઇ આત્મા બિરોધ।
ગુર ગમિ ખુલૈ બ્રહ્મકપાટ
સાંભલિ ગોરષ ઋજૂબાટ॥" (૨૦)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! સાંભળો. પરમાર્થના રસ્તા પર આગળ વધનાર સાધકને જો અત્યંત ક્રોધ આવતો હોય (ક્રોધને તે વશીભૂત થતો હોય) તો આ ક્રોધ તેના માર્ગમાં કાંટા જેવો છે. વળી આત્મવિરોધી ભાવ એ જ

આવરણ છે. ગુરુકૃપા કે ગુરુના પ્રભાવથી મન એકાગ્ર થવાથી બ્રહ્મકપાટ ખૂલી જાય છે. "અંગમપંથ"નો અર્થ છે સીધીવાટ-ઊર્ધ્વમાર્ગ.

વ્યાખ્યા—ધર્મગ્રંથોનું અવલોકન કરવાથી તેમાં એવી અસંખ્ય કથાઓ વિદ્યમાન છે જે પ્રમાણિત કરે છે કે 'ક્રોધ માનવમાત્રનો મહાન શત્રુ છે.' ક્રોધને વશીભૂત થયેલો સાધક ભગવત્પથથી વિચલિત થઈ જઇને નષ્ટ થઈ જાય છે. આ વિષે ગીતાજીમાં કહ્યું છે:

"ક્રોધાદ્ ભવતિ સંમોહઃ સંમોહાત્સ્મૃતિવિભ્રમઃ।
સ્મૃતિભ્રંશાદ્ બુદ્ધિનાશો બુદ્ધિનાશાત્પ્રણશ્યતિ॥"

એટલે કે ક્રોધથી મૂઢતા થાય છે, મૂઢતાથી સ્મૃતિનો નાશ થાય છે, સ્મૃતિના નાશથી બુદ્ધિનો નાશ થાય છે અને બુદ્ધિના નાશથી મનુષ્ય સંપૂર્ણ નાશ પામે છે.

યોગવિદ્યાના ઉપાસકમાં કયા કયા ગુણો હોવા આવશ્યક છે તે વિષે કહ્યું છે કે:

"જિતાક્ષાય શાન્તાય સક્તાય મુક્તૌ।
વિહાનાય દોષૈરસક્તાય ભુક્તૌ॥"

એટલે કે યોગવિદ્યાનો ઉપાસક જિતેન્દ્રિય, શાંતચિત્ત, મોક્ષમાં પ્રીતિવાળો, કામ-ક્રોધાદિ દોષોથી રહિત અને પરમાર્થપ્રાપ્તિનો અધિકારી હોય છે.

મોક્ષમાર્ગ પરના કંટક જેવા ક્રોધને જીતવાનો ઉપાય બતાવતાં "ગોરખવાણી"માં કહ્યું છે કે:

"મનમેં રહિણાં ભેદ ન કહિણાં
બોલિબા અમૃત બાંણી ।
આગિલા અગ્નિ હોઈબા અવધૂ
તૌં આપણુ હોઈબા પાણી ॥"

એટલે કે પોતાની કે કોઈ બીજાની જે કાંઈ વાત હોય તે બધીને પોતાના મનમાં જ રાખવી. આ વાતનો ભેદ બહાર પાડવો નહીં. જે રીતે ભગવાન નીલકંઠે (શિવે) પોતાના ગળામાં હળાહળ ઝેર છુપાવી દીધું તેવી રીતે વાતના વિષે રાખવું. અને હંમેશા સત્ય, પ્રિય, પરહિતકારી વચન બોલવાં. પણ ક્યારેય અપ્રિયસત્ય કે પ્રિયઅસત્ય ન જ બોલવું. આનું જ નામ અમૃત-વાણી કહેવાય. જો કોઈ સામેનો માણસ ક્યારેક અગ્નિ (ક્રોધાગ્નિ) બની બેસે તો તે સમયને સમજીને (ગમ ખાઇને) આપણે પાણી (શાંત) થઇ રહેવું જોઇએ. તો પછી વાત આગળ નહીં વધે અને બન્ને પક્ષે લાભ થશે. એક મહાત્મા કહ્યા કરતા હતા કે 'કમ ખાવ અને ગમ ખાવ'. એટલે કે ઓછું ખાવાથી પેટ બગડશે નહીં અને સ્વાસ્થ્ય સારું રહેશે અને ગમ ખાવાથી ઝગડો થતો અટકી જશે. આથી શારીરિક અને માનસિક સુખ પ્રાપ્ત થશે.

'ઉચાટ'-એટલે આવરણ (પડદો, ઢાંકણ વગેરે). આનો અર્થ એ છે કે આત્માની અનુભૂતિમાં બુદ્ધિનું અવરોધક અજ્ઞાન. આ વિષે 'ઇશાવાસ્યોપનિષત્'માં કહ્યું છે:

"હિરણ્મયેન પાત્રેણ સત્યસ્યાપિહિતં મુખમ્ ।
તત્ત્વં પૂષન્નપાવૃણુ સત્યધર્માય દૃષ્ટયે ॥" (૧૫)

એટલે કે હે પૂર્ણ પરમાત્મન્! સોનાના ઢાંકણાથી (સોનાના જેવા મનને લલચાવવાવાળા વિષયરૂપી માયાનાં પડદાથી) તું સત્યનું મુખ ઢંકાએલું છે. (અમે વિષયોમાં ફસાયેલા છીએ.) હે સર્વના પોષક! મારા જેવા સત્યપરાયણ સાધકને માટે તે ઢાંકણને તું ખોલી નાંખ જેથી હું સત્ય-દર્શન કરી શકું.

'**આત્માબિરોધ**'-એટલે કે આત્મમદ, આત્મા-અનાત્માનો અધ્યાસ વગેરે. ભ્રમવશાત્ અનાત્મવસ્તુમાં (અનિત્ય-અસત્ વસ્તુમાં) આત્મદૃષ્ટિ થવી અને આત્મવસ્તુમાં (નિત્ય-સત્માં) અનાત્મદૃષ્ટિ થવી તે 'આવરણ' છે.

'દેહાદીનાત્મત્વેનાભિમન્યતે સોઽભિમાન આત્મનો બન્ધઃ। અર્થાત્ દેહ, ઇંદ્રિય, મન, બુદ્ધિ વગેરેને આત્મા માનીને 'હું દેહ છું'. 'હું મન છું' વગેરે જે વહેવાર કરવામાં આવે છે તે અભિમાન જ આત્મમદ, આત્માનુબંધન કે આત્મવિરોધભાવ છે. અજ્ઞાનથી મનુષ્યને દ્વિવિધ ભ્રમ થાય છે, (૧) અસત્ત્વાપાદક (આત્મા છે જ નહીં), (૨) અભાના-પાદક (આત્માનું ભાન ન થવું). "આવરણ છે" એવું કહીને તેનું અસ્તિત્વ માની લેવું અને મોક્ષની ઇચ્છા કરવી, તે માટે પ્રયત્ન કરવો, તેને 'મહાઆવરણ' કહ્યું છે. નિત્ય-શુદ્ધ-બુદ્ધ-મુકત આત્મા ને પણ શું આવરણ હોઈ શકે ખરું? એટલે કે હોતું નથી.

આવી રીતે આ 'ઉચાટ' નાં અસત્ત્વાપાદક અને અભાનાપાદક એવા બે પ્રકાર છે. "પાતંજલયોગસૂત્ર"માં

મહર્ષિ પતંજલિએ કહ્યું છે: આત્મામાં શ્રદ્ધા દ્વારા જ ઉત્સાહ, કર્તવ્યની અખંડસ્મૃતિ, એકાગ્રતા, પ્રજ્ઞા, સમ્પ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત યોગ પ્રાપ્ત થાય છે ('શ્રદ્ધાવીર્યસ્મૃતિ-સમાધિપ્રજ્ઞાપૂર્વક ઇતરેષામ્ ।' (૨/૨૦))

'ગુર ગમિ ખૂલૈ બ્રહ્મકપાટ'— સંતપુરુષો કહે છે કે 'ગુરુ વિના જ્ઞાન ન હોય', એટલે કે ગુરુકૃપા વગર પરમાર્થનો માર્ગ ખૂલતો નથી. યોગી ગોરખનાથે 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' ગ્રંથમાં આ વિષે લખ્યું છે:

'દુર્લભા સહજાવસ્થા સદ્ગુરો: કરુણાં વિના ।'

એટલે કે યોગની પરમોચ્ચ 'સહજ સ્થિતિ' (સહજા)ની પ્રાપ્તિ તો કેવળ મહાસમર્થ યોગીગુરુની કૃપા-અનુગ્રહ-થી જ થાય છે. આ સિવાય આવી સ્થિતિની ઉપલબ્ધિ થવી તે દુર્લભ છે.

આ તો થઇ બાહ્ય ગુરુની વાત, એટલે કે દેહની બહારના એવા કોઇ દેહધારી ગુરુની વાત. હવે જોઇએ દેહની અંદરના ગુરુ વિષે. જ્યારે સાધકની ઉપર તેના હૃદયપ્રદેશમાં વિરાજમાન ગુરુની કૃપાદૃષ્ટિ થાય છે ત્યારે તેની બે અવસ્થા થાય છે, (૧) અંતર્મુખી, (૨) ઊર્ધ્વમુખી. જ્યાંસુધી સાધકની એકાગ્રતા જોઇએ તેટલી બરાબર સધાતી નથી ત્યાં-સુધી અંતર્મુખ અવસ્થા મનાય છે. કિન્તુ વાસ્તવિક એકાગ્રતા પ્રાપ્ત થતાં જ ઊર્ધ્વમુખી ગતિ શરૂ થાય છે અને પછી બ્રહ્મદ્વાર અનાવૃત થાય છે (બ્રહ્મકપાટ ખૂલી જાય છે.)

સંત શ્રી રમણ મહર્ષિ બાહ્ય ગુરુ અને આંતર ગુરુના વિષે એક સરસ દૃષ્ટાંત આપતા હતા, જે આ પ્રમાણે છે:

'બહારના અને ભીતરના ગુરુ અભિન્ન છે'– 'ઈશ્વરો ગુરૂરાત્મેતિ મૂર્તિ ભેદ વિભાગિને.' જેવી રીતે રેલવે સ્ટેશન પરના મજૂરો હાથગાડી'વડે યાત્રીઓનો સામાન લાવે-લઇ જાય છે તેવી જ રીતે બન્ને ગુરુઓનું કાર્ય છે. હાથગાડીમાં આગળનો મજૂર હાથગાડીને ખેંચે છે જ્યારે હાથગાડીની પાછળનો મજૂર હાથગાડીને ધક્કા દે છે. આવી રીતે ખેંચવા અને ધક્કા મારવાની રીતની જેમ જ બહારનો ગુરુ પોતાના શિષ્યના ચંચળ મનને અંદર ધકેલવા માટે (અંતર્મુખ કરવા માટે) બહારથી ધક્કા મારે છે (યોગક્રિયા શીખવે છે, ઉપદેશ આપે છે) જ્યારે શિષ્યની ભીતરનો ગુરુ (આત્મા) શિષ્યના મનને અંદરની તરફ, પોતાની સાથે, યોગ કરવા માટે ખેંચે છે. આવી રીતે સાધકને યોગસાધનાની સફળતા માટે આ બન્ને ગુરુઓ આવશ્યક છે." હાલમાં જ્યાં જુઓ ત્યાં પોતાની જાતને સિદ્ધ, ભગવાન, અવતાર વગેરે કહેવરાવતા એવા ગુરુઓની સંખ્યા ખુબ જ વધતી જાય છે, જ્યારે સાચા (સદાચારી) શિષ્યોની સંખ્યા એકદમ જ ઘટી ગઈ છે. આથી સાચા શિષ્યે આ વિષે અત્યંત સાવધાન રહેવાની જરૂર છે.

'ગુરુ મિલે લાખોંલાખ, ચેલા મિલે ન એક.'

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે—

'પાની પીવે છાની, ગુરુ કરે જાની'

એટલે કે આપણે જેવી રીતે પાણીને ગાળીને પીએ છીએ તેવી રીતે ગુરુને ઘણાંય વર્ષો સુધી સારી રીતે તપાસ્યા બાદ જો પોતાને અનુકૂળ લાગે તો જ ગુરુ કરવા જોઇએ. ગુરુ

કરવામાં જો શિષ્ય ઉતાવળ કરી નાંખશે તો પછી તેને પાછળથી પસ્તાવું પડશે. 'ઉતાવળા સો બાવરા, ધીરાસો ગંભીર'.

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસિ દયા કૌંણુસિ ધન
કૌંણુસિ બૂડણુ કૌંણુસિ તિરણુ ।
કૌંણુસિ ગ્યાંન કરમકા ભેવ
ગોરષ કહૈ સુણૌં દત્તદેવ ॥" (૨૧)

અર્થ— ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! દયા કોને કહે છે? ધન એટલે શું? બૂડણુ કોને કહે અને તિરણુ કોને કહે? જ્ઞાન અને કર્મનું રહસ્ય શું છે? આ બધું કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ બૂડણુ સોઇ જુ કંટક બુધિ
તિરણુ સોઇ જુ નિરમલ બુધિ ।
ધ્યાંન સોઇ જો દયા ધરમ
ગ્યાંન સોઇ વિવરજિત કરમ ॥" (૨૨)

અર્થ— હે અવધૂત ગોરખનાથ! ક્રોધને વશીભૂત રહેવું એ બુદ્ધ જ (સ્વયં જ) સંસાર-સાગરમાં ડૂબ્યા રહેવું કહ્યું છે. અથવા કંટક જેવો અહંકાર (બુધિ) હોવો એ જ સંસારસમુદ્રમાં ડૂબ્યા રહેવા બરાબર છે. નિર્મલબુદ્ધિનું હોવું (સ્વસ્વરુપનો બોધ હોવો) તેને 'તરી જવું' કહે છે. 'દયા'નો અર્થ

'ધ્યાન' થાય છે. જે 'ધર્મ' છે તે જ 'ધન' છે. 'જ્ઞાન' એટલે 'વિવર્જિતકર્મ'.

વ્યાખ્યા—ગુરુ દત્તાત્રેયે ગોરખનાથના ૧૯ મા પ્રશ્ન 'સ્વામી કૌંણુસિ કંટક'ના જવાબમાં કહ્યું છે કે 'અવધૂ કંટક સોઈ જિહિં અતિવંત ક્રોધ.' એટલે કે ક્રોધ જ કંટક છે. અહીં ઉપર મુજબના (શ્લોક ૨૧ના) જવાબમાં જે 'કંટક' શબ્દ વપરાયો છે તેનો અર્થ 'નિરોધક' પણ થાય છે.

'બુધિ' શબ્દના બે અર્થ થાય છે. (૧) સ્વયં (૨) અહં.

'બૂડણુ' વિષે ગુરુ દત્તાત્રેય-કાર્તિકસ્વામી સંવાદવાળી 'અવધૂત-ગીતામાં' કહ્યું છે :

"આત્માનં ચામૃતં હિત્વા અભિન્નં મોક્ષમવ્યયમ્ ।
ગતો હિ કુત્સિતઃ કાકો વર્તતે નરકં પ્રતિ ॥"
(૮/૧૦)

સારાંશ એ છે કે જે હંસ જેવી વ્યક્તિ આત્મજ્ઞાન રૂપી અમૃતને તજીને કાગડાની જેમ વિષય ભોગોમાં રસ લેતી ફરે છે તે નરકમાં પડે છે. આને જ 'બૂડણુ' કે ડૂબવુ કહે છે.

કિન્તુ જો આવા મનુષ્યને ઇશ્વરકૃપા કે સદ્ગુરુનો અનુગ્રહ વગેરે થાય તો વિવેક-વૈરાગ્ય જાગ્રત થતાં તેની બુદ્ધિ નિર્મળ થવા લાગે છે જેનાથી સ્વસ્વરૂપ બોધ થતાં જ તેનાં દુઃખ, શોક વગેરેની નિવૃત્તિ થઈ જાય છે, તે મનુષ્ય તરી જાય છે, 'ધર્મગ્રંથોમાં આ વિષે યોગ્ય જ કહ્યું છે :—

'તરતિ શોકં આત્મવિત્ ।'
'તત્ર કો મોહઃ કઃશોકઃ એકત્વમનુપશ્યતઃ ।'

નિર્મળ બુદ્ધિ વિષે 'અવધૂત-ગીતા' કહે છે કે—

'સ્વસ્થે ચિત્તે બુદ્ધયઃ સંભવન્તિ ।' (૮/૨૭)

એટલે કે ચિત્તના સ્થિર થવાથી શુદ્ધજ્ઞાનનો, આવિર્ભાવ થાય છે.

'દયા'- આ વિષે મહાર્ષિ યાજ્ઞવલ્ક્ય સ્વરચિત ગ્રંથ 'યોગી યાજ્ઞવલ્ક્ય' માં લખે છેઃ

'દયા સર્વેષુ ભૂતેષુ સર્વત્રાનુગ્રહઃ સ્મૃતઃ ।'

એટલે કે સર્વત્ર, સર્વે પ્રાણી ઉપર અનુગ્રહ (કૃપા) રાખવો તે જ સાચા અર્થમાં દયા કહેવાય છે. આ અનુગ્રહ સમદૃષ્ટિભાવે થવો જોઇએ.

'ધ્યાન'- એટલે દરેક પ્રાણી પ્રતિ સમદૃષ્ટિ રાખવી. એ જ બધા પ્રાણીઓ પ્રતિ "દયા" છે.

આથી એ પ્રમાણિત થયું કે 'દયા' એ જ 'ધ્યાન છે. 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' માં લખ્યું છેઃ

'સર્વભૂતેષુ સમદૃષ્ટિશ્ચ ઇતિ ધ્યાન લક્ષણમ્ ।'

'ધર્મ'— ધર્મનું યથાર્થપણે પાલન એ જ 'ધ્યાન' છે. 'સ્વધર્મ' એ જ સ્વધન છે. આનાથી 'સ્વસ્વરુપબોધ' થાય છે. આનું નામ જ 'સ્વરાજ્ય પ્રાપ્તિ' છે.

'ગ્યાંન સોઇ વિવરજિત કરમ'-એટલે કે સંસ્કાર વિરહિત કર્મ જ જ્ઞાન છે. 'અવધૂત-ગીતા' માં કહ્યું છે કેઃ

"ન માનસં કર્મ શુભાશુભં મે, ન કાયિકં કર્મ શુભાશુભં મે।
ન વાચિકં કર્મ શુભાશુભં મે, જ્ઞાનામૃતં શુદ્ધમતીન્દ્રિયોઽહમ્॥"
(૧/૮)

'ક્રોધ'-વિષે સંત 'નાનક'ની વાણી આ પ્રમાણે છે:

'કામ ક્રોધ જેહિં પરસૈ નાહિન
તેહિં ઘટ બ્રહ્મ નિવાસ।'

'દયા'-વિષે સંત 'ભીખા'ની વાણી આ પ્રમાણે છે:

'ભજન તે ઉત્તમ નામ ફકીર
છમા શીલ સંતોષ સરલ ચિત્ત
દરદવંત પરપીર।'

'અહંકાર' વિષે સંત 'ચરણદાસ'ની વાણી આ પ્રમાણે છે:

"પરમ સાધ હૈ સોઇ જો આપા ના થપૈ।
મનકે દોષ મિટાય નામ નિરગુન જપૈ॥"

'દયા' અને 'ધર્મ' વિષે સંત કબીરની વાણી આ પ્રમાણે છે:

"દયા કરૈ ધરમ મન રખૈ ઘરમેં રહૈ ઉદાસી।
અપના-સા દુઃખ સબકા જાનૈ તાહિ મિલૈ અવિનાસી॥"

યોગી ગોરખનાથે શ્લોક સંખ્યા ૧૧માં ગુરુ દત્તાત્રેયને 'બદ્ધ' અને 'મુક્ત' વિષે પ્રશ્ન કર્યો છે જેનો સચોટ ઉત્તર ગુરુ દત્તાત્રેયે શ્લોક નં. ૧૨માં આપી દીધો છે. તેમ છતાંય,

જાણે કે હજી ગોરખનાથને આ વિષે સમાધાન ન થયું હોય, તેમ, તે અહીં શ્લોક સંખ્યા ૨૩ માં ફરીથી 'બદ્ધ' અને 'મુક્ત' વિષે ગુરુ દત્તાત્રેયને નીચે પ્રમાણેનો પ્રશ્ન પૂછે છે:

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસ્ય બંધા કૌંણુસ્ય મુક્તા
કૌંણુસ્ય જોગી કૌંણુસિ જુગતા ।
દેવકલા કા કહિયૈ ભેવ
ગોરષ કહૈં સુણૌ દત્તદેવ ॥" (૨૩)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! કોણ 'બદ્ધ' અને કોણ 'મુક્ત' છે? કોણ 'યોગી' છે અને કોણ 'યુક્તયોગી' છે. આ બધા સૂક્ષ્મ વિષયોનું રહસ્ય કરી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"બંધ્યા સોઇ જુ કરમહિ બંધ
મુક્તા સોઇ રહૈ નિરદંદ ।
જોગી સોઇ જુગતિ મન રહૈ
ગોરષ પૂછે દત્તાતૃય કહૈં ॥" (૨૪)

અર્થ—ગોરખનાથના પ્રશ્નના ઉત્તરમાં દત્તાત્રેય કહે છે કે જે વ્યક્તિ કર્મથી બદ્ધ છે તે જ વાસ્તવમાં 'બંધાએલો' છે. જે નિર્દ્વન્દ્વ છે તે જ વાસ્તવમાં 'છૂટેલો' છે (મુક્ત છે). યુક્તિ દ્વારા જે વ્યક્તિ પોતાના મનને આત્માની સાંથે સંયુક્ત રાખે છે તે જ 'યોગી' છે.

વ્યાખ્યા—જે કોઈપણ કાર્ય ફળની આસક્તિ રાખીને કરાય છે તે બંધનનું કારણ બને છે. ગીતાજીમાં પણ કહ્યું છે ને કે 'કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' (૨/૪૭). એટલે કે તારો (વ્યક્તિનો) કર્મમાં જ અધિકાર છે, ફળમાં કદી નથી.

કિન્તુ જે વ્યક્તિ હર્ષ–શોક આદિ દ્વંદ્વોથી અતીત, ઈર્ષાથી રહિત, સિદ્ધિ–અસિદ્ધિમાં સમત્વભાવ રાખે છે, તે 'મુક્ત' છે. એટલે કે કોઈ પણ કર્મ કરવા છતાં ય તેને તેનાથી બંધન નથી થતું. 'સિદ્ધ–સિદ્ધાંત–પદ્ધતિ' ગ્રંથમાં લખ્યું છે કે: 'યત્કર્મ તદ્ બંધનમ્.' એટલે કે જે કોઈ કર્મ કામનાથી કરાય છે તે બંધનકારક હોય છે. 'યોગી' અને 'યુક્તયોગી' વિષે તો શ્લોક સંખ્યા ૨ની વ્યાખ્યામાં જ સ્પષ્ટીકરણ કરી નાંખ્યુ છે. ગીતાજીમાં પણ કહ્યું છે કે જે વ્યક્તિ મનને કૌશલ્યથી પોતાને અધીન રાખે છે તે જ 'યોગી' છે: 'યોગઃ કર્મસુ કૌશલમ્.'

'નિર્દ્વન્દ્વ' વિષે સંત કબીર તથા ચરણદાસની વાણી આ પ્રમાણે છે.

"દુઃખ સુખ એક સમાન હૈ, હરષ શોક નહિં વ્યાપ।
ઉપકારી નિઃકામના, ઉપજૈ છાહ ન તાપ॥"
(કબીર)

"કાગકરમ સબ છાંડિ, હોય હંસા ગતિ।
તૃષ્ના આસ જલાય, સોઇ સાધુ ગતિ॥"
(ચરણદાસ)

'યોગ' અને 'યોગી' તથા 'યુક્તિ' વિષે ગોરખનાથ હજી પણ

કંઇક વધારે રહસ્યમય વાણી (જ્ઞાન) ગુરુ દત્તાત્રેય પાસેથી બહાર કઢાવવાના ઇરાદાથી આ વિષયો વિષે નીચે પ્રમાણે પ્રશ્ન કરે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસ્ય જુગતા કૌંણુસ્ય જોગ
કૌંણુસ્ય કાયા વ્યાપૈ રોગ ।
જો ગમિં હોઇ સુ કહિયે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૨૫)

અર્થ— ગોરખનાથ કહે છે કે હે દત્તદેવ ! 'યુક્તિ' કોને કહે છે ? યોગસિદ્ધ કોણ છે ? કઈ કાયાને રોગ વ્યાપી રહે છે ? આ બધાનું જે કાંઇ સમજવા જેવું રહસ્ય હોય તે કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ જુગતિ સોઇ જો જુગિ જુગિ તાલા
જુગતિ સોઇ જો વિષૈ નિરાલા ।
જોગી સોઇ મન ભ્રમ ન રહૈ
ગોરષ પૂછૈ દત્તાતૃય કહૈં ॥" (૨૬)

અર્થ— ગોરખનાથના પ્રશ્નના ઉત્તરમાં ગુરુ દત્તાત્રેય કહે છે કે હે અવધૂત ! પ્રત્યેક ક્રિયામાં મનને નિરુદ્ધ રાખવું તે જ 'યુક્તિ' છે. મનને ઇન્દ્રિય અને તેના વિષયોથી વેગળું (અલગ) રાખવું-તેની સાથે યુક્ત ન રાખવું-તે જ 'યુક્તિ' છે. જેના મનમાં કોઈ પણ પ્રકારનો ભ્રમ રહેતો નથી તેને

'યુક્ત યોગી' કહે છે. (ઇન્દ્રિય અને તેના વિષયોમાં મનને જોડવાથી કાયા રોગગ્રસ્ત બને છે).

વ્યાખ્યા— મનથી કાર્ય ન કરતાં સ્વભાવથી જ કાર્ય કરવું તે 'યુક્તિ' છે. વિષયોને વિષવત્ સમજીને તેનાથી મનને અલગ રાખવું તે 'યુક્તિ' કહેવાય છે. ગીતાજીમાં કહ્યું છે ને કે બુદ્ધિમાન વ્યક્તિના પણ મનને એ પ્રમથન સ્વભાવવાળી ઇન્દ્રિયો હઠાત્ (બળાત્કારે) વિષયો પ્રતિ ખેંચે છે.

"ઇન્દ્રિયાણિ પ્રમાથીનિ હરન્તિ પ્રસભં મનઃ।" (૨/૬૦)

આથી ગીતાજીમાં આગળ કહ્યું છે કે તે સર્વ ઇન્દ્રિયોને વશ કરીને યોગીએ મારામાં (પરમ-તત્ત્વમાં) તન્મય રહેવું.

જેની બધી શંકાઓનું સમાધાન થઇ ગયું છે, સર્વવિધ ભ્રમોનું નિવારણ થઈ ગયું છે, તેને 'યોગી' કહે છે. અજ્ઞાન-જન્ય ભ્રમના પાંચ પ્રકાર છે, (૧) જીવ-બ્રહ્મની ભિન્નતા, (૨) અકર્તા આત્માને જ કર્તા-ભોકતા સમજવો, (૩) સંગભ્રમ, (૪) વિકારભ્રમ, (૫) જગત્ અને બ્રહ્મનો ભેદ તથા જગત્ સત્ય છે, એ ભ્રમ. આ બધા ભ્રમોનું નિવારણ જ્ઞાનથી થાય છે. શ્રુતિ કહે છે :

"ભિદ્યતે હૃદયગ્રન્થિઃ છિદ્યંતે સર્વસંશયાઃ।
ક્ષીયન્તે ચાસ્ય કર્માણિ તસ્મિન્દૃષ્ટે પરાવરે॥"

સુખ-શાંતિનો મંત્ર બતાવતાં કવિ જગજીવન આ પ્રમાણે કહે છે :

"સતસમરથ મેં રાખિ મન કરિય જગતકા કામ।
જગજીવન યહ મંત્ર હૈ, સદા સુખ બિસરામ॥"

'જુગતિ' વિષે તો સમાધાન થઈ ગયું પણ 'ભ્રમ' વિષે હવે ગોરખનાથ પ્રશ્ન કરે છે, કારણ કે ગુરુ દત્તાત્રેયે તો એટલું જ કહ્યું છે કે 'જેને ભ્રમ નથી તે જ યોગી છે.'

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસિ ભરમ, કૌંણુસ્ય ધરમ
કૌંણુસિ નિસચલ કૌંણુ અધરમ ।
અગમ ગ્યાંન કા કહિયૈ ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૨૭)

અર્થ — ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! ભ્રમ કોને કહે છે? ધર્મ શું છે? નિશ્ચલ કોણ છે? અધર્મ એટલે શું? આ અગમ્યજ્ઞાનનું રહસ્ય કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ ભ્રમ સોઇ જિહિ ઉપાપૈ સસા
ધરમ સોઈ દરસણુ આદેસા ।
નિસચલ સોઇ જો ત્યૌ ત્યૂં રહૈ
અધરમ સોઇ જો મિથ્યા કહૈ ॥" (૨૮)

અર્થ — હે અવધૂત ગોરખનાથ! જેનાથી શ્વાસની ક્રિયા ચાલે છે તે 'ભ્રમ' છે. જેનાથી આત્મદર્શનનો નિર્દેશ (ઉપાય) પ્રાપ્ત થાય છે તે 'ધર્મ' છે. જે વ્યક્તિ કોઈ પણ અવસ્થામાં સદૈવ નિર્વિકારી રહે છે તેને 'નિશ્ચલ' કહે છે. અસત્ય ભાષણ કરવું એ અધર્મ છે.

કહે છે.

વ્યાખ્યા — અહીં જે 'સસા' શબ્દ વપરાયો છે તેના ત્રણ અર્થ થાય છે, (૧) શ્વાસ, (૨) સંશય, (૩) સંસાર.

શ્વાસ ચાલતાં જ મન ચલિત થઇ ઊઠે છે અને તેનાથી અવિદ્યા દ્વારા ભ્રમ પેદા થાય છે. કિન્તુ શ્વાસના શાંત રહેવાથી મન નિવૃત્ત થાય છે અને જ્ઞાનનો ઉદય થઇને ભ્રમની નિવૃત્તિ થઇ જાય છે. આ વિષે રાજા ગોપીચંદ્ર (ગોપીચંદ્રનાથ) પોતાની 'સબદી'માં કહે છે :

"મન થિરંતા પવન થિર, પવન થિરંતા બિંદ ।
બિંદ થિરંતા જિંદા થિર, યૂં ભાખૈ ગોપીચંદ ॥"

'હઠયોગ' વિષેનો પ્રસિદ્ધ ગ્રંથ 'હઠયોગ-પ્રદીપિકા' આનું આ પ્રમાણે સમર્થન કરે છે :

'ચલે વાતે ચલં ચિત્તં નિશ્ચલે નિશ્ચલં ભવેત્ ।'

'વિશ્વાસ' એટલે વિગત શ્વાસ. આ અર્થથી એવું સિદ્ધ થાય છે કે જ્યાં શ્વાસ છે ત્યાં સંશયનો પ્રસાર છે. જેવી રીતે ભ્રમવશ મનુષ્ય રજ્જુબુદ્ધિનો ત્યાગ કરી તે રજ્જુને (દોરીને) સર્પબુદ્ધિથી ગ્રહણ કરે છે તેવી જ રીતે જ્ઞાની પુરુષ સત્યના જ્ઞાનના અભાવથી પ્રપંચને જુએ છે.

'આદેશ'—આદેશ શબ્દનો અર્થ છે 'અદ્વિતીય બ્રહ્મ'. આ શબ્દ સિદ્ધોને અત્યંત પ્રસન્ન કરવાવાળી પરમ આદરણીય પવિત્ર વાણી છે. 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' નામના ગ્રંથમાં આ વિષે કહ્યું છે :

'આદેશ ઇતિ સૂદ્રાણીં સર્વદ્વન્દ્વક્ષયાપહામ્ ।'
તથા 'આત્મેતિ પરમાત્મેતિ જીવાત્મેતિ વિચારણે ।
ત્રયાણામૈક્યસંભૂતિરાદેશ ઇતિ કીર્તિતઃ ॥' (૬/૯૪)

ઉપનિષદોમાં પણ 'આદેશ' શબ્દનો ઉલ્લેખ છે:

'તસ્યૈષ આદેશો....' (કેન. ઉ. ૪/૪)

અહીં વપરાયેલ 'આદેશ' શબ્દનો અર્થ (બ્રહ્મતત્ત્વનો) 'સાંકેતિક ઉપદેશ' એવો થાય છે.

'ઉત તમાદેશમપ્રાક્ષમ્....' (છાંદોગ્ય. ઉ. ૬/૧/૨)

અહીં જે 'આદેશ' શબ્દ છે તેનું ગુઢ રહસ્ય છે. પિતા (મહર્ષિ આરુણિ) પોતાના બાર વર્ષ સુધી વેદાધ્યયન કરીને ઘરે પાછા આવેલા પુત્ર (શ્વેતકેતુ) ને પૂછે છે કે શું તું આ આદેશને જાણે છે કે જેના દ્વારા અશ્રુત શ્રુત થઇ જાય છે, અમત મત થઇ જાય છે, અવિજ્ઞાત વિશેષરૂપે જ્ઞાત થઈ જાય છે? પણ આ વિષે ન જાણતાં પુત્ર શ્વેતકેતુ પોતાના પિતાને પૂછે છે: 'ભગવન્! તે આદેશ કેવો છે?' આ સાંભળીને પિતા (મહર્ષિ આરુણિ) પોતાના પુત્રને આદેશનું રહસ્ય પ્રકટ કરે છે.

'બૃહદારણ્યક ઉપનિષદ્'માં પણ 'આદેશો નેતિ નેતિ' આવે છે. અહીં 'આદેશ' શબ્દ બ્રહ્મના ઉપદેશનો વાચક છે.

'નાથ સંપ્રદાય'માં યોગીજન 'અલખ' (અલક્ષ) શબ્દ દ્વારા પોતાના ઇષ્ટદેવનું ધ્યાન ધરે છે અને આ જ શબ્દનું ઉચ્ચારણ કરીને ભિક્ષા માંગે છે. તેના શિષ્ય 'આદેશ'

કહે છે. (આદેશ) શબ્દ દ્વારા તેના ગુરુના સંબોધન 'અલક્ષ'નો ઉત્તર આપે છે. આ બન્ને મંત્રોના અર્થ તે પ્રણવરૂપી પરમપુરુષ વિષે છે જેનું વર્ણન વેદ અને ઉપનિષદ્‌માં વારંવાર આવે છે.

'ધરમ' — ધર્મ વિષે યોગી યાજ્ઞવલ્કય લખે છે કે

'અયં તુ પરમો ધર્મો યદ્યોગેનાત્મદર્શનમ્।'

સારાંશ એ છે કે જેનાવડે સ્વસ્વરૂપ દર્શન થાય તે જ સાચો ધર્મ છે. 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' ગ્રંથમાં પણ આ વિષે કહ્યું છે કે જે યોગદ્વારા મોક્ષરુપી પરમશાંતિની પ્રાપ્તિ થાય છે તે યોગ જ વાસ્તવમાં ધર્મ (સ્વધર્મ) છે.

સત્ય બોલવા વિષે વેદ, ઉપનિષદ્, પુરાણાદિ ધર્મગ્રંથોમાં વારંવાર આદેશ આપવામાં આવ્યો છે, જેમકે : 'સત્યં વદ। ધર્મં ચર।' 'સત્યમેવ જયતે નાનૃતમ્, 'સત્યેન લભ્ય-સ્તપસાહ્યેષ આત્મા।' ઇત્યાદિ. સત્યની વ્યાખ્યા કરતાં 'મનુસ્મૃતિ' માં ભગવાન મનુ કહે છે :

"સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્ ન બ્રૂયાત્ સત્યમપ્રિયમ્।
પ્રિયં ચ નાનૃતં બ્રૂયાત્ એષઃ ધર્મઃ સનાતનઃ॥" (૪ ૧૩૭)

એટલે કે સત્ય બોલો, પ્રિય બોલો, અપ્રિયસત્ય ન બોલો કે પ્રિયઅસત્ય ન બોલો, આ સનાતનધર્મ છે.

મહાભારતના શાંતિપર્વમાં સત્ય વિષે આ પ્રમાણે કહ્યું છે :

"સત્યસ્ય વચનં શ્રેયઃ સત્યાદપિ હિતં વદેત્।
યદ્ભૂતહિતમત્યંતમેતત્ સત્યં મતં મમ॥"
(૩૨૬/૧૩

(કછોલી, વાયા ... યોગસંવાદ)



"સુરગુરુ સુરવર પૂજિતલિંગં સુરવનપુષ્પસદાર્ચિતલિંગમ્ ...
પરાત્પરં પરમાત્મકલિંગં તત્પ્રણમામિ સદાશિવલિંગં"

(લિંગાષ્ટક)

'અંબિકા નદી તટ પર 'સ્વયંભૂદાદા' શ્રી ગંગેશ્વર મહાદેવ' (કછોલા)

ગંગેશ્વરં અંબિકાયુક્તં નિત્યં ધ્યાયન્તિ યોગિનઃ ।
[illegible]

સંતોની સત્ય વિષેની વાણી આ પ્રમાણે છે :

"દયા ધરમ હિરદૈ બસૈ, બોલૈ અમરત બૈન ।
તેઈ ઉચૈ જાનિયૈ, જાકૈ નીચે નૈન ॥"
(મલૂકદાસ)

"સાંચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ ।
જાકે હિરદૈ સાંચ હૈ, તા હિરદૈ હરિ આપ ॥"
(કબીર)

'નિશ્ચલ'—આ નિશ્ચલ શબ્દના વિષે 'ભરથરીજીની સબદી'માં કહ્યું છે કે—

"ગ્યાંની સો જો ગહર ગભીરૂં
ભરયા કુંભ જલ નિસચલ નીરં ।
ભનત ભરથરી સત સરૂપ
તત્ત વિચારૈ તૌ રેખ ન રૂપ ॥"

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુસિ મિથ્યા કૌણુસિ સાચ
કૌંણુસિ ખરા કૌંણુસિ કાચ ।
કૌંણુસિ કહૈ સબદકા ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૨૯)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ ! કોણ મિથ્યા છે ? કોણ સત્ય છે ? ખરા કોણ અને ખોટા કોણ ? શબ્દનું રહસ્ય કોને કહે છે ? આ બધું મને કહી સંભળાવો.

કહે છે.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ માયા મિથ્યા બ્રહ્મ સુ સાચા
સબદ સુ ખરા પ્યંડ સો કાચા ।
સબદ બિચારી જહૈં મન રહૈ
ગોરષ પૂછૈ દત્તાતૃય કહૈ ॥" (૩૦)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! માયા મિથ્યા છે અને બ્રહ્મ જ સત્ય છે. શબ્દ ખરા છે અને તેનાથી ઉત્પન્ન પિંડ ખોટા છે. શબ્દના સંચારથી ધીરે ધીરે જ્યાં મન સ્થિર થઇને રહસ્ય ખૂલી જાય છે તે જ શબ્દનું રહસ્ય છે.

વ્યાખ્યા—સત્યમાં અસત્યનો આભાસ અને અસત્યમાં સત્યનો આભાસ જ 'માયા' છે. માયા જે છે તે પરિણામશીલા છે, ત્રિકાલાબાધ્ય નથી. કિન્તુ બ્રહ્મ સત્ય છે, ત્રણે કાળમાં અવિનાશી છે. 'માયા'ની બે શક્તિઓ છે: (૧) આવરણ, (૨) વિક્ષેપ. શ્રી ગૌડપાદાચાર્ય 'માંડૂક્ય-કારિકા'માં કહે છે:

'માયામાત્રમિદં દ્વૈતમદ્વૈતં પરમાર્થતઃ ।' (૧/૧૭)

એટલે કે આ દૃશ્યમાન દ્વૈત જે છે તે કેવળ માયા છે. પરમાર્થતઃ તો અદ્વૈત જ છે. 'યોગવાસિષ્ઠ'માં પણ કહ્યું છે કે-

'વસ્તુતસ્તુ જગન્નાસ્તિ સર્વં બ્રહ્મૈવ કેવલમ્ ।'

અર્થાત્ વસ્તુતઃ જગત્ છે જ નહીં, જે બધું કાંઈ છે કેવળ બ્રહ્મ જ છે.

'અવધૂત-ગીતા' પણ આવું જ કહે છે:

'ન ત્વં નાહં જગન્નેદં સર્વમાત્મૈવ કેવલમ્।'

એટલે કે હું, તું અને આ દૃશ્યમાન જગત્ કાંઈ પણ નથી. જે બધું કાંઈ છે તે કેવળ એક આત્મા જ છે.

માયા અને બ્રહ્મ વિષે સાંખ્ય, યોગ, વેદાંત, આગમ વગેરેના વિભિન્ન મંતવ્યો છે, જે નીચે પ્રમાણે છે:

'પાતંજલ-દર્શન' 'માયા' શબ્દનો ઉપયોગ કરતું નથી. કારણ કે તે માયાને માનતું જ નથી. તે માયાના સ્થાને 'અવિવેક'ને માને છે. બીજાં દર્શનો જેને 'માયા' કહે છે તેને પાતંજલ-દર્શન ત્રિગુણાત્મક, પરીણામશીલ અને મિથ્યા કહીને પરમાત્માને તેનું અધિષ્ઠાન માને છે.

'સાંખ્યમત'માં 'માયા'ને પ્રકૃતિ કહે છે. આ પ્રકૃતિ ત્રિગુણાત્મિકા, પરિણામશીલા અને નિત્ય છે. પુરુષ દ્રષ્ટા છે અને પ્રકૃતિ સામ્યભૂતા છે. પ્રલયમાં તેનું પરિણામ સદૃશ હોય છે, રૂપાંતર નથી થતું. અને પ્રલય પછી વિસદૃશ પરિણામ હોય છે, રૂપાંતર થાય છે.

'શાંકર અદ્વૈતમત'માં 'માયા' ત્રિગુણાત્મિકા, પરિણામશીલા એવં મિથ્યા છે. તેનું અધિષ્ઠાન બ્રહ્મ છે.

'આગમ મત' અનુસાર 'માયા' પરમેશ્વરની સ્વાતંત્ર્ય-શક્તિ છે જે સ્ફુરણશીલ છે. જીવાત્મા પંચકંચુકીથી આવૃત

કહે છે. (

છે. આથી તે અલ્પશક્તિ, અલ્પજ્ઞ, અતૃપ્ત, દેશકાલ પરિચ્છિન્ન છે. આ પંચકંચુક નીચે લખ્યા પ્રમાણે છે:

(૧) કાલ, (૨) કલા, (૩) અશુદ્ધવિદ્યા, (૪) રાગ, (૫) નિયતિ. જ્યાં સુધી આ કંચુક હટતા નથી ત્યાં સુધી જીવ પરમાત્માનો સાક્ષાત્કાર નથી કરી શકતો.

'માધ્વ સંપ્રદાય' માયાને પરમાત્માની શક્તિ માને છે. તેના મતમાં માયા પરિણામશીલા અને સત્ય છે.

'સબદ સુ ખરા પ્યંડ સો કાચા' — સ્થૂળપિંડ (દેહ) શબ્દથી ઉદ્ભૂત છે. આ કારણથી આ ઉત્પન્ન પિંડ મિથ્યા છે, અને જ્યાંથી એટલે કે જે શબ્દથી પિંડ ઉત્પન્ન થયો તે શબ્દ સત્ય છે. સારાંશ એ છે કે 'શબ્દબ્રહ્મ' સત્ય છે, પિંડ મિથ્યા છે. આ વિષે કહ્યું છે કે :

"અનાદિનિધનં બ્રહ્મ શબ્દ તત્ત્વં યદક્ષરમ્ ।
વિવર્તતેઽર્થભાવેન પ્રક્રિયા જગતો યતઃ ॥"

હવે શબ્દ-રહસ્ય વિષે જોઈએ — યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જ્યાં સુધી નાદ, ત્યાં સુધી મન છે. સૂક્ષ્મથી સૂક્ષ્મતર નાદનું અનુસંધાન કરતી વખતે જે કોઈનું નાદ (પછી ભલે તે સૂક્ષ્મ હોય કે ઘન હોય)માં મન લાગે છે ત્યાં તે સ્થિર થઈને નાદની સાથે જ વિલીન થઈ જાય છે. એટલે કે મન 'અમન' થઈ જાય છે. ત્યાર પછી સંપૂર્ણ બાહ્ય પ્રપંચને ભૂલીને દૂધમાં મળેલા જળની જેમ એકરૂપ મન તે નાદ સાથે જ એકાએક ચિદાકાશમાં વિલીન થઈ જાય છે. આ ક્રિયાને 'નાદાનુસંધાન' કહે છે. તે નિઃશબ્દ નાદને જ

'પરમપદ' કહે છે. આ વિષે 'નાદબિંદુ-ઉપનિષદ્'માં કહ્યું છે કે યોગવિદ્યાનો ઉપાસક (સાધક) સિદ્ધાસન વાળીને બેસે અને 'વૈષ્ણવીમુદ્રા' (આને 'શાંભવીમુદ્રા' પણ કહે છે)[1] ધારણ કરીને પોતાના જમણા કાનમાં જંકૃત નાદને (અનાહત-ધ્વનિને) સદા સાંભળતો રહે. આવી રીતે અભ્યાસમાં લય થયેલો નાદ બાહ્ય ધ્વનિઓને આવૃત કરી લે છે. આવી રીતે એક પક્ષ અર્થાત્ 'અ'-કારને જીતીને બીજાપક્ષ 'ઉ'-કારને જીતે અને ક્રમશઃ સંપૂર્ણ પ્રણવ (ઓંકાર) પર વિજય પ્રાપ્ત કરી 'તુર્યપદ' એટલે કે આત્મસાક્ષાત્કારને મેળવે છે.

'નાદબિંદુઉપનિષદ્'માં નાદના પ્રકાર વિષે લખે છે કે સાધકને તેના અભ્યાસના પ્રારંભમાં આ નાદ ઘણો મોટેથી અને વિભિન્ન પ્રકારે સંભળાય છે અને અભ્યાસમાં જેમ જેમ આગળ વધે તેમ તેમ તે સૂક્ષ્મથી લઇને સૂક્ષ્મતર રૂપમાં સંભળાય છે. પ્રારંભમાં નાદ સમુદ્રની ગર્જના, વાદળાંઓનો ગગડાટ, ભેરીનો સૂર, તથા ઝરણાંથી ઉત્પન્ન ધ્વનિ જેવો તથા મૃદંગ (ઢોલ), ઘંટ અને નગારાના ધ્વનિ જેવો સંભળાય છે. અને અંતમાં કિંકિણી, વાંસળી, વીણા, ભ્રમરના ગુંજન વગેરે, જેવો મધુર નાદ સંભળાય છે. આવી રીતે સૂક્ષ્મથી લઇને સૂક્ષ્મ થતા થતા વિભિન્ન પ્રકારના નાદ સંભળાય છે.

---

૧ 'અંતર્લક્ષ્ય બહિર્દૃષ્ટિર્નિમેષોન્મેષવર્જિતા ।
એષા સા વૈષ્ણવીમુદ્રા સર્વતંત્રેષુ ગોપિતા ॥

'નાદબિંદુ ઉપનિષદ્' માં આ વિષે આગળ લખતાં 'નાદાનુસંધાન'નું રહસ્ય પ્રકટ કરે છે કે યોગવિદ્યાનો ઉપાસક (સાધક) જ્યારે ભેરી વગેરેનો મોટો અવાજ સાંભળે ત્યારે તેમાં સૂક્ષ્મથી સૂક્ષ્મતર નાદનો વિચાર કરે. ઘન નાદને છોડીછે સૂક્ષ્મ નાદમાં અથવા સૂક્ષ્મ નાદને છોડીને ઘન નાદમાં જતા એવા મનને અન્યત્ર ન લઈ જાય. પહેલાં જે કોઈનું પણ સૂક્ષ્મ કે ઘન નાદમાં મન લાગે છે ત્યાં ત્યાં તે સ્થિર થઇને તે નાદની સાથે જ વિલિન થઈ જાય છે. બધા બાહ્ય પ્રપંચને ભૂલીને, દૂધમાં મળેલા જળની જેમ, નાદમાં એકીભૂત થયેલું મન તે નાદની સાથે જ એકાએક ચિદાકાશમાં વિલીન થઈ જાય છે. આથી નાદ શ્રવણ સિવાયનાં વિષયો પ્રતિ ઉદાસીન થઈને સંયમી પુરુષ નિરંતર આ નાદાનુસંધાન વિષેના અભ્યાસ દ્વારા મનને તત્કાળ પોતાની તરફ ઉત્સુક બનાવવાવાળા નાદનું જ શ્રવણ અને ચિંતન કરતો રહે. બધીય ચિંતાઓનો ત્યાગ કરીને, બધીય ચેષ્ટાઓને છોડીને, નાદનું જ અનુસંધાન કરે; કારણ કે નાદમાં ચિત્ત વિલીન થાય છે.

હવે નાદ દ્વારા મન કેવી રીતે વશીભૂત થાય છે તે વિષેનું રહસ્ય પ્રકટ કરતાં 'નાદબિંદુ ઉપનિષદ્' આગળ કહે કે જેવી રીતે પુષ્પરસનું પાન કરતો ભ્રમર પુષ્પની સુગંધની અપેક્ષા કરતો નથી તેવી જ રીતે નાદમાં સદા આસક્ત રહેવાવાળું ચિત્ત વિષયોની આકાંક્ષા નથી કરતું. આ ચિત્તરૂપી આંતરિક સર્પ નાદને ગ્રહણ કર્યા પછી તે પ્રિય નાદની ગંધથી

બંધાઇને તત્કાળ બધી ચપળતાઓનો પરિત્યાગ કરી દે છે. પછી સંસારને ભૂલીને અને એકાગ્ર થઇને અહીં-તહીં ક્યાંય દોડતું નથી. વિષયરૂપી ઉદ્યાનમાં વિચરણ કરવાવાળા મનરૂપી મતવાલા હાથીને વશીભૂત કરવામાં આ નાદરૂપી તીક્ષ્ણ અંકુશ જ સમર્થ હોય છે. આ નાદ મનરૂપી મૃગને પકડવામાં જાળનું કામ કરે છે. મનરૂપી તરંગોને રોકવામાં તટ (સમુદ્ર કિનારા) ના જેવું કામ કરે છે.

'નાદમાં મનના લય' વિષે આગળ લખે છે કે બ્રહ્મ-સ્વરૂપ પ્રણવમાં સંલગ્ન નાદ જ્યોતિઃસ્વરૂપ હોય છે, તેમાં મન લયને પ્રાપ્ત થાય છે. તે જ ભગવાન વિષ્ણુનું 'પરમપદ' છે. જ્યાં સુધી શબ્દોનાં ઉચ્ચારણ અને શ્રવણ થાય છે ત્યાં સુધી જ મનમાં આકાશનો સંકલ્પ રહે છે. નિઃશબ્દ થયા પછી તો તે પરમબ્રહ્મ પરમાત્મરૂપમાં જ અનુભૂત થાય છે. જ્યાં સુધી નાદ છે, ત્યાં સુધી મન છે. નાદનાં સૂક્ષ્મથી લઇને સૂક્ષ્મતર થવાથી મન પણ 'અમન' થઈ જાય છે. સશબ્દ નાદ અક્ષરબ્રહ્મમાં ક્ષીણ થઈ જાય છે. તે નિઃશબ્દ નાદને જ 'પરમપદ' કહે છે. જ્યારે નિરંતર નાદનું અનુસંધાન કરવાથી વાસનાઓ સમ્યક્‌રૂપથી ક્ષીણ થઇ જાય છે ત્યારે મન અને પ્રાણ નિઃસંદેહ નિરાકાર બ્રહ્મમાં વિલીન થઇ જાય છે. કોટિ કોટિ નાદ અને કોટિ કોટિ બિંદુ 'બ્રહ્મપ્રણવનાદ' માં લીન થઈ જાય છે.

હવે મનના અમન થઈ જવાની સ્થિતિનું વર્ણન કરીએ. જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ વગેરે બધી અવસ્થાઓથી મુક્ત થયેલો

તથા બધી ચિંતાઓનો પરિત્યાગ કરી જે યોગી મૃતવત્ રહે છે તે 'મુક્ત' છે—આમાં સંશય નથી. તે શંખ-દુંદુભિનાદને ક્યારેય સાંભળતો નથી. જેમાં મન અમન થઈ જાય છે, તે અવસ્થા થવાથી મન આ દેહમાં રહીને ય કાષ્ટવત્ નિશ્ચેષ્ટ પ્રતીત થાય છે. તે ન શીત અનુભવે છે કે ન ઉષ્ણ, ન સુખ જાણે છે કે ન દુઃખ, ન માન સમજે છે ન અપમાન. સમાધિ દ્વારા તે આ બધાનો સમ્યક્ રૂપથી ત્યાગ કરી દે છે. યોગીનું ચિત્ત જાગ્રત સ્વપ્ન, સુષુપ્તિ આ ત્રણે અવસ્થાઓનું ક્યારેય અનુસરણ નથી કરતું. યોગી જાગ્રત તથા સ્વપ્નાવસ્થાથી મુક્ત થઈને પોતાના સ્વરૂપમાં અવસ્થિત હોય છે. દૃશ્ય વસ્તુ વિના જ જેની દૃષ્ટિ સ્થિર છે, પ્રયત્ન વિના જ જેનો વાયુ સ્થિર છે, કોઈ અવલંબ કે આશ્રય વિના જ જેનું ચિત્ત સ્થિર થઈ ગયું છે તે યોગી બ્રહ્મમય પ્રણવના અંતર્વર્તીય તુરીયસ્વરૂપ નાદરૂપમાં સ્થિત છે.

'શબ્દ' વિષે સંતોની વાણી આ પ્રમાણે છે:

"સબદહિં તાલા સબદહિં કૂંજી, સબદકી લાગી ઝંઝરિયા ।
સબદ ઓઢના, સબદ બિછૌના, સબદકી ચટક ચુનરિયા ॥"
(દુલહેનદાસ)

"સુન્ન મહલમેં નૌબત બાજે, કિંગરી બિન સિતારા ।
જોતિ લજાય બ્રહ્મ જહઁ દરસૈ, આગે અગમ અપારા ॥"
(કબીરદાસ)

ગોરખનાથ—

"સ્વામીં કૌંણુસિ કાયા કૌંણુસિ માયા
કૌંણુસિ ભ્રમ જગધંધૈ લાયા ।
અપાર ધંધ કા કહિયૈ ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૩૧)

અર્થ–ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ ! કાયા કોને કહે છે ? માયા કોને કહે છે ? ભ્રમ કોને કહે છે ? કોના વડે જગત્ દ્વન્દ્વરૂપે પ્રતીત થાય છે ? અપાર દ્વન્દ્વનું રહસ્ય કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ મન કલ્પત લાગી માયા
કરમ આચરૈ તહાં લૂં કાયા ।
ધ્યાન બિના જગુ ધંદ અપાર
સાંભલિ ગોરષ કહૂં બિચાર ॥" (૩૨)

અર્થ—હે અવધૂત ગોરખનાથ ! આ વિષે હું મારો વિચાર કહું છું, સાંભળો. જ્યાં સુધી મનની કલ્પના છે ત્યાં સુધી જ માયાનું 'અસ્તિત્વ' છે. જ્યાં સુધી કર્મનું આચરણ છે ત્યાં સુધી જ કાયાનું અસ્તિત્વ છે. સ્વસ્વરૂપમાં અભિનિવેશ ન હોવાથી જગત અપાર દ્વંદ્વરૂપ પ્રતીત થાય છે.

વ્યાખ્યા—અહીંયાં ગુરુ દત્તાત્રેય ગોરખનાથને મન અને માયા વિષે સમજાવતાં કહે છે કે જ્યાં સુધી મનની સંકલ્પ–

વિકલ્પાત્મક વૃત્તિઓ, કલ્પનાઓ, ચાલે છે ત્યાં સુધી જ માયાનો વિસ્તાર છે. મન નિર્વિકલ્પ થઇ ગયા પછી માયાનું અસ્તિત્વ નથી રહેતું. આ વિષે 'મૈત્રેયી ઉપનિષદ્'માં કહ્યું છે કે—'ચિત્તમેવ સંસારઃ।', 'ચિત્તસ્ય હિ પ્રસાદેન હન્તિ કર્મ શુભાશુભમ્।'

કર્મના આચરણરૂપી બીજ દ્વારા જ કાયાની ઉત્પત્તિ થાય છે, કારણ કે કર્મનો ફળભોગ ભોગાયતન દેહના વિના સંભવ નથી. આથી જ પ્રાણીને દેહ ધારણ કરવો પડે છે. કહ્યું છે ને કે—'કર્મણા બધ્યતે જન્તુઃ।' આવું જ અન્યત્ર કહ્યું છે કે "શુભ અને અશુભ કર્મોની અનુકૂળ વાસના દ્વારા દેહની પ્રાપ્તિ થાય છે. આથી કર્મ અને વાસના જ બિંદુ રૂપી શરીરનાં નિમિત્ત-કારણ છે."

'ધ્યાન' વિષે 'ધ્યાનબિંદુ ઉપનિષદ્' કહે છે કે ધ્યાનરૂપ મંથનના અભ્યાસ દ્વારા અતિગુપ્ત એવા પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરો. (ધ્યાનનિર્મંથનાભ્યાસાદેવં પશ્યેન્નિગૂઢવત્) આનાથી જગતરૂપી અપાર દ્વંદ્વની નિવૃત્તિ થઈ જાય છે. આ વિષે 'શ્વેતાશ્વતરોપનિષદ્' (૧–૩) માં પણ કહ્યું છે કે—

'તે ધ્યાનયોગાનુગતાનપશ્યન્
દેવાત્મશક્તિં સ્વગુણૈર્નિગૂઢામ'

'મુક્તિકોપનિષદ્'માં ભગવાન શ્રી રામ અને હનુમાનજીનો સંવાદ છે જેમાં રામ હનુમાનને ધ્યાનનું રહસ્ય સમજાવતાં કહે છે કે 'ચિરકાળ સુધી ધ્યાનનો અભ્યાસ કરતા રહેવાથી

જ્યારે અહંકાર વિલુપ્ત થઇ જાય છે અને મનોવૃત્તિ બ્રહ્માકારમાં પ્રવાહિત થવા લાગે છે ત્યારે તેને 'સમ્પ્રજ્ઞાત સમાધિ' કહે છે. જ્યારે ચિત્તની બધી ય વૃત્તિઓ શાંત થઇ જાય છે તે વખતે પરમાનંદ પ્રદાન કરવાવાળી અસમ્પ્રજ્ઞાત નામની સમાધિ થાય છે જે યોગીજનોને પ્રિય હોય છે. આ સમાધિની અવસ્થામાં કાંઈપણ ભાન નથી રહેતું. હોય પણ કેવી રીતે? તે સ્થિતિમાં મન અને બુદ્ધિનું અસ્તિત્વ સુદ્ધાં રહેતું નથી, કેવળ ચિત્સ્વરૂપની અવસ્થિતિ હોય છે. આ સ્થિતિમાં ચિત્ત નિરાલંબ થઇને કૈવલ્ય સ્થિતિમાં રહે છે; મુનિ લોકો આ સમાધિની ભાવના કરે છે. આ સમાધિમાં ઉપર, નીચે અને મધ્યે (એટલે કે સર્વત્ર) શિવ-સ્વરૂપ પૂર્ણબ્રહ્મ જ અનુભૂત થાય છે. આ સમાધિ પરમાર્થ કે મોક્ષસ્વરૂપ છે તથા સાક્ષાત્ બ્રહ્માના મુખ દ્વારા ઉપદિષ્ટ થઈ છે.'

ગુરુ દત્તાત્રેય અને મુનિ સાંકૃતિ વચ્ચે જે યોગસંવાદ થયો હતો તે 'જાબાલદર્શનોપનિષદ્'માં આપેલો છે જેમાં ધ્યાન વિષે ગુરુ દત્તાત્રેય કહે છે કે ધ્યાન જે છે તે સંસાર-બંધનનો નાશ કરવાવાળું છે. સમસ્ત સંસારરૂપી રોગનું એકમાત્ર ઔષધ છે. સત્યસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનું પોતાના આત્મરૂપથી આદરપૂર્વક ચિંતન કરવું. પોતાની બુદ્ધિમાં એવો નિશ્ચય કરવો કે તે પરબ્રહ્મ પરમાત્મા હું જ છું. આ પ્રમાણે કરાયેલ નિર્વિશેષનું ધ્યાન મોક્ષનું સાધક છે.

મનની ચંચળતા વિષે સંત ગરીબદાસની વાણી આ પ્રમાણે છે :

'સાત સરગ અસમાન પર, ભટકત હૈ મન મૂઢ ।
ખાલિક તો ખોયા નહિં, ઇસી મહલમેં ઢૂંઢ ॥'

ધ્યાનની પરાકાષ્ટા (સમાધિ) વિના ભ્રમ-નિવૃત્તિ નથી થતી. આ વિષે સંત નાનકની વાણી આ પ્રમાણે છે :

'જન નાનક બિન આપા ચિન્હેં, મિટે ન ભ્રમકી કાઈ.'

'જગદ્વંદ્વ' વિષે સંત ભીખાની વાણી આ પ્રમાણે છે:

'એક સંપદા સબ્દ ઘટ, એક દ્વાર સુખસચ્ચ ।
એક આતમા સબ ભેવમોં, દૂજો જગપરપંચ ॥'

ધ્યાન દ્વારા સ્વસ્વરૂપનો બોધ થાય છે, એવું ગુરુ દત્તાત્રેય પાસેથી સાંભળીને ગોરખનાથ તેમને ધ્યાન અને જ્ઞાનના વિષે નીચે પ્રમાણે પ્રશ્ન પૂછે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં કૌનસિ ધ્યાન કૌનસિ ગ્યાંન
કૌનસિ મન કૌનસિ આસાંન ।
ગ્યાંન ધ્યાન કા કહિયૈ ભેવ
ગોરષ કહૈં સુણૌ દત્તદેવ ॥" (૩૩)

અર્થ-ગોરખનાથ કહે છે કે હે દત્તદેવ! ધ્યાન એ શું છે? જ્ઞાન શું છે? મન અને આસન એ શું છે? જ્ઞાન અને ધ્યાનનું રહસ્ય શું છે એ બધું કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ ધ્યાન સોઇ બ્રહ્મ સૂ રહૈ
ગ્યાંન સોઈ જો સબ ગમિ કહૈ ।
મન સોઇ જહાં મનહિ સમાંન
આપણુ જાણૈ સોઇ આસાંન ॥" (૩૪)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! જે સ્થિતિમાં ચિત્ત બ્રહ્મમાં રહે છે, જ્યાં બ્રહ્માકાર થઇ જાય છે, તે 'ધ્યાન' છે. જે સ્થિતિમાં બધા વિષયોમાં અબાધગતિ થઇ જાય છે તે 'જ્ઞાન' છે. મન તે જ છે જ્યાં માનવું-ન માનવું વગેરે રહે છે. પોતાને ઓળખવું તે જ આસન છે.

વ્યાખ્યા—જે સ્થિતિમાં ચિત્ત બ્રહ્માકાર, બ્રહ્મરૂપ અને બ્રહ્મમય થઈ જાય છે તે સ્થિતિને 'ધ્યાન' કહે છે. આ વિષે 'યાજ્ઞવલ્ક્યસંહિતા' કહે છે કે :

'તદ્દેતત્ નિર્ગુણં ધ્યાનં બ્રહ્મ બ્રહ્મવિદો વિદુઃ ।'

શ્રીમદ્ આદિશંકરાચાર્ય પોતાના 'વિવેકચૂડામણિ' ગ્રંથમાં લખે છે કે જ્યાં મન મલિન સત્ત્વગુણ, રજ અને તમોગુણરૂપ મલીનતા ત્યાગી દઇને પરમતત્ત્વને પ્રાપ્ત થાય છે તે 'ધ્યાન' છે.

'સબગમિ'—પરમતત્ત્વનો સાક્ષાત્કાર કરવાથી જ મનુષ્ય 'સબગમિ' એટલે કે બધુ ય જાણવાવાળો થાય છે, દરેક વસ્તુનું રહસ્ય તે જાણી લે છે. આ વિષે 'શ્વેતાશ્વતર ઉપનિષદ્'માં કહ્યું છે :

"એતજ્જ્ઞેયં નિત્યમેવાત્મસંસ્થં,
નાતઃ પરં વેદિતવ્યં હિ કિંચિત્ ।
ભોક્તા ભોગ્યં પ્રેરિતારં ચ મત્વા
સર્વં પ્રોક્તં ત્રિવિધં બ્રહ્મમેતત્ ॥" (૧/૧૨)

એટલે કે એ પરમદેવ પરબ્રહ્મ પુરુષોત્તમ આપણી જ સદા ભીતરમાં (હૃદયમાં) અંતર્યામીરૂપે સ્થિત છે. આને જ સદા જાણવાનો પ્રયત્ન કરવો જોઇએ; કારણ કે આનાથી વધીને જાણવા યોગ્યબીજી કોઈ વસ્તુ છે જ નહીં. આ એકને જાણવાથી જ બધાનું જ્ઞાન થઈ જાય છે. આ જ સૌના કારણ અને પરમાધાર છે. મનુષ્ય ભોક્તા (જીવાત્મા), ભોગ્ય (જડવર્ગ) અને આ બન્નેના પ્રેરક ઈશ્વરને જાણીને બધું ય જાણી લે છે. આ પછી કાંઇ પણ જાણવાનું બાકી રહેતું નથી. જેના આ ત્રણ ભેદ બતાવાયા છે, તેજ સમગ્ર બ્રહ્મ છે;

'શ્રુતિ' પણ આવું જ કહે છે :

'એકસ્મિન્ વિજ્ઞાતે સર્વમિદં વિજ્ઞાતં ભવતિ ।'

'રુદ્ર હૃદયોપનિષદ્'માં શ્રી શુકદેવજીને પરમતત્ત્વ વિષે સમજાવતાં મહર્ષિ વ્યાસદેવ કહે છે કે જે સર્વનું અધિષ્ઠાન છે, દ્વંદ્વાતીત છે, સચ્ચિદાનંદસ્વરૂપ અને સનાતન પરબ્રહ્મ છે, જે મન અને વાણીથી અગોચર છે તેને સારી રીતે જાણી લેવાથી બધું ય જાણી જવાય છે; કારણ કે જે કાંઇ છે, તે તેનું જ સ્વરૂપ છે, તેનાથી ભિન્ન કાંઈપણ નથી.

'મન સોઈ જહાં મનહિ સમાંન'—આ વાક્યના બે અર્થ થાય છે, (૧) માનવું, ન માનવું, (૨) મનનું મનન કરવું, એટલે કે મનનું મૌન થઇ જવું.

'માનવું, ન માનવું' એટલે કે પરમતત્ત્વ (પરમેશ્વર) ના અસ્તિત્વનો સ્વીકાર કરવો કે અસ્વીકાર કરવો. આ સ્થિતિમાં પણ દ્વૈત, અદ્વૈત વગેરેનો પ્રશ્ન રહે છે જ; કિન્તુ નિર્વિકલ્પ અવસ્થામાં મનના 'અમન' થઇ જવાથી 'માનવું, ન માનવું' નો કોઇ પ્રશ્ન જ નથી ઊઠતો. જ્યાં મન પોતે જ મનને (પોતાને) જોવા લાગે છે તે સ્થિતિને 'મનનું મૌન થઇ જવું' કે 'સહજ સ્થિતિ' કહેવામાં આવે છે. શ્રીમદ્ આદિશંકરાચાર્ય વિરચિત 'દક્ષિણામૂર્તિ સ્તોત્ર'માં જે 'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં' કહ્યું છે તે મૌન-વ્યાખ્યાન જ સહજસ્થિતિ છે.

વાસનાનો પૂર્ણરૂપેણ ત્યાગ ન થાય ત્યાં સુધી મનનું મૌન થવું અસંભવ છે. આથી તે સ્થિતિમાં મનનું મનન ચાલુ રહે છે. 'માનવું, ન માનવું' ના વિષે ગુરુ દત્તાત્રેય સ્વરચિત અવધૂતગીતામાં કહે છે કે—

'અદ્વૈતં કેચિદિચ્છન્તિ દ્વૈતમિચ્છન્તિ ચાપરે ।
સમતત્ત્વં ન વિંદન્તિ દ્વૈતાદ્વૈત વિવર્જિતમ્ ॥"

એટલે કે કેટલાક સંપ્રદાયો અદ્વૈતની ઇચ્છા કરે છે (માને છે) તો કેટલાક દ્વૈતની ઇચ્છા કરે છે. (એટલે કે અદ્વૈતને નથી માનતા). આથી આ દ્વૈત, અદ્વૈત અને દ્વૈતાદ્વૈતથી વિવર્જિત એવા 'સમતત્ત્વ' ને મેળવતા નથી.

'ત્રિપુરારહસ્ય (જ્ઞાનખંડ)' ગ્રંથમાં ગુરુ દત્તાત્રેય પરશુરામને ઉપદેશ આપતાં કહે છે કે 'આ, તે' રૂપી ભાસથી મન કોઈ ભિન્ન વસ્તુ નથી. એટલે કે આ, તે વગેરે ભાવોને ત્યાગી દીધા પછી મન કેવળ આત્મરૂપ બની જાય છે.

'આપણુ જાણો સોઇ આસાંન'—આ વાક્યમાં 'આસાંન' શબ્દના બે અર્થ થાય છે, (૧) આસન, (૨) સરળ. 'આસન' એટલે હઠયોગનાં ૮૪ આસનો. જીવના કલ્યાણને માટે મહર્ષિ લોકોએ અધિકારભેદથી ભક્તિયોગ, કર્મયોગ, જ્ઞાનયોગ, મંત્રયોગ, લયયોગ, રાજયોગ, હઠયોગ વગેરે અનેક સાધનાપથ પ્રવર્તિત કર્યા છે. આમાં જે મંત્ર, લય, રાજ અને હઠયોગ છે તેને 'યોગચતુષ્ટય' કહેવામાં આવે છે. આ ચાર યોગોમાં જે હઠયોગ છે તેનાં ચાર અંગો છે, જેવાં કે : આસન, મુદ્રા, પ્રાણાયામ, નાદાનુસંધાન. અહીં જે પ્રથમ અંગ 'આસન' છે તેના સારી રીતના અભ્યાસથી સાધકમાં નાડી સમૂહની મૃદુતા, સહનશીલતામાં વૃદ્ધિ, દેહની લઘુતા, મનની એકાગ્રતા, પ્રાણતત્ત્વ (બિંદુ)નું ઊર્ધ્વગમન વગેરે થાય છે અને શરીરના અનેક રોગોની નિવૃત્તિ થાય છે. આથી તો નાથ-સંપ્રદાયના માન્ય ગ્રંથ 'હઠયોગ પ્રદીપિકા'માં લખ્યું છે :

'કુર્યાત્તદાસનં સ્થૈર્યમારોગ્યં ચાંગલાઘવમ્।'

કેવળ રોગનિવૃત્તિ માટે કે પછી યુવાન જેવા અને સુંદર દેખાવા માટે જો આસન કરવા કોઇ ઇચ્છતું હોય તો તેમાં અધિકાર-ભેદનો પ્રશ્ન આવતો નથી. બાળક, યુવાન, વૃદ્ધ, સ્ત્રી,

પુરુષ કોઈ પણ વ્યક્તિ આસનનો અભ્યાસ કરી શકે છે. પણ જો કોઇ વ્યક્તિ આસન, પ્રાણાયામાદિ દ્વારા રાજયોગમાં પ્રવેશ કરીને સમાધિ લાભ કરવાની ઇચ્છુક હોય તો પછી આવા લોકોમાં કેવળ વિવેક-વૈરાગ્ય સંપન્ન સાધકો જ અધિકારી ગણાય છે. આ મુમુક્ષુઓએ આસનોના અભ્યાસમાં અધિક દૃઢતા અને નિયમનિષ્ઠતાનું પાલન કરવું પડે છે.

આસન દ્વારા યોગસાધનામાં આગળ વધવાના ઇચ્છુક સાધકે આસનનો અભ્યાસ શરૂ કરતાં પહેલાં કેટલીક આવશ્યક વાતો જાણી લેવી જોઇએ, જેવી કે :

યોગાઅભ્યાસ માટે એકાંત અને પવિત્ર તથા રમ્ય સ્થાન હોવું જોઇએ. આવા સ્થાનમાં ગંદકી, ખરાબવાસ, મચ્છર, સર્પ, વિંછી આદિનો અને વિશેષમાં તો કોલાહલનો ત્રાસ ન હોવો જોઇએ. અહીં જોરજોરથી પવન પણ ફૂંકાતો ન હોવો જોઇએ. ચારેબાજુનું પ્રાકૃતિક સૌંદર્ય મનમોહક હોવું જોઇએ. સ્થાનમાં કે સ્થાનની સમીપમાં સાધકને માટે સાત્વિક આહારની કે પછી **ગાયનાં દૂધ, તાજાં ફળ વગેરેની યોગ્ય વ્યવસ્થા હોવી જોઇએ.** યોગી ગોરખનાથે આ વિષે કહ્યું છે કે ભિખારી માટે યોગસાધના કરવી અસંભવ છે. આનો અર્થ એ છે કે જેવા તેવા અને જે તે દ્વારા પકાવાયેલા, જ્યારે ત્યારે આહાર કરાયેલા અન્ન વડે યોગ સાધનામાં ચંચળ મનને એકાગ્ર કરવું અસંભવ છે. શુદ્ધ ઓહારી સાધકે નિશ્ચલ મન વડે યોગ સાધનાના પ્રારંભમાં આસન ક્રિયાનો અભ્યાસ પોતાના યોગી ગુરુના સાન્નિધ્યમાં અને તેમના જ માર્ગદર્શન નીચે કરવો જોઇએ. એ હંમેશા યાદ રાખવું કે

આસનનું ધ્યેય ઈશ્વરદર્શન કે આત્મસાક્ષાત્કાર છે, નહીં કે સુંદર બનીને તેનું (આસનોનું) ગામેગામ અને શહેરેશહેરમાં પ્રદર્શન કરી તેના દ્વારા ધનસંચય કરી મોજમઝા કરવાનું. જો આસન ધનસંચયવૃત્તિ માટે કે પછી આવી કોઈ ક્ષુદ્ર મનોવૃત્તિ માટે શીખવામાં આવશે, તેનું પ્રદર્શન કરવામાં આવશે તો આવા કાર્યોથી અહંકાર વધશે અને પરિણામે પતનનો માર્ગ ખુલ્લો થશે. આથી સોધકે આ વિષે અત્યંત સાવધાન-રહેવાની આવશ્યકતા છે.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જીવની જેટલી યોનિઓ (૮૪ લાખ) છે તેટલાં આસનો છે. આટલાં બધાં આસનો જાણવા કે પછી તેનો અભ્યાસ કરવો તે સાધક માટે અસંભવ છે. આથી મહર્ષિયોએ પ્રત્યેક લાખ યોનિ માટે એક-એક આસન નક્કી કર્યું. આમ યોગશાસ્ત્રમાં ૮૪ આસનો ગણ્યાં છે. આ ચોરાશી આસનોમાં પણ મુખ્ય ૧૦ આસનો છે.

'હઠયોગ પ્રદીપિકા' ગ્રંથમાં ૧૪ પ્રકારનાં આસનો છે, 'ઘેરંડસંહિતા'માં ૩૨ પ્રકારનાં આસનો છે 'યોગપ્રદીપ'માં ૨૧ પ્રકારનાં, 'વિશ્વકોષ'માં ૩૨ પ્રકારનાં 'અનુભવપ્રકાશ'માં ૫૦ પ્રકારનાં આસનો છે. આ ઉપરાંત હાલમાં છપાયેલા એવા કેટલાક અંગ્રેજી ગ્રંથોમાં ૮૪, ૧૦૮, ૧૫૧ સુધીનાં આસનોનાં ચિત્રો છે. યોગી ગોરખનાથે કેવળ ૮૪ આસનોને જ માન્ય કર્યાં છે. આ બધાં આસનોમાં સિદ્ધાસન, પદ્માસન, ભદ્રાસન અને સિંહાસન આ ચાર અધિક મહત્ત્વનાં છે. આમાં જે પદ્માસન છે તેમાં બદ્ધપદ્માસન, ઉત્થિતપદ્માસન, ઉર્ધ્વપદ્માસન, સુપ્તપદ્માસન વગેરે પ્રકાર છે.

'સ્થિરસુખમાસનમ્।' (યો. ૨૪/૬)

એટલે કે જે બેઠકમાં દીર્ઘકાલ સુધી સ્થિરતાપૂર્વક અને સુખપૂર્વક બેસી શકાય તે બેઠકને આસન કહે છે.

'આસાંન' એટલે કે આસન શબ્દનો બીજો વાસ્તવિક અર્થ 'સ્વસ્વરૂપનો બોધ (પરિચય)' એવો થાય છે. 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' ગ્રંથમાં કહ્યું છે: 'આસનમિતિ સ્વસ્વરૂપે સમાસન્નતા।' એટલે કે નિત્ય સ્વરૂપમાં સ્થિર રહેવું એ જ આસન છે. જ્યારે બધી ય વસ્તુઓમાં ઉદાસીન-ભાવ સધાય છે ત્યારે જ અંતર્મુખાવસ્થા અને સ્વસ્વરૂપનું સ્ફુરણ થાય છે. આને 'લઘુ અવધૂતોપનિષદ્'માં 'આસન' કહેવામાં આવ્યું છે. 'સર્વવસ્તુન્યુદાસીનભાવ આસનમુત્તમમ્।'

યોગી ગોરખનાથે એક પ્રશ્નમાં (શ્લોક સંખ્યા નવ) પૂછેલું કે 'કૌણસ્ય ઓસણુ કરૌ વિશ્રાંમ.' આના જવાબમાં ગુરુ દત્તાત્રેયે કહેલું કે 'અલેષ આસણુ તણાં વિશ્રામ.' આનો અર્થ એવો થાય છે કે લક્ષ્યાતીત પરબ્રહ્મ જ અમારું લક્ષ્ય છે, અમારું આસન કે વિશ્રામસ્થાન છે. 'અવધૂતગીતા'માં આ વિષે કહ્યું છે: 'લક્ષ્યાલક્ષ્ય વિવર્જિતલક્ષ્ય....।'

'આસાંન' શબ્દનો બીજો અર્થ છે: 'સહજ કે સરળ.' આ અર્થ માનવાથી 'આપણુ જાણૌ સોઇ આસાંન' વાક્યનો અર્થ એવો થાય છે: 'પોતાના આત્માનો સાક્ષાત્કાર કરવો સરળ છે.' આનું તાત્પર્ય એ છે કે પોતાના સ્વરૂપનો પ્રકાશ થવો અત્યંત કઠિન હોવા છતાં ય અતીવ સરળ છે. આ વિષે 'ત્રિપુરારહસ્ય (જ્ઞાનખંડ)' ગ્રંથના નવમા અધ્યાયમાં સ્પષ્ટીકરણ

કરતાં કહે છે કે લોકો આ પરમતત્ત્વની શોધ કરતાં કરતાં થાકી જાય છે તેમ છતાં ય આ પદ પ્રાપ્ત કરવામાં લોકો અસમર્થ રહે છે. શાસ્ત્રકારો, કુશળ તાર્કિકો વગેરે પણ આ પદમપદથી અનભિજ્ઞ રહેવાથી અહર્નિશ સંતપ્ત રહે છે. પણ વિવિધ શબ્દોના અર્થ બંધબેસતા કરવાની કુશળતાથી આ પદ પ્રાપ્ત થઈ શકતું નથી કે પછી વિચાર દ્વારા ય આ પદ પ્રાપ્ય નથી; કારણ કે આ તત્ત્વ બુદ્ધિગ્રાહ્ય નથી. દૂર જવાથી પણ આ પદ પ્રાપ્ત થતું નથી. કિન્તુ સ્થિરતાથી જ આ પ્રાપ્ત થાય છે. આ પદ વિચાર વડે અપ્રાપ્ય હોવા છતાં ય વિચારના અભાવથી પ્રકટ થાય છે. આ પદ (પરમતત્ત્વ) પ્રાપ્ત કરવું અત્યંત કઠિન પ્રતીત થવા છતાં ય અત્યંત સરળ છે.

'મન' વિષે 'ગોરખવાની'માં લખ્યું છે કે:

'યહુ મન લે જૈ ઉનમન રહૈ
તૌ તીનિ લોકકી બાતાં કહૈ।'

એટલે કે 'અમનસ્ક યોગી'ની સમક્ષ ત્રિભુવનનું રહસ્ય પ્રકટ થઈ જાય છે.

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંનસિ માનૈં કૌનસિ જાનૈં
સસિંહર સૂર કૌંન સમિ ઠાંનૈં।
પ્રકાસ અગોચર કહિયૈં ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૩૫)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! કોણ

માને છે? કોણ જાણે છે? સસિહર (ચંદ્ર) અને [1]સૂર (સૂર્ય)ને કઈ રીતે રોકીને તે પરમતત્ત્વ જાણ્યું જાય? તે અગોચર પ્રકાશનું રહસ્ય કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ જાનૈં સોઇ પરચૈ જગ
નાથ ન જાણૈં, સોઇ વિષિયારત।
સસિહર સૂર અગોચર બાસા
સાંભલિ ગોરષ કહૂં પ્રકાસા॥" (૩૬)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! સાંભળો. જે મનુષ્ય શ્રદ્ધાવાન છે અને પરમતત્ત્વ (પરમેશ્વર)નું અસ્તિત્વ માને છે, અંતતઃ તે જ જગત્‌ના સ્વરુપને ઓળખી શકે છે. જે મનુષ્ય નાથ (પરમેશ્વર)ને નથી જાણતો તે જાગતિક વિષયોમાં આસકત રહે છે. નાથનું (પરમેશ્વરનું) આ ધામ (પરમધામ) ચંદ્રસૂર્યથી અગોચર છે. પ્રકાશોના પણ પ્રકાશ એવા સ્વયં-પ્રકાશ ધામમાં જ નાથ (પરમેશ્વર)ની સ્થિતિ છે.

વ્યાખ્યા—આ ઉત્તરમાં 'જાનૈં' શબ્દ વપરાયો છે તેમાં 'માનૈં' પણ સમાવિષ્ટ છે, કારણ કે માનવું (શ્રદ્ધાપૂર્વક માનવું) એ જ પરમાત્માનાં અસ્તિત્વનો સ્વીકાર છે. માનવું (To BELIEVE), જાણવું (To KNOW)

---

[1] 'સસિહર' શબ્દ શશિયર (ચંદ્ર)નો અને 'સૂર' શબ્દ સૂર્યનો અપભ્રંશ છે. યોગીઓની ભાષામાં આ સૂર્ય-ચંદ્રને પ્રાન-અપાન, ઈડા-પિંગલા વગેરે કહે છે.

અને થવું કે પોતાના સ્વરૂપને ઓળખવું (To BE), આ ત્રણે ય ક્રમશઃ મોટાં સોપાન ચડવાથી સાધક સાધનાપથના લક્ષ્યને પ્રાપ્ત કરે છે. પૂર્ણત્વ મેળવે છે. ગીતાજીમાં કહ્યું છે ને કે જે શ્રદ્ધાવાન છે અને પરમતત્ત્વના અસ્તિત્વને માને છે તે જિતેન્દ્રિય અને તત્પર વ્યક્તિને જ જ્ઞાન પ્રાપ્ત થાય છે જેનાથી તત્ક્ષણ પરમશાંતિ મળે છે. (શ્રદ્ધાવાંલ્લભતે જ્ઞાનં.... ૪/૩૮). આ મોટી ઉપલબ્ધિ પછી જ્ઞાનદૃષ્ટિસંપન્ન તે મહાપુરુષ જગત્‌નો આત્મસ્વરૂપે જ અનુભવ કરે છે. શ્રુતિ-ભગવતી પણ કહે છે :

'દૃષ્ટિં જ્ઞાનમયીં કૃત્વા પશ્યેદ્ બ્રહ્મમયં જગત્।'

એટલે કે દૃષ્ટિને જ્ઞાન (બ્રહ્મ)મય કરીને જગત્‌ને બ્રહ્મમય જુઓ.

અખંડ વ્યાપક પરબ્રહ્મ (નાથ) ને યથાર્થતઃ ન જાણવાવાળી કે પછી તેનામાં શ્રદ્ધા ન રાખવાવાળી એવી સંશયયુક્ત મૂઢ વ્યક્તિ રસ, રૂપ સ્પર્શાદિ વિષયોમાં સદૈવ ડૂબેલી રહેવાથી પરમાર્થથી ભ્રષ્ટ થઇ જાય છે. ('અજ્ઞશ્ચા-શ્રદ્ધાનશ્ચ સંશયાત્મા વિનશ્યતિ।'–ગીતાજી ૪/૪૦)

ગુરુ દત્તાત્રેયે કાર્તિક સ્વામીને ઉપદેશ આપતી વેળા એ વાત વિશેષરૂપે કહી હતી કે જે અજ્ઞાની મનુષ્ય આ અમૃત-સ્વરૂપ, મોક્ષસ્વરૂપ, અભિન્ન, અવ્યય આત્માના સાક્ષાત્કાર કરવાનું મહત્ અને મહત્ત્વપૂર્ણ કાર્ય ત્યાગ કરીને કાગડાની માફક વિષય–વિષ્ઠામાં આનંદ લેતો ફરે છે તે દુર્ભાગી વારંવાર નરકમાં જાય છે.

"વિષવિશ્વસ્ય રૌદ્રસ્ય, મોહમૂર્ચ્છાપ્રદસ્ય ચ ।
એકમેવ વિનાશાય, હ્યમોઘં સહજામૃતમ્ ॥"
(અવધૂતગીતા. ૩/૧૭)

એટલે કે મોહમૂર્છા દેવાવાળા સંસારરૂપી હળાહળ વિષના નાશને માટે આત્મજ્ઞાનરૂપી અમૃત જ એકમાત્ર અમોઘ ઔષધ છે. કૃષ્ણયજુર્વેદીય, 'કૈવલ્યોપનિષદ્' માં મહર્ષિ આશ્વલાયન અને બ્રહ્માનો સંવાદ છે જેમાં આશ્વલાયન બ્રહ્માને અત્યંત ગોપ્ય અને અતિશય શ્રેષ્ટ એવી બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપવા પ્રાર્થના કરે છે. આથી બ્રહ્મા તેમને કહે છે કે શ્રદ્ધા, ભક્તિ, ધ્યાન અને યોગ દ્વારા તે પરાત્પરતત્ત્વને જાણવાનો પ્રયત્ન કરો.

અહીં બ્રહ્મા એ 'શ્રદ્ધા અને ભકિત' ને પરાત્પરતત્ત્વનો સાક્ષાત્કાર કરવા માટેના બે મોટા પ્રારંભિક ગુણો કહ્યા છે. જે અશ્રદ્ધાવાન અને અભકત છે તે વિષયાસકત રહે છે. તેને માટે આ પરમપદ દૂર છે.

જેવી રીતે પ્રશ્ન ૩૫ માં યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને જગત્નું સ્વરૂપ, પરમતત્ત્વ વગેરે વિષે સમજાવવા વિનંતિ કરે છે તેવી જ રીતે ભગવાન શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્નને એક વાર દત્ત ગુરુને વિનતિ કરી હતી. 'ગર્ગ સંહિતા–વિશ્વજિતખંડ' માં આ પ્રસંગનો ઉલ્લેખ કરતાં લખ્યું છે કે એકવાર જ્યારે ભગવાન શ્રીકૃષ્ણના કુમાર પ્રદ્યુમ્ન ઋષભ પર્વતનાં દર્શન કર્યા બાદ શ્રીરંગક્ષેત્ર, કાંચીપુરી, પ્રાચી અને કાવેરી નદીઓની તીર્થયાત્રા કરીને સહ્યાદ્રી પર્વતના સમીપવર્તી પ્રદેશમાં પ્રવેશ્યા

તે વખતે તેણે જોયું કે તેની તરફ એક લાંબી-ખુલ્લી જટાવાળા દિગંબર અવધૂત જાણે દોડતા હોય તેવી રીતે આવી રહ્યા છે. પ્રદ્યુમ્ને જોયું કે તે અવધૂતનું શરીર હૃષ્ટ-પુષ્ટ છે અને ધૂળથી ભરેલું છે. તેની પાછળ પાછળ ઘણાંય બાળકો તાળીઓ પાડતાં, હસતાં અને કોલાહલ કરતાં દોડી રહ્યાં છે. તે અવધૂતને જોઈને પ્રદ્યુમ્ને ઉદ્ધવજીને પૂછયું કે આવો હૃષ્ટ-પુષ્ટ દેહવાળો અને બાળક જેવો, ગાંડા જેવો અને દેખાવમાં પિશાચ જેવો આ કોણ માણસ દોડતો આવી રહ્યો છે? લોકો દ્વારા તિરસ્કૃત હોવા છતાંય તે હસી રહ્યો છે અને અત્યંત આનંદિત થઇ રહ્યો છે. આ સાંભળીને ઉદ્ધવજી બોલ્યા કે હે પ્રદ્યુમ્ન! આ તો શ્રી હરિના અવતાર મહામુનિ દત્તાત્રેયજી છે જે પરમ અવધૂત છે. તે હંમેશા આનંદસ્વરૂપ જ જોવામાં આવે છે. તેમની કૃપાથી પૂર્વવર્તી મહાપરાક્રમી રાજા સહસ્રાર્જુન, તમારા પરદાદા યદુરાજા, ભક્તરાજ પ્રહ્લાદ વગેરેએ પરમસિદ્ધિ પ્રાપ્ત કરી હતી. ઉદ્ધવજીનું આ પ્રમાણેનું કહેવું સાંભળીને યદુકુળતિલક પ્રદ્યુમ્ને મહામુનિ દત્તાત્રેયની પૂજા કરી અને વંદન કરીને તેમને દિવ્ય આસન ઉપર બેસાડી વિનમ્ર વાણીમાં પ્રશ્ન કર્યો કે હે ભગવન્! મારા હૃદયમાં એક સંદેહ છે, પ્રભો! આ સંદેહનો નાશ કરો. જગત્‌નું સ્વરૂપ શું છે? બ્રહ્મનો માર્ગ કયો છે? તત્ત્વ શું છે? આ બધું મને સારી સમજાવો.

યદુકુળ ભૂષણ પ્રદ્યુમ્નના આ પ્રશ્નો સાંભળીને મહામુનિ દત્તાત્રેય તેમને કહેવા લાગ્યા કે જ્યાં સુધી અંધકારને લીધે વસ્તુ જોવામાં નથી આવતી ત્યાં સુધી જ અગ્નિ કે મસાલની

આવશ્યકતા હોય છે. જ્યારે મહાનંદ વશમાં થઇ જાય પછી અગ્નિનું શું પ્રયોજન ? હે સાધુ સ્વભાવવાળા! જ્યાં સુધી તત્ત્વનું જ્ઞાન (તત્ત્વ સાક્ષાત્કાર) નથી થતું ત્યાં સુધી જગત્ જગત્ રૂપે અસ્તિત્ત્વમાં છે (ટકેલું છે). પરબ્રહ્મ પરમાત્મા (પરમતત્ત્વ)નો બોધ થયા પછી જગત્ નું શું પ્રયોજન ? જેવી રીતે મુખનું પ્રતિબિંબ અરીસામાં દેખાય છે, પરંતુ વાસ્તવિક શરીર તે પ્રતિબિંબથી ભિન્ન છે, તેવી જ રીતે પ્રકૃતિમાં પ્રતિબિંબિત ચૈતન્ય જીવ છે, પરંતુ જ્ઞાનના પ્રકાશમાં તે પરાત્પર પરમાત્મા સિદ્ધ થાય છે. જેવી રીતે સૂર્યોદય થતાં બધીય વસ્તુઓ આંખો વડે દેખાય છે તેવી જ રીતે જ્ઞાનોદય થતાં બ્રહ્મતત્ત્વનો સાક્ષાત્કાર થાય છે. પછી જીવ જીવરૂપે ક્યાંય દેખાતો નથી.

મહામુનિ દત્તાત્રેયના આવા મહાન રહસ્ય વિષેના સરળભાષામાં અપાયેલા ટૂંકા ઉપદેશથી પ્રદ્યુમ્નના સંદેહનું નિરસન થઇ ગયું જેથી તેણે અવધૂતસમ્રાટ્ ગુરુ દત્તાત્રેયને ભક્તિપૂર્વક વંદન કરી ત્યાંથી દ્રવિડદેશના વૈકુંઠાચલ (વેંકટાચલ) પ્રતિ પ્રસ્થાન કર્યું.

'સસિ હર સૂર અગોચર બાસા'— એટલે કે નાથ (પરમાત્મા) નું ધામ શશિયર (ચંદ્ર) અને સૂર (સૂર્ય)થી અગોચર છે. જ્યાં પરમાત્મારૂપી પૂર્ણ પ્રકાશ વિદ્યમાન છે ત્યાં સૂર્ય, ચંદ્ર, અગ્નિ વગેરે ખંડપ્રકાશોને સ્થાન નથી. ત્યાં સૂર્ય પ્રકાશિત નથી થતો, ત્યાં ચંદ્ર, તારા, વિદ્યુત્ વગેરે ચમકતા નથી. તે નાથ (પરમાત્મા) ના પૂર્ણપ્રકાશથી જ આ બધું પ્રકાશિત

છે. સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર વગેરે પ્રકાશોથી અતીત એવા 'સ્વયંપ્રકાશ ધામ'માંજ તે સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્મા ('જ્યોતિષામપિ તજ્જ્યોતિઃ') વિરાજમાન છે.

"ન તત્ર સૂર્યો ભાતિ ન ચંદ્રતારકં
તેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ ।
તમેવ ભાન્તમનુભાતિ સર્વં
તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ ॥"
(કઠ ઉપનિષદ્ ૨/૨/૧૫)

'ગીતાજી'માં પણ આવુંજ કહ્યું છે :

"યદાદિત્યગતં તેજો જગદ્ભાસયતેઽખિલમ્ ।
યચ્ચંદ્રમસિ યચ્ચાગ્નૌ તત્તેજો વિદ્ધિ મામકમ્ ॥"
(૧૫/૧૨)

નાથના ધામ (પરમપદ) વિષે 'બૃહજ્જાબાલોપનિષદ્'માં પણ કહ્યું છે કે જ્યાં સૂર્ય તપતો નથી, જ્યાં વાયુ નથી વહેતો, જ્યાં ચંદ્રમા નથી પ્રકાશિત થતા, જ્યાં તારાઓ નથી ચમકતા, જ્યાં અગ્નિ નથી જલતો, જ્યાં મૃત્યુ પ્રવેશ નથી કરતું, જ્યાં દુઃખ નથી આવી શકતું, જે સદાનંદ, પરમાનંદ, શાંત, સનાતન, સદા કલ્યાણમય, બ્રહ્માદિવડે વંદિત છે તેજ યોગી લોકોનું ધ્યેય 'પરમપદ' છે, જેને પ્રાપ્ત કર્યા પછી યોગી સંસારમાં પાછો ફરતો નથી.

પરમાત્માના અસ્તિત્વને માનવા અને તેને જાણવા વિષે સંત દાદૂ દયાળની વાણી આ પ્રમાણે છે :

"સબ ઘટ માંહી રમિ રહ્યા, વિરલા બૂઝે કોઈ;
સોઈ બૂઝ રીમકો, જો રામસનેહી હોઈ."

નાથ અને તેના 'અગોચર બાસા' વિષે સંત તુલસી-સાહેબની વાણી આ પ્રમાણે છે:

"જગમગ અંદરમેં હિયા દિયા ન બાતી તેલ,
પરમ પ્રકાશક પુરૂષકા કહા બતાઊં ખેલ."

હવે પ્રશ્ન સંખ્યા ૩૭ માં યોગી ગોરખનાથજી 'અગોચર' અને 'પ્રકાશ' વિષે જાણવા માટે ગુરુ દત્તાત્રેયને પ્રશ્નો પૂછે છે: સિદ્ધપુરુષોના નિવાસસ્થાન વિષે પણ જિજ્ઞાસા પ્રકટ કરે છે.

ગોરખનાથ—

"કૌંન અગોચર કૌંન પ્રકાસ
કૌંન ઘરિ ખેલૈ નિરાસ।
કૌંન સિધા કા કહિયૈ ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૩૭)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે દત્તદેવ! કોણ અગોચર છે? કોણ ગોચર છે? કઇ સ્થિતિમાં પહોંચીને આશાઓનું ઉપરામ થઈ જાય છે? સિદ્ધોનું સ્થાન કયું છે? આ બધાનું રહસ્ય કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ બ્રહ્મ અગોચર મન પ્રકાસ
પરચૈ ઘરિ ખૈલે નિરાસ।
પરમ જ્યોતિ જહાઁ સિધ ગહિ રહૈ
ગોરષ પૂછૈ દત્તાતૃય કહૈ॥" (૩૮)

અર્થ—ગોરખનાથના પ્રશ્નના ઉત્તરમાં ગુરુ દત્તાત્રેય કહે છે કે હે અવધૂત! બ્રહ્મ અગોચર છે. પ્રકાશ કે જે અભિવ્યક્ત છે તે મન છે. પરિચયરુપી ઘરમાં પહોંચવાથી આકાંક્ષાઓની નિવૃત્તિ થઇ જાય છે. સિદ્ધપુરુષ પરમજ્યોતિમાં લીન થઇને રહે છે.

વ્યાખ્યા—મન, બુદ્ધિ, ઇન્દ્રિયો વગેરેથી બ્રહ્મ અતીત છે. એટલે કે અતિન્દ્રિય છે, જો કે તે બ્રહ્મની અનુભૂતિ કરવામાં આ મન, બુદ્ધિ વગેરે સહાયક છે. આથી તો કહ્યું છે ને કે 'મનોવાચામગોચરં બ્રહ્મ।, અખિલપ્રમાણાગોચરં બ્રહ્મ।, અદ્વૈત નિર્વાચ્યં બ્રહ્મ।, નૈનદ્દેવા આપ્નુવન્પૂર્વમર્શત્।'

સંકલ્પને ત્યાગી દેવાથી જ મન નિર્વિકલ્પ થાય છે. આ નિર્વિકલ્પ જ્ઞાન સાંસારિક વાસનાઓને ભસ્મીભૂત કરી દે છે. તે જ આત્માનું સ્વરૂપ છે. વાસ્તવમાં મન જ આત્મા છે.

'ત્રિપુરારહસ્ય' (જ્ઞાનખંડ)માં પરશુરામને પરમતત્ત્વ વિષે સમજાવતાં ગુરુ દત્તાત્રેય કહે છે કે ત્રણ પ્રકારની વાસના છે: (૧) અપરાધવાસના, (૨) કર્મવાસના, (૩) કામવાસના. આમાંની જે 'કામવાસના' છે તેને 'આશાપિશાચિકા' કહેવામાં આવી છે. આ ત્રણે વાસનાઓથી મન આવૃત રહેવાથી પરમતત્ત્વનો પરિચય (બોધ) નથી થતો. 'વાસનાક્ષય' જ બધી સાધનાનું ફળ છે. નિરાશ અવસ્થા જ 'આશા-શૂન્યાવસ્થા' છે. પરિચયઘર એટલે કે પૂર્ણપ્રત્યભિજ્ઞા થવાથી આશાઓની નિવૃત્તિ થાય છે.

મહર્ષિ કપિલે 'સાંખ્યસૂત્ર'માં કહ્યું છે કે 'નિરાશીસુજી પિંગલાવત્।' શ્રીમદ્ ભાગવતમાં યદુ-અવધૂતસંવાદ અંતર્ગત પિંગલા વેશ્યાના પ્રસંગમાં પણ કહ્યું છે:

'નૈરાશ્યં પરમં સુખમ્।' (૧૧/૮/૪૪)

'પરમ જ્યોતિ જહાં સિધ ગહિ રહૈ'—એટલે કે સિદ્ધપુરુષ સ્વયંપ્રકાશ, અનાદિ, નાથરૂપ જ્યોતિમાં લીન થઇને રહે છે. આ વિષે 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ'માં કહ્યું છે કે:

'પરમપદમિતિ સ્વસંવેદ્યમત્યંતભાસાભાસકમયમ્।'

'બ્રહ્મજ્ઞાન' વિષે સંત તુલસીદાસ કહે છે:

"બ્રહ્મગ્યાંન જાન્યો નહીં કર્મ દિયે છિટકાય,
તુલસી ઐસી આતમા સહજ નરકમેં જાય."

'બ્રહ્મઅગોચર વિષે સંત કબીર કહે છે:

"માય બાપ ગુરુ જાકે નાહી સો દૂજા કિ અકેલા,
કહ હિં કબીર જો અબકી બૂઝૈ સોઇ ગુરુ હમ ચેલા."

'નિરાશ' વિષે ગોરખવાણીમાં આ પ્રમાણે કહ્યું છે:

"અહનિસિ મન લૈ ઉનમન રહૈ
ગમકી છાંડિ અગમકી કહૈ,
છાડૈ આસા રહૈ નિરાસ
કહૈ બ્રહ્મ હૂં તાસા દાસ."

હવે યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને ચિત્ત સ્થિર કરવાનો ઉપાય, મન અને પ્રાણનું રહસ્ય વગેરે વિષે પ્રશ્ન પૂછે છે:

ગોરખનાથ—

"સ્વામીં કૌંણુસિ પરચૈ કૌંણુ પ્રતીત
કૈસે થિર ચંચલ ચિત્ત ।
મન પવનકા કહિયૈ ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૩૯)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! તત્ત્વનો પરિચય કોણ કરાવી દે છે? તે તત્ત્વને કોણ ગ્રહણ કરે છે? ચંચળ ચિત્ત કેવી રીતે સ્થિર થાય છે? મન અને પવનનું રહસ્ય શું છે? આ બધું કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ ગુરુ પરિચય મન પ્રતીત
નિસચૂલ અસ્થીર ચંચલ ચીત ।
પવન થિરંતા મન થિર રહૈ
ગોરષ પૂછૈ દત્તાતૃય કહૈ ॥" (૪૦)

અર્થ—ગોરખનાથના પ્રશ્નના ઉત્તરમાં ગુરુ દત્તાત્રેય કહે છે કે હે અવધૂત! જે સદ્ગુરુ છે તે તત્ત્વનો પરિચય (સ્વસ્વરુપબોધ) કરાવી દે છે. તે તત્ત્વને મન સમજે છે (ગ્રહણ કરે છે). ચંચળ ચિત્ત નિશ્ચલ થતાં સ્થિર થઇ જાય છે. પવન (વાયુ) સ્થિર થતાં મન સ્થિર થઇ જાય છે.

વ્યાખ્યા—યોગી ગુરુ (સદ્ગુરુ)ના અનુગ્રહથી તત્ત્વનો પરિચય થાય છે એ વિષેની ઘણી ય સત્ય ઘટનાઓનો ઉલ્લેખ ઉપનિષદ્, પુરાણ, ભાગવતાદિ ધર્મગ્રંથોમાં જોવા

મળે છે. 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' માં લખ્યું છે કે સમર્થ સદ્ગુરુની કૃપા વિના 'સહજ સ્થિતિ' પ્રાપ્ત થતી નથી:

'દુર્લભા સહજાવસ્થા સદ્ગુરોઃ કરુણાં વિના।'

ગુરુકૃપાનો એટલો તો મહાન પ્રભાવ છે કે ગુરુની કૃપા દૃષ્ટિથી જ એટલે કે ગુરુના મહાશક્તિશાળી 'મૌન' દ્વારા જ શિષ્યના બધા સંશયોની નિવૃતિ થઇ જાય છે. એટલે કે શિષ્યને સ્વરૂપસ્થિતિનો લાભ થાય છે. ગુરુના આ અદ્ભુત મૌન વિષે 'દક્ષિણામૂર્તિ-સ્તોત્ર' માં કહ્યું છે કે:

'ગુરોસ્તુ મૌનં વ્યાખ્યાનં શિષ્યાસ્તુ છિન્નસંશયાઃ।'

આ કળીયુગમાં સમર્થ 'યોગીગુરુ' મળવા અત્યંત કઠિન છે. હવે તો જમાનો જ બદલાતો જાય છે. યોગ, કુંડલિની, શક્તિપાત વગેરે ને નામે અજ્ઞાની લોકોને મૂર્ખ બનાવી પોતાનો સ્વાર્થ સાધતા 'બડેગુંરુ' અધિકાંશ જોવા મળે છે. આ લોકો યોગદીક્ષાને નામે ચેલા ચેલીઓની સંખ્યા વધારવાના ચક્કરમાં રહેતાં હોય છે, અને 'લોકૈષણા' તેમજ 'વિત્તૈષણા' ના રોગથી ગ્રસ્ત હોય છે. આવા નામધારી ગુરુઓને ચેલાઓ પણ એવા જ મળી રહે છે. ચેલાઓ પોતાનાં પાપોને ધોવા માટે આવા ગુરુઓને જ શોધતાં ફરતા હોય છે જેથી 'શોર્ટ કટ' (ટુંકે રસ્તે) થી તેના પાપો ધોવાઈ જાય! પણ આવી વેપારી બુદ્ધિથી ભગવાનના દર્શન કે આત્મસાક્ષાત્કાર થવો અસંભવ છે. ભગવાન ચાલાકીથી પકડાતો નથી. સંત તુલસીદાસે કહ્યું છે કે, "લોભી ગુરુ લાલચુ ચેલા, દોનોં નરકમેં ઠેલંઠેલા।" જ્યાં ગુરુ જ આંધળો હોય અને

શિષ્ય બહેરો હોય ત્યાં યોગસિદ્ધિ કે ઈશ્વરદર્શન થતા નથી.

ચિત્ત સ્વભાવતઃ ચંચળ છે કિન્તુ ચાંચલ્ય શાંત થતાં તે સ્થિર થઇ જાય છે. નિર્વિકલ્પ અવસ્થામાં ચંચળ ચિત્ત સ્થિર થઈ આત્મસ્વરૂપ બની જાય છે. ત્યાર પછી તેનું દ્વૈતપણું રહેતું નથી.

ગુરુ દત્તાત્રેયે આપેલા આ ઉત્તર (સંખ્યા ૪૦)માં જે 'અસ્થિર' શબ્દ વપરાયો છે તે શુદ્ધ શબ્દ 'સ્થિર'નો અપભ્રંશ છે, જેમકે: 'સ્થાન' શબ્દનો અપભ્રંશ અસ્થાન, 'સ્થલ' શબ્દનો અપભ્રંશ અસ્થલ વગેરે ગ્રામ્યભાષાઓમાં કરાય છે.

ચિત્તનાં બીજ વાસના અને પ્રાણવાયુ છે. આ બન્નેનો સંબંધ ક્રૌંચ પક્ષીના જોડકા જેવો કહ્યો છે. આથી પ્રાણ ચલાયમાન થતાં મનની ક્રિયાનો પ્રારંભ થઇ જાય છે અને મનનું ચલન થતાં પ્રાણની ક્રિયા ચાલવા લાગે છે. આ બન્નેમાંથી કોઈ પણ ક્રિયા દ્વારા નિરોધ કરતાં બીજાનો આપોઆપ જ નિરોધ થઇ જાય છે. આ વિષે નાથ સંપ્રદાયનો માન્યગ્રંથ 'હઠયોગ-પ્રદીપિકા'માં લખ્યું છે:

'ચલે વાતે ચલં ચિત્તં નિશ્ચલે નિશ્ચલં ભવેત્,
યોગી સ્થાણુત્વમાપ્નોતિ તતો વાયું નિરોધયેત્.'

ચિત્ત અને પ્રાણના સંબંધ વિષે આવું જ 'યોગબીજ' નામના ગ્રંથમાં કહેવામાં આવ્યું છે.-

"ચિત્તં પ્રાણેન સન્નદ્ધં સર્વજીવેષુ સંસ્થિતમ્,
રજ્જોર્યદ્વત્ પરિબદ્ધા રજ્વી તદ્વદિમે મતે."

સારાંશ એ છે કે દોરડામાં વણેલા દોરડાની જેમ બધાય જીવોમાં પ્રાણ અને ચિત્તનો સંબંધ છે.

એક અનુભવી યોગીએ પોતાનાં યોગ-સાધના વિષયક ગ્રંથમાં મન અને પ્રાણ વિષે લખ્યું છે કે મન અને પ્રાણનો પારસ્પરિક સંબંધ અટૂટ અને અવિચ્છેદ્ય છે. મનના નિરોધથી પ્રાણસ્પંદન અટકી જાય છે અને પ્રાણસ્પંદનની શિથિલતા મનને એકાગ્ર બનાવી દે છે. આથી મનના નિરોધને માટે પ્રાણસ્પંદનની ગતિવિધિ ઉપર સમ્યક્ અનુશાસન રાખવું અત્યંત આવશ્યક છે. પ્રાણસ્પંદનનો સંબંધ શ્વાસ-નિઃશ્વાસની સાથે છે, એટલે કે જેટલી તીવ્રતાથી શ્વાસ ચાલશે તેટલી જ અધિક ગતિશીલતા પ્રાણસ્પંદનમાં પણ આવશે. આવી જ રીતે શ્વાસ જેટલો ધીમે ધીમે ચાલશે તેટલી જ અધિક શિથિલતા પ્રાણસ્પંદનમાં પણ આવશે. આથી મનોનિરોધને માટે પ્રાણસ્પંદનને વશ કરવાં પડે છે. મનોનિરોધનો બીજો ઉપાય એ છે કે વિવેક-વૈરાગ્યદ્વારા મનને બાહ્ય વિષયોમાંથી હટાવવાનો સતત અભ્યાસ કરવામાં આવે.

'સ તુ દીર્ઘકાલનૈરન્તર્યસત્કારાસેવિતો દૃઢભૂમિઃ ।'

'યોગકુંડલિ ઉપનિષદ્'માં વાસના અને પ્રાણ એ બે હેતુ ચિત્તના કહ્યા છે, આ બેમાંથી કોઈ એકના નાશ થવાથી બન્નેનો નાશ થાય છે. આમાંથી પહેલાં સદા પ્રાણનો જ જય કરવો જોઇએ, ત્યારપછી મિતાહારી થઇને આસન સાધી અને પછી શક્તિચાલન કરવું જોઇએ.

"હેતુદ્વયં હિ ચિત્તસ્ય વાસના ચ સમીરણઃ ।
તયોર્વિનષ્ટ એકસ્મિંસ્તદ્દ્વાવપિ વિનશ્યતઃ ॥
તયોરાદૌ સમીરસ્ય જયં કુર્યાન્નરઃ સદા ।
મિતાહારશ્ચાસનં ચ શક્તિચાલસ્તૃતીયકઃ ॥"

'પ્રાણ-નિરોધ' વિષે 'યોગવાસિષ્ઠ'માં કહેવામાં આવ્યું છે કે જેવી રીતે પંખાનું ચાલવું બંધ થતાં જ હવાનું ચાલવું બંધ થઈ જાય છે તેવી જ રીતે પ્રાણોની ગતિ અટકી જતાં મન પણ શાંત થઇ જાય છે. પ્રાણનું સ્પંદન બંધ થઇ જવાથી મન શાંત થતાં સંસારનો લય થઇ જાય છે.

(યો. વ. ૫/૭૮/૧૫-૧૬)

જેવી રીતે અહીં યોગી ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને ચંચળ ચિત્તની સ્થિરતાનો ઉપાય પૂછે છે તેવી જ રીતે 'ગીતા'માં અર્જુન શ્રીકૃષ્ણને પૂછે છે:

"ચંચલં હિ મનઃ કૃષ્ણ પ્રમાથિ બલવદ્દૃઢમ્,
તસ્યાહં નિગ્રહં મન્યે વાયોરિવ સુદુષ્કરમ્."

'મન-પવન' વિષે ગોપીચંદની 'સબદી' આ પ્રમાણે છે:

"મન ચલંતા પવન ચલે પવન ચલંતા બિંદ,
બિંદ ચલંતા કંધા પડે યૂં ભાખૈ ગોપીચંદ."

ગોરખનાથ—

"કૌંનસિ નિસચલ લે બંધે બંદ
જુરા મરણ અજરાવર કંદ ।
ગગનપદ કા કહિયે ભેવ
ગોરખ કહે સુણો દત્તદેવ ॥" (૪૧)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે દત્તદેવ! કેવી રીતે નિશ્ચલતાથી બિંદુ બદ્ધ થઈ જાય છે? જરા-મરણવાળો કંદ (દેહ) કેવી રીતે અજર અને અમર થઇ જાય છે? ગગનપદ (નિરાલંબપદ)નું રહસ્ય શું છે? આ બધું કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ નિસચલ સો જો ન પડે કાયા
ત્રૃગુણ રહત સો ગગન સમાયા।
સહજ પદ પરમ નૃબાંન
સાંભલિ ગોરખ એ પરવાંન॥" (૪૨)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! સાંભળો. આ બધું આ પ્રમાણે છે: નિશ્ચલતા એ છે જ્યાં દેહપાત નથી થતો. ત્રિગુણ રહિત થતાં ગગનમાં સ્થિતિ પ્રાપ્ત થાય છે. જ્યાં સર્વ પ્રકારની કામના-વાસનાની નિવૃતિ થઈ જાય છે તે સહજપદ (પરમપદ, નિર્વાણ પદ) છે.

વ્યાખ્યા :— આ 'યોગ-સંવાદ' ના પ્રશ્ન સંખ્યા ૫ માં યોગી ગોરખનાથે ગુરુ દત્તાત્રેયને પૂછયું હતું કે "કયોં સીઝંતિ જલ બ્યંદ કી કાયા," એટલે કે આ દેહને જરા-મરણ શા માટે આવે છે? આ દેહને સિદ્ધદેહ કેવી રીતે બનાવવો? આ પ્રશ્નના પ્રત્યુંત્તરમાં ગુરુ દત્તાત્રેયે તેમને કહ્યું હતું કે 'દત્ત ન ગોરખ કાયા ન માયા' સારાંશ એ છે કે આ દેહ તો નાશવાન છે કિન્તુ "હું" (આત્મ તત્ત્વ) અવિનાશી છું. તો પછી મને દેહ ને સિદ્ધ કરવાની શું જરૂર છે?

આ તો થઇ જ્ઞાનમાર્ગની વાત. કિન્તુ અહીં 'યોગ-સંવાદ' ની પ્રત્યુત્તર સંખ્યા ૪૨ માં યોગમાર્ગની વાત કહેવામાં આવી છે. અહીં 'કાયાસાધન' અને 'સિદ્ધિ'ના વિષયમાં રહસ્ય પ્રકટ કરાયું છે. ગુરુ દત્તાત્રેય કહે છે કે બિંદુનું બદ્ધ થઈ જવું તેને નિશ્ચલતાનું સિદ્ધ થઈ જવું કહે છે. આ પછી દેહપાત થતો નથી. ધર્મગ્રંથોમાં લખ્યું છે કે તાંત્રિક લોકોના મતે મંત્રદ્વારા, રસસંપ્રદાયના સિદ્ધોના મતે ઔષધિ દ્વારા (જેમકે, 'એકોડસૌ રસરાજઃ શરીરમજરામરં કુરુતે।') તથા નાથ સંપ્રદાયના સિદ્ધો તેમજ અન્યાન્ય સિદ્ધના મતે તપ, યોગાદિ વિવિધ પ્રક્રિયા દ્વારા વિકારી ભૌતિક દેહને અવિનાશી બનાવી શકાય છે. મૃત્યંજય-તંત્ર, કાલદહન-તંત્ર, કુક્ષપુટમ્ વગેરેમાં કાયાસિદ્ધિ વિષે વિવરણ મળી આવે છે. આ અજરત્વ અને અમરત્વ બન્ને સિદ્ધિઓ એક સાથે જ પ્રાપ્ત થવી જોઇએ, અલગ અલગ નહીં. ત્યારે જ દેહ 'દિવ્યતનુ' બની શકે છે. આવા દેહને 'યોગાગ્નિમય દેહ' કહેવામાં આવે છે, જેને કાલાગ્નિ પણ બાળવામાં સર્વથા અસમર્થ છે. આથી તો આવા સિદ્ધ દેહના વિષે 'શ્વેતાશ્વતર ઉપનિષદ્'માં કહ્યું છે કે—

"ન તસ્ય રોગો ન જરા ન મૃત્યુઃ
પ્રાપ્તસ્ય યોગાગ્નિમયં શરીરમ્." (૨)

એટલે કે જ્યારે પૃથ્વી, જળ, તેજ વગેરે પાંચ મહાભૂતો સાથે સબંધ રાખવાવાળી યોગ વિષયક પાંચ મહાસિદ્ધિઓ યોગીમાં પ્રકટ થઈ જાય છે તે વખતે યોગાગ્નિમય શરીરને પ્રાપ્ત કરી લેવાવાળા તે યોગીના શરીરમાં ન તો રોગ થાય છે,

ન ઘડપણ આવે છે કે ન તેનું મૃત્યુ થાય છે. તાત્પર્ય એ છે કે તે યોગીની ઇચ્છા વિના તેનું શરીર નષ્ટ નથી થઇ શકતું.

'રસ સંપ્રદાય' ના મત અનુસાર જીવન્મુક્તિ પ્રાપ્તિની સાધના માટે કાયાસિદ્ધિ હોવી આવશ્યક છે, કારણ કે પિંડપાત (દેહનાશ) પછી જ્ઞાન પ્રાપ્તિની ઇચ્છાને વંધ્યા સ્ત્રીના પુત્રના મુખદર્શનની ઇચ્છા કરવા જેવું ગણ્યું છે. આ મતના સમર્થનમાં ગુરુ દત્તાત્રેય સ્વરચિત 'જીવન્મુક્ત-ગીતા' ના પ્રારંભમાં જ કહે છે :

"જીવન્મુક્તિશ્ચ યા મુક્તિઃ સા મુક્તિઃ પિંડપાતને,
યા મુક્તિઃ પિંડપાતેન સા મુક્તિઃ શુનિ શૂકરે."

યોગી ગોરખનાથ પોતાના 'યોગબીજ' ગ્રંથમાં (શ્લોક ૧૮૬) આનું આ પ્રમાણે સમર્થન કરે છે :

'પિંડપાતેન યા મુક્તિઃ સા મુક્તિસ્તુ ન કથ્યતે।'

'હઠયોગ-પ્રદીપિકા' ગ્રંથમાં 'નિશ્ચલતા' વિષે કહેવામાં આવ્યું છે કે જ્યાં સુધી દેહમાં બિંદુ સ્થિર છે ત્યાં સુધી કાળ (મૃત્યુ) નો ભય નથી હોતો.

'યાવત્ બિંદુઃ સ્થિરો દેહે તાવત્ કાલભયં કુતઃ'.

બ્રહ્મચર્યનો યથાર્થ ઉદ્દેશ્ય બિંદુનું સંરક્ષણ, સંશોધન અને તેનું ઉદ્બોધન છે. વાસના, મિથ્યાસંકલ્પ, ચિત્તની વિક્ષેપવૃત્તિ વગેરે નિવૃત્ત થતાં બિંદુની જે આપેક્ષિત સામ્યાવસ્થા થાય છે તે જ બ્રહ્મચર્ય પ્રતિષ્ઠાની પ્રથમ ભૂમિ છે.

'મરણં બિંદુ પાતેન જીવનં બિંદુ ધારણાત્'.

એટલે કે બિંદુના ક્ષરણથી સંસાર અને બિંદુની સ્થિરતાથી અમૃતત્વ (મોક્ષ) પ્રાપ્ત થાય છે. હઠયોગી લોકો કહે છે કે બિંદુની સ્થિરતા થતાં પ્રાણ સ્થિર થઇ જાય છે અને પ્રાણ સ્થિર થતાં બિંદુ સ્થિર થાય છે. આવી જ રીતે બિંદુની સાથે મનનો અને મનની સાથે પ્રાણનો સંબંધ છે. બિંદુ શુદ્ધ થતાં જ સ્થિર થઇ જાય છે. ત્યાર પછી યોગની વિશેષ પ્રક્રિયા દ્વારા આ સ્થિર બિંદુનું ઊર્ધ્વ દિશામાં સંચરણ કરાવવામાં આવે છે જેથી છેવટે તે સહસ્રારમાં સ્થિત મહા-બિંદુની સાથે મળી જાય છે. યોગીનો યોગ પૂર્ણ થાય છે. પછી તેને કાળનો ભય જરાય રહેતો નથી.

'સહજપદ' એટલે કામના-વાસનારહિત તત્ત્વાતીત અવસ્થા. આને જ પરમપદ કે નિર્વાણપદ કહે છે. મહા-નિર્વાણ, પરિનિર્વાણ, મહાપરિનિર્વાણ વગેરેમાં સર્વશ્રેષ્ટપદ 'નિર્વાણપદ' છે.

'ગગનપદ' વિષે અવધૂતગીતા કહે છે :

'જ્ઞાનામૃતં સમરસં ગગનોપમોઽહમ્'

'કાયાસિદ્ધિ' વિષે ચર્પટનાથ કહે છે :

'દિઢ કર મનવા થિર કરિ ચિત્ત કાયા પવન પખાલૈં નિત,
અભયે ભયે જૂં થિર હવૈ કંધ ઉડૈ ન હંસા લાગૈ બંધ'.

કાયાસિદ્ધિના વિષે 'બોધસાર' ગ્રંથમાં લખ્યું છે કે ગોરખનાથ, ચર્પટનાથ વગેરે હઠયોગી હઠયોગના અનુષ્ઠાન વડે કાયાસિદ્ધિ પ્રાપ્ત કરી, મૃત્યુને પણ ઠગી, બ્રહ્માંડમાં વિચરણ કરે છે.

(ગુરુ દત્તાત્રેય - ગોરખનાથ યોગસંવાદ)

'ગોરક્ષચર્પટિપ્રાયા હઠયોગપ્રસાદતઃ,
વંચયિત્વા કાલદંડં બ્રહ્માંડે વિચરન્તિ હિ".

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંન સકતિ કૌંન સિવ
કૌંન તીનિ ભવન કા જીવ।
કૌંણુસિ આસા પુરવઈ ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૪૩)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! કોણ શક્તિ છે? કોણ શિવ છે? ત્રણે ભુવનોનો આ જીવ કોણ છે? જેનાથી આશા પૂર્ણ થાય છે તે શું છે? આ બધાનું રહસ્ય કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ સકંતિ સોઇ જો સબહીં સોષૈ
સીવ સોઇ જો સબકો પોષૈ।
જીવ ઇક તીનિ ભુવન જગનાથ
સોઈ સંગ જો પૂરઇ આસ॥" (૪૪)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! જે બધાનું શોષણ કરે છે તે શક્તિ છે. જે બધાનું પોષણ કરે છે તે શિવ છે. જીવ ત્રણ ભુવન (પૃથ્વી, અંતરિક્ષ અને સ્વર્ગ) નો જગન્નાથ (પરમાત્મા) છે. સાચો સંગ (સત્સંગ) એ છે કે જેનાથી બધી આશાઓ પૂર્ણ થઇ જાય.

વ્યાખ્યા—શિવ અને શક્તિનો સંબંધ દૃષ્ટાંતરૂપે પૂર્ણિમા અને અમાસ જેવો કહી શકાય. અમાસના દિવસે જેવી રીતે ચંદ્રની કળાઓનું શોષણ થઈ જાય છે તેવી જ રીતે બધી કળાઓનું જે શોષણ કરીને ખાલી કરી દે છે તેનું નામ શક્તિ છે. કળાઓને જે પૂર્ણ કરે છે તે શિવ છે, એટલે કે પૂર્ણિમા પૂર્ણરૂપ છે. શિવ અને શક્તિનો નિત્ય અભેદ સંબંધ છે. જે નિત્ય, શુદ્ધ, બુદ્ધ, મુક્ત છે તે શિવ છે અને જે સંકોચ અને વિકાસવાળી છે તે ચિદ્રૂપા શક્તિ છે. આવા શક્તિયુક્ત શિવ જ 'કર્તું અકર્તું અન્યથાકર્તુમ્' (સમર્થ) છે. બહારની (વ્યાવહારિક) દૃષ્ટિએ આ બેમાં ભેદ પ્રતીત થાય છે કિન્તુ પરમાર્થિક દૃષ્ટિએ બન્ને ચિત્ અને વ્યાપક હોવાથી તેનો નિત્ય સંબંધ છે. આથી તો 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ'માં કહ્યું છે:

"શિવસ્યાભ્યંતરે શક્તિઃ શક્તેરાભ્યંતરઃ શિવઃ,
અંતરં નૈવ જાનીયાત્ ચંદ્રચંદ્રિકયોઃ ઇવ."

સારાંશ એ છે કે શિવ અને શક્તિનો સંબંધ ચંદ્ર અને ચંદ્રિકા જેવો નિત્ય અને અભેદ છે.

જેને જીવ કહેવામાં આવે છે તે વાસ્તવમાં ત્રણ ભુવનનો અધિપતિ છે. 'જીવન્મુક્ત-ગીતા' કહે છે કે—

'જીવઃ શિવઃ સર્વમેવ ભૂતેષ્વેવં વ્યવસ્થિતઃ'

એટલે કે આ જીવ જ બધા પ્રાણીઓમાં શિવરૂપે સ્થિત છે.

શ્રીમદ્ આદિ શંકરાચાર્યનું પ્રસિદ્ધ વચન પણ એ જ બતાવે છે કે જીવ બ્રહ્મ જ છે, બ્રહ્મથી પૃથક્ નથી. 'જીવો

બ્રહ્મૈવ નાપરઃ' 'જીવ–બ્રહ્મ' વિષેનો અવધૂત ગીતાનો એક શ્લોક ઉલ્લેખનીય છે.

"ન ઘટો ન ઘટાકાશો ન જીવો જીવવિગ્રહઃ,
કેવલં બ્રહ્મ સંવિદ્ધિ વેદ્યવેદકવર્જિતમ્."
(૧ ૩૧)

જ્યારે એવી અનુભૂતિ થાય છે કે આ દેહમાં જીવરૂપે જે 'હું' છું તે જ સચ્ચિદાનંદઘન પરમાત્મા છે, ત્યારે તેવી અનુભૂતિને 'સત્સંગ' કહે છે. આવા સત્સંગથી બધી આશાઓની પૂર્ણરૂપેણ નિવૃત્તિ થઈ જાય છે, એટલે કે બધી ય આશાઓ પરિપૂર્ણ થઈ જાય છે. જ્ઞાન વિના મુક્તિઃ થતી નથી. (ઋતે જ્ઞાનાન્ન મુક્તિઃ).

શિવ–શકિત અને જીવ–પરમાત્મા વિષે મહાત્માઓની વાણી આ પ્રમાણે છે :

"રામ ખુદાય શકિત શિવ એકૈ,
કહું ધૌં કાહિ નિવેરા ?" (કબીર)

"બુંદહિ સમુંદ સમાંન યહ અચરજ કાસોં કહોં,
જો હેરા સો હિરાન મુહમદ આપુહિ આપુ મંહ."
(જાયસી)

સંત તુલસીદાસની જીવ–બ્રહ્મ વિષેની નીચે પ્રમાણેની વાણીઓ પ્રસિદ્ધ છે :

'સીયરામમય સબુ જગુ જાનિ'
'નિજ પ્રભુમય દેખહિં જગત્'
'મૈં સેવકુ સચરાચર રૂપ સ્વામિ ભગવંત.'

'જીવ-બ્રહ્મ' વિષે શ્રી નારાયણ સ્વામી કહે છે કે,

"જબ મૈં થા તબ હરિ નહિં, જબ હરિ હૈં મૈં નાય।
પ્રેમ ગલી અતિ સાંકરી તામૈં દો ન સમાય॥"

હવે અહીં ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને જ્ઞાન, ધ્યાન, સમાધિ વગેરે વિષે પ્રશ્ન પૂછે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંણુ કથા લે કથિબા ગ્યાંન
કૌંણુ તત્ત લે ધરિબા ધ્યાંન।
કૌંણુ સમાધિ તુમ્હેં લાગે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ॥" (૪૫)

અર્થ—ગોરખનાથ પૂછે છે કે હે સ્વામી દત્તદેવ! કયા આલંબનને લઈને જ્ઞાન કહેવાયું છે? એટલે કે જ્ઞાન કોને કહે છે? કયા તત્ત્વનું આલંબન કરીને ધ્યાન કરવું જોઇએ? આપને કઇ સમાધિ લાગે છે? એટલે કે આપ કઈ જાતની સમાધિમાં ડૂબેલા રહો છો? આ બધાનું રહસ્ય કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ આત્મા ચિતંતિ કહા કથિબા ગ્યાંન
તત્ત બિચારિબા કહા ધરિબા ધ્યાંન।
દત્ત કહૈ હમ સહજ સમાંન
સાંભલિ ગોરષ પદ નિરબાંન॥" (૪૬)

અર્થ—ગુરુ દત્તાત્રેય કહે છે કે હે અવધૂત ગોરખનાથ! આત્મ-પરિચય એ જ યથાર્થ જ્ઞાન છે. પરમતત્ત્વના વિચારના

આધાર પર ધ્યાન કરવું જોઈએ. દત્ત કહે છે કે અમે સદૈવ સહજ, સમરસ છીએ. આ જ નિર્વાણપદ છે.

વ્યાખ્યા :— ઘટ-પટ, ગ્રહ-નક્ષત્રાદિ વિષયોની જાણકારી હોવી તે જ્ઞાન નથી કહેવાતું. યથાર્થ જ્ઞાન તો 'આત્મપરિચય' છે. આગમશાસ્ત્રનો આ શબ્દ આત્મ-પરિચય અને વેદાંતનો શબ્દ આત્મ-સાક્ષાત્કાર એ બન્નેમાં શું સૂક્ષ્મ ભેદ છે તે સમજવા માટે એક પ્રસિદ્ધ દૃષ્ટાંત છે, જે આ પ્રમાણે છે :

'એક હતો રાજા. તેને સંતાનમાં ફકત એક જ નાનકડો રાજકુમાર હતો. એક દિવસે તે રાજકુમાર એકાએક કયાંક ગુમ થઈ ગયો. ઘણી ય શોધ-ખોળ કરવા છતાં ય તેનો કોઇ પણ જગાએ પત્તો ન લાગ્યો ત્યારે રાજા-રાણી ઘણાં જ દુઃખી થયાં. તે બન્ને પોતાના એકના એક પુત્રના વિયોગથી દિનરાત શોકાગ્નિમાં બળવા લાગ્યાં.

રાજપુત્રના ગુમ થયા વિષેની ઘટના એવી હતી કે રાજાને નિઃસંતાન કરી તેના મૃત્યુ બાદ રાજગાદીને પચાવી પાડવાના ઈરાદાથી રાજવંશના જ કેટલાક દુષ્ટ લોકોએ એક કાવતરું રચીને નાનકડા અને સુંદર રાજકુમારનું ખુની લોકો દ્વારા અપહરણ કરાવ્યુ હતું, અને રાજકુમારને મારી નાંખવા માટેનો આદેશ પણ તેઓએ ખુની લોકોને આપી દીધો હતો. ખુની લોકો આ રાજકુમારને મારી નાખવાના ઇરાદાથી તેને શહેરથી ઘણે દુરના પ્રદેશમાં આવેલી એક નદીના એકાંત કિનારે લઈ ગયા. પણ વિધિની લીલા અજબ અને અકળ છે. ખૂની લોકોને નિરપરાધી સુંદર બાળક પર દયા આવી જવાથી તેને ત્યાં જ

જીવતો છોડી મૂકીને તે લોકો શહેરમાં પાછા ફર્યા અને પેલા દુષ્ટ લોકોને જણાવી દીધું કે રાજપુત્રને મારીને ટુકડે-ટુકડા કરી નાંખીને ફેંકી દીધો છે. આ સમાચારથી રાજવંશના કાવતરાબાજ પેલા દુષ્ટ લોકો ઘણા જ પ્રસન્ન થઈ ગયા અને ખૂની લોકોને તેના પુરસ્કાર રૂપે ઘણું ઘણું ધન આપ્યું.

સદ્ભાગ્યવશાત્ તે રાજપુત્ર એક એવા સુપાત્ર અને નિઃસંતાન બ્રાહ્મણને મળ્યો કે જે હંમેશા ઇશ્વરપરાયણ રહેતો હતો. એકાએક આવું સુંદર બાળક મળતાં બ્રાહ્મણ તો રાજી રાજી થઈ ગયો અને તેને છુપાવીને પોતાને ઘરે લઇ ગયો. બ્રાહ્મણ જ્યોતિષશાસ્ત્રનો જાણવાવાળો હતો આથી આ બાળકના હાથ-પગની રેખાઓને જોતાં જ તે સમજી ગયો કે આ તો કોઇ રાજપુત્ર છે. આથી આવા સુંદર અને ભાગ્યશાળી બાળકને કોઈ ઉઠાવી ન જાય તેવા ભયથી તે બ્રાહ્મણ અને બ્રાહ્મણી તેને હંમેશાં પોતાના ઘરમાં જ છુપાવી રાખતા હતા. બાળક થોડો મોટો થતાં બ્રાહ્મણે તેને ધર્મનું શિક્ષણ આપવાનું શરૂ કર્યું જેથી તે ભવિષ્યમાં સુસંસ્કારી અને ધર્મપરાયણ બને.

આ ઘટનાને લગભગ બાર વર્ષ વીતી ગયાં. દુર્ભાગ્યવશ બ્રાહ્મણ જે પ્રદેશમાં રહેતો હતો ત્યાં એકવાર ભયંકર દુષ્કાળ પડ્યો. આથી, બ્રાહ્મણે પોતાના આ સુસંસ્કારી પુત્રને ધન મેળવવા (ભિક્ષા) માટે પાસેના દેશના રાજાને ત્યાં મોકલ્યો. બાળકને તેણે એવી કડક આજ્ઞા કરી હતી કે રાજાના હાથમાંથી જ ભિક્ષા લેવી, બીજા કોઈની પાસેથી નહીં.

બ્રાહ્મણની આજ્ઞા અનુસાર આ કુમાર સમીપના પ્રદેશમાં પહોંચ્યો અને ત્યાંના રાજમહેલમાં જઇને ભિક્ષાને માટે રાજાને મળવાની ઇચ્છા વ્યક્ત કરી. ત્યાંના વ્યવસ્થાપકે તેને કહ્યું કે આવી નાની વાતમાં રાજાને મળવાની શી જરૂર છે? હું જ આ માટે પ્રબંધ કરાવી આપું છું. કુમારે વ્યવસ્થાપકની આ વાત માની નહીં. તેણે તો હઠ લીધી કે ભિક્ષા તો રાજાની પાસેથી જ લઇશ.

જ્યારે રાજાને આ વાતની ખબર પડી ત્યારે તેણે કુમારને પોતાની પાસે હાજર કરવા અંગરક્ષકને આજ્ઞા કરી. થોડી વારે કુમારને દૂરથી આવતો જોતાં જ રાજાને પોતાનો બાર વર્ષ પહેલાંનો અપહરણ કરાયેલો પુત્ર એકદમ યાદ આવી ગયો. આથી શોકાકુળ હૃદયથી અને આંખોમાં આંસુઓ લાવી તેણે ધ્રૂજતા સ્વરે પોતાના દીવાનને કહ્યું કે જો આજે મારો અપહૃત બાળક જીવતો રહ્યો હોત તો તે આ કુમાર જેવડો જ મોટો અને આવો સુંદર હોત. રાજાનું આવું દર્દભર્યું વાક્ય સાંભળીને દીવાન ચમક્યો. દીવાને કુમારને પાસેના એક ઓરડામાં લઈ જઇને તેના હાથની રેખાઓ અને તેના અંગ પરનાં ચિહ્નો તપાસી જોતાં તેને ઘણું જ આશ્ચર્ય થયું, કારણ કે હાથની રેખાઓમાં અને અંગો પર રાજચિહ્ન શોભતાં હતાં. હવે તેને પૂરેપૂરી ખાતરી થઈ ગઈ કે આ કુમાર રાજાનો જ કુમાર છે. દીવાને રાજા પાસે આવીને આ બધી જ વાત તેને કહી. પણ રાજાને તેમાં વિશ્વાસ બેઠો નહીં. રાજાએ આજ્ઞા કરી કે આ બાળકને જે કાંઇ જોઇએ તે બધું આપીને તેને મારી સામે થી

જલ્દી વિદાય કરો, કારણ કે તેને જોવાથી મારા પુત્રવિરહનું દુઃખ વધી રહ્યું છે. દીવાને પોતાની વાતની સત્યતા પ્રમાણિત કરવા માટે તે કુમારને રાજાની સમીપ બોલાવીને કુમારનાં અંગો પર અંકિત રાજચિહ્નો એક પછી એક બતાવ્યાં. હસ્તરેખા પરથી પણ એ સાબિત થયું કે આ કુમાર જ પેલો અપહૃત રાજપુત્ર છે. આથી રાજાનો સંદેહ મટી ગયો અને દીર્ઘકાળ પહેલાં અપહૃત થયેલા પુત્રની પુનઃ પ્રાપ્તિથી રાજા-રાણી આનંદ-વિભોર થઈ ગયાં.

આ દૃષ્ટાંતથી એ સ્પષ્ટ થાય છે કે રાજકુમારને જોવાથી અને દીવાન દ્વારા એવું કહેવાથી કે આ આપનો જ રાજકુમાર છે, રાજા આ વાત માનવા પહેલાં તો તૈયાર જ ન હતો. કિન્તુ જ્યારે દીવાને રાજકુમારનાં અંગો પર અંકિત બધાં ય રાજચિહ્નોને એક પછી એક કરીને રાજાને બતાવ્યાં (બધાં રાજચિહ્નોનો પરિચય કરાવ્યો) ત્યારે જ રાજાએ દીવાનની વાત માની અને હર્ષઘેલો થઈ ગયો. આ દૃષ્ટાંતનું સારાંશ એ છે કે કોઈનો 'સાક્ષાત્કાર' થઇ જવા છતાં ય જ્યાં સુધી તેનો 'પરિચય' થતો નથી ત્યાં સુધી પૂર્ણજ્ઞાન નથી કહેવાતું. 'સાક્ષાત્કાર'ને આંગ્લભાષામાં REALISATION કહે છે જ્યારે 'પરિચય' કે પ્રત્યભિજ્ઞાને RECOGNISATION કહે છે. આ બે શબ્દોમાં ઘણો જ તફાવત છે.

'તત્ત વિચારિબા કહા ધરિબા ધ્યાન'—આ વિષે 'ત્રિપુરા રહસ્ય (જ્ઞાનખંડ)'માં ગુરુ દત્તાત્રેય પરશુરામને ઉપદેશ આપતાં કહે છે કે પરમતત્ત્વનું પરોક્ષજ્ઞાન થતાં

સાધક તે તત્ત્વનો સારી રીતે વિચાર કરવા લાગે છે. વિચારના અંતે જ્યારે તે તત્ત્વનો નિશ્ચય થઇ જાય છે ત્યારે તેના સર્વ પ્રકારના સંશયો નિવૃત્ત થઇ જાય છે. ત્યાર પછી આ નિશ્ચિત્ પરમતત્ત્વના નિદિધ્યાસનનો આરંભ થાય છે. નિદિધ્યાસન પૂર્ણ થતાં અજ્ઞાનની નિવૃત્તિ થઈ જાય છે. વિકલ્પરહિત ધ્યાનનો પરિપાક અને સમાધિ પ્રાપ્ત થતાં તે 'પરમપદ' પ્રાપ્ત થાય છે.

'પાતંજલ યોગદર્શન'માં મહર્ષિ પતંજલિએ યોગનાં જે આઠ અંગો (યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ) વર્ણવ્યાં છે તેમાંના જે છેલ્લાં ત્રણ (ધારણા, ધ્યાન, સમાધિ) છે તેને 'અંતરંગસાધન' કહ્યાં છે. 'ધારણા' એટલે (દેશબંધશ્ચિત્તસ્ય ધારણા' (૩/૧)) ચિત્તને કોઈ એક દેશવિશેષમાં સ્થિર કરવું. એટલે કે ચિત્તને સ્થૂળ-સૂક્ષ્મ કે બાહ્ય-આભ્યંતર, કોઇ એક ધ્યેય સ્થાનમાં બાંધી દેવું, સ્થિર કરી દેવું, ચોંટાડી દેવું.

ધારણાથી ધ્યાન અને સમાધિ થાય છે. આથી 'ધ્યાન' વિષે 'યોગદર્શન' કહે છે કે 'તત્ર પ્રત્યયૈકતાનતા ધ્યાનમ્.' (૩/૨) એટલે કે ધ્યેય વસ્તુમાં ચિત્તવૃત્તિની એકતાનતાનું નામ ધ્યાન છે. એટલે કે ચિત્તવૃત્તિનું ગંગાના પ્રવાહની જેમ કે તૈલધારાવત્ અવિચ્છિન્નરૂપે નિરંતર ધ્યેય વસ્તુમાં જ ચોંટી રહેવું તેને 'ધ્યાન' કહેવામાં આવ્યું છે.

જે વખતે કેવળ ધ્યેયસ્વરૂપનું જ ભાન રહે છે અને પોતાના સ્વરૂપના ભાનના અભાવ જેવું રહે છે તે ધ્યાન જ

'સમાધિ' થઇ જાય છે. જ્યારે યોગીનું ચિત્ત ધ્યાન કરતાં કરતાં ધ્યેયાકારને પ્રાપ્ત થાય છે અને તે પોતે પણ ધ્યેયમાં તન્મય બની જાય છે, તે સ્થિતિને 'સમાધિ' કહે છે.

'તદેવાર્થમાત્રનિર્ભાસં સ્વરૂપશૂન્યમિવ સમાધિઃ।'
'ધ્યાન'માં ધ્યાતા–ધ્યાન અને ધ્યેય (૩/૩)

આ ત્રિપુટી રહે છે પણ 'સમાધિ'માં કેવળ ધ્યેય વસ્તુ જ રહે છે. એટલે કે આ ત્રણેની એકતા થઈ જાય છે.

'જાબાલદર્શન ઉપનિષદ્'માં મુનિ સાંકૃતિને ઉપદેશ આપતાં ગુરુ દત્તાત્રેય કહે છે કે હવે હું તને સંસારબંધનનો નાશ કરવાવાળા 'ધ્યાન'નો પ્રકાર બતાવું છું. ઋત અને સત્યસ્વરુપ પરબ્રહ્મ પરમાત્માનું પોતાના આત્મરૂપે આદરપૂર્વક ચિંતન કરવું. પોતાની બુદ્ધિમાં નિશ્ચય કરવો કે તે પરબ્રહ્મ પરમાત્મા હું જ છું.

ધ્યાનનો બીજો પ્રકાર આ પ્રમાણે છેઃ- જે સત્ય-સ્વરૂપ, સર્વના ઈશ્વર, જ્ઞાનરૂપ, આનંદમય, અદ્વિતીય; અત્યંત નિર્મળ નિત્ય તથા આદિ-મધ્ય-અંતથી રહિત છે, સ્થૂળ પ્રપંચથી સર્વથા પર છે, આકાશથી ભિન્ન છે, સ્પર્શ થવા યોગ્ય વાયુથી પણ વિલક્ષણ છે, નેત્રો વડે દેખાતા અગ્નિ તત્ત્વથી પણ સર્વથા ભિન્ન છે, રસરૂપ જળ અને ગંધરૂપ પૃથ્વીથી પણ સર્વથા વિલક્ષણ છે, જેને પ્રત્યક્ષાદિ પ્રમાણો વડે નથી જાણી શકતો, જે અનુપમ છે, દેહથી અતીત છે તે સચ્ચિદાનંદ સ્વરૂપ અને અંતરહિત પરબ્રહ્મનું પોતાના આત્માના રૂપે ધ્યાન કરવું; બુદ્ધિદ્વારા એ નિશ્ચય કરવો કે તે પરબ્રહ્મ પરમાત્મા હું જ છું.

આવી રીતે કરાયેલું નિર્વિશેષનું ધ્યાન મોક્ષનું સાધક થાય છે.

આવી રીતે ધ્યાનના અભ્યાસમાં લાગેલા મહાત્મા-પુરુષને ક્રમશઃ વેદાન્તવર્ણિત બ્રહ્મતત્ત્વનું વિશેષ જ્ઞાન થઈ જાય છે, આ વાતમાં જરાય સંદેહ નથી (એટલે કે આ વાત તદ્દન સાચી છે).

'**દત્ત કહૈ હમ સહજ સમાંન**'— જો કે અતિ ઉચ્ચ સ્થિતિનું શબ્દો દ્વારા પૂરેપુરું વર્ણન કરવું અસંભવ છે, મનના મૌન દ્વારા જ તે સ્થિતિની અભિવ્યક્તિ કરવામાં આવે છે, તેમ છતાં ય પોતાની મહાન શક્તિના સામર્થ્ય વડે તે અતિ ઉચ્ચ સ્થિતિને શબ્દ દ્વારા સમજાવતાં ગુરુ દત્તાત્રેય કહે છે કે દત્ત તો સહજ સમરસ છે. આ સહજ સમરસ સ્થિતિને સહજસમાધિ, સહજાવસ્થા, અખંડજાગ્રતિ વગેરે કહે છે. ગુરુ દત્તાત્રેય અહીં એવું નથી કહેતા કે 'હું સબીજ સમાધિમાં કે નિર્બીજ સમાધિમાં રહું છું.' આમ ન કહેવાનું કારણ એ છે કે જ્યાં મન છે ત્યાંજ તેના નિરોધની અને સમાધિલાભની આવશ્યકતા હોય છે. કિન્તુ જ્યાં મન અમનસ્ક હોય ત્યાં સમાધિ હોવી વગેરેની ચર્ચા જ શી.

'સમરસ' વિષે 'સિદ્ધ-સિદ્ધાંત-પદ્ધતિ' કહે છે: 'પરમપદે સમરસં કુર્યાત્.' પરમપદ, વ્યાપક, અસંગ એવા શિવમાં અભેદ સિદ્ધ થતાં સાધક સ્વયં શિવરૂપ થઈ જાય છે, આવી રીતનું જે સ્વાભાવિક જ્ઞાન છે તે જ 'સહજ જ્ઞાન' કહેવાય છે. આને જ 'નિર્વાણપદ' કહે છે. આ વિષે 'અવધૂત-ગીતા' કહે છે કે:

"સ્વચ્છંદરૂપસહજં પરમાર્થતત્ત્વમ્ ।
જ્ઞાનામૃતં સમરસં ગગનોપમોઽહમ્ ॥"

આ ઉત્તર સંખ્યા ૪૬ માં યોગી ગોરખનાથને ઉત્તર આપતાં ગુરુ દત્તાત્રેય 'હું' શબ્દનો પ્રયોગ ન કરતાં 'દત્ત', 'હમ' શબ્દો વાપરે છે. આવી રીતના શબ્દોના પ્રયોગવાળી વાણી ગુરુ દત્તાત્રેયની અતિ ઉચ્ચ યોગસ્થિતિની દ્યોતક છે. આવી ભાષાને 'સમાધિભાષા' કહે છે. સહજાવસ્થાસંપન્ન મહાયોગી અને અવધૂતોની આવી જ શ્રેષ્ટ ભાષા હોય છે. જો કે વિદ્વાનોને આ વાણીમાં વ્યાકરણ દોષ, છંદભંગ વગેરે દૃષ્ટિગોચર થાય પણ અવધૂતને મન તો આવી મહાઉપદેશયુક્ત વાણી ય 'તત્ત્વનો પ્રલાપ' છે. આથી તો 'અવધૂતગીતા'માં ગુરુ દત્તાત્રેયે કહ્યું છે કે:

"વિન્દતિ વિન્દતિ નહિ નહિ યત્ર,
છંદો લક્ષણં નહિ નહિ તત્ર ।
સમરસમગ્નો ભાવિત પૂતઃ
પ્રલપતિ તત્ત્વં પરમવધૂતઃ ॥"

'સહજસમાધિ' વિષે સંત રૈદાસની વાણી આ પ્રમાણે છે:

"તોડૂં ન પાતી, પૂજૂં ન દેવા,
સહજ સમાધિ કરૂં હરિ સેવા"

"મનહી પૂજા, મનહી ધૂપ,
મનહી સેઊં સહજ સરૂપ."

ગુરુ દત્તાત્રેય પાસેથી ગોરખનાથે પોતાના પ્રશ્ન સંખ્યા ૪૫ ના એ પ્રશ્ન, 'આપ કઈ સમાધિમાં ડૂબેલા રહો છો ?' ના પ્રત્યુત્તરરૂપે એવું સાંભળ્યું કે 'દત્ત કહે છે કે અમે તો સહજ સમાન છીએ,' તેમ છતાં ય એવું પ્રતીત થાય છે કે આ પ્રત્યુત્તરથી ગોરખનાથની જિજ્ઞાસા તૃપ્ત થઈ નથી. આથી હવે ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને આ વિષે જ ફરીથી આ પ્રમાણે વ્યક્તિગત પ્રશ્ન કરે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં કૌંન તત તુમ રહૌ સમાઇ
કૌંન તત તુમ મધ્યે આઇ ।
કૌંન પરચૈ તુમ્હેં કહિયે ભેવ
ગોરષ કહૈ સુણૌ દત્તદેવ ॥" (૪૭)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ ! આપ કયા તત્ત્વમાં સમાધિસ્થ રહો છો ? કયું તત્ત્વ આપમાં છે ? આપને કોનો પરિચય થયો છે ? આ બધા વિષે (જરા સ્પષ્ટ કરીને) કહી સંભળાવો.

ગુરુ દત્તાત્રેય—

"અવધૂ દત્ત જુ લાગ્યા તત્ત સોં
તત્ત દત્ત હી માંહિ ।
દત્ત તત્ત પરચા ભયા
તબ દૂજા કહણાં નાંહિ ॥" (૪૮)

અર્થ—હે અવધૂત ગોરખનાથ! દત્ત જ્યાં, જેમાં લાગે છે તે જ તત્ત્વ છે. તત્ત્વ દત્તની જ ભીતરમાં છે. દત્ત–તત્ત્વનો પરિચય થતાં દ્વિતીય છે એવું કહેવાનું ય નથી રહેતું.

વ્યાખ્યા—અહીં ગોરખનાથ ગુરુ દત્તાત્રેયને એવો વ્યક્તિગત પ્રશ્ન પૂછે છે કે આપ 'સહજ સમાન' તો છો કિન્તુ કયા તત્ત્વનું અવલંબન કરી આવી અત્યુચ્ચ સ્થિતિમાં રહો છો ? આ પ્રશ્નનો અદ્ભુત ઉત્તર અહીં ગુરુ દત્તાત્રેય આપે છે કે મારે તો જ્યાં જ્યાં, જેમાં જેમાં, ચિત્ત લાગે છે ત્યાં ત્યાં સમાધિ છે. આવી શ્રેષ્ઠ સ્થિતિ વિષે યોગગ્રંથોમાં અનુભવી મહાપુરુષોએ લખ્યું છે ને કે 'યત્ર યત્ર મનો યાતિ, તત્ર તત્ર સમાધયઃ', 'યત્ર યત્ર મનો યાતિ બ્રહ્મણસ્તત્ર દર્શનમ્'. 'યત્રૈવ યત્રૈવ મનો મદીયં, તત્રૈવ તત્રૈવ તવ સ્વરૂપમ્' વગેરે. એક સાક્ષાત્કારી દેવીઉપાસકે પણ આવી ઉત્તમ સ્થિતિ વિષેનો પોતાનો અનુભવ પ્રકટ કરતાં કહ્યું છે, 'જીત દેખોં તિત સ્યામમયી હૈ'

આ બધા વચનોનું તાત્પર્ય એ જ છે કે સમાધિ માટે ગુરુ દત્તાત્રેય જેવા યોગસમ્રાટ્ને કોઈ ભિન્ન આલંબનની આવશ્યકતા હોતી નથી. આ તો તેમને સ્વભાવસિદ્ધ છે. 'સહજ' એટલે 'જન્મથી જ સાથે.'

ગુરુ દત્તાત્રેય આ અત્યુત્તમ સ્થિતિ વિષે સ્પષ્ટીકરણ કરતાં કહે છે કે, 'પરમતત્ત્વ' જેવી રીતે બહાર છે તેવી જ રીતે પોતાની ભીતરમાં પણ છે. આ વિષે ઉપનિષદ્માં કહ્યું છે, 'અહં વા 'સર્વભૂતેષુ સર્વભૂતાન્યથો મયિ'.

'ઇશોપનિષદ્' માં પણ કહ્યું છે કે પરમતત્ત્વ (પરમાત્મા) આ અંદર છે, અને તે આ સર્વની બહાર પણ છેઃ 'તદન્તરસ્ય સર્વસ્ય તદુ સર્વસ્યાસ્ય બાહ્યતઃ ' (૫).

આવી રીતે દત્ત અને તત્ત્વનો બોધ થતાં, અપરોક્ષજ્ઞાન થતાં, 'દત્ત' અને 'તત્ત્વ' એટલે કે દ્રષ્ટા અને દ્રશ્ય એ બે ભિન્ન ભિન્ન રહેતાં નથી. 'દ્વિતીય' છે એ કહેવાનું પણ નથી રહેતું. નિશ્ચય જ દ્વિતીયથી ભય ઉત્પન્ન થાય છે, 'દ્વિતીયાદ્વૈ ભયં ભવિત'. કિન્તુ ઉપરોકત સ્થિતિ (સહજ સમાન સ્થિતિ) માં ભય જેવું કશું જ હોતું નથી કારણકે ત્યાં દ્રષ્ટા અને દ્રશ્ય એ બન્ને એક જ છે, 'એકમેવાદ્વિતીયમ્, નેહ નાનાસ્તિ કિંચન'.

આવી અતિ ઉચ્ચ સ્થિતિમાં કોણ કોને જાણે છે? વગેરે પ્રશ્ન જ ઉપસ્થિત થતા નથી. શ્રુતિ ભગવતી આ વિષે કહે છે ને કે "યત્ર ત્વસ્ય સર્વમાત્મૈવાભૂત્ તત્કેન કં પશ્યેત્. તત્કેન કં જિઘ્રેત્, તત્કેન કં શૃણુયાત્, તત્કેન કં વિજાનીયાત્।"

જેને આ પ્રત્યુત્તર (સંખ્યા ૪૮) માં 'તત્ત' કહેવાયું છે તે જ 'બ્રહ્મ' છે. આમ કહેવું યોગ્ય જ છે. આ 'તત્ત' એ જ સત્ય છે. આનાથી અતિરિકત બીજું કાંઇ છે જ નહીં. વિભિન્ન ઉપનિષદોમાં આ 'તત્ત' ને લક્ષ્ય કરીને કહેવાયું છે કે—

'ઇશાવાસ્યમિદં સર્વં યત્કિંચ જગત્યાં જગત્।'.
'ઐતદાત્મ્યમિદં સર્વમ્.....।
'....સ આત્મા તત્ત્વમસિ શ્વેતકેતો'.
'સર્વં હ્યેતદ્ બ્રહ્મ', 'અયમાત્મા બ્રહ્મ।"

'સર્વં ખલ્વિદં બ્રહ્મ।', 'એકો દેવઃ સર્વભૂતેષુ ગૂઢઃ।'
'વાસુદેવઃ સર્વમિદમ્।' 'સમં પશ્યન્ હિ સર્વત્ર।'
'યો માં પશ્યતિ સર્વત્ર।', 'એકઃ સ આત્મા પુરુષઃ પુરાણઃ।'
વગેરે વગેરે.

આ વિષે સંતોની વાણી આ પ્રમાણે છે :

"દાદૂ દેખૌં દયાલકો, બાહરિ ભીતર સોઈ।
સબ દિસિ દેખૌં પીવકો, દૂસર નાહીં કોઇ॥" (દાદૂ)
'સબ હમ દેખા સોધિકૈં દૂજા નાહીં આન॥' (દાદૂ)
"હમ સબ માહિં સકલ હમ માહિં।
હમતે ઔર દૂસરા નાહિં॥" (કબીર)
"જ્યોં આયૈ દેખૌ આપકો, ત્યોં જે દૂસર હોઇ।
તો દાદૂ દૂસર નહીં, દુઃખ ન પાવૈ કોઇ॥" (દાદૂ)

ગુરુ દત્તાત્રેયની અતિ ઉચ્ચ સ્થિતિ વિષે સ્વયં તેમને જ મુખેથી સાંભળતાં ગોરખનાથ તેમનાથી અત્યંત પ્રભાવિત થાય છે જેથી નિમ્નલિખિત વાણી દ્વારા તેમની સ્તુતિ કરે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં ત્વમેવ દત્તાં ત્વમેવ દેવં
આદ મધે તુમ્હેં જાન્યા ભવેં।
તુમ્હ નારાયણ તુમ્હ કૃપાલ
તુમ્હ હો સકલ વિષ્વ કે પાલ॥" (૪૯

અર્થ—હે સ્વામી! આપ જ દત્ત (પરમસત્તા) છો. આપ જ દેવાધિદેવ છો. મેં આદિ–મધ્ય-અંત (સર્વત્ર) આપને જ રહસ્યમય જાણી લીધા છે (આપ જ સર્વત્ર પરમસત્તારૂપ અવસ્થિત છો એવો અનુભવ કર્યો છે). આપ જ નારાયણ (પરમપુરુષ) છો. આપ જ કૃપાનિધાન છો. આપ જ સંપૂર્ણ વિશ્વના પાલનહાર છો.

વ્યાખ્યા—અહીં ગોરખનાથે ગુરુ દત્તાત્રેયને 'અલક્ષ-પુરૂષ' માન્યા છે અને તેની સ્તુતિ કરી છે. અલક્ષ–પુરૂષને પ્રણવપુરુષ પણ કહે છે. એમ કહેવાય છે કે સંત કબીર અને સંત નાનક આ અલક્ષપુરૂષનું ધ્યાન કરતા હતા. આ અલક્ષ-પુરુષ વિષે સંત નાનક પોતાના 'જપજીસાહેબ' ગ્રંથમાં આ પ્રમાણે લખે છે: "એક ૐ સત્તનામ કર્તા પુરૂષ। નિર્ભવ નિર્ભય નિરંકાર॥ અકાલ મૂરતિ આદ્વિ સત્ત, જુગાદિ સત્ત, હે ભી સત્ત, નાનક હોસી ભી સત્ત॥"

અહીં ગોરખનાથ અભેદભાવથી ગુરુ દત્તાત્રેયની સ્તુતિ કરે છે જેના પ્રત્યુત્તરમાં ગુરુ દત્તાત્રેય પણ અદ્વૈતભાવે ગોરખ-નાથની સ્તુતિ કરે છે. એટલે કે તે પોતીના જ દ્વારા પોતાની સ્તુતિ કરે છે અને પોતાના જ દ્વારા પોતાને પ્રણામ કરે છે.

ગુરુ દત્તાત્રેય—

"સ્વાંમીં તુમેવ ગોરખ તુમેવ રછિપાલ,
અનંત સિધાં માહીં તુમ્હેં ભોપાલ।
તુમ હો સ્વયંભૂ નાથ નૃબાંણ
પ્રણવે દત્ત ગોરષ પ્રણાંમ॥" (૫૭)

અર્થ—હે સ્વામી ! આપ જ ગોરક્ષ (ગોરખ) છો, ધર્મની રક્ષા કરવાવાળાં છો, આપ જ હૃષીકપાસ (જિતેન્દ્રિય) છો. અનંતસિદ્ધો (નાથસંપ્રદાયના અસંખ્ય યોગીજનો)માં આપ જ સમ્રાટ્ છો. આપ સ્વયંભૂનાથ છો, નિર્વાણસ્વરૂપ છો. દત્ત ગોરખનાથને પ્રણામ કરે છે.

વ્યાખ્યા—નાથ સંપ્રદાયનાં કોઇ એક વિદ્વાન યોગીએ ગોરખનાથ વિષે એક સરસ શ્લોક રચ્યો છે, જે આ પ્રમાણે છે:

"ગોરક્ષમાલં ગુરુ શિષ્યપાલમ્
શેષાહિમાલં શશિખંડભાલમ્ ।
કાલસ્યકાલં જિતજન્મજાલમ્
વન્દે જટાલં જગદધ્જનાલમ્ ॥"

તે વિદ્વાનયોગી 'ગોરક્ષ' શબ્દની વ્યાખ્યા કરતાં લખે છે કે ગોરક્ષ=ગાયની રક્ષા કરવાવાળા, અથવા ગૌ (ઇન્દ્રિયો)ની તેના વિષયો (રૂપ, રસ, ગંધ વગેરે)થી રક્ષા કરવાવાળા, અથવા ગાયના રક્ષકોને પોતાની પુણ્ય પ્રભાથી તેજસ્વી કરવાવાળા, વગેરે.

ગુરુ દત્તાત્રેયના પ્રત્યુત્તર સંખ્યા ૫૦માં એક જાણવા જેવી વાત એ છે કે હજી સુધી જેટલા પ્રશ્ન ગોરખનાથે પૂછ્યા તેના પ્રત્યુત્તર આપતાં ગુરુ દત્તાત્રેયે ગોરખનાથને 'અવધૂ' (અવધૂત) શબ્દથી સંબોધ્યા છે પણ અહીં (શ્લોક ૫૦માં) ગોરખનાથને 'સ્વામી' શબ્દ વડે સંબોધન કરે છે. આનું તાત્પર્ય એ છે કે સ્વયંને જ સ્વયં સંબોધન કરે છે.

ગોરખ જ દત્ત છે અને દત્ત જ ગોરખ છે. અહીં એકાત્મભાવથી પ્રણામ કરાયા છે. 'દત્તાત્રેય સર્વસ્વ' ગ્રંથમાં લખ્યું છે કે 'સર્વં દત્તાત્મકં વિશ્વમ્ ।' એક બીજા ગ્રંથમાં પણ આવો જ ભાવ અભિવ્યકત કરાયો છે–'વટબિજસ્થમિવ દત્તબીજસ્થં સર્વં જગત્ ।'.

'મહાકાલયોગશાસ્ત્ર' નામનો ગ્રંથ ગોરખનાથ લિખે લખે છે કે–

"સ્થાપયિત્વા ચ યો ધર્માન્ સજ્જનાનભિરક્ષતિ ।
સ્વાત્મસ્વરૂપબોધેન ગોરક્ષોઽસૌ નિગદ્યતે ॥"

જેવી રીતે અહીં ગોરખનાથને 'નિર્વાણસ્વરૂપ' કહેવામાં આવ્યા છે તેવી જ રીતે 'અવધૂતગીતા'માં ગુરુ દત્તાત્રેય સ્વયંને 'નિર્વાણસ્વરૂપ' કહે છે, જેમકે :

'સ્વરૂપનિર્વાણમનામયોઽહમ્ ।' (૪/૩)

ગોરખનાથ 'સ્વયંભૂ' છે. આ વિષે 'સિદ્ધસિદ્ધાંત પદ્ધતિ', 'બુદ્ધપુરાણ' વગેરે અનેક ગ્રંથોમાં ઉલ્લેખ મળી આવે છે. ગુરુ દત્તાત્રેયને પણ 'સ્વયંભૂ' ગણવામાં આવ્યા છે. ધર્મ ગ્રંથોમાં તેમને 'અત્રિનેત્ર સમુદ્ભવ' એટલે કે મહર્ષિ અત્રિના જ્ઞાનનેત્ર (શિવનેત્ર)થી ઉત્પન્ન મહાદિવ્ય જ્યોતિનું ઘનીભૂતરૂપ કહ્યું છે. 'સ્કંદપુરાણ'માં પણ તેમને 'સ્વયંભૂ' વર્ણવ્યા છે. આમ વિવિધ ધર્મગ્રંથોના આધારે ગોરખનાથ તેમજ ગુરુ દત્તાત્રેય (બન્નેય) સ્વયંભૂ, સિદ્ધદેહસંપન્ન, અવિનાશી વિગ્રહ છે.

શ્લોક ૫૦ માં જે 'પ્રણુવે' શબ્દ વપરાયો છે તે 'પ્રણુમે' શબ્દનો અપભ્રંશ છે.

યોગી ગોરખનાથને મહાયોગ વિષયક જેટલી ય શંકાઓ હતી તે બધીનું હવે ગુરુ દત્તાત્રેય દ્વારા સમાધાન થઈ જતાં ઘણી જ પ્રસન્નતા થઈ જેથી તે ગદ્‌ગદ્ કંઠે ગુરુ દત્તાત્રેયને ફરીથી શ્રદ્ધા-ભક્તિપૂર્વક પ્રણામ કરતાં કહે છે :

ગોરખનાથ—

"સ્વાંમીં દરસણુ તુમ્હારા દેવ
આદિ અંતિ મધિ પાયા ભેવ ।
ગોરષ ભણુઇ દત્ત પ્રણુંમ
ભોગ જોગ પરમ નિધાંન ॥" (૫૧)

અર્થ—ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! (મને) આપના વાસ્તવિક સ્વરૂપનાં દર્શન થયાં. (મેં આપને) આદિ-મધ્ય-અંતમાં રહસ્ય સ્વરૂપ જોયા. ભોગ અને યોગ આ બન્નેના આશ્રય (મૂળ આધાર) એવા શ્રીદત્તને (આપને) ગોરખ પ્રણામ નિવેદન કરે છે.

વ્યાખ્યા—અહીં જે 'આદિઅંતિમધિ' કહ્યું છે તેનો અર્થ 'પૂરેપૂરા', સંપૂર્ણ, એવો થાય છે. અથવા 'અણુ-પરમાણુમાં સર્વત્ર' એવો અર્થ થાય છે. એટલે કે ગોરખનાથ કહે છે કે હે સ્વામી દત્તદેવ! 'જે દત્ત છે, તે જ પરમસત્તા છે' એવું આપના વિષેનું મહાન રહસ્ય હવે મને સારી રીતે સમજાયું છે આપ જ જ્ઞાનામૃત-સ્વરૂપ, આકાશ જેવા નિર્લેપ, વ્યાપક અને સર્વમાં સમરસ છો.

યોગવિષયક આ ઉત્તમ વાર્તાલાપથી યોગી ગોરખનાથે ગુરુ દત્તાત્રેય 'સ્વયં વેદપુરુષ', મહાસિદ્ધપુરુષ', 'પરમઅવધૂત' છે એવી યોગી ગોરખનાથને ખાતરી થઈ ગઈ.

ધર્મગ્રંથોમાં સંવર્તક, ઉદ્દાલક, શ્વેતકેતુ, દુર્વાસા, ઋભુ, નિદાઘ, જડભરત, રૈવતક, શુકદેવ વગેરે મહાપુરુષોને અવધૂત કહ્યા છે. ગુરુ દત્તાત્રેયને પરમ અવધૂત, અવધૂતકુલશિરોમણિ, અવધૂતસમ્રાટ્, અવધૂતશ્રેષ્ઠ વગેરે શુભ નામો અપાયાં છે. એટલે કે ગુરુ દત્તાત્રેયની યોગ અવં જ્ઞાન સ્થિતિ અતીવ ઉચ્ચ છે.

'જાબાલોપનિષદ્'માં અત્રિ-યાજ્ઞવલ્કય સંવાદ છે જેમાં 'અવધૂત' વિષે કહ્યું છે કે આવો આશ્રમ (બ્રહ્મચર્ય, ગૃહસ્થ આદિ)નાં ચિહ્નોની રહિત, આશ્રમનાં આચારોથી રહિત, ઉન્મત્ત નહિ છતાં ય જાણી જોઇને ઉન્મત્તના જેવું આચરણ કરવાવાળો અને વિચરણ કરવાવાળો હોય છે.

'અવધૂત ગીતા'માં અવધૂતોનાં લક્ષણો વિષે સ્વયં ગુરુ દત્તાત્રેય પોતાના શ્રીમુખેથી કાર્તિકસ્વામીને કહે છે કે—
સ્વયં ગુરુદત્તત્રેય પોતાના શ્રીમુખેથી કાર્તિકસ્વામીને કહે છે કે

"આશાપાશવિનિર્મુક્ત આદિમધ્યાન્તનિર્મલઃ।
આનન્દે વર્તતે નિત્યમ્ અકારસ્તસ્ય લક્ષણમ્ ॥ (૮/૬)
વાસના વર્જિતા યેન વક્તવ્યં ચ નિરામયમ્।
વર્તમાનેષુ વર્તેત વકારસ્તસ્ય લક્ષણમ્ ॥ (૮/૭)

ધૂલિધૂસરગાત્રાણિ ધૂતચિત્તો નિરામયઃ ।
ધારણા-ધ્યાન નિર્મુક્તો ધૂકારસ્તસ્ય લક્ષણમ્ ॥ (૮/૮)
તત્ત્વચિંતા ધૃતા યેન ચિંતાચેષ્ટાવિવર્જિતઃ ।
તમોહંકાર નિર્મુક્તસ્તકારસ્તસ્ય લક્ષણમ્ ॥"(૮/૯)

એટલે કે 'અવધૂત' શબ્દમાં જે ચાર અક્ષરો અ, વ, ધૂ, ત છે તે દરેક અક્ષરના જે જે ગુણો થાય છે તે અહીં અવધૂતગીતામાં કહ્યા છે, જેવાકેઃ 'અ' એટલે આશારૂપી ફાંસાથી જે સદૈવ તદ્દન મુક્ત છે (જેને કોઇપણ આશા લેશમાત્ર નથી), જે સદૈવ પૂરેપૂરો નિર્મલ છે (જેનું મન વિશુદ્ધ છે), હમેશાં, હરઘડી જે આનંદમગ્ન રહે છે.

'વ' એટલે જેનામાં વિષયવાસના જરા ય નથી, જેનું સંભાષણ શુદ્ધ (કોઇપણ જાતની શબ્દજાળ વિનાનું. સત્ય, પ્રિય અને હિતકારી) છે, જે સદૈવ વર્તમાનમાં રહે છે (ભૂત કે ભવિષ્યની ચિંતા કરતો નથી પણ સદૈવ ચાલુ-વર્તમાનકાળમાં, સતત આત્માજાગૃતિ કે સતત આત્મભાનમાં રહે છે).

'ત' એટલે જેને સદૈવ તત્ત્વનું સ્ફુરણ રહે છે, જે સાંસારિક કોઇ પણ જાતની ચિંતા અને ચેષ્ટાથી રહિત છે, તમ (અજ્ઞાન) અને સૂક્ષ્મ અહંકાર વિનાનો જે છે.

'અવધૂતગીતા' ના સાતમા અધ્યાયના પ્રારંભમાં જ ગુરુ દત્તાત્રેય 'અવધૂત' કેવો હોય છે તે વિષે કહે છે કે

"રથ્યાકર્પટવિરચિતકન્થઃ પુણ્યાપુણ્યવિવર્જિતપન્થઃ ।
શૂન્યાગારે તિષ્ઠતિ નગ્નઃ શુદ્ધનિરંજન સમરસમગ્નઃ ॥"

એટલે કે શેરીઓમાં પડેલા કપડાના કકડાઓને વીણીને તેની જેણે ગોદડી બનાવીને શરીર પર વીટાળી છે, પુણ્ય, પુણ્ય-પાપ અને પાપ એ ત્રણે ય વિનાનો જેનો માર્ગ છે, જે શુદ્ધ નિરંજન (માયામળ વિનાના) સમરસસ્વરૂપ એવા પોતાના સ્વરૂપમાં સતત જાગૃત રહે છે, વાસનારૂપી બધાં ય વસ્ત્રોને ફેંકી દઇને જે જ્ઞાનની એક એવી અતિ ઉચ્ચ સ્થિતિમાં (શૂન્ય આવાસમાં) રહે છે જ્યાં તેને પોતાના સિવાય બીજું કોઈ ભાસતું જ નથી (જ્યાં સતત અદ્વૈત-તત્ત્વનું સ્ફુરણ રહે છે).

'અવધૂત' વિષે અવધૂતગીતાના પ્રથમ અધ્યાયમાં પણ આવું જ કહ્યું છેઃ

'શૂન્યાગારે સમરસપૂતસ્તિષ્ઠન્નેકઃ સુખમવધૂતઃ
ચરતિ હિ નગ્નસ્ત્યક્ત્વા ગર્વં વિન્દતિ કેવલમાત્મનિ સર્વમ્ ॥' (૧/૭૩)

કૃષ્ણ યજુર્વેદના ૩૨ ઉપનિષદોમાં 'અવધૂત-ઉપનિષદ્'ને ૨૪મું ગણ્યું છે. આ ઉપનિષદ્માં અવધૂતને 'અતિવર્ણાશ્રમી' કહ્યો છે, એટલે કે વર્ણો અને આશ્રમોનું ઉલ્લંઘન કરીને સદા આત્મસ્થ થયેલો યોગી કહ્યો છે.

"યો વિલંઘ્યાશ્રમાન્વર્ણાનાત્મન્યેવ સ્થિતઃ સદા ।
અતિવર્ણાશ્રમી યોગી અવધૂતઃ સ કથ્યતે ॥"

'ગોરક્ષ સિદ્ધાંત સંગ્રહ' ગ્રંથમાં 'અવધૂત'ને 'પંચમાશ્રમી' ગણ્યો છે. અંગે વિષે ત્યાં કહ્યું છે કે :

"આબ્રહ્મસ્તંબપર્યંતં સંપૂર્ણં પરમાત્મનિ ।
ભિન્નાભિન્નં ન પશ્યામિ તસ્યાહં પંચમાશ્રમી ॥"

'અવધૂત-ગીતા'ની જેમ 'અવધૂત ઉપનિષદ્'માં પણ અવધૂત શબ્દના ચાર અક્ષરો અ, વ, ધૂ, ત ના ભિન્ન ભિન્ન અર્થ બતાવ્યા છે, જેવાં કે :

"**અક્ષરત્વાદ્ વરેણ્યત્વાદ્ ધૂતસંસારબંધનાત્ ।**
તત્ત્વમસ્યાદિલક્ષ્યત્વાદ્ અવધૂત ઇતીર્યતે ॥"

એટલે કે જે અક્ષરબ્રહ્મનો સાક્ષાત્કારી છે, (બીજા અર્થમાં એ કે જેણે કાયાસિદ્ધિ મેળવી છે), જે દરેક પ્રાણી દ્વારા પૂજનીય છે, જેની સાંસારિક વાસનાઓ આપોઆપ જ ખંખેરાઈ ગઈ છે, જેનું લક્ષ્ય સદૈવ સર્વક્ષણ 'તે તું પરમતત્ત્વ છે' એવું છે તે મહાપુરૂષ 'અવધૂત' છે.

'ગોરક્ષ સિદ્ધાંત સંગ્રહ'માં 'અવધૂત' શબ્દની ઘણી જ ઉત્તમ વ્યાખ્યા કરવામાં આવી છે, જેમકે :

"વચને વચને વેદાઃ તીર્થાનિચ પદેપદે ।
દૃષ્ટૌદૃષ્ટૌ તુ કૈવલ્યં સોઽવધૂતઃ શ્રિયેઽસ્તુનઃ ॥'

એટલે કે જેનાં વાક્ય વેદવાક્ય જેવાં છે, જેનાં પદ તીર્થો જેવાં છે અને જેની દૃષ્ટિ કૈવલ્યમય છે તે અવધૂત છે.

'અવધૂતવૃત્તિ વિષે 'શ્રીમદ્ ભાગવત્' (૭/૧૩)માં 'દત્તાત્રેય-પ્રહ્લાદ સંવાદ' સારો પ્રકાશ ફેંકે છે, કારણ કે

ત્યાં ગુરુ દત્તાત્રેય સ્વયં જ પોતાની અતિ ઉચ્ચ અવસ્થા વિષે ભક્ત પ્રહ્લાદને કહી સંભળાવે છે. આ પ્રસંગ આ પ્રમાણે છે :

એક વાર દૈત્યરાજ પ્રહ્લાદ પોતાના કેટલાક મંત્રીઓ અને અનુચરોને સાથે લઈને વિચરણ કરતો કરતો દક્ષિણ-દેશની કાવેરી નદીને પાર કરીને સહ્યાદ્રિપર્વતના શિખર પર પહોંચ્યો. ત્યાં તેણે શિખર પર શહેનશાહની માફક આનંદથી સૂતેલા ભગવાન દત્તાત્રેયને જોયા. પ્રહ્લાદે જોયું કે દત્તાત્રેયનું શરીર ધૂળથી ખરડાયેલું હોવાથી તેનું નિર્મળ તેજ ઢંકાયેલું હતું. વળી તેના કર્મથી, આકૃતિથી, વાણીથી કે પછી વર્ણાશ્રમોનાં બહારના ચિહ્નોથી લોકો એ જાણી શકતા ન હતા કે આ જ દત્તાત્રેય હશે કે કોઇ બીજા. આવા પરમ ત્યાગમૂર્તિ ભગવાન દત્તાત્રેયને જોતાં જ પ્રહ્લાદે તેમને ઓળખી કાઢ્યા અને તેમના શ્રીચરણારવિંદમાં પોતાનું મસ્તક રાખીને વિધિવત્ પ્રણામ કર્યા. ત્યાર પછી પ્રહ્લાદે જિજ્ઞાસુ થઈને ગુરુ દત્તાત્રેયને પ્રશ્ન કર્યો કે ભગવન્! ઉદ્યમી પુરુષની જેમ જ આપ ઘણા હૃષ્ટપૃષ્ટ દેખાવ છો. આનું કારણ શું? ઉદ્યમી પુરુષ જ ધન પ્રાપ્ત કરે છે અને ધનવાન જ ઉત્તમ પદાર્થોનો ભોગ કરતા હોય છે. આથી આવા ભોગીલોકોનું શરીર હૃષ્ટપૃષ્ટ (તાજું માજું) હોય છે, પરંતુ બ્રહ્મન્! આપ તો કોઇ પણ ઉદ્યમ કરતા નથી તેમ છતાં આપનું શરીર આવું તાજું માજું કેમ છે? જો આ વાત (રહસ્ય) કહેવા યોગ્ય હોય તો કહેવાની કૃપા કરો.

ભક્ત પ્રહ્લાદનાં મધુર વચનોથી પ્રસન્ન થઇને ભગવાન દત્તાત્રેય મલકાતા મુખે તેને પ્રવૃત્તિ-નિવૃત્તિ વિષે અને ધન વિષયક આસક્તિથી પ્રાપ્ત નાનાવિધ સંતાપ વિષે સમજાવે છે. પોતે પોતાની બુદ્ધિ દ્વારા ગ્રહણ કરેલા ૨૪ ગુરુઓમાંના બે ઉત્તમ ગુરુ (મધુકર અને અજગર) પાસેથી મેળવેલા વૈરાગ્ય અને સંતોષના ગૂણો વિષે પણ કહે છે. છેવટે પોતાની અત્યંત રહસ્યપૂર્ણ એવી 'અવધૂતવૃત્તિ' વિષે બતાવે છે કે મને અદૃષ્ટવશાત્ (ભાગ્યવશ) જે કોઇ જગાએથી જે કાંઇ થોડું કે ઘણું, ઉત્તમ કે મધ્યમ, સરસ કે નીરસ, શ્રદ્ધાથી લાવેલું કે અશ્રદ્ધાથી લાવેલું, કયારેક દિવસે કે કયારેક રાતે, કે પછી કયારેક દિવસ-રાતની સંધિ સમયે, જેવું ભોજન પ્રાપ્ત થાય છે તેને હું સંતોષપૂર્વક ગ્રહણ કરીને સંતુષ્ટ થાઉં છું.

કયારેક હું પ્રારબ્ધાનુસાર પ્રાપ્ત થયેલાં રેશમી વસ્ત્રો કે દુશાલોને પણ ઓઢું છું, તો કયારેક કેવળ મૃગચર્મ ઓઢીને ય નિર્વાહ કરી લઉં છું. કયારેક સુંદર, કોમળ, ઉત્તમ વસ્ત્રો પણ ધારણ કરું છું તો કયારેક વલ્કલને શરીર પર લપેટી લઉં છું. પણ સદૈવ પોતાના ચિત્તમાં સંતુષ્ટ રહું છું, હરક્ષણે 'ચિત્ત-વિશ્રાંતિ' રહે છે.

કયારેક હું પૃથ્વીની ગોદમાં (ભૂમિપર) તૃણ, પર્ણ અને ધુળપર સૂઇ જાઉં છું તો કયારેક ભકતોની ઇચ્છાને વશ થઇને તેમના મહેલોમાં બિછાવેલા ગાદી-તકિયાવાળા પલંગ પર સૂઈ જાઉં છું.

ક્યારેક સ્નાન કર્યા પછી કેસર અને કસ્તુરી મિશ્રિત ચંદન અને સુગંધી અત્તરો વડે મારા અંગ પર લેપન થાય છે તો ક્યારેક હું શરીર પર ભસ્મનો જ લેપ લગાડ્યા કરું છું, ક્યારેક હું ઉત્તમ રથ પર, હાથીની અંબાડીમાં, ચપળ ઘોડા પર સવારી કરીને વિચરણ કરું છું તો ક્યારેક દિગંબર થઇને ગ્રહ–નક્ષત્રોની માફક પૃથ્વી પર અહીં–તહીં ભ્રમણ કર્યા કરું છું.

સ્વભાવથી વિષય–બુદ્ધિવાળા (ભોગોમાં આસક્ત) મનુષ્યોની ન તો નિંદા કરું છું કે ન તો ઉત્તમ બુદ્ધિવાળા મનુષ્યોની સ્તુતિ (પ્રશંસા) કરું છું, કિન્તુ સમસ્ત પ્રાણીઓનું કલ્યાણ ચાહતો રહી કેવળ પરમતત્ત્વ (પરમાત્મા)ના ધ્યાનમાં ડૂબેલો રહું છું. સ્વસ્વરૂપમાં જ સદૈવ સ્થિત રહું છું.

આવી ઉત્તમ અને અત્યંત ગુપ્ત એવી અવધૂતવૃત્તિને જ્યારે આ૦ સાંભળવા માટેના ઉત્તમ અધિકારી એવા ભક્ત પ્રહ્લાદે સ્વયં અવધૂતસમ્રાટ્ ગુરુ દત્તાત્રેયના શ્રીમુખેથી સાંભળી ત્યારે તે અતીવ પ્રસન્ન થયા. તેમણે અવધૂત–કુલ શિરોમણિ ભગવાન દત્તાત્રેયની સવિધિ પૂજા–અર્ચા કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા બાદ તેમની આજ્ઞા લઈને સહ્યાદ્રિપર્વતના શિખરસ્થાનેથી નીચે તરફ પ્રસ્થાન કર્યું.

'અવધૂત ઉપનિષદ્'માં પણ ભગવાન દત્તાત્રેય પ્રશ્નકર્તા સાંકૃતિઋષિને અવધૂત કોણ? અવધૂતની સ્થિતિ કેવી હોય છે? અવધૂતનું લક્ષણ કેવું હોય છે? વગેરે વિષે રહસ્યપૂર્ણ પ્રત્યુત્તર આપીને તેની જિજ્ઞાસા તૃપ્ત કરે છે. ગુરુ દત્તાત્રેય કહે છે કે અતિવર્ણાશ્રમીયોગી (અવધૂત) સ્વેચ્છા અનુસાર ભ્રમણ

કરવાવાળો હોય છે. તે ક્યારેક વસ્ત્રો ધારણ કરાયેલો તો ક્યારેક દિગંબર પણ હોય છે. અવધૂત આ પ્રમાણે વિચારે છે: આ લોકના તેમજ પરલોકના ફલની સિદ્ધિ માટે અને મુક્તિની સિદ્ધિ માટે મારું કર્તવ્ય શેષ થયું છે. દુઃખી અજ્ઞાની લોકો પુત્ર-ધનાદિની આશાએ ઇચ્છા અનુસાર ભલે ભમતા રહે પણ પરમ આનંદથી પરિપૂર્ણ એવો હું શા માટે ભ્રમણ કરું? પરલોક પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા લોકો ભલે કર્મોનું અનુષ્ઠાન કરતા રહે પણ સર્વ લોકરૂપ એવો હું શા માટે આવું કરું? જે લોકો અધિકાર સંપન્ન હોય તે ભલે શાસ્ત્રોની વ્યાખ્યા કરે, વેદ શીખવાડે, પણ અક્રિયપણાથી મને તો તેમાં અધિકાર નથી. હું નિદ્રા, ભિક્ષા, સ્નાન અને શૌચ કરતો નથી તેમજ ઇચ્છતો ય નથી. જોનારાઓ મારે વિષે જે કાંઈ કલ્પે તે ભલે કલ્પે પણ તે અન્યની કલ્પનાથી મને કશું જ થવાનું નથી. જેમ વાંદરાઓ ચણોઠીના ઢગલા ને અગ્નિ સમજીને તેમાં ફુંક મારે તો તેથી કાંઈ ચણોઠીનો ઢગલો કોઈ પદાર્થને સળગાવતો નથી તેમ અન્ય લોકોએ સાચા માનેલા સંસારના ધર્મોને હું સેવતો નથી. જે લોકો તત્ત્વને જાણતા નથી તેથી તત્ત્વ વિષે તે લોકો ભલે શ્રવણ કર્યા કરે પણ હું તો તત્ત્વને જાણું છું તો શા માટે હું તેના વિષે શ્રવણ કરું? સંશયવાળા લોકો ભલે મનન કરે પણ મને સંશય નથી તો હું મનન શા માટે કરું? વિપર્યયવાળા લોકો ભલે નિદિધ્યાસન કરે પણ હું દેહમાં આત્મપણાની ભ્રાંતિ રાખતો નથી તો હું શા માટે નિદિધ્યાસન કરું? 'હું મનુષ્ય છું' વગેરે વ્યવહાર તો આ ભ્રાંતિ વગર

પણ ચિરકાલ અભ્યાસ કરેલી વાસનાથી થઈ શકે છે. પ્રારબ્ધકર્મનો ક્ષય થતાં તે વ્યવહાર પણ નિવૃત્ત થઇ જાય છે. વિક્ષેપના અભાવથી મારા સ્વરૂપમાં સમાધિ પણ નથી. વિક્ષેપ અને સમાધિ એ વિકારી મનના ધર્મો છે. હું નિર્લેપ તથા અકર્તા છું. મારો લૌકિક તથા શાસ્ત્રીય વ્યવહાર જેમ પ્રારબ્ધ હોય તેમ થાવ, અથવા હું કૃતાર્થ છું. તેમ છતાં ય લોકોના અનુગ્રહની ઇચ્છા વડે શાસ્ત્રીય માર્ગે જ વર્તું તો તેમાં મને શું હાનિ છે? શરીર છે તે દેવપૂજા, સ્નાન, શૌચ, ભિક્ષા વગેરેમાં ભલે વર્તે; વાણી ભલે પ્રણવ (ૐ) નો જપ કરે, કે ઉપનિષદો ભણે, બુદ્ધિ ભલે પરમાત્માનું ધ્યાન કરે કે બ્રહ્માનંદમાં ડૂબી જાય પણ હું જે સાક્ષી છું તે તો અહીં કાંઇ પણ કરતો નથી તેમજ કરાવતો ય નથી. હું આત્માને યથાર્થ અનુભવું છું, બ્રહ્માનંદ મને સ્પષ્ટ પ્રતીત થાય છે, સાંસારિક દુઃખ મારા જોવામાં આવતું નથી, મારું અજ્ઞાન નિવૃત્ત થઇ ગયું છે, મને હવે કાંઇ કર્તવ્ય રહ્યું નથી, પ્રાપ્તવ્ય બધું ય પ્રાપ્ત થયું છે, હું મહાતૃપ્તિને પ્રાપ્ત થયો છું, મારા અનેક જન્મોનું પુણ્ય સારી રીતે ઉદય પામ્યું છે, તેથી હું ધન્ય છું, ધન્ય છું, ધન્ય છું...[1]

'ગુરુ દત્તાત્રેય — ગોરખનાથ યોગસંવાદ' (જ્ઞાન-દીપ-બોધ)ની શ્લોક સંખ્યા ૫૧ માં ગોરખનાથ જે 'ભણુઇ' શબ્દનો વ્યવહાર કરે છે તે શબ્દ 'ભણિતા' શબ્દનો અપભ્રંશ છે.

---

૧ 'શ્રી ઉપનિષદો' — વ્યાખ્યાકર્તા શ્રી નથુરામ શર્મા પાનું ૬૦૬

'અમનસ્કયોગ' નામના ગ્રંથમાં શિષ્ય પોતાના યોગી-ગુરુને પ્રણામ કરતા આ પ્રમાણે કહે છે :

"નમોઽસ્તુ ગુરવે તુભ્યં સહજાનંદરુપિણે ।
યસ્યવાક્યામૃતં હન્તિ સંસારમોહનામયમ્ ॥"

એટલે કે જેનું ઉપદેશ વાક્યરુપી અમૃત સંસારમોહરુપી વ્યાધિનો વિનાશ કરે છે તે સહજાનંદસ્વરૂપ ગુરુને નમસ્કાર છે.

'ભોગ જોગ પરમ નિધાન'—એટલે કે ભોગ-યોગના પરમ નિમિત્ત, ભોગ અને યોગ એ બન્નેને આપવાવાળા, સાંસારિક સુખ અને પારમાર્થિક સુખ એ બન્નેને દેવાવાળા.

'અવધૂતગીતા' માં અવધૂતને 'યોગ-વિયોગરહિત યોગી, ભોગ-વિભોગ રહિત ભોગી' વર્ણવ્યો છે. યોગમાં ભોગ (બ્રહ્માનંદરસાસ્વાદન) અને ભોગમાં યોગ (અનાસક્તિ) આ બન્નેનું રહસ્ય અત્યંત ગૂઢ છે. કોઇ પરમ અવધૂત કે મહાયોગી જ આને જાણી શકે છે.

'રુદ્રયામલ તંત્ર'માં ગુરુ દત્તાત્રેયની ભોગ-જોગની રહસ્યમયી અવધૂતસ્થિતિ વિષે કહ્યું છે કે :

"કદા યોગી કદા ભોગી કદા નગ્નઃ પિશાચવત્ ।
દત્તાત્રેયો હરિઃ સાક્ષાત્ ભુક્તિ-મુક્તિ-પ્રદાયકઃ ॥" (૨)

આ જ ગ્રંથમાં આગળ કહ્યું છે :

"ત્યાગી ભોગી મહાયોગી નિત્યાનન્દો નિરંજનઃ ।
સર્વરૂપી સર્વદાતા સર્વગઃ સર્વકામદઃ ॥" (૧૨)

"ભસ્મોદ્ધૂલિતસર્વાંગો મહાપાતકનાશનઃ ।
ભુક્તિપ્રદો મુક્તિદાતા જીવન્મુક્તો ન સંશયઃ ॥" (૧૩)
"ત્યાગી ભોગી મહાયોગી સુખદુઃખ વિવર્જિતઃ ।
સર્વત્ર સિદ્ધસંકલ્પો જીવન્મુક્તોઽદ્ય વર્તતે ॥" (૨૪)

ત્યાગ અને ભોગને સ્વીકારવા છતાં ય આ બન્નેથી અલિપ્ત રહેવાવાળા, ત્યાગથી ન તો ત્યાગના અહંકારવાળા અને ભોગથી ન તો ભોગાસક્ત એવા પરમાવધૂત ગુરુ દત્તાત્રેયના ત્યાગ-ભોગના રહસ્યને સ્પષ્ટ સમજાવતો 'ગોરક્ષ સિદ્ધાંત સંગ્રહ'નો પ્રસિદ્ધ શ્લોક આ પ્રમાણે છે :

"એકહસ્તે ધૃતસ્ત્યાગો ભોગશ્ચૈકકરે સ્વયમ્ ।
અલિપ્તસ્ત્યાગભોગાભ્યાં સોઽવધૂતઃ શ્રિયેઽસ્તુનઃ ॥"

અહીં એ સ્મરણીય છે કે ગુરુ દત્તાત્રેયનાં ચિત્રોમાં તેમને ગાય અને કૂતરાંની વચ્ચે ઉભા રહેલા દેખાડવામાં આવે છે. અહીં એક હાથ તરફ જે ગાય ઉભેલી છે તે ત્યાગનું પ્રતિક છે. ગાયનાં શિંગડાં, ચામડી, હાડકાં, માંસ, મળ-મૂત્ર વગેરે બીજા માટે વપરાય છે. તેનું દૂધ પણ પોતાના માટે કે પોતાના વાછરડા માટે નહીં પણ બીજા માટે વપરાય છે. આવી રીતે ગાય સાચે જ ત્યાગનું પ્રતિક છે.

ચિત્રમાં ગુરુ દત્તના બીજા હાથ તરફ જે ચાર કૂતરાં ઉભેલાં હોય છે તે ભોગના પ્રતિક છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ-આ ચાર ભોગ માનવામાં આવ્યા છે.

પરમાવધૂત ગુરુ દત્તાત્રેય ત્યાગ ('ગાય) અને ભોગ (કૂતરાં) ની વચ્ચે હોવા છતાં ય ન તો તેનામાં ત્યાગનું અભિમાન છે કે ન ભોગમાં લિપ્સા (આસક્તિ). આને જ 'અવધૂતી' (અવધૂત સ્થિતિ) કહે છે. દત્ત ઉપાસકોને શ્રી દત્તનું ચિત્ર આ મહાન સાંકેતિક ઉપદેશ આપતું હોય છે પણ આને સાંભળવા માટે, સમજવા માટે કેટલા કાન ઉત્સુક હોય છે?

ગુરુ દત્તાત્રેય પોતાના ભક્તોને 'ભુક્તિ' (સંસારનાં સુખ, લૌકિક સિદ્ધિ) અને 'મુક્તિ' (ઇશ્વરીય સુખ, પારમાર્થિક સિદ્ધિ) આપે છે. માતા જેવી રીતે પોતાનાં બાળકોમાંના નાના બાળકને દૂધ આપે છે અને મોટાને અન્ન આપે છે તેવી જ રીતે ગુરુ દત્તાત્રેય પોતાના ઉપાસકોના અધિકારભેદ અનુસાર ભુક્તિ અને મુક્તિ આપતા હોય છે. 'યાદશી ભાવના યસ્ય સિદ્ધિર્ભવતિ તાદશી' (જેવી જેની ભાવના, તેવી તેને સિદ્ધિ).

ગોરખનાથે ગુરુ દત્તાત્રેયની અત્યુચ્ચ સ્થિતિનું પુરેપુરું રહસ્ય જાણ્યું જેથી તે પણ ગુરુ દત્ત કૃપા-આશીર્વાદથી મહાસિદ્ધાવસ્થાને પામ્યા. 'શ્રુતિ' સાચું જ કહે છે :

'બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ'.

આ વિષે સંત તુલસીદાસની વાણી આ પ્રમાણે છે :

'જાનત તુમહિં તુમહિં હો જાઈ।
સો જાનૈ જેહિ દેહુ જનાઈ॥'

'ભોગ-જોગ' વિષે કવિ 'અક્ષર અનન્ય' ની વાણી આ પ્રમાણે છે :

"ઈંધન બિહૂની આગ રાખિબેકો જતન કહા
ઈંધિનમેં આગ રાખે વાહીકો જતન હૈ।
ઈન્દ્રી ગલિત કરૈ, કહૌ કૌન સાધપનો
ઇન્દ્રી બલિત બાંધે સોઈ સાધપન હૈ॥
'અક્ષર અનન્ય' બિન વિષય પાએ ત્યાગ કહાં
પાય કરૈ ત્યાગ સોઇ બૈરાગ મન હૈ।
ઘરછોડ બન જોગ માંડનકો નિહોરો કહા
ઘરહીમેં જોગ માંડે સોઇ ગુરુજન હૈ॥"

કહેવાનું તાત્પર્ય એ છે કે ઘાસ-લાકડાંના અભાવમાં અગ્નિને સળગવો તે સાચા અર્થમાં 'અગ્નિરક્ષા' કહેવાતી નથી પણ ઘાસ અને લાકડાના ઢેર હોય અને તેની વચ્ચે અગ્નિની સુરક્ષા કરવી તેને જ અગ્નિરક્ષા કહે છે.

એક મહાપુરૂષે યોગીની વ્યાખ્યા કરતાં કહ્યું હતું કે 'તે જ સાચો યોગી છે જે વિશ્વવૈભવે સરોવરમાં ઊભો રહીને ય પોતાને સૂકો (કોરો) રાખી શકે; તેના તરંગોના રંગ પોતાની ઉપર ચડવા ન દે, વિષયદ્વંદ્વમાં પણ નિર્દ્વન્દ્વ રહે. આ મહાપુરૂષે પોતાના એક કાવ્યમાં 'ભોગ-જોગ' વિષે સારો પ્રકાશ ફેંકયો છે :

"પંકજ જ્યોં જલમાંહિં બસૈ,
તો પૈ ભિન્ન રહે, જલ પરસ ન લાવે।

હંસ બસૈ સરમાંહિં સદા,
પૈ છીર ભખૈ, નીર હિ બિલગાવે ॥
વ્યૂહ-સમૂહ બસૈ જિમિ ધ્યાની,
પૈ ધ્યાન ધરૈ, નહિં ચિત્ત ડિગાવે ।
ભોગ ન બાધિ સકૈ તિમિ યોગૈ,
જો ભોગમેં યોગસમાધિ લગાવે ॥"

'ભોગમાં યોગ' વિષે એક સંસ્કૃત ભાષાના કવિએ યોગ્ય જ વિચાર પ્રગટ કર્યો છે. :—

"વિક્ષેપકલ્પનાતીતઃ સમચિત્તો વિચારધીઃ ।
ભોગે યોગં ન જાનાતિ સ યોગી કિં કરિષ્યતિ ॥"

એટલે કે કલ્પના, કાલ અને વિક્ષેપરૂપ શત્રુને જીતવાવાળો, (શાન્તિના સામ્રાજ્યમાં) સ્થિરચિત્ત થઈ નિશ્ચિત વિચારવાવાળો, જો ભોગમાં યોગ નથી સાધી શકતો તો તે યોગી થઈને ય શું કરશે ?

'જ્ઞાન-દીપ-બોધ'માં છેવટે ગ્રંથની 'ફલશ્રુતી' કહી છે. ત્યાર બાદ અંતે યોગી ગોરખનાથ પોતાના આરાધ્યદેવ, યોગેશ્વર ભગવાન શંકરને તથા પોતાના ગુરુ મત્સ્યેન્દ્રનાથની ચરણપાદુકાને શ્રદ્ધા-ભકિતપૂર્વક નમસ્કાર કરે છે.

ગોરખનાથ—

"જ્યાં ન દી પ બો ધ ગ્રં થ, જોગસાસ્ત્રં,
પઢતે હરંતે પાપં, શ્રૃત્વા મોખિ લભ્યતે ।
જોગારમ્ભે ભવે સિધ્ધા, આવાગમન નિવરતતે ॥"

ગુરુ દત્તાત્રેયની પ્રાર્થના કર્યા બાદ ગોરખનાથજી યોગવિદ્યાનો આ અદ્ભુત ગ્રંથ પૂરો કરતાં પહેલાં ગ્રંથને અનુરૂપ એવી તેની ફલશ્રુતિમાં લખે છે કે આ ગ્રંથ 'યોગશાસ્ત્ર' છે. આનો પાઠ કરવાથી પાપો નાશ પામે છે. આનું શ્રવણ કરવાથી મોક્ષ મળે છે અને યોગાભ્યાસ કરવાથી યોગાભ્યાસી સિદ્ધ થઈને જન્મ-મૃત્યુના ફેરામાંથી છૂટી જાય છે.

"ચેવં જ્યાંન-દિપ-બોધ સમ્વાદે,
યોગશાસ્ત્રં સંપૂરણુ સમાપ્ત ।
ૐ નમો સિવાયે ૐ નમો સિવાયે ।
ગુરુ મછિન્દ્ર-પાદુકા નમસ્તતે ॥"

આ પ્રમાણે 'જ્ઞાન-દીપ-બોધ' (ગુરુ દત્તાત્રેય-ગોરખનાથ યોગસંવાદ) જેને 'યોગશાસ્ત્ર' પણ કહે છે તે સંપૂર્ણ થયું.

ૐ નમઃ શિવાય. ૐ નમઃ શિવાય. ગુરુ મત્સ્યેન્દ્ર પાદુકાને નમસ્કાર.



"અવધૂતનું તત્ત્વજ્ઞાન"

[Philosophy of Avadhut]

પ્રપંચની સૃષ્ટિથી પહેલાં વિરાટ શરીરના અભિમાની ફક્ત એક બ્રહ્મા જ વિદ્યમાન હતા. તેણે સ્થૂળ પ્રાણ અને મનની સહાયતાથી તથા વિરાટ શરીરના સ્થૂળ જ્ઞાનકરણ અને કર્મકરણોનું અવલંબન કરી દૃષ્ટિ ઉઘાડી, તે સમયે તે અંતર્મુખ ભાવથી બહિર્મુખ થયા અને બહારની બાજુએ દૃષ્ટિપાત કર્યો. કિન્તુ દૃષ્ટિપાત કરવા છતાંય તેને કાંઈ દેખાયું નહિ, કારણ કે તે સમયે દૃશ્ય કાંઈપણ હતું નહિ. આજ તેનું દૃશ્યના અભાવ રૂપ શુન્યનું દર્શન હતું. શુન્ય દર્શન બાદ માયાની પ્રધાનતાથી તેને પોતાના પૂર્વ સ્વરૂપનું વિસ્મરણ થવાથી બીક લાગી. જેવી રીતે મરૂભૂમિમાં ચાલવાવાળો પથિક કે જેના કોઈ સંગી સાથી ન હોય, કયારેક બીજાની સંભાવનાની આશંકાથી ભયભીત થઈ જાય છે. આ પણ કંઈક અંશે એવું જ છે. એક અદ્વિતીય પૂર્ણપુરૂષનું આ ભયપ્રધાન આત્મઅજ્ઞાનને અવિદ્યા કહે છે. તે સમયે તેણે સ્વયં પોતાના આત્મજ્ઞાન દ્વારા અવિદ્યાને પૃથક કરી, એટલે કે પોતાના સ્વરૂપથી પૃથકરૂપે અવિદ્યાને જાણી તેની અધિષ્ઠાન વસ આ વિદ્યાથી જ આખું વિશ્વ સ્ફુરિત થઈ જાય છે. આથી અવધૂત યોગી કહે છે કે 'મુખ્યત્વેન પ્રજાપતિના આત્મસ્ફુરણેન વિશ્વકલ્પના કૃતઃ' એટલે કે પ્રધાનતઃ પ્રજાપતિના આત્મરૂપ વિષયક અજ્ઞાનથી વિશ્વ કલ્પના ઉત્પન્ન છે. આ આત્માનું અજ્ઞાન જ અવિદ્યા છે, તેનાથી જીવભાવનો આવિર્ભાવ થાય છે.

જીવસૃષ્ટિ તેના સંકલ્પનું ફળ છે. જીવ ઇશ્વરનું પ્રતિબિંબ સ્વરૂપ છે. બિંબ અને પ્રતિબિંબમાં સમાન ધર્મ જોવામાં આવે છે. ઈશ્વર અને જીવમાં દેહાવસ્થા અને ગુણાભાસરૂપ સાદૃશ્ય વર્તમાન છે. આ પ્રસંગમાં પ્રશ્ન થઈ શકે છે કે બિંબ અને પ્રતિબિંબમાં સ્થૂળરૂપે આપસમાં વ્યવહાર થતો જોવામાં આવતો નથી. આથી જીવ જો ઇશ્વરનું પ્રતિબિંબ હોય તો બંનેમાં પરસ્પર વ્યવહાર કેવી રીતે હોય ? એટલે કે જીવ ઈશ્વરની આરાધના રૂપ જે પોતાનું કર્મ કરે છે તે જ જીવનો વ્યવહાર છે. અને ઈશ્વર શરણાગત જીવ પર અનુગ્રહ કરે છે તથા તેના અભીષ્ટની સિદ્ધિ કરે છે, આજ ઈશ્વરનો વ્યવહાર છે. આ બંને વ્યવહારોનું મૂળ શું છે ? આ પ્રશ્નના ઉત્તરમાં આ કહેવું પર્યાપ્ત થશે કે એક બિંબમાંથી ઘણાંય પ્રતિબિંબ જે ઉપાય દ્વારા થઈ શકે છે તેનું ઉપાદાન કરવા માટે અવિદ્યામાં વિચિત્રતા માનવી આવશ્યક છે. એટલે કે પુરૂષના એક હોવા છતાંય અજ્ઞાનને અનન્તરૂપ માનવાથી વ્યવહારની સંગતિ થઈ શકે છે.

યદ્યપિ અજ્ઞાન અનાદિ મનાયું છે, છતાં પણ અજ્ઞાનને આશ્રય જીવોને જુદા જુદા માનવાં જ પડશે. આવી રીતે સિદ્ધ થાય છે કે અવિદ્યાના પહેલાંય જીવનું અસ્તિત્વ માનવું જોઇએ. આથી આ પ્રણાલિમાં જીવની વિચિત્રતાની કોઈ યુક્તિયુક્ત વ્યાખ્યા કરાતી નથી. અવધૂત મતમાં જીવ ઇશ્વરનું કલ્પિત પ્રતિબિંબ છે. સ્વપ્નમાં કલ્પિતવસ્તુ દ્વારા જેમ વ્યવહાર થાય છે તેમજ આ જગત પર પણ વ્યવહારની ઉત્પત્તિ સમજાવી શકાય છે. અવશ્ય આ સાચું છે કે સ્વપ્નમાં

જોવાએલા સર્વ પુરૂષ પૃથક્‌રૂપે જાગતા નથી, આશ્રય પુરૂષ અથવા સ્વપ્નદ્રષ્ટા પુરૂષના જાગવાથી જ તેઓ એક સાથે અન્તર્હિત થઈ જાય છે. કિન્તુ વર્તમાન સ્થળ પર બ્રહ્મસાક્ષાત્કારથી માલમ પડે છે કે સર્વજીવો પોતાના આશ્રયની સમાન છે. આથી જીવ સત્ય છે. અતઃ આ સત્યજીવ સ્વપ્નામાં જોવાએલા પુરૂષો જેવા ઇશ્વર કલ્પિત પ્રતિબિંબ હોઈ શકતા નથી. વસ્તુતઃ પરમાત્માના સત્ય સંકલ્પ હોવાને કારણે તેનું કલ્પિત પ્રતિબિંબ પણ તેની જેવું સત્ય છે. જીવની સત્યતા તેની સમાન જ છે. આ સમાન સત્યતાને લીધે ઇશ્વર અને જીવ બંનેમાં પરસ્પર વ્યવહાર થઈ શકે છે. આ પ્રમાણે જેવી રીતે બ્રહ્મસાક્ષાત્કાર સત્ય છે તેવી જ રીતે બંધ અને મોક્ષ પણ સત્ય છે. કોઇ લોકો પ્રશ્ન કરી શકે છે કે જો જીવ સત્ય છે તો તેનો નાશ કઇ રીતે હોઈ શકે? બ્રહ્મસાક્ષાત્કારથી જીવની અવિદ્યાની નિવૃત્તિ અને જીવતત્વનો ક્ષય કેવી રીતે થઈ શકે? અવધૂતગણ કહે છે કે ઇશ્વરની સત્યતા પણ માયામાત્ર છે. તેના સંકલ્પની સત્યતા જીવની સત્યતા અને અવિદ્યાની સત્યતા પણ એવી માયા માત્ર જ છે. માયાની નિવૃત્તિ સાથે-સાથે ઇશ્વરતત્વ તિરોહીત થઈ જાય છે અને અવિદ્યા તિરોભાવની સાથે-સાથે જીવતત્વની નિવૃત્તિ થાય છે. પરમ સત્ય ફક્ત બ્રહ્મ જ તે સમયે બાકી રહે છે.

ફક્ત એક પંચભૌતિક શરીર જ છે. તેનું નામ વિરાટ છે. અસંખ્ય સ્થૂળ જીવ શરીર તેનાં અસંખ્ય અંશ છે. આ રીતે એક જ હિરણ્યગર્ભ-દેહમાંથી જીવોનાં અસંખ્ય લિંગ-શરીર નીકળે છે. અંતઃકરણ જ વિષ્ણુનું છે. વિષયોમાં કોઈ વિભાગ

નથી, બધા પંચભૂતરૂપ છે. ઈશ્વરના પોતાના સ્વરૂપનું અનવધાનરૂપ અવ્યક્ત અથવા માયા ટુકડા ટુકડા થઇ અનંત થઇ જાય છે. તેઓનું જીવોના આત્મઅજ્ઞાન રૂપે પરિવર્તન થઇ જાય છે અને કારણદેહના નામથી તેની પ્રસિદ્ધિ થાય છે. તે સમયે ઇશ્વરનું વિજ્ઞાનરૂપી મહાકારણશરીર જીવનું મહાકારણ-શરીરનું રૂપ ધારણ કરે છે.

દત્તાત્રેય સંપ્રદાયમાં પ્રલય પાંચ પ્રકારનાં છે :

(અ) નિદ્રા–પિંડની.

(આ) નિદ્રા–બ્રહ્માંડની. એને દૈનંદિન–પ્રલય કહે છે.

(ઇ) મરણ–પિંડનું.

(ઈ) મરણ–બ્રહ્માંડનું. તેને મહાપ્રલય કહે છે.

(ઉ) આત્યંતિક પ્રલય.

નિદ્રા :—જે વખતે ક્રમેક્રમે જ્ઞાનની કરણ વૃત્તિઓ, કર્મની કરણ વૃત્તિઓ, અને વાસનામય વિષય પૂર્વોક્ત કર્તાની પાંચ વૃત્તિઓમાં પૂર્ણરૂપે લીન થાય છે. તેને નિદ્રા કહે છે. તે વખતે કર્તા પાંચવૃત્તિઓની સાથે આત્મા અજ્ઞાનરૂપ કારણશરીરમાં લીન થાય છે. આમાં જે વખતે ફક્ત બહારના કરણોનું ઉપસંહાર થાય છે તે વખતે નિદ્રાપ્રધાન સ્વપ્નાવસ્થા જાણવી જોઇએ. તે વખતે અંગીભૂત સત્ત્વ અંશમાત્રના પ્રભાવથી કર્તાની વૃત્તિ દ્વારા વાસનામય વિષયોનો પ્રકાશ થાય છે અને જ્યારે કર્તા, કરણ અને કાય ત્રણેયનું ઉપસંહાર થાય છે તે સમયે સ્વપ્ન નથી

રહેતું. તે જ વાસ્તવિક સુષુપ્તિ અવસ્થા છે. તે સમયે જીવનું સ્થૂળશરીર પાંચપ્રાણોની સાથે કાષ્ટવત્ જડ થઈ જાય છે.

પ્રાણનો સંબંધ રહે છે જેથી મૃત્યુ થતું નથી. રજોગુણનો અભ્યાસ પ્રબળ રહે છે આથી સુષુપ્તિમાંથી પુનઃ ઉત્થાન થાય છે.

દૈનન્દિન પ્રલય :—ચાર હજાર મહાયુગોનો બ્રહ્માનો એક દિવસ થાય છે. તેની રાત્રિ અને દિવસનું પ્રમાણ સમાન છે. દિનમાં તે જાગૃતાવસ્થામાં રહે છે તેને સૃષ્ટિકાળ કહે છે, રાત્રિમાં તે સૂઈ રહે છે તેનું બીજું નામ પ્રલય છે. સંધ્યા સમયે જ્યારે તે બ્રહ્માની નિદ્રાનો આરંભ થાય છે ત્યારે સંપૂર્ણ વિષયવાસનાઓના જ્ઞાનનાં કરણોમાં ઉપસંહાર થઇ જાય છે. ક્રિયાવૃત્તિ કર્મના કરણોમાં લીન થઈ જાય છે, ત્યાર બાદ આ દસ કરણો કર્તામાં લીન થાય છે અને કર્તા સૂક્ષ્મ અવ્યક્તમાં પ્રસુપ્ત થાય છે. આનું બીજું નામ 'યોગનિદ્રા' છે. તે સમયે અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, ભૂતનાશ અને દેવલોક પણ જલમગ્ન થઈ જાય છે. દેવતા અવ્યક્ત માયા તત્ત્વમાં આશ્રય લે છે. બ્રહ્મા, વિષ્ણુ અને રૂદ્ર એ ત્રણ ઇશ્વર કોટિના દેવતાઓ આત્મારામ અવસ્થાને પ્રાપ્ત થાય છે, સર્વે જીવો અવ્યક્તમાં સુપ્ત થાય છે તે સમયે તેની સર્વ વૃત્તિઓ પ્રત્યાહૃત થઈ જાય છે, તેને પરમાત્માની નિમેષાવસ્થા કહે છે, કારણ કે પરમાત્માની નિદ્રાવસ્થા થતી નથી. તે સમયે પંચભૌતિક દેહનો ઉપસંહાર થતો નથી.

પ્રલયકાળના અંતમાં, ઉષાકાળમાં, બ્રહ્મા જાગે છે. આટલા

દિવસો સુધી વિષ્ણુ કે જે જલની ઉપર વડના પાન પર સુતા હતા તે પણ જાગૃત થાય છે. તે આત્મપદને ત્યાગ કરી રમવાનો આરંભ કરે છે. પ્રશ્ન ઉઠે કે વિષ્ણુ શા માટે જાગે છે? તેનો ઉત્તર આ છે કે દૈનિક-પ્રલય સ્થિતિની અંતર્ગત છે અને સ્થિતિના કર્તા વિષ્ણુ છે. અતએવ વિષ્ણુનું ધ્યાન હંમેશાં પોતાના કર્તવ્યમાં રહે છે. આથી તેને નિદ્રા તથા વિસ્મૃતિ નથી હોતી. આથી સંપૂર્ણ જગતનો વિનાશ થઈ ગયા બાદ પુરુષ યોગનિદ્રાનો ત્યાગ કરી પોતાના કર્મમાં સાવધાન થાય છે. આટલા દિવસો સુધી તે સૂઈ રહ્યા હતા કિન્તુ નિદ્રાંત ન હતા. આ સમયે તે સર્વથી પ્રથમ ઉઠ્યા. ત્યાર બાદ યથા સમયે બ્રહ્માએ જાગીને જોયું કે ચારે બાજુએ પાણી જ પાણી છે અને તેનું સર્વકાર્ય નષ્ટ થઈ ગયું છે ત્યારે તે, તે અવસ્થાનો ત્યાગ કરી વિષ્ણુના નાભિપદ્મમાંથી પ્રગટ થાય છે. આ રીતે રુદ્ર, પોતાની યોગનિદ્રાનો ત્યાગ કરી બ્રહ્માના નેત્રમાંથી પ્રગટ થાય છે. તે પ્રલયમાંથી 'ધાતા યથાપૂર્વકમ્'ની અનુસાર જગતની ઉત્પત્તિ કરે છે.

મૃત્યુ :—પ્રારબ્ધનો નાશ થયા બાદ પ્રાણ સ્થૂળ દેહથી પૃથક્ થઈ જાય છે તે સમયે પાંચપ્રાણ પોતાના મૂળ વાયુમાં લીન થાય છે. પાંચ વાસનામય વિષય, પાંચ સૂક્ષ્મ અવ્યક્ત જ્ઞાનકરણોમાં પાછા આવી જાય છે. સર્વ ક્રિયાવિકાર કર્મ-કરણોમાં ઉપસંહૃત થઇ જાય છે. તદુપરાંત જ્ઞાન અને કર્મના તે દસ કરણ નિષ્ક્રિય થઇને કર્તામાં લીન થાય છે. કર્તા-મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ ચારે ય વૃત્તિઓનો લય થયા બાદ આત્મ-અજ્ઞાનમાં લીન થાય છે. આ અજ્ઞાનમાંથી એક

ઘાસના શરીર નીકળે છે. સૂક્ષ્મ શરીરની જેમ પ્રથમના શરીરને ગ્રહણ કરી જીવ જુના, જીર્ણ તથા રોગયુક્ત સ્થૂળ શરીરનો ત્યાગ કરે છે, આનું નામ 'મૃત્યુ' છે.

મહાપ્રલય :—બ્રહ્માનું શતવર્ષનું આયુષ્ય સમાપ્ત થયા બાદ પરમાત્મા સૂવે છે. તે સમયે બ્રહ્માનું મૃત્યુ થાય છે. તે સમયે સતત સો વર્ષ સુધી જાનાવૃષ્ટિ ભૂત-લય અને બાર આદિત્યોનો ઉદય થાય છે. પૃથ્વી અત્યંત તપ્ત થઇ જાય છે. અગ્નિમય અને દગ્ધ થઇ જાય છે. ત્યાર બાદ સંવર્તમેઘ, એટલે કે પ્રલયકાળનો મેઘ, જળ વરસાવે છે. સપ્ત સમુદ્રોનું મિલન થવાથી તે એક મહાર્ણવના રૂપમાં ફેરવાઈ જાય છે. પૃથ્વી તે જળમાં વિલિન થઇ જાય છે. જળ તેજથી સૂકાઈ જાય છે. તેજ પોતાનાથી દસગણા બહારના વાયુ દ્વારા શાંત થઇ જાય છે. અને વાયુ આકાશમાં લીન થઇ જાય છે. આકાશ તામસ્ અહંકારમાં, તામસ્ અહંકાર રાજસ્માં અને રાજસ્ સાત્વિક્માં લીન થાય છે. કાર્ય કરણમાં, કરણ કર્તામાં, અને કર્તા મહત્માં લીન થાય છે. અંતે સર્વની મહામાયામાં સમાપ્તિ થાય છે. મહામાયા પરમાત્માંમાં લીન થાય છે, પરમાત્મા આત્મજ્ઞાનના સ્ફુરણને ગળીને પોતાના સ્વરૂપમાં પોતાના સ્ફુરણને વિલીન કરી અને આનંદમય, અનંત, અવ્યય અને સ્વયંવિજ્ઞાનમય-સત્તાને પ્રાપ્ત કરી નિર્વિકલ્પરૂપે વિરાજમાન થાય છે. નિર્વિકલ્પ-બ્રહ્મનો જ્ઞાનમય અને આનંદમય જે પ્રકાશ છે તેજ ગુણસામ્ય છે. તેમાં ત્રણે ગુણ, ગુણકૃત ભેદ તથા સર્વકારણ, કાર્ય અને કરણ એકાકાર થઇ ઉપસંહારને પ્રાપ્ત થાય છે. જીવ તે વખતે

પોતપોતાના અજ્ઞાનમાં આવી જાય છે અને માયામાં નિદ્રિત થઇ બ્રહ્મમાં પાછા ફરે છે. આત્મજ્ઞાન વિનાં બ્રહ્મજ્ઞાન થતું નથી અને બ્રહ્મજ્ઞાન વગર અજ્ઞાનનો નાશ થતો નથી. આથી જીવોની આવી રીતે બ્રહ્મમાં પાછા આવ્યા છતાં ય તેઓની જીવાવસ્થા નિવૃત્ત થતી નથી. આથી સૃષ્ટિ સમયે સર્વ ઇશ્વરમાંથી કારણોપાધિ આદિ દ્વારા નીકળે છે.

મહાપ્રલયના કર્તા પરમાત્મારૂપ છે. આ પ્રલયનો પ્રકાર આ રીતનો છે: વિશ્વના સંહાર સમયે જે પ્રલયાગ્નિ ભભૂકે છે તેમાં રૂદ્ર ભયંકર ભૈરવરૂપ ધારણ કરી ઘણા આનંદથી નૃત્ય કરે છે. તે સમયે તેના ત્રીજા નેત્રમાંથી પ્રચંડ વેગસહ અગ્નિ ભભૂકી ઉઠે છે. તે દ્વારા તે પોતાની સાથે સર્વ દેવતાઓને ભસ્મ કરી અવ્યક્તરૂપે તે પ્રલયના સાક્ષિત્વનો અનુભવ કરે છે. ત્યારબાદ તેનો ત્યાગ કરી તથા આત્મસ્ફુરણનો વિલય કરી 'હું આનંદમય અખંડ એકરસ બ્રહ્મ છું' આમ સ્વરૂપ-નિષ્ઠાને પ્રાપ્ત થાય છે. આ પ્રલયસ્વરૂપ સર્વજ્ઞત્વના મધ્યમાં માયારૂપ તમોગુણનું કાર્ય છે આથી તેમાં માયારૂપનો ઉપસંહાર થતો નથી.

આથી પ્રશ્ન ઉઠી શકે છે કે આ પ્રલયમાં જ્યારે સ્વરૂપ-સર્વજ્ઞત્વનો લય થાય છે ત્યારે તેને 'તુરીય' શબ્દ માટે કહેવામાં આવે છે? તેનો ઉત્તર આ છે કે આ પ્રલયનો સાક્ષી પરમાત્મા અંતમાં પોતાના સાક્ષીત્વનો ત્યાગ કરી સ્વરૂપસર્વત્વનો અનુભવ કરી પોતાની જાતે જ નિર્વિકલ્પપદમાં સ્થિત થાય છે તે જ તેની પ્રકૃતિ છે.

જેવી રીતે પુરૂષનો વિનાશ થતો નથી તેવી જ રીતે પ્રકૃતિનો વિનાશ થતો નથી. પ્રકૃતિના સંબંધથી તે સ્વરૂપ-સર્વજ્ઞત્વ નષ્ટ થતું નથી. તે અવસ્થામાં જે આનંદમય જ્ઞાનનું સ્ફુરણ થાય છે તેને ગુણસામ્યરૂપ મહામાયાનું સ્વરૂપ જાણવું જોઇએ. આ મહામાયાયુક્ત આનંદમય જ સર્વેશ્વર પરમાત્મા છે. તેની નિર્વિકલ્પ નિષ્ઠાનું સ્ફુરણ થાય છે તેનું નામ 'સ્વરૂપ સર્વજ્ઞત્વ છે. આર્ય શુદ્ધસત્વમાં જે સૂક્ષ્મભાવ છે તે જ ગુણસામ્ય અથવા ઇશ્વરની ઊન્મત્ત અવસ્થા છે. તેના ગર્ભમાં સર્વ વિદ્યમાન રહે છે. યથા સમય તે પહેલાંની જેમ ફક્ત અભિવ્યક્ત થાય છે. આથી માલમ પડે છે કે આ પ્રલય સ્વરૂપ સર્વજ્ઞત્વની માયા ગર્ભમાં રહે છે. આથી તેમાં માયા અવિદ્યા જીવ અને ઇશ્વરનો ભેદ નષ્ટ થતો નથી. આ ભેદ સ્વરૂપ ગત ભેદ હોવાને કારણે સ્વગતભેદ છે. અતએવ મહા-પ્રલયમાં સ્વગતભેદ રહે છે.

આત્યન્તિક પ્રલય:– કિન્તુ જે સમયે સ્વગતભેદ પણ મટી જાય છે તે સમયે આત્યંતિક પ્રલય થાય છે. આ પ્રલયનો કોઈ નિશ્ચિત સમય નથી. આ પ્રલયમાં સંહારકર્તા રૂદ્ર રહેતા નથી. બ્રહ્મા અને વિષ્ણુ પણ રહેતા નથી. જીવ સ્વયં જ એટલે કે પરમાત્મા જ આ પ્રલયમાં સંહારકારી છે. તે અવસ્થામાં માયા, અવિદ્યા અને જીવ ઇશ્વર આદિ ભેદ રહેતા નથી. ફક્ત રહેતા જ નથી એ વાત નથી, પુનઃ ક્યારે ય ઉદિત પણ થતા નથી.

સૃષ્ટિના સંકલ્પની સાથે સાથે પરમેશ્વરની સ્વતંત્રતાથી

ઉપરની આનંદમય નિષ્ઠાનો ત્યાગ કરી, વસ્તુતઃ ત્યાગ ન કરીએ પણ ત્યાગનો સ્વાંગ રચી, પ્રજ્ઞાન અથવા સ્વસ્વરૂપ-જ્ઞાનને ગ્રહણ કરે છે. તે સમયે તે "હું બ્રહ્મ છું" એમ પોતાને જાણે છે. એક પ્રકારે જો જોઇએ તો આ જ સૃષ્ટિની આદિ અવસ્થા છે. આ જે "હું"-બોધના રૂપમાં, પોતાના સ્વરૂપનું જ્ઞાન છે તેનું નામ મહામાયા છે. આ જ તેનું મહાકારણ શરીર છે. પૂર્ણ બ્રહ્મસ્વરૂપ વસ્તુતઃ મહામાયાથી અતીત છે. તેમાં દેહ કલ્પના નથી. કિન્તુ મહાકારણ દેહની સાથે સાથે સૃષ્ટિની સૂચના થાય છે. આ સૃષ્ટિની ઉન્મુખાવસ્થા છે. આ વિશુદ્ધ બ્રહ્માવસ્થા નથી. કિન્તુ શુદ્ધ માયાની સાથે બ્રહ્મની યોગાવસ્થા અથવા શબલાવસ્થા છે. પરબ્રહ્મનું આ નિજસ્વરૂપ જ્ઞાન "સ્વરૂપ સર્વજ્ઞત્વ" ના નામથી અવધૂત સમાજમાં પ્રસિદ્ધ છે. આ જ મહામાયા છે અને તેના સ્વરૂપના આવરણનું રૂપ હોવાને લીધે તેના શરીરરૂપે કલ્પીત છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ આ ત્રણ શરીરોની ઉત્પત્તિ બાદ આ તેના સાક્ષીરૂપમાં વિદ્યમાન રહે છે.

આ મહામાયા શરીર અથવા મહાકારણ શરીર અર્થાત્ પૂર્ણબ્રહ્મના સર્વેશ્વરત્વ માયામય વિશુદ્ધ સત્ત્વનું પરિણામ છે જે ફક્ત એક સ્વરૂપને પ્રકાશિત કરે છે. જ્યારે "નાદ"થી આ મહાકારણ શરીરની અભિવ્યક્તિ થાય છે ત્યારે આનાથી જ પ્રણવપુરૂષ ઉત્પન્ન થાય છે. આથી આને પ્રણવપુરૂષ બીજ કહેવામાં આવે છે. આ વિશુદ્ધસત્ત્વ પ્રણવપુરૂષનું ચોથું પાદ છે જે યોગીઓના સમાજમાં અર્ધમાત્રાના રૂપે પરિચિત છે.

આ પછી સૃષ્ટિના અધિક વિકાસ માટે પરમેશ્વર સ્વયં પોતાને છુપાવે છે, એટલે કે સ્વયં ચૈતન્યમય રહીને જ પોતામાં પોતાને ભૂલી જાય છે. પોતાના સ્વરૂપ પ્રતિ તે સમયે તેનું અવધાન જાણે કે રહેતું નથી. વસ્તુતઃ પોતાની સ્વરૂપાનુસંધાનાવસ્થા પહેલાંની જેમ અકુંઠીત જ રહે છે. યદ્યપિ તેનું નિત્યસ્વરૂપજ્ઞાન વિદ્યમાન રહેવા છતાંય તેમાં અસ્તિત્વરૂપે સ્વરૂપાવધાન ખુલી જાય છે. આનું નામ ઇશ્વરનું માયાશરીર છે. (અવ્યક્ત) આ માયા શરીરમાં જ્યારે તેની ક્રમિક વૃત્તિ લીન થઈ જાય છે ત્યારે તે અવસ્થાને "પ્રલય" કહેવામાં આવે છે. આ શરીર અને આ અવસ્થાની અભિમાની તથા પ્રકાશક જે છે તે પરમેશ્વરની રૂદ્રમૂર્તિ છે. એ ત્રણ અપ્રકાશ અથવા તમોમય છે. આ તમોગુણ પ્રણવપુરૂષનું ત્રીજું પાદ છે અથવા "મ-કાર" માયાશરીર અથવા કારણ શરીરના નામથી સર્વત્ર પરિચિત છે.

અવધૂત મતમાં ભગવાનના માયાપ્રધાન જ્ઞાનને "મહત્તત્ત્વ" કહે છે. તે અવ્યક્ત અને નિર્વિકલ્પ છે. તે અહંકારમાં પરિણીત થઈ ક્રમવાર કર્તા, કરણ અને કાર્યનું રૂપ ધારણ કરી તથા દેશતારૂપનું અવલંબન કરી પોતાને પ્રકટ કરે છે. આ અવિકલ્પ અને વ્યક્ત અવસ્થા છે. આ અવસ્થામાં આકાર, અવયવ અને સગુણ ભાવનો ઉદય થાય છે. આજ પરમાત્માનું સૂક્ષ્મ શરીર અથવા હિરણ્યગર્ભ છે. પરમાત્મા જ્યારે પ્રલયાવસ્થામાં જાગ્રત થાય છે ત્યારે આ હિરણ્યગર્ભ નામના સૂક્ષ્મ શરીરમાં જ તેની સ્થિતિ થાય છે. આ નિદ્રામાંથી જાગ્રત થવા જેવી અવસ્થા છે. હિરણ્યગર્ભ

દેહના અભિમાની કર્તા, ભોક્તા અને જ્ઞાતા પરમેશ્વરની વિષ્ણુમૂર્તિ છે. આથી કહી શકાય છે કે હિરણ્યગર્ભ-શરીર, સ્થિતિ અને વિષ્ણુ માયા-પ્રધાન સત્ત્વ અથવા સ્ફૂરણ છે. આ પ્રપંચોન્મુખાવસ્થા છે. વિશુદ્ધ સત્ત્વ જ્યારે તમદ્વારા અથવા તેમનું અવલંબન કરી પોતાને પ્રકટ કરે છે ત્યારે આ માયિક સત્ત્વ ઉત્પન્ન થાય છે. પ્રપંચજ્ઞાન આનું નામાંતર છે. માયિક સત્ત્વ પ્રણવપુરુષનું બીજું પાદ અથવા "ઉકાર" છે.

હિરણ્યગર્ભ પ્રપંચોન્મુખ થવાથી અને ગુણ-ક્રિયાના સ્વભાવથી કર્તા, કરણ અને કાર્યના સ્વભાવથી તેનું સ્ફૂરણ થાય છે. તથા કાર્યના અન્વયથી તે પંચભૌતિક શરીર ધારણ કરે છે. આ રૂપ તથા દેહમાં ચૌદ ભુવન વિદ્યમાન છે. આને ભગવાનનું વિરાટરૂપ કહેવામાં આવે છે. પરમેશ્વર આ અવસ્થામાં "વિશ્વ" કહેવાય છે. આ સ્થૂલ શરીરની અભિમાની અથવા કર્તા ભગવાનની બ્રહ્મરૂપ મૂર્તિ છે. વિરાટ શરીર, ઉત્પત્તિ અને બ્રહ્મા ક્રિયારૂપ અને રજોગુણ છે, આ પ્રણવ પુરુષનું પ્રથમપાદ અથવા "અ-કાર" છે. ભગવાનના આ સ્થૂળ વિરાટ શરીરમાં ચતુર્દશભુવનરૂપ બ્રહ્માંડ વિદ્યમાન રહે છે. આ દેહની નાભિથી પગના તળીયા સુધી સપ્ત પાતાળ અને મસ્તક સુધી સપ્ત સ્વર્ગની કલ્પના કરવામાં આવી છે. જઠરસ્થાનમાં વડવાનલ, દાઢોમાં યમ અને પેટમાં સપ્ત સમુદ્ર વિદ્યમાન છે.

ભૂમંડળને ચારે દિશાઓથી ઘેરીને ક્રમવાર જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર અને મહત્ત્વનું મંડળ વિદ્યમાન છે.

આમાં ભીતરના મંડળ કરતાં બહારનું મંડળ ક્રમશઃ દસગણું અધિક મોટું છે. પૃથ્વી તત્ત્વને આ પ્રમાણે સાત આવરણોથી આવૃત્ત, ભીતરે પોલું અને ઇંડાના આકારનું સમજવું જોઇએ.

આ પૃથ્વી તત્વમાં સૂક્ષ્મ પચ્ચીશ તત્ત્વ અભિવ્યકત છે. તેમાં પાંચ તત્ત્વો કર્તાના રૂપે કાર્ય કરે છે, બાકીના પાંચ વાસનામય વિષયો રૂપે કાર્ય કરે છે. જેના ગુણ-કલ્પિત કાર્ય સ્થૂળ વિષય અથવા પંચમહાભૂત છે. આ ઇંડામાં જે પંચભૌતિક મેલ ઉત્પન્ન થાય છે તે અંદર રહેલા જળ સાથે મળીને સાથે રહેતા અગ્નિના તાપથી સુકાય છે. અને બાહ્ય-દૃષ્ટિથી પ્રતીત થાય છે. આથી સ્થૂળ શરીરને યોગી લોકો 'ઘટ' કહે છે. તેમાં વાયુ અંદર રહે છે અને તે અંદરથી પોલો છે. સ્થૂળ વિષયોના જ્ઞાન માટે બહારની બાજુએ તેમાં છેદ છે.

પરમેશ્વરનું સૂક્ષ્મ શરીર હિરણ્યગર્ભ છે, જેમાં પૂર્વોકત પાંચ કર્તા અને કરણ છે. અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, એ પાંચ કર્તા છે. એ બધાં સત્ત્વસ્વરૂપ, જ્ઞાનમય અને પરમસૂક્ષ્મ છે. એ ઇંડામાં રહીને ય અસંગ હોવાને લીધે તેનાથી પૃથક્ છે. કાન આદિ પાંચ જ્ઞાનકરણ, વાણી આદિ પાંચ કર્મકરણ તથા પ્રાણાદિ પાંચ વાયુની ચેષ્ટાના કરણ છે. સર્વ મળી પંદર કરણ, એ પૂર્વોકત પાંચ કર્તાઓથી વસ્તુતઃ પૃથક્ નથી. કર્તા અને કરણરૂપી તત્ત્વ જ્ઞાનરૂપ છે.

એ અવ્યકત અને સ્થૂલાંશના આશ્રય હોવાથી સ્થૂલાંશથી વિલક્ષણ છે. અંતઃકરણ અથવા સત્ત્વના અધિષ્ઠાતા ચંદ્રમાં

છે. બુદ્ધિ અથવા રજના અધિષ્ઠાતા બ્રહ્મા છે. ચિત્ત અથવા રજસ્તમના અધિષ્ઠાતા ક્ષેત્રજ્ઞ છે અને અહંકાર અથવા તેના અધિષ્ઠાતા રૂદ્ર છે. પંદર કરણોના પણ અધિષ્ઠાતા જેવા કે શ્રોત્રના દિશાઓ, ત્વક્‌ના વાયુ ઇત્યાદિ છે.

વાસ્તવમાં સ્થૂળ અથવા સૂક્ષ્મદેહ મહત્તત્ત્વનું અભિવ્યકત રૂપ છે. એટલે કે ભગવાનના અવ્યકત અને માયા પ્રધાન અને નિર્વિકલ્પ જ્ઞાનથી તે પ્રકટ થાય છે. આ વાત પ્રથમ કહી દેવામાં આવી છે.

"તત્ર ભાવોઽપિ ન ભાવઃ। સર્વભાવોઽપિ ન ચાભાવઃ। સભાવા ભાવયોરપ્યભાવઃ॥" એટલે કે ત્યાં રહે છે એ પણ કહી શકાતું નથી અને નથી રહેતા એ પણ કહી શકાતું નથી, ત્યાં રહેવા ન રહેવાનો પ્રશ્ન જ નથી.

ભાવ ચાર પ્રકારના છે : નામ, રૂપ, ગુણ, અને કર્મ. અભાવ પાંચ પ્રકારના છે :-પ્રાગ્‌ભાવ, પ્રત્યગ્‌ભાવ, અન્યોન્યાભાવ, પ્રધ્વંસાભાવ, અને અત્યંતાભાવ. આમાં પહેલાંના ચાર અભાવોમાં ભાવ દોષ રહે છે. અત્યંતાભાવ જ વાસ્તવિક અભાવ છે. આત્યન્તિક પ્રલય ભાવ અને અભાવ બન્નેથી પર છે.

અહીં સુધી જે કહેવામાં આવ્યું છે તેનાથી માલમ પડશે કે જીવ વર્ગના વિભિન્ન જે શરીર ઈશ્વરના અનુરૂપ શરીરથી ઉત્પન્ન થઇ તેમાં રહે છે તે બધાં જીવ-શરીર આખરે ઇશ્વર-શરીરમાં લીન થાય છે. આથી સિદ્ધ થયું કે જીવ-શરીર-ઈશ્વર શરીરથી અભિન્ન છે. અવધૂતગણ કહે છે

કે પ્રત્યેક ઘરમાં વિદ્યમાન અંધકાર સર્વવ્યાપી મહાન્ધકારથી ભિન્ન નથી. દીપકરૂપ ઉપાધિ દ્વારા જે અલગ અલગ અંધકારોનું ભાન થાય છે તે ભાન પુનઃ દીપકના અભાવમાં રહેતું નથી. જો વિચારપૂર્વક જોયું જાય તો જણાશે કે દીપકના રહેવા છતાંય અંધકારમાં ભેદ નથી. તે રીતે ભિન્ન ભિન્ન પ્રત્યેક જીવમાં વિદ્યમાન આત્મવિષયક અજ્ઞાન માયા સ્વરૂપથી વસ્તુતઃ ભિન્ન નથી. અતએવ જણાય છે કે સર્વત્ર અજ્ઞાન સહીત એક માત્ર માયા તત્વ તમોમયરૂપે રહે છે. આવી રીતે જીવ વર્ગના સર્વ મહાકારણ શરીર મહા-માયાથી અભિન્ન છે.

જ્યારે ભગવાન જાગે છે ત્યારે સર્વ જીવ જાગે છે. જ્યારે તેને સ્વપ્નદર્શન થાય છે તે સમયે સર્વ જીવોને પણ સ્વપ્નદર્શન થાય છે વગેરે. સર્વત્ર એક સર્વેશ્વર ભગવાન જ અભિવ્યક્ત છે. સર્વરૂપ તેના જ શરીર ભેદ છે. સમગ્ર વિશ્વવર્ગમાં તે જ એક બ્રહ્મ છે, સમગ્ર તૈજસ્ વર્ગમાં તે જ એક વિષ્ણુ છે, સમગ્ર પ્રાજ્ઞ વર્ગમાં તે જ એક રૂદ્ર છે અને સર્વ પ્રત્યગાત્માઓમાં તે જ એક પરમાત્મા છે. ઉપાધિને લઇ અવિદ્યા ભિન્ન ભિન્ન છે કિન્તુ તેની માયા એક છે. તે સમષ્ટિરૂપ છે, જીવ વ્યષ્ટિરૂપ છે. જેવી રીતે વન અને વૃક્ષમાં ભેદ મિથ્યા છે તેવીજ રીતે વિશ્વ અને વિશ્વરૂપમાં ભેદ મિથ્યા છે. સમસ્ત જીવ જ પરમાત્માનું રૂપ છે.

આથી આત્મજ્ઞાન જ પરમેશ્વરજ્ઞાન છે. આત્મજ્ઞાન વગર, દેવતાંતરની દૃષ્ટિએ, જીવ યથાર્થ પરમેશ્વર જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી.

આથી જ્યાં સુધી આત્મજ્ઞાનનો ઉદય ન થાય ત્યાં સુધી આત્મજ્ઞાન લાભ કરવા માટે ઈશ્વરની આરાધના આવશ્યક છે. વાત એમ છે કે સર્વનામ, સર્વરૂપ, સર્વક્રિયા એકનાં જ છે આમ જાણીને સાધકને આ અનુભવ કરવો જોઇએ કે પરમાત્મા સર્વદેવમય, સર્વભૂતમય, સર્વલોકમય, સર્વસમ, સર્વત્રસમ, અથવા સર્વની સાથે એક છે. વિશિષ્ઠ મૂર્તિ અથવા દેવભાવે તેની ઉપાસના કરવી જોઇએ.

આ મૂર્તિઓ પ્રસિદ્ધ પંચદેવતાની (શિવ, શક્તિ, વિષ્ણુ, સૂર્ય અને ગણપતિ) હોય, અથવા તેમનાથી ભિન્ન પણ હોય એ સર્વ બરાબર છે. અવધૂત ગણ કહે છે કે વેદ વિરુદ્ધ કર્મનું આચરણ કરવાવાળા અને પોતાના આચારથી ભ્રષ્ટ ઉપાસકો નષ્ટ થઈ જાય છે. સકર્મના અનુષ્ઠાનનો પ્રભાવ અત્યંત અધિક છે આથી બ્રાહ્મણને માટે કર્માનુષ્ઠાન જ મુખ્ય કર્તવ્ય છે. જો આ રીતે કોઇ સકર્મ કરી શકે તો સમગ્ર દેવતાઓની આરાધના ન કરવા છતાંય દોષ લાગતો નથી. પરંતુ દેવતાની આરાધના કરી સકર્મ ન કરવાથી અપરાધ લાગે છે અને આથી ફક્ત એક આત્મસાક્ષાત્કાર કરવાથી જ દેહ અવસ્થા, ગુણધર્મનો ત્યાગ થઈને કર્મનો પણ ત્યાગ થઈ જાય છે. આત્મવિષયક અજ્ઞાન રહેવાથી આ અસંભવ છે. આવી રીતે તાત્ત્વિક ભેદ માનવાવાળો ભક્ત પણ મૂર્ખ છે કેમકે તે એ ભેદનું તાત્પર્ય શું છે તે જાણતો નથી. **વેદ વિરૂદ્ધ જ્ઞાનથી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.** વેદાનુસાર સકર્મ દ્વારા આનંદમય પરમાત્માની નિરાકાર તથા

વિશ્વાકાર એમ બન્ને રૂપે ઉપાસના કરવી જોઇએ. દેવતા પણ પરમાત્માના આકાર છે, આ જ્ઞાનથી જ દેવતાઓની ઉપાસના કરવી જોઇએ. અથવા વિહિત કર્મનો ત્યાગ ન કરી વિભિન્ન દેવતાઓનું વિભિન્ન નિયમથી ભજન કરવું જોઇએ. નિત્ય તથા નૈમિત્તિક કર્મ જ વિહિતકર્મ છે. આ આત્મજ્ઞાન, બ્રહ્મજ્ઞાન તથા કૈવલ્યને આપનારૂં ઇશ્વરાધનારૂપ કર્મ છે. શાસ્ત્રવિહિત યોગાદિ કર્મનું જો નિષ્કામ ભાવે અને અસંગરૂપે અનુષ્ઠાન કરાય તો તેનાથી આત્મજ્ઞાનની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આત્મજ્ઞાન વગર દેવતાની ઉપાસનાના પ્રભાવથી સાધક ઉપાસિત દેવતાની કૃપાથી તેમના લોકમાં જાય છે અને તે લોકમાં યથાસંભવ શક્તિ તથા આનંદ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ ઉપાસનાના તારતમ્યથી કોઈ ઇષ્ટદેવતાની સાથે ફક્ત સાલોક્ય પ્રાપ્ત કરે છે, કોઇ સામીપ્ય અને કોઇ સારૂપ્ય પણ પ્રાપ્ત કર્મે છે. કદાચ કોઈ સાયુજ્ય પણ પ્રાપ્ત કરે છે. આ બધુંય ઉપાસના પર આધાર રાખે છે. જ્યારે ફલભોગનો સમય સમાપ્ત થઇ જાય છે ત્યારે સાધકને નીચે આવવું પડે છે.

કોઈ કોઇ શંકા કરે છે કે આટલાં તત્ત્વો રહેવા છતાંય ફક્ત મનનો જય કરવાથી જ સમાધિ થાય છે આમ શા માટે કહેવામાં આવે છે? તેનો ઉત્તર આ છે કે સાંખ્ય અને યોગ ભિન્ન છે. મનોનિગ્રહથી સમાધિ થાય છે, આ યોગ-મત છે. વસ્તુતઃ બન્ને ય માર્ગો સાચા છે. બન્ને માર્ગો એક જ પદની પ્રાપ્તિ કરવા માટેનાં સાધનો છે. અર્થાત્ બ્રહ્મ અને આત્માના ઐક્યનું સંપાદન એ જ બન્નેનું લક્ષ્ય

છે. આથી બન્નેમાં ફલગત કોઇ ભેદ નથી પરંતુ પ્રયોજન દૃષ્ટિએ ભેદ છે.

(ક) શુદ્ધ બ્રહ્મનું જ્ઞાન, શુદ્ધ અખંડ અદ્વિતીય બ્રહ્મમાં માયાના સંયોગનો પ્રકાશ અને તેના પ્રભાવથી બ્રહ્મની માયા સંયુક્ત ભાવની પ્રાપ્તિ, તે સબલ બ્રહ્મથી પંચીકૃત અને અપંચીકૃત ભૂતોનો ઉદય તથા અવ્યત, મહત્ અને અહંકારનો ઉદય, કારણ કાર્ય આ બન્ને ઉપાધિઓનું વિવરણ તથા કારણથી કાર્યની ઉત્પતિ, સત્ અને અસત્નો વિવેક, બન્ને ઉપાધિઓનો પરિહાર અને અનાત્મરચિત બધા ભેદોની સમાપ્તિ એ સર્વ સાંખ્યનો હેતુ છે. ઉપક્રમ અને ઉપસંહારનું જ્ઞાન અને ગુણનો ત્યાગ કરી બ્રહ્મસાક્ષાત્કાર–આ પ્રક્રિયાથી આત્મજ્ઞાન પ્રાપ્ત કરવામાં સહાયતા થાય છે. ત્રણે ભેદો દૂર થઇ જવાથી નિર્વિકલ્પ બ્રહ્માત્મ સમાધિની પ્રાપ્તિ થાય છે.

(ખ) પરંતુ યોગનો ઉદ્દેશ્ય અનિત્યનિષ્ઠાનો ત્યાગ કરી પુરૂષને સમાધિમાં અચલત્વની પ્રાપ્તિ અને તેના ઉપાયનું વર્ણન–ઉપાયનું અવલંબન છે.

સાંખ્ય અને યોગ મળીને પોતપોતાનું પ્રયોજન સિદ્ધ કરે છે. જેવી રીતે નિત્યાનિત્યવસ્તુવિચાર એ સાંખ્યનો ઉદ્દેશ્ય છે અને તેમાં એકનિષ્ઠાપણું તે યોગનો ઉદ્દેશ્ય છે.

સત્–અસત્ વિવેક સાંખ્યનું કાર્ય કરે છે પરંતુ તેમાં તદાકારતાપૂર્વક નિષ્ઠા પ્રાપ્તિ એ યોગનું કાર્ય છે. સન્માત્ર બ્રહ્માત્મસાક્ષાત્કાર સાંખ્યનું કાર્ય છે, પરંતુ તેમાં

નિર્વિકલ્પ-સમાધિની પ્રાપ્તિ તે યોગનું કાર્ય છે. બન્ને ય માર્ગ પરસ્પર સંબદ્ધ અને એકબીજાના ઉપકારક છે. યોગ વગર ચાંચલ્યને લીધે સાંખ્યનું નિજપ્રયોજન સિદ્ધ થતું નથી. આવી રીતે સાંખ્ય વિના વિવેકહીન હોવાને લીધે યોગ પણ નિષ્ફળ છે 'જ્ઞાન અને નિષ્ઠા આ જ બન્નેનું પ્રયોજન છે.'

સ્વરૂપનિષ્ઠાનું તાત્પર્ય ગુણનિવૃત્તિ છે. આનો ઉપાય નિર્વિકલ્પ નિષ્ઠા છે. નિર્વિકલ્પ નિષ્ઠાનું સ્વરૂપ એ છે કે સર્વગુણ સ્વભાવનો ત્યાગ કરીને નિરાકાર, નિર્વિકાર, આત્મસ્વરૂપમાં સ્થિતિ થવી. બન્ને ય એક હોવાને લીધે એક જ સમયે બન્ને મતોનું પાલન કરવું અનાવશ્યક છે, કારણ કે આમાં વ્યર્થ અધિક સમય લાગી જાય છે.

આથી અંતઃકરણ સત્વાત્મક છે, તે વિષયોન્મુખ છે. મન સત્ત્વ-રજાત્મક છે, તે સંકલ્પસ્વરૂપ છે. બુદ્ધિ નિશ્ચયરૂપ, ચિત્ત રજસ્તમોમય ને અનુસંધાનાત્મક છે. અહંકાર તમોમય ને મોહરૂપ છે. એક જ પ્રજ્ઞાન ભિન્નંભિન્ન ભાવોની કલ્પનાથી તથા નામ, રૂપ, ગુણ, ધર્મ અને સ્વભાવને કારણે અંતઃકરણ, મન, બુદ્ધિ વગેરે નામ પ્રાપ્ત કરે છે. એ પ્રજ્ઞાન જ બ્રહ્મ છે, ગુણ-સામ્ય છે, ચિન્માત્ર અને અદ્વિતીય પણ છે. ચૈતન્ય સિવાય અંતઃકરણની બીજી કોઇ વૃત્તિ નથી. વિષયોન્મુખ તથા ગુણાત્મક હોવાથી ચિત્ત જ મનરૂપમાં પરિણત થઈ જાય છે. ગુણસ્વભાવથી મુક્ત થયા બાદ આનું નામ આત્મસ્વરૂપ અજ્ઞાન પડે છે. પ્રજ્ઞાનથી ભિન્ન કાંઈ પણ નથી. આ જ

મહાકારણ શરીરાદિ પણ છે. જ્યારે કહેવામાં આવે છે કે આ બધો પ્રપંચ મનોમય છે ત્યારે સમજવું જોઇએ કે અહીંયા મન જ પ્રજ્ઞાન છે. સર્વેશ્વરના ચાર દેહ, પરમાત્માની ચાર અવસ્થા, કારણ ઉપાધિમાં ચાર પુરુષ, આ બધાં મન જ છે. 'મન જ ચિદાનંદ છે. મન જ બંધ, મન જ મોહન. સાંખ્યનું જ્ઞાન અને યોગીઓનો યોગ આ સર્વ મન જ છે.' મન જ્યારે બહિર્મુખ રહે છે ત્યારે બાહ્યપ્રપંચ સત્ય છે કેમકે તે મનોમય છે, પરંતુ મન જ્યારે અંતર્મુખ હોય છે ત્યારે બાહ્ય-પ્રપંચ મિથ્યા છે કેમકે તે મનોમય છે. મન અંતવૃત્તિમય રહ્યાથી પ્રપંચ અલગ થઈ જાય છે. સ્વપ્નામાં મનોરથ સત્ય છે કેમકે તે મનોમય છે. મન વૃત્તિહિન થવાથી સર્વ વસ્તુઓનો અભાવ થઇ જાય છે કેમકે સર્વ મનોમય છે. મન જ્યારે આત્માના અજ્ઞાનથી યુક્ત રહે છે ત્યારે તે અજ્ઞાનમાત્ર જ સત્ય છે, અન્ય સર્વ મિથ્યા છે, સર્વાવસ્થામાં મન જ સત્ય છે, ભાવરૂપે હોય કે અભાવરૂપે, આત્મરૂપે હોય કે અનાત્મરૂપે, બ્રહ્મરૂપ હોય કે અબ્રહ્મરૂપે. આથી મન જ જીજ્ઞાસાનો વિષય છે અને નિરોધનો પણ વિષય છે, આ જ યોગમત છે. આની ઉપર અધિષ્ઠાન દૃષ્ટિથી સર્વ વિવેકવૃત્તિનો પ્રસાર અને સંકોચ દ્વારા બ્રહ્મસાક્ષાત્કાર સહજ છે. "મન ચૈતન્યાત્મક સાક્ષી, પચભૂત અને કારણાદિથી પૃથક્ છે. તે અસંગ તથા સર્વ પ્રકાશક છે."

અવધૂત ચિંતન શ્રી ગુરુ દેવદત્ત

卐

"અવધૂતના સ્વર્ગીય-ગાનનું તત્ત્વજ્ઞાન."

(Philosopby of Avadhut - Gita)

અવધૂત એ વાસ્તવમાં યતિનું એવું પરમસ્વરૂપ છે જેણે પુણ્ય અને પાપના દ્વંદ્વનું અતિક્રમણ કર્યું છે. બ્રહ્મરૂપ વિશ્વાત્મક ચેતનાને પ્રાપ્ત કરવાવાળા અવધૂતનું આવું જ સ્વરૂપ છે. અવધૂત નિર્દોષ છે કેમકે તેણે પરમસત્તાનો અપરોક્ષ ભાવે અનુભવ કરી લીધો છે અને ચિત્તસામ્ય પ્રાપ્ત કર્યું છે, જે આ સ્થિતિનું લક્ષણ છે.

અહં શબ્દ પ્રતિપાદ્ય આત્મા વસ્તુતઃ અહંકારથી ભિન્ન છે જેની સાથે આપણે પ્રાયઃ પોતાને અભિન્ન સમજીએ છીએ. બ્રહ્મથી પોતાના આત્માને અભિન્ન સમજવાવાળા અવધૂતની દૃષ્ટિએ આ પંચભૌતિક જગત્ કેવળ કલ્પના છે અને બ્રહ્મ જ જ્યારે કેવળ સત્ય છે ત્યારે અવધૂત પૂછે છે કે કોણ કોને પ્રણામ કરે? અવધૂતની દૃષ્ટિએ બ્રહ્મ નિરાકાર છે અને તેમાં કોઇ પ્રકારની ભેદદૃષ્ટિ (દ્રષ્ટા-દ્રશ્ય) હોઈ નથી શકતી.

આવી પરમોચ્ચ અવસ્થા કેવી રીતે સંભવ છે? આના ઉત્તરમાં એમ કહેવાય છે કે આનો ઉપાય વિષય-વૈરાગ્ય અને ભકિતનું અનુશિલન છે. સત્તામાત્ર પ્રતિ વસ્તુનું એટલે સુધી કે 'સમગ્ર વિશ્વનું' આદિરૂપ છે. આ વિષયમાં પોતાનાં વિચાર અભિવ્યકત કરતાં સર જોન વુડરોફ સાહેબ લખે છે કે 'મનુષ્યોમાં સર્વપ્રથમ વેદાંતીએ કહ્યું છે કે સત્ જ પૂર્ણ છે.' હીગલ સાહેબે આ જરા ફેરવીને

આ પ્રમાણે કહ્યું છે: 'આત્માથી આત્મા પૃથક્ થઈ જાય છે જેથી તે પાછો ફરીને પોતાના સ્વરૂપમાં જ પહોંચી શકે.'

અવધૂતની દૃષ્ટિએ વેદાંતિક સાધનાનું પૂર્ણત્વ નિત્યસિદ્ધ સ્વયંપ્રકાશ આત્માનું સ્વરૂપઅંગીકારમાં છે. તેનો આકાર આવો જ છે-'હું તે જ છું.' અવધૂત કહે છે-"હું નિરાકાર, સર્વવ્યાપી, આત્મા-સ્વરૂપ છું." આથી એ સિદ્ધાંત કરી શકાય છે કે "જે આત્મા હું છું તે જ બ્રહ્મ છે." આ પૂર્ણ અભેદના અનુભવનો પ્રકાશ છે.

અવધૂતની દૃષ્ટિએ બહુત્વ કે દ્વૈતનો ભ્રમ બંધનનો હેતુ છે. 'કેવળ હું જ વિશુદ્ધ છું'-આ વાક્યના અનુભવથી મનુષ્યમાં શુદ્ધિ તથા અમરત્ત્વ આવી જાય છે. આવા જ્ઞાનનો આવિર્ભાવ સ્વયં બંધન-મુક્તિ પ્રતિ ઉપાયસ્વરૂપ છે. જે અમલાત્માએ આત્માનો બોધ કર્યો છે તેણે બધું ય જાણી લીધું છે. (તેને વિશ્વમાં કાંઈ પણ જાણવાનું શેષ રહેતું નથી.) આ વિષે ભેદ તથા અભેદનો કોઇ પ્રશ્ન નથી. આવા મહાભાગ્યવાન વ્યક્તિને સમગ્રવિશ્વ આત્મામાં અને આત્મા સર્વભૂતોમાં દૃષ્ટ થાય છે. તે રાગ અને દ્વેષથી સદૈવ નિર્મુક્ત છે. આ પ્રકારનાં જ્ઞાનથી તેને સર્વ વસ્તુઓનું ભાન પોતાના આત્મામાં જ થાય છે.

અવધૂતને 'મનનું પણ મન' કહેવામાં આવ્યો છે. મન શબ્દ જે અહીં વ્યવહૃત છે તે પ્રસિદ્ધ મન નથી, સ્વયં બ્રહ્મ જ છે. આ મન પૂર્ણનું વાચક મન છે, પ્રસિદ્ધ મન નથી.

'અવધૂતના સ્વર્ગીય-ગાન'માં કહેવામાં આવ્યું છે કે જે કાંઇ મન દ્વારા જાણવામાં આવે છે, જેના દ્વારા મન પણ પોતાની ક્રિયા કરી શકે છે, તે જ બ્રહ્મસ્વરૂપ છે એમ જાણો. તે સાધારણ ઉપાસનાનો વિષય નથી અને વસ્તુતઃ મન પણ બ્રહ્મરૂપેણ ધ્યાનને યોગ્ય છે.

અવધૂતનો આત્મા જ કહી શકે છે કે 'હું તે જ અદ્વૈત છું, હું આ બધું છું, હું આકાશથી ય અતીત છું, ભેદશૂન્ય છું, હું આત્માને કેવી રીતે જોઇ શકું?' તેને પ્રત્યક્ષથી અતીત અર્થાત્ અતીંદ્રિય માનવામાં આવે છે. આ સ્થિતિમાં જાણવા યોગ્ય શું છે? આનું ભાન થાય છે, તેમ જ નથી પણ થતું. બ્રહ્મ થઇને જ આ જાણવા યોગ્ય છે. આવી રીતે વચનો દ્વારા પ્રતીત થાય છે કે આ પૂર્ણ અદ્વૈતનો અનુભવ છે.

આવી અત્યુચ્ચકોટિસંપન્ન અવધૂતને કૃપાળુ, અકૃતદ્રોહ, સત્યસાર, અતિ તિતિક્ષુ, અનવદ્યાત્મા, સમભાવી, સર્વોપકારક ઇત્યાદિ ગુણો દ્વારા અલંકૃત કર્યો છે. 'અવધૂત' શબ્દના ચારે ય અક્ષરોના વિભિન્ન અર્થો 'અવધૂતના સ્વર્ગીય-ગાન'માં વર્ણવ્યાં છે.

અવધૂત એ મૂર્ત બ્રહ્મ છે, આત્મસાક્ષાત્કારસંપન્ન પૂણ્યાત્મા છે, જે બ્રહ્મરૂપે વિચરણ કરે છે. તેનો અપાયેલો ઉપદેશ આપણાં દૈનિક જીવનમાં અનુસરણ કરવા માટે છે. 'અવધૂતનાં સ્વર્ગીય-

ગાન'માં સમજાવવામાં આવેલું જે ઉત્કૃષ્ટ તત્ત્વજ્ઞાન છે તેનો આ સારાંશ છે.

ભારતવર્ષની આ અતિ ઉચ્ચ દૃષ્ટિ છે (અદ્વિતીય તત્ત્વજ્ઞાન છે) જેનો વિભિન્ન વિરોધોથી આક્રાંત એવા આ જગત્માં પ્રચાર કરાયો છે. આ તત્ત્વજ્ઞાન એટલે બ્રહ્મરૂપ પરમ અદ્વૈતના આવિષ્કાર માટેની વાણી. આવા ઉચ્ચ કોટિના મહાપુરુષ જ લોકોને જ્ઞાનદાન (પ્રબુદ્ધ) કરી શકે છે.

અવધૂતનો ઉપદેશ આપણાં માટે એ છે કે આપણે મન કે ચિત્તના અખંડત્વનું સંરક્ષણ કરીએ, કેમકે આના વિનાશથી બધું ય વિનષ્ટ થઇ જાય છે.

જો અમારી પોતાની સત્તાને અનુરૂપ પ્રકાશ કરવામાં આવે તો કહેવામાં આવશે કે અવધૂતની આ દૃષ્ટિ જે છે તે જ્ઞાનના એકીકરણ કે અખંડતા સંપાદનનો માર્ગ છે. આ એકીકરણનું મૂળતત્ત્વ બ્રહ્મ છે. જ્યારે જીવન બ્રહ્મનિષ્ઠ થઈ જાય છે ત્યારે એ વાસ્તવમાં અદ્વૈતમાં સ્થિતિ થાય છે.

ભારતવર્ષમાં સર્વપ્રધાન અદ્વૈતી અને અવધૂત એવા શ્રીમદ્ આદિશંકરાચાર્યે મુક્ત પુરુષનું વર્ણન આ પ્રમાણે કર્યું છે:

દેહધારી જીવોને મનુષ્યજીવન પ્રાપ્ત કરવું તે અત્યંત કઠિન છે. મનુષ્યદેહ પ્રાપ્ત કરીને ઉચ્ચ અધિકાર લાભ કરવો

તે વધારે કઠિન છે. ઋષિ કે મુનિ ભાવ મેળવવો તે તેના કરતાં ય કઠિન છે. વેદમાર્ગમાં નિષ્ઠા રાખવી તે તો તેનાથી ય કઠિન છે. જ્ઞાની થવું તે તેનાથી ય કઠિન છે. કોઈ જીવ જો આ બધું પ્રાપ્ત કરી લે તેમ છતાં ય આત્મા-અનાત્માનું વિવેચન કરવું અને બ્રહ્મમાં સ્થિતિ રક્ષા કરવી એ તો કોટિ કોટિ જન્મની સુકૃતિથી જ થાય છે.

'મુકત અવસ્થા' શતકોટિ જન્મની સુકૃતિ વિના નથી થઇ શકતી. આ પ્રક્રિયાની અંતિમ પરાસ્થિતિ છે અવધૂત.

" जन्तूनां नरजन्म दुर्लभमतः
पुंस्त्वं ततो विप्रता,
तस्माद्वैदिकधर्ममार्गपरता
विद्वत्वमस्मात्परं ।
आत्मानात्मविवेचनं स्वनुभवो
ब्रह्मात्मना संस्थिति-
र्मुक्तिर्नो शतजन्मकोटिसुकृतैः
पुण्यैर्विना लभ्यते ॥ "

(વિવેકચૂડામણિ ૨)

卐

'જ્ઞાન-દીપ-બોધ'

પાઠભેદ

અહીં જે પાઠભેદ આપવામાં આવે છે તે ડો. પીતાંબરદત્ત બડથ્વાલ દ્વારા સંપાદિત 'ગોરખવાણી' પુસ્તકમાં અપાએલ 'જ્ઞાન-દીપ-બોધ'માંથી આપવામાં આવે છે. આ ગ્રંથના હસ્તલેખોનું વિવરણ ગ્રંથની ભૂમિકામાં આપેલું છે.

પાઠ	શ્લોક	પંક્તિ	પાઠ	શ્લોક	પંક્તિ
બ્રાહ્મણ	૨	૨	જુગતી	૨૬	૧
રમૌં	૨	૪	સોઈ	૨૬	૧,૨,૩
મેટણાં	૩	૧	યોગી	૨૬	૩
કહૈં	૩	૩	સોઈ	૨૮	૧,૨,૩,૪
ગૈબ	૪	૪	સંસા	૨૮	૧
સમાઈ	૭	૨	પ્યંડ કો	૩૦	૨
સ.	૭	૩	કૌન	૩૧	૨
પ્રકીરતિ	૧૨	૧૨	ધદ	૩૧	૩
સ્વાંમી કૌંણસ્ય કલા	૧૭	૧	સો	૩૪	૧
પવન બિધિ કાયા	૧૮	૧	સોઈ	૩૪	૨,૪
ઊજૂ બાટ	૨૦	૪	યહાં	૩૮	૩
કહૈં	૨૧	૪	કૈસેં	૩૯	૨
જ	૨૨	૧	પુરવઈ	૪૩	૩
સોઈ	૨૨	૨,૪	સકતિ	૪૪	૧
કૌંણુ સિ	૨૩	૨	પૂરઈ	૪૪	૪
કહૈં	૨૩	૪	કૌન-કૌન	૪૫	૧
સોઇ	૨૪	૧,૨,૩	થિનંતિ	૪૬	૧
ઈનિકા હમસે કહ્યે ભેવ	૨૫	૩	નાહિં	૪૯	૪
			તુમ્હેં	૫૦	૩

—: શ્રી ગુરુ દત્તાત્રેયની આરતી :—

ૐ જય ગુરુદત્ત હરિ, પ્રભુ જય વિધિ હર હરિ;
આરતી ગાઉં ત્રિમૂર્તિ પૂરણ પ્રેમ ધરી....ૐ જય ગુરુ૦
બ્રહ્મા – વિષ્ણુ – મહેશ્વર, ત્રિગુણાત્મક શક્તિ;
અત્રિ – અનસૂયા ઘર, પ્રગટ્યાં જોઈ ભક્તિ....ૐ જય ગુરુ૦
અવધૂત અદ્ભુત – રૂપ, અક્ષર અવિકારી;
દશે દિશા અજવાળી, થઈને અવતારી....ૐ જય ગુરુ૦
શંખ સુદર્શનચક્ર, ડમરૂ ત્રિશૂળ માળા;
કરમાં કમંડળ સોહે, ભક્તના પ્રતિપાળા....ૐ જય ગુરુ૦
જટા–કીરિટ કૌપીન, ખભે લટકે ઝોળી;
કામધેનુ ને સંગે, શ્વાનોની ટોળી....ૐ જય ગુરુ૦
હેમ કુંડળ કાનોમાં, ચંદ્ર સૂરજ જેવા;
ગર્જતી પાવડી પગમાં, સિદ્ધ કરે સેવા....ૐ જય ગુરુ૦
કાશીમાં પ્રતિદિન સ્નાન, ધ્યાન અંબાપુરમાં;
માહુરપુરમાં ભિક્ષા, શયન સહ્યાદ્રિમાં....ૐ જય ગુરુ૦
દત્ત દિગંબર દેવ, યોગનાથ અવિનાશી;
અવધૂત અલખ નિરંજન, ઔદુંબરવાસી....ૐ જય ગુરુ૦
દત્તગુરુની આરતી, જે ભાવે ગાશે;
દત્તકૃપા પામીને, વૈકુંઠમાં જાશે; જીવ કૈલાસે જાશે....ૐ જય ગુરુ૦

—: ગુરુ દત્તાત્રેયની સિદ્ધાવસ્થા :—

(રાગ – ચંદ્રકંસ)

દત્તગુરુ ભગવાન હમારે.. .....(ટેક)
અલખ, નિરંજન, મન દેખત મન
સમરસ સહજ સમાન....હમારે (૧)
અક્ષર વરણીય, ધૂત જગબંધન
તત્ત્વમસિ મેં ધ્યાન....હમારે (૨)
અગમ કે બૈન, નૈનોંમેં નૈન
શૂન્ય મહલ મેં સ્થાન....હમારે (૩)
અકથમેં મગન, ગગનમેં ગગન
પૂરન પદ નિરબાંન....હમારે (૪)
અચર–ચરાત્મન્, સબમેં સબધન
કેવલ કિરપા–નિધાન....હમારે (૫)

卐 卐 卐

(રચનાર :– સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજ)



પૂજ્ય સ્વામી શ્રી દત્તયોગેશ્વરદેવ તીર્થ મહારાજના ગ્રંથો:—

(સૂચિપત્ર) કિંમત રૂ.

૧. 'જ્ઞાન-દીપ બોધ' (ગુરુ દત્તાત્રેય-ગોરખનાથ-યોગસંવાદ) ગુજરાતી હિન્દી, મરાઠી ભાષામાં— ૧૧-૦૦

૨. 'અમનસ્કયોગ' (નાથ સંપ્રદાયની યોગ સાધના) સચિત્ર. હિન્દી, મરાઠી, ગુજરાતી ભાષામાં— ૬-૦૦

૩ 'શ્રી દત્તાત્રેય પૂજા-વિધિ' મરાઠી ભાષામાં— ૫-૦૦

૪ 'શ્રી ગણેશ અથર્વશીર્ષ' (સચિત્ર.) મરાઠી ભાષામાં— ૩-૦૦

૫. 'ભારતનાં અવધૂત, યોગી, સિદ્ધિપુરૂષ' હિન્દી, મરાઠી, ગુજરાતી ભાષામાં— ૩-૫૦

૬. 'શ્રી ગુરુ-ગીતા' મરાઠી ભાષામાં— ૩-૦૦

૭. 'તિબેટની કૈલાસ-માનસરોવર પ્રદક્ષિણા.'
૮. 'નેપાળની મુક્તિનાથ-દામોદરકુંડ યાત્રા.'
૯. 'તિબેટ-ભારતની યોગવિદ્યા અને યોગીઓ'
૧૦. 'શ્રી દત્ત ભજન-તરંગિણી.'
} છપાય છે.

'શ્રી મહાલક્ષ્મી સિદ્ધ યંત્ર' (દશ મહાવિદ્યાના રંગીન ચિત્રો સહિત) ૩-૫૦

'શ્રી ગણેશ મહાસિદ્ધ યંત્ર' (અષ્ટ વિનાયકના રંગીન ચિત્રો સહિત) ૨-૫૦

'શ્રી ગાયત્રી સિદ્ધિ યંત્ર' (રંગીન) છપાય છે,

'શ્રી ગુરુ દત્તાત્રેય-ગોરખનાથ' નું રંગીન મોટું ચિત્ર ૧-૨૫

卐

આ બધાં પુસ્તકો, યંત્રો, ચિત્રો મળવાનું ઠેકાણું :—

(૧) ધીરજબહેન પટેલ
'હરિવિલા' બંગલો, ૮ મો રસ્તો, શાંતાક્રુજ (પૂર્વ) મુંબઇ-૫૫

(૨) ડી. એન. માના
૨૯ બોધ રોડ, ખડકી, પુના-૩ (મહારાષ્ટ્ર.)

(૩) [illegible]